

# પડદાની પેલી પાર

(ચિરાયેલા પડદાની વાત આગળ ચાલે છે.)


-: લેખક :-

સિસ્ટર ગુલશાન એસ્તર અને વિટા ટૂન

62
IBGP1

# પડદાની પેલી પાર

("ચિરાયેલા પડદા"ની વાત આગળ ચાલે છે.)

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

- લેખકો -

સિસ્ટર ગુલશન એસ્તર અને વિટા ટૂન

- ભાષાંતરકાર -

શ્રી વાય. એલ. ક્રિસ્ટી

- **પડદાની પેલી પાર**

- લેખકો
  **સિસ્ટર ગુલશન એસ્તર અને વિટા ટૂન**

- પ્રકાશક
  **ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
  સાહિત્ય સેવાસદન એલિસબ્રિજ,
  અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
  ફોન : ૬૪૪૫૨૮૧

- પ્રથમ આવૃત્તિ - મે, ૨૦૦૦

- **મૂલ્ય** : રૂા. ૪૦-૦૦

- **પ્રત** : ૧૦૦૦



GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103



- મુદ્રક
  **ફોટ્રોનિક્સ**
  ભરવાડા હાઉસ,
  જૂની હાઇકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે,
  નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
  ફોન : ૬૪૨૭૪૪૮



સ્વ. ઈમાનુએલ બાબરભાઈ કોટવાલ

બુઝુર્ગ ઉંમરે પણ, જે સમય આરામનો હતો એમાં સાહિત્ય વિતરણ દ્વારા કામ કરનાર શ્રી ઈમાનુએલ બી. કોટવાલના પ્રભુના કાર્યની જેટલી કદર કરીએ એટલી ઓછી છે.

પ્રભુ પિતાની યોજના મુજબ શ્રી. બાબરભાઈ ઝવેરભાઈ અને શ્રીમતી મણિબહેન ભુલજીભાઈને ત્યાં તા. ૯-૯-૧૯૨૦માં બોરસદ મુકામે શ્રી. ઈમાનુએલભાઈનો જન્મ થયો. પાંચ ભાઈ-બહેનોની સાથે રહી પોતાનું બાળપણ બોરસદમાં વીતાવતાં માતાપિતાનો પ્રેમ તથા હૂંફ મેળવ્યાં હતાં.

પ્રાથમિક શિક્ષણ બોરસદમાં અને હાઈસ્કૂલ શિક્ષણ આઈ. પી. મિશન હાઈસ્કૂલ, અમદાવાદમાં મેળવ્યું હતું. અભ્યાસમાં તેજસ્વિતા અને આગળ વધવાની ધગશે તેમણે જુદા જુદા ક્ષેત્રોમાં ઘણાં ચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા.

ઈ. સ. ૧૯૪૨માં બીજા વિશ્વયુદ્ધ વખતે આઈ.ઈ.એમ.ઈ.માં જબલપુર મુકામે ભરતી થયા. થોડા સમય બાદ વહીવટી ક્ષેત્રે ઉત્તમ કાર્ય કુશળતા ધરાવતા હોવાથી તેઓને આફ્રિકા, ઈટાલી, ઇજિપ્ત,

સીરીયા, પેલેસ્ટાઈન જેવા દેશોમાં સેવાકાર્ય માટે નિયુક્ત કર્યા હતા.

ઈ. સ. ૧૯૪૭માં આઈ.ઈ.એમ.ઈ.માંથી છૂટા થઈ સિવિલ એવીએશન, અમદાવાદ ખાતે એરપોર્ટ પર નોકરીમાં જોડાયા. જન્મજાત કલાકાર હોવાથી વાય.એમ.સી.એ. તરફથી ભજવાતાં ધાર્મિક ડ્રામામાં ભાગ લેતા. રેડિયો પ્રોગ્રામ, વેશભૂષા વગેરે કાર્યક્રમોમાં આગવી છાપ પાડતા અને ઈશ્વરે આપેલા તાલંતનો ઉપયોગ હંમેશા પ્રભુના કાર્ય માટે કરતા હતા. ક્રિશ્ચિયન સ્પોર્ટસમાંથી ક્રિકેટમાં પણ આગળ હોય.

અમદાવાદ રાયખડ મંડળીના વડીલ શ્રી હીરાલાલ ગોકળદાસભાઈના પુત્રી સોફિયાબહેન સાથે તા. ૨૧-૧૨-૪૮માં લગ્નગ્રંથિથી જોડાયા હતા. દાંપત્યજીવનના સફળ વર્ષો દરમ્યાન પ્રભુપિતાએ તેમને બે પુત્રીઓ અને પુત્રનું દાન આપ્યું. ત્રણે બાળકોને યોગ્ય શિક્ષણ આપી અમદાવાદમાં સ્થાયી કર્યા.

શ્રી ઈમાનુએલભાઈએ મુંબઈમાં સાન્તાક્રુઝ એરપોર્ટ ખાતે તેમ જ ભુજ, નાગપુર વગેરે સ્થળોએ ઉમદા સેવા બજાવી. નિવૃત્ત થયા બાદ તેઓ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં જોડાયા. તેઓ ખૂબ વિનમ્ર અને મિલનસાર હતા.

કુટુંબમાં પણ તેઓ આદરણીય વ્યક્તિ હતાં. મહેમાનોને આવકાર આપતાં તથા સુવાર્તા પ્રચાર કરવામાં તેઓ જરા પણ પાછી પાની કરતાં નહિ.

તા. ૧-૨-૯૮ના રવિવારે રાત્રે ૧૦-૩૦ કલાકે પ્રભુપિતાએ પૃથ્વી પર ચારે દિશામાં પોતાના જીવન કાર્યથી સુવાસ ફેલાવનાર સુંદર પુષ્પને ચૂંટી લીધું અને તેઓ સાર્વકાલિક આનંદમાં પ્રવેશ પામ્યા.

પ્રેમ, સત્ય, કર્તવ્યનિષ્ઠા અને વિશ્વાસુ સેવકના ગુણ ધરાવનાર પ્રભુના એ સેવકને ધન્ય છે.

# પ્રસ્તાવના

વિદાય થયેલી વીસમી સદીએ ઘણા ખ્રિસ્તી સંતો, શહીદો અને સમર્પિત સેવક-સેવિકાની ભેટ ખ્રિસ્તી મંડળીને આપી છે, જેનો લાભ સાર્વત્રિક મંડળીને મળ્યો છે. 'પડદાની પેલી પાર' એ 'ચિરાયેલો પડદો' પુસ્તકનો બીજો ભાગ છે. આ પુસ્તકમાંનું મુખ્ય પાત્ર આપણી મધ્યે જ અસ્તિત્વ ધરાવે છે.

શ્રીમતી ગુલશન એસ્તર એ ખૂબ રૂઢિચુસ્ત સમાજમાંથી પ્રભુ ઈસુના નામે શારીરિક અને આત્મિક સાજાપણાના અનુભવમાં આવેલ વ્યક્તિ છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાછળ ચાલવાનો નિર્ણય કરવો અને તેની પાછળ વધસ્તંભ ઊંચકીને ચાલવું, એ બાબત કેટલી ગંભીર અને કિંમત માગી લે તેવી છે. તેનું વર્ણન પ્રથમ ભાગમાં કરવામાં આવ્યું છે. હવે તેઓ પોતાના ખ્રિસ્તી જીવનની મુસાફરીમાં તમામ બાજુએથી, ભારે મુશ્કેલીનો સામનો કરતાં કરતાં, મોટી કિંમત ચૂકવીને પ્રભુ ઈસુના શિષ્યા તરીકે આગળ વધે છે. અને પ્રભુએ તેમને આદેશ આપ્યો કે, તેમના જીવનમાં જે અદ્‌ભુત કામો પ્રભુએ કર્યાં છે તે તેઓ પોતાના સ્નેહીજનોને જણાવે. આથી તે વચનની આધીનતામાં તેઓ ઇંગ્લેન્ડ જાય છે, અને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં જે ધન્ય ખાતરી છે, સામર્થ્ય છે, સાજાપણું છે એ વિશેની વાત જોરદાર રીતે રજૂ કરે છે. પણ તે માટે જે કિંમત તેઓ આજે પણ ચૂકવી રહ્યા છે તેનું ઝીણવટભર્યું બયાન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

અમને ખાતરી છે કે, આ પુસ્તક પ્રભુના લોકોને માટે ખૂબ ઉત્તેજન આપનાર અને સાક્ષી માટે સામર્થ્ય આપનાર પુરવાર થશે એવી અંતઃકરણની પ્રાર્થના છે.

આ પુસ્તકના ભાષાંતર માટે લેખિકાએ ખૂબ આનંદ સાથે આપેલી પરવાનગી બદલ આભાર વ્યક્ત કરીએ છીએ. અને આ ખૂબ મહત્ત્વના અને મુશ્કેલ પુસ્તકનું ખૂબ સચોટ ભાષાંતર કરવા બદલ મુરબ્બી શ્રી વાય. એલ. ક્રિસ્ટીનો અંત:કરણના ઊંડાણથી આભાર માનીએ છીએ.

આ પુસ્તક પ્રકાશન માટે રૂા. ૧૨,૦૦૦/-નું ખૂબ ઉદાર દાન શ્રીમતી સોફીયાબહેન કોટવાલ તરફથી પોતાના વહાલા પતિ શ્રી ઇમાનુએલ કોટવાલની પ્રેમભરી યાદમાં મળ્યું છે. તે બદલ શ્રીમતી સોફીયાબહેન કોટવાલ અને સ્નેહીજનોનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ. અને આ પુસ્તક પ્રકાશન નિમિત્તે પરમકૃપાળુ ઈશ્વરપિતાનો આભાર માનતા શ્રી ઇમાનુએલ કોટવાલની ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના કાર્યાલયમાં તેમણે કરેલી સમર્પિત સેવાઓને ખૂબ પ્રેમ અને આદર સાથે યાદ કરી નોંધ લઈએ છીએ.

એજ સાથી સેવક,

**રેવ. નિકોલસ પરમાર**

સેક્રેટરી

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

મે-૨૦૦૦

# સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | લંડન તરફ | ૧ |
| ૨. | આગમન | ૧૬ |
| ૩. | હડર્સફિલ્ડમાં | ૨૮ |
| ૪. | મુસ્લિમો સાથે વાતચીત | ૪૩ |
| ૫. | જીવનકાર્યની શરૂઆત | ૫૬ |
| ૬. | શિષ્યપણાની કિંમત | ૬૯ |
| ૭. | ખ્રિસ્તી કુટુંબ | ૮૫ |
| ૮. | ઓક્સફર્ડમાં નાતાલ | ૯૭ |
| ૯. | પ્રસાર માધ્યમો સાથેના સંપર્ક | ૧૧૪ |
| ૧૦. | ધ એશિયન કન્વેન્શન | ૧૩૦ |
| ૧૧. | કેનેડા તરફ | ૧૪૭ |
| ૧૨. | ઘેરાતાં વાદળો | ૧૬૨ |
| ૧૩. | પાકિસ્તાનમાં પ્રત્યાગમન | ૧૭૨ |
| ૧૪. | આંસુની ખીણ | ૧૮૯ |
| ૧૫. | ઇંગ્લૅંડમાં વસવાટ | ૨૦૩ |

સુસાન માટે,

જેની નિષ્ઠા અને કાળજી જોયા પછી જ

માન્યામાં આવે.

**વાચકો માટે નોંધ :**

વ્યક્તિ અને કેટલાંક સ્થળ નામો ગુપ્તતા જાળવવા બદલી નાખવામાં આવ્યાં છે.

## પ્રકરણ ૧

# લંડન તરફ

"માજી, અમને તમારી ખોટ સાલશે, જલદી પાછાં આવજો," લાહોરના વિમાની મથકે મારાં દત્તક લીધેલાં ચાર બાળકો, જેનિથ, રઝિયા, શીલા અને એડવિન મને વિદાયવેળાએ કહી રહ્યાં હતાં. તે દિવસ હતો શનિવાર, ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૨ અને હું કરાંચીમાં રાતવાસો કરીને ઇંગ્લૅંડ જઈ રહી હતી. કરાંચીમાં મારાં મિત્રો શ્રીમતી અને શ્રીમાન મેન્ની મને એરપોર્ટ પર મળ્યાં, અને પોતાને ઘેર લઈ ગયાં. મારી સાથે યાદગીરીની આ સાંજ વિતાવવાને કેટલાક મિત્રો એકઠા મળ્યા હતા. પ્રાર્થના કરવામાં, ગીતો અને ભજનો ગાવામાં તથા પ્રભુનાં વચનોમાંથી વાચન કરવામાં અમે આખી રાત ગાળી. મને અંગ્રેજી ભાષાનું જ્ઞાન નહિ હોવાથી મારા મિત્રો મારા માટે ખૂબ ચિંતા કરતા હતા. "સિસ્ટર ગુલશન ત્યાં જઈને તમે કરશો શું? તમને અંગ્રેજી આવડતું નથી અને ત્યાં ભાગ્યે કોઈ તમારું ઓળખીતું હોય!" તેઓની પ્રાર્થનાનું હાર્દ એ જ હતું, કે જે કાર્યની સોંપણી મને કરવામાં આવી હતી, તેને માટે ઈસુ મને સુસજ્જ કરે, અને ભાવિ પંથમાં દરેક ડગલે ને પગલે તે મારી સાથે હોય.

રવિવારે સવારે ચાર વાગે રાત્રીના અંધકારભર્યા પણ ઠંડા વાતાવરણમાં મેં અને મારા મિત્રોએ ઘર છોડયું. વિમાની મથકે જવાના શાહરાહ-ઈ-ફૈઝલ રસ્તે અમે આગળ વધી રહ્યાં હતાં, ત્યારે ઘોડાગાડીઓ, રીક્ષાઓ અને સાયકલો રસ્તો કાઢવાને માટે આમતેમ વળાંકો લઈ રહી હતી. એવું લાગતું હતું, કે જાણે આખા કરાંચીની વસ્તી રસ્તા પર આવી ગઈ હોય.

રોજના કાર્યક્રમમાં અને સામાન્ય કામકાજમાં તેઓ એટલા બધા ગળાબૂડ પ્રવૃત્તિના મધપૂડામાં ખૂંપી ગયા હતા. તેઓ બધા, તેમને નિયંત્રિત કરનાર કોઈ અજાણી શક્તિના ઇશારે ચાલી રહ્યા હતા. ઠંડક અને તટસ્થતા અનુભવતી, જાણે કે મારા પગ બીજી કોઈ સપાટ જગાએ ગોઠવેલા હોય તેમ, મોટરની બારીમાંથી આ ધમાલિયું દૃશ્ય જોતી હું શાંત બેઠી હતી. મને પણ કોઈક બોલાવી રહ્યું હતું, પણ તે કોઈ અજાણી શક્તિ વડે અને કોઈ સામાન્ય કામ માટે ન હતું. ઈસુ મારા તારનારે મને નિમણૂક આપી હતી, અને મારો આ પ્રવાસ તેના સ્પષ્ટ આદેશને આભારી હતો.

પ્રભાતનાં કિરણો પૃથ્વી પર પડી રહ્યાં હતાં ત્યારે પોતાની મંજિલ તરફ આગળ વધવાની લાગણી સુંદર અને આનંદોલ્લાસ ભરી હોય છે. અંધકાર ધીમેધીમે દિવસના સ્પષ્ટ અજવાળામાં વિલીન થઈ જતો હોય એવો આ ખાસ દિવસ અને હું, જાણે કે એકબીજાને અભિવાદન કરી રહ્યાં હોઈએ એમ લાગતું હતું. વહાલા મિત્રોનો પ્રેમ મને વીંટળાઈ વળીને બળવત્તર બનાવી રહ્યો હતો. મારે જરૂરી એવું કંઈ રહી ન જાય તેની ખાતરી કરતાં, પેટ્રિશિયા અને તેની બહેન ફીડાએ કેટલી બધી વાર મારી સુટકેસ ગોઠવી હતી. પાકિસ્તાનના સ્થાપકપિતા ઝિણાના નામ પરથી ઓળખાતી ઝિણા હોસ્પિટલમાં તે બન્ને નર્સ હતી. લગભગ એક વરસ પહેલાં મેં ફીડા માટે પ્રાર્થના કરેલી, અને તે તેના રોગથી મુક્ત થઈ હતી, ત્યારથી અમારી વચ્ચે પ્રેમનો મજબૂત સંબંધ બંધાયો હતો. હવે પ્રેમનું આ વર્તુળ મને મારા તારનારના વધારે વિશાળ વર્તુળમાં ગૂંથી રહ્યું હતું.

વિમાની મથકે આવી પહોંચતાં અમે બધાં મોટરમાંથી બહાર આવ્યાં અને ત્યાંના તપાસવિધિ-સ્થાન તરફ જવા લાગ્યાં. ત્યાં ટેબલ આગળ મેં મારી એક સુટકેસ રજૂ કરી. પ્રવાસમાં

મેં હળવો બોજો રાખ્યો હતો. જ્યારે મારી આસપાસના લોકો ભાતભાતના આકારની અને કદની પેટીઓથી લદાઈ ગયા હતા. વાતાવરણ બહુ ઘોંઘાટિયું હતું. લોકો એકબીજાને બૂમ બરાડા પાડીને બોલાવતા હતા. આ ઘોંઘાટમાં એક અવાજ મને સંભળાયો : "શાંતિ, આન્ટી માટેની પેલી બંગડીઓ તેં અંદર મૂકી છે?" તેના પ્રત્યુત્તરરૂપે સહેજ ગુસ્સાભર્યો અવાજ આવ્યો : "હા, આ અગાઉ મેં તને છ વાર કહ્યું છે!" મને વિચાર આવ્યો કે આ લોકો યુરોપમાં રહેતા તેમના સુખી મિત્રો અને સગાંસંબંધીઓને મળવાનાં હશે.

જોકે, મારો આ પ્રવાસ તો અજાણી ભોમમાં હતો. એક કુટુંબ સાથે મારો પત્રવ્યવહાર ચાલી રહ્યો હતો, અને કેવળ એક જ વ્યક્તિને હું ઓળખતી હતી. તેમ છતાં હું તદ્દન એકલી ન હતી. ઊંડેઊંડે મારા અંતરમાં મને ખાતરી હતી કે ઈસુ મારી સાથે હતા, અને મારી સઘળી ભાવિ પરિસ્થિતિ તેમના કાબૂ હેઠળ હતી. પવિત્રશાસ્ત્રમાં એ વચન આપવામાં આવેલું છે કે, "જુઓ, જગતના અંત સુધી હું તમારી સાથે છું."

સવારે ૬-૩૦ મિનિટે, એરોપ્લેનમાં ચઢવા માટેનું એલાન આપવામાં આવ્યું, અને હું એરપોર્ટના મકાનમાંથી નીકળીને એરોપ્લેન તરફ જતા ડામરના રસ્તા પર જવા લાગી. મેં ઝાંખા આસમાની રંગના સલવાર-કમીઝ પહેર્યાં હતાં, અને આ સુંદર પ્રભાતની ઠંડી લહેરોમાં મારા દુપટ્ટાના છેડા હળવેથી ફરફરી રહ્યા હતા. પાકિસ્તાન ઇંટરનેશનલ એરવેઝનું બોઇંગ ૭૪૭ અમને આકાશની આરપાર પશ્ચિમમાં લઈ જવાને માટે એક રાક્ષસી યાંત્રિક પક્ષીની માફક ત્યાં ઊભું હતું.

એક હાથમાં મારી બેગ બરાબર પકડીને, મેં બીજા હાથે લોખંડનો કઠેરો પકડયો, અને એરોપ્લેનની અંદર ચઢવા માટેની સીડીના પહેલા પગથિયે પગ મૂક્યો. સીડીના સૌથી ઉપરના

પગથિયે પાકિસ્તાની એરલાઈન્સની પારિચારિકા સફેદ અને લીલાં વસ્ત્રોમાં સુસજ્જ બનીને ઊભી હતી. "હું તમારું સ્વાગત કરું છું." તે ઉમળકાસહિત બોલી. મને સારું લાગ્યું. હું કંઈ ધ્યાન ખેંચે એવી ન હતી, ખાસ ઉદ્દબોધન કરવા કંઈ મને જ પસંદ કરવામાં આવી હોય એમ પણ ન હતું. મારે બીજા કોઈની મદદની જરૂર ન હતી. સામાન્ય રીતે કરવામાં આવતી કરુણામય નજરને બદલે, સ્મિતથી મારું સ્વાગત કરવામાં આવ્યું હતું. મારે મન એ બહુ મોટી વાત હતી. આખરે તો હું ટોળામાંની એક હતી અને બીજા બધાં જેમ કરતાં હતાં તેમ હું પણ સ્વાભાવિક રીતે કરતી હતી.

જ્યારે હું કેવળ ચૌદ વરસની હતી ત્યારે, ઈ.સ. ૧૯૬૬ની વસંતમાં કરેલા ઇંગ્લૅંડના મારા પ્રથમ પ્રવાસથી આ પ્રવાસ કેટલો બધો વિરોધાભાસી હતો. તે વખતે હું અપંગ હતી. મારું ડાબું પડખું લકવાથી નકામું બની ગયું હતું, અને મારો ડાબો હાથ અને પગ નકામા બોજારૂપ બની ગયા હતા. છ માસની કુમળી વયે મને ટાઈફોઈડ થયો હતો અને ત્યારપછી પોલિયો થયો. એટલે ઊભા થવું અને ચાલવું શું છે, તેજ હું જાણતી ન હતી. બીજાં બાળકોને જ્યારે હું ચાલતાં, દોડતાં અને કૂદતાં જોતી ત્યારે અને તેઓ જે આનંદની કિકિયારીઓ પાડતાં તેથી મને ખૂબ આનંદ થતો, પણ તેથી મને દુઃખ પણ થતું. હું મારી પોતાની જાતને કહેતી : "આવી પ્રવૃત્તિઓનો અનુભવ મને તો કદી નહિ થવાનો." તે વખતે ઓછામાં ઓછું હું એવું વિચારતી હતી. મેં ઈસુ ખ્રિસ્ત વિષે કદી સાંભળ્યું ન હતું, અને મને ખબર ન હતી કે એક દિવસ તે મારો તારનાર બનશે અને મને ઊભી કરશે.

હું મારી બેઠક તરફ જવા લાગી અને જોતજોતામાં તો હું મારી બેઠકમાં વ્યવસ્થિત થઈ ગઈ અને મેં મારી બેઠકનો

પટ્ટો બાંધ્યો. બન્ને બાજુએ બેઠેલા મારા સાથી પ્રવાસીઓ પર મેં ઊડતી નજર નાખી અને સ્મિત કર્યું. આ વખતે મારી બે વિશ્વાસુ નોકરાણીઓ સલિમા અને સેમા, જેઓ મારો પડયો બોલ ઝીલી લેવાને હરપળે તૈયાર રહેતી હતી. તેમના જાણીતા ચહેરા નહોતા. વળી આ વખતે હું મારા પિતા સાથે પ્રથમ વર્ગમાં મુસાફરી કરતી નહોતી, જ્યારે તેઓ આગળની બે બેઠકોમાં લાંબા થઈને પડેલા હોય. એનો અર્થ એ નથી કે આ વખતે પણ તે હોત તો મને ગમત નહિ. દુનિયામાં મારા પિતા જેવા ભલા અને નમ્ર માણસ મેં બીજા કોઈ જોયા નથી. તેમની સતત પ્રેમભરી કાળજીની યાદ હંમેશાં મારામાં નાજુક લાગણીઓ જગાડે છે, અને તેમની હાજરીમાં હંમેશાં મને સહીસલામતી લાગતી. સામાન્ય રીત પ્રમાણે સોનાનાં બટનવાળા, ઊભા ગળાવાળા કાળા ઓવરકોટમાં શોભતા, મારી આગળ મોટી છલાંગો મારીને ચાલતા તેમને અત્યારે પણ હું જોઈ શકું છું. કોઈ શિકારી વિષુવવૃત્તના જંગલની ગીચ ઝાડીને કાપીને રસ્તો બનાવતો હોય, તેમ મારા પિતા અચૂક મારી આગળ રસ્તો કરતા ચાલતા.

મને સાજી થયાને ૧૧ વરસ થયાં. અને જ્યારે હું દરેક નવા અનુભવમાંથી પસાર થાઉં છું, ત્યારે હું પોતે મારી સંભાળ રાખું છું, અને માનવીની પાયાની જરૂરિયાતો હું મારી પોતાની જાતે સંતોષી શકું છું તેનો પ્રાથમિક આનંદ મારા અસ્તિત્ત્વને નવે નામે છલકાવી દે છે, અને જેમણે મને આ નવું જીવન બક્ષ્યું છે તેમની સ્તુતિ કરતાં મારું હૃદય ઊર્ધ્વ ગતિ કરે છે. મારી નાનામાં નાની ઇચ્છા સંતોષવાને માટે, મારે બીજા પર આધાર રાખવો પડતો હતો તે શરમ, મેં ઓગણીસ ઓગણીસ વરસો સુધી વેઠી હતી. હવે એ બધું બદલાઈ ગયું છે.

મારા વહાલા પિતાજી, આબા-જાને, મારી આ રોગી દશા

માટે વૈદકીય સારવારની તપાસ અર્થે સમય, શક્તિ કે ખર્ચ કરવામાં કશું બાકી રાખ્યું ન હતું. તેમનાં પાંચ બાળકોમાં હું સૌથી નાની હતી, પણ તેમણે મારી એટલી બધી સારસંભાળ રાખી હતી કે જાણે હું તેમનું એકનું એક બાળક હોઉં. મારી માએ મરતી વખતે તેમને આ પવિત્ર સોંપણી કરી હતી : "આ નાની ગુલશનને માટે ઓ શાહજી, હું તમને આજીજી કરું છું કે તમે ફરી લગ્ન કરશો નહિ." તેમણે આપેલું એ વચન કેવા વિશ્વાસુપણે તેમણે પાળ્યું હતું! જો કે કુરાન ઓછામાં ઓછી ચાર પત્ની કરવાની રજા આપે છે, પણ તેમણે ફરી લગ્ન કર્યું નહિ. હું માનું છું, કે આવું વચન આપ્યા વિના પણ તેમણે મારી એવી જ સારસંભાળ રાખી હોત. ૧૯૬૬ની પ્રથમ મુસાફરી મને સાજી કરવા માટેનો તેમનો છેલ્લો મરણિયો પ્રયાસ હતો. મને યાદ છે કે હું કેટલી મોટી આશા રાખતી હતી. પરાવલંબન અને પંગુતાની છડી પોકારતી નિશાની તરીકે, મારી વ્હીલચેરમાં જ્યારે મને સીડી પર ઊંચકવામાં આવી ત્યારે હકીકતમાં અમારા બધાની એવી જ આશા હતી. લંડનની અમારી હોટલમાં જ્યારે ડૉ. ડેવિડે કહ્યું કે, "આને માટે કોઈ દવા નથી, સિવાય કે પ્રાર્થના," ત્યારે દુ:ખની વાત એ બની કે તે આશાના ભૂકેભૂકા બોલી ગયા હતા.

એ વખતે મારા મનમાં એ વિચારો આવ્યા હતા, કે પિતાજી જેને એક કાફર કરતાં વિશેષ ગણતા ન હતા તેના મુખેથી કેવા આશ્ચર્યજનક શબ્દો નીકળ્યા હતા. પણ મારા પિતા લાંબો સમય નાસીપાસ રહ્યા ન હતા. પણ મારા પિતાએ ડૉક્ટરનો છેલ્લો શબ્દ પકડી લીધો, અને નવેસરના ખંત અને ઉત્સાહથી તેનું તાર્કિક પરિણામ લાવવાને માટે પગરણ માંડયાં. મને યાદ છે કે તેમણે મારો નિર્જીવ હાથ પંપાળ્યો અને બોલ્યા કે, "હવે તો એક જ રસ્તો છે, આપણે હવે દૈવી દ્વાર

ખખડાવીએ. આપણા ઈરાદા મુજબ આપણે મક્કા જઈશું. અલ્લાહ આપણી પ્રાર્થનાઓ સાંભળશે, અને તેનો આભાર માનતાં કદાચ આપણે ઘેર પાછાં જઈએ." સાજાપણાનો આભાર માનવા માટે ધારેલી અમારી મક્કાની મુસાફરી ખુદ સાજાપણાની વધારે ઊંડી શોધ કરવામાં ફેરવાઈ ગઈ.

અને તેથી હું, મારા પિતા અને બે નોકરાણીઓ, મક્કાના પવિત્રસ્થાનની વાર્ષિક યાત્રામાં જોડાવાના ઉશ્કેરાટમાં ડૂબી ગયાં. આજે પણ એ વાત યાદ કરતાં મને આશ્ચર્ય સાથે આનંદ થાય છે કે તે સાંભળીને સલિમા અને સેમા તેમનો આનંદ છાનો રાખવામાં મુશ્કેલી અનુભવવા લાગી. "હજ કરવા જવાની તક માટે આપણે કેવાં ભાગ્યશાળી કહેવાઈએ? ગામની બધી છોકરીઓ આપણી અદેખાઈ કરશે!" એમ કહેતાં તેઓ આનંદથી પોકારી ઊઠી હતી. તેઓનું એક સ્વપ્ન ફળીભૂત થતું હતું, જે મોટાભાગનાં અન્યને માટે ખાલી જતું હતું. સરખામણી કરતાં જેમને આપણે ધનિક કહીએ તેઓ જ ઇસ્લામનો આ આખરી સ્તંભ - હજ કરવી - અમલી બનાવી શકે છે. આ સ્તંભ તેમના વિશ્વાસની - ધર્મની - અને તેમની બધી મહત્ત્વાકાંક્ષાઓની પરાકાષ્ઠારૂપ હતો.

પણ જે સ્વર્ગીય દ્વાર ખખડાવવાને માટે હું નિર્મિત થઈ હતી, તે મક્કા નહોતું. હું એક અપંગ તરીકે મક્કા ગઈ, અને હૃદયભંગિત અપંગ બનીને હું પાકિસ્તાન પાછી ફરી; તેથી કુટુંબનાં માણસો અને મિત્રોના ચહેરા પર નિ:શંકપણે નિરાશા વર્તાતી હતી. હકીકતમાં હું હવે મનથી પણ અપંગ બની હતી. અમે મદદના બધા જ માર્ગો, માનવી અને દૈવી, અજમાવી જોયા હતા, અને ઠરાવેલા બધા જ વિધિઓનું વિશ્વાસુપણે પાલન કર્યું હતું, પણ તે બધાને પરિણામે અમને નિષ્ફળતા અને હતાશા સાંપડી હતી.

મારી પ્રથમ મુસાફરીની આ કડવીમીઠી યાદમાં હવે હર્ષોલ્લાસની લાગણી ભળી હતી. તે દિવસો હવે જતા રહ્યા છે. તે દિવસો કેવા એક દુઃસ્વપ્ન જેવા લાગે છે. આ વખતે હું એકલી ઇંગ્લૅંડ જતી હતી. ઈશ્વર, મારો સર્જનહાર, હવે મારો પિતા હતો, અને તેની હાજરીની જ મારે જરૂર હતી. હું કંઈ મદદ મેળવવા જઈ રહી ન હતી. પણ મારા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તે તેમના લોકોને જે સંદેશો આપ્યો હતો તે પહોંચાડવાની આશાથી જઈ રહી હતી. તેમના શબ્દો ડામની માફક મારા હ્રદયમાં જડાઈ ગયા હતા, તે ફરીથી મારા જાગૃત મનમાં તાજા થયા. "તેં તારી પોતાની આંખે જે જોયું છે, તે તારે મારા લોકોને પહોંચાડવું જોઈએ. મારા લોકો તારા લોકો છે."

જ્યારે આરામ અને મુક્ત હળવાશથી હું મારી ખુરશીમાં પાછળ ટેકો દઈને બેઠી, ત્યારે મેં મારા હ્રદયમાં કહ્યું, "હા, પ્રભુ, મારા શરીરમાં, મારા ચમત્કારિક સાજાપણાની નિશાનીઓ લઈને તમારા લોકોને કહેવા માટે હું જઈ રહી છું. તમે મારી આગળ જાઓ અને મારે માટે માર્ગ તૈયાર કરો." તે ઉચ્ચારણની સાથે શાંતિથી એક ઉત્કટ લાગણી, હુંફાળા સ્નાનની માફક, મારી પર આવી અને મારા આખા શરીરને વીંટળાઈ વળી. મને આપવામાં આવેલો કામળો મેં મારી આસપાસ એવો સજ્જડ વીંટાળી દીધો કે તે અદ્દ્ભુત લાગણી હંમેશને માટે બંદી બની રહે.

મારા હોઠો પર સ્મિત ફરકી રહ્યું. હવે બધું જ સ્પષ્ટ બની ગયું હતું. પણ બાપ રે! શરૂઆતમાં તે કેવું કાળું મેશ જેવું હતું. "પ્રભુ તમારા લોકો કોણ છે? તમારા લોકો ક્યાં છે?" દિનપ્રતિદિન અને રાતોની રાતો સુધી આ બે પ્રશ્નોની સાથે શું મેં ગડમથલ કરી નહોતી?

૧૯૪૭માં જ્યારે ભારત અને પાકિસ્તાન જુદાં થયાં, ત્યારે અમારા દૂરના એક કાકા, કાકી અને તેમનાં બે બાળકોને મારા પિતાએ અમારા કુટુંબમાં રાખ્યાં હતાં. તેમણે મારા પિતાના મરણ બાદ મારી સંભાળ રાખવાને અમારે ત્યાં રહેવાનું ચાલુ રાખ્યું હતું. જ્યારે મારાં કાકીએ મને પ્રથમ વાર ઊભેલી જોઈ ત્યારે તેમણે મને જે શબ્દો કહેલા તે મને બરાબર યાદ આવે છે.

"તને ઊભેલી જોતાં બહુ અટકટું લાગે છે. મારે એનાથી ટેવાવું પડશે." તેમણે કહેલું, અને કંઈક શોધી કાઢવાની રીતે પૂછયું, "ઓગણીસ વરસોથી તારો હાથ અને પગ સૂકાઈ ગયેલા હતા અને તું અપંગ હતી, તો પછી આ તારો હાથ અને પગ સામાન્ય બની ગયા કેવી રીતે?"

"ઈસુએ મને સાજી કરી છે, અને તેમની સાક્ષી આપવા માટે તેમણે મને તેડી છે." મેં જણાવ્યું, બિચારાં આન્ટી! એમનો ડઘાઈ ગયેલો ચહેરો મારા મનમાં ઉપસી આવ્યો. "પણ અહીં પાકિસ્તાનમાં, સાક્ષી આપવા માટે, તારે સારુ ખ્રિસ્તીઓ નથી, અને તું અમેરિકા કે ઇંગ્લૅંડ જઈ શકતી નથી. ગરીબોને તું દાન કરે એજ તારી સાક્ષી છે. જ્યારે આ લોકો તારી પાસે ખાવાનું અને પૈસા માટે આવે ત્યારે તે તારી સાક્ષી છે."

મેં ભારે આશ્ચર્યસહિત તેમની તરફ નજર નાખી હતી. તે કંઈ ખાસ કેળવણી પામેલાં સ્ત્રી નહોતાં, પણ તેમણે ભારે હોશિયારી બતાવી હતી. એમના મત પ્રમાણે, કોઈપણ મુસ્લિમ સ્ત્રી, ઘરની સુરક્ષા, કુટુંબ અને મિત્રોને છોડીને બહાર, અને ખાસ કરીને પરદેશ, ઉપદેશ આપવા જવાનું સ્વપ્નમાં પણ શી રીતે વિચારી શકે? તેમણે નક્કી કરી નાખ્યું હતું કે મારે શું કરવું જોઈએ - ગરીબોને દાન (ઝકાત) આપવાનું. તે વખતે એમને ક્યાં ખબર હતી, કે મારું બધું પડાવી લેવામાં આવશે,

અને હું પણ તે ગરીબોમાંની એક થઈ જઈશ. પણ મારી ગરીબી મને ભિક્ષા માગવા તરફ દોરી જવાની ન હતી. બલકે હું પણ મંદિરે ઊભેલા પ્રેરિત પીતર અને યોહાનની માફક ગરીબોને કહીશ કે, "સોનુંરૂપું તો મારી પાસે કંઈ નથી......" અને ઈસુ ખ્રિસ્તે આપણે માટે મેળવેલું તારણ તેમને આપીશ.

મારા પિતા એક ધનિક જમીનદાર હતા અને કપાસની ખેતી કરતા હતા. તે તેમની ઉદારતા માટે પ્રખ્યાત હતા. ઇસ્લામના આ ત્રીજા સ્તંભ-દાનનો અમલ કરવા માટે પોતાનાથી બનતું બધું કરી છૂટવામાં માનતા હતા. દાન દાતાને શુદ્ધ કરે છે એમ માનવામાં આવે છે, પણ મારાં કાકીને "મારી શુદ્ધિકરણ"ની ચિંતા ન હતી. ઈસુના આદેશનું પાલન હું ભલે કરું, પણ તે ઘરના છાપરા તળે રહીને.

આ બાબત મને ગૂંચવાડામાં નાખતી હતી. ઈસુએ મને સ્પષ્ટ કહ્યું હતું, "મારા લોકોને કહે." હવે જે ગરીબ મુસ્લિમો મારા બારણે ભિક્ષા માટે આવતા હોય, તેઓ તેના લોકો કેવી રીતે હોઈ શકે? કારણ કે આ દાન મેળવવાનો તેમનો હક હતો, કારણ કે કુરાનનો એ આદેશ છે કે ધનિકોએ ગરીબોને તેમના ધનના ભાગીદાર બનાવવા જોઈએ. મને એવી દહેશત રહેતી હતી કે તે લોકોના મનમાં એક છૂપી બીક રહેલી હતી, કે હું મારા પૂર્વજોનો ધર્મ મૂકી દઉં, અને ગમે તે ભોગે તેમ કરતાં તેઓ મને અટકાવવા માગતા હતા. મારા પિતાજીના મૃત્યુ બાદ હું દર વરસે રૂા. ૫૦,૦૦૦ ઝકાતના આપતી હતી. અને મારા સાજા થયાનાં બે કે ત્રણ અઠવાડિયાં બાદ મેં તેમાં રૂા. ૧૦૦૦નો વધારો કર્યો હતો. મારા કાકા જેમના હાથમાં હવે મારી બધી જ આર્થિક બાબતોનો વહીવટ હતો, તે આ નિર્ણયથી ખુશ થયા હતા.

"સાંભળ ગુલશન" તેમણે કહ્યું, "ઈસુને જે કંઈ જોઈએ

તે તું આપ - જમીન કે પૈસા, પણ તું તારું વતન છોડીશ નહિ, અથવા ધર્મ છોડીશ નહિ, અને સૌથી અગત્યની વાત, કે તું તારી જાતને આપીશ નહિ." આજ વાત મારા મોટા ભાઈ સફદર શાહે ચેતવણીના એક વિશેષ સૂર સહિત મને કહી હતી." ઈસુના લોકો ઇંગ્લૅંડ, અમેરિકા અને કેનેડામાં છે. આ ખ્રિસ્તી દેશો છે. ઈસુએ તને કેવી રીતે સાજી કરી તે કહેવાને માટે તારે ત્યાં જવાનું નથી, અને અહીં એ વાતનો ઢંઢેરો પિટાવવાની જરૂર નથી." દાન લેવા આવનારાને કહેવા માટે આ બધી વાતો લખી છે!

હું મારા પ્રભુના આદેશ સંબંધી ગંભીરતાથી વિચારતી હતી, ત્યારે મારા કુટુંબ તરફથી આવી શિખામણો અને ધમકીઓ મળી હતી. હું વિહવળ બનીને ગૂંચવાડામાં પડી ગઈ હતી. જીવ પર આવી જઈને મેં ઈસુને પોકાર્યું હતું કે, "મને તમારો માર્ગ બતાવો, અરે, મને તમારો માર્ગ બતાવો." તેમના નામની સ્તુતિ થાઓ. તેમણે મને અતિ સુંદર પ્રત્યુત્તર આપ્યો.

એક દિવસ હું પ્રાર્થના કરતી હતી, ત્યારે મેં ઊંચું જોયું, તો ત્યાં ધુમ્મસનો એક સ્તંભ છત સુધી પહોંચેલો મને દેખાયો. તેની અંદર ઈસુ હતા. "મારી પાસે આવ" તેમણે કહ્યું અને આનંદથી હું ઊઠીને તેમની પાસે ગઈ. તેમણે મારા માથા પર હાથ લંબાવ્યો, અને હું જાણે કે જમીનથી અદ્ધર થઈ ગઈ. મારી આંખો બંધ હતી, પણ જ્યારે મેં આંખો ઉઘાડી ત્યારે મેં જોયું કે હું એક ખુલ્લા મેદાનમાં ઊભી હતી. તે મેદાન દૂર સુધી વિસ્તરેલું હતું, અને તે ઠંડકવાળું અને હરિયાળું હતું, અને તે માણસોથી ભરેલું હતું, કેટલાક નજીક અને કેટલાક દૂર હતા. તે બધાના માથા પર મુગટ મૂકેલા હતા અને મારી આંખો ખમી ન શકે એવાં પ્રકાશિત ઊજળાં વસ્ત્રો તેઓએ પહેરેલાં હતાં.

મેં મધુર સંગીતના અવાજો સાંભળ્યા, અને લોકો બધા ગાતા હતા, 'પવિત્ર' અને 'હાલેલૂયાહ', જે શબ્દોથી હું બિલકુલ અપરિચિત હતી. મને ખબર પડી કે તેઓ બધા ઈસુ તરફ જોઈ રહ્યા હતા અને એમ કહેતા હતા કે, "તે વધ કરવામાં આવેલું હલવાન છે, અને તે જીવતો છે." પછી ઈસુએ મને કહ્યું, "આ મારા લોકો છે, તેઓ જે કહે છે તે સત્ય છે. તેઓને પ્રાર્થના કરતાં આવડે છે, કારણ કે તેઓ ઈશ્વરના પુત્ર પર વિશ્વાસ કરે છે."

ત્યારે મને ખબર પડી કે તેના લોકો ખ્રિસ્તી લોકો હતા, અને તેઓની પાસે મારે સંદેશો લઈ જવાનો હતો. આખરે અંધકાર દૂર કરવામાં આવ્યો હતો. મને ખબર પડી કે મારે કોની પાસે જવાનું હતું. આ જ્ઞાન થવાથી મને એટલી મોટી રાહત થઈ કે આનંદથી મારું મન ગાવા લાગ્યું. જો કે આ અંધકાર દૂર થાય તે પહેલાં મારે સંઘર્ષ ખેલવો પડયો. મારે ક્યાં જવાનું હતું તે હજી સુધી મને કહેવામાં આવ્યું ન હતું. તે શોધ મારે ધીરેથી અને યાતના વેઠીને કરી લેવાની હતી.

મારું બાપ્તિસ્મા થયા પછી હું મારી સાક્ષી અને ઈસુનો સંદેશો ખ્રિસ્તી લોકોની સભાઓમાં અને મંડળીઓમાં આપવા ઇચ્છતી હતી, પણ તે બાબતમાં મને નિરાશ કરવામાં આવી હતી. પાદરી સાહેબે મને કહ્યું હતું કે, "તું તેને માટે હજી તૈયાર થયેલી ના કહેવાય. તારે તારા કુટુંબમાં તે સાક્ષી આપવાની છે. ઈશ્વર તે સ્વીકારશે." થોડા સમય પછી તેમણે મારે માટે અંધ બાળકોની શાળા, સનરાઈઝ સ્કૂલમાં, ગૃહમાતાની નોકરી શોધી કાઢી.

વિચાર કરતાં મને એમ લાગે છે, કે તે જગાના મારા અનુભવે મને શીખવ્યું, કે દુઃખસહન અને યાતનામાં પણ કેવી રીતે આનંદ માણી શકાય. નાની ઉંમરનાં તે છોકરાછોકરીઓ

અંધાપાના બોજા હેઠળ, હૈયાવરાળ ઠાલવતાં અને ઊંહકારા ભરતાં નહોતાં. બલકે તેઓમાં રહેલા જે ગુણોથી તેઓ અજ્ઞાત હતાં, તે ગુણો તેઓએ શોધી કાઢયાં, અને તેઓની મદદથી સુખનાં નવાં સ્વરૂપો શોધી કાઢયાં. એક દિવસ એવો આવવાનો હતો, કે જ્યારે હું પણ એક વિશેષ પ્રકારનો ઊંડો આનંદ અને સંતોષ અનુભવવાની હતી.

એ પછીની મારી નોકરી કદાચ તેના કરતાં પણ વધારે વિચિત્ર હતી. જૂના અનારકલી બજારમાં જેની ઓફિસ હતી, એવા એક અઠવાડિક સામયિકના ખબરપત્રી તરીકેની તે નોકરી હતી. નોકરી મેળવવાના મારા મરણિયાવેઠામાં (કેમ કે મારે મારો રોટલો રળવાનો હતો) મેં તે નોકરી ખુશીથી સ્વીકારી હતી. બીજા માણસોનો ઇંટર્વ્યુ કેવી રીતે લેવો, અને તેઓ જે કહે તેની ચોકસાઈભરી નોંધ કેવી રીતે લેવી તે હું શીખી. જ્યારે હું મારું પ્રથમ પુસ્તક - ચિરાયેલો પડદો - લખવા લાગી, ત્યારે આ અનુભવ મારે માટે અમૂલ્ય થઈ પડયો.

શરૂઆતમાં જે બાબતો મને મારા મુખ્ય કાર્યથી આડેઅવળે લઈ જનારી લાગતી હતી, તેજ બાબતો મારા પ્રભુ, મારી ભાવિ સેવાને માટે મને તૈયાર કરવામાં તેમનો ઉપયોગ કરતા હતા એમ અંતમાં મને લાગ્યું. હું એ જાણતી હતી, કે હું ગમે તે પરિસ્થિતિમાં આવી પડું, પણ તેમને આધીન થઈને મારે તેમની સેવા કરવાની હતી, પણ જે પથ ઉપર તે મને ચલાવવા માગતો હતા તેથી આમતેમ ફંટાઈ ન જવાય તે માટે, મારે સતત તેમના સંપર્કમાં રહેવાનું હતું. જ્યારે શરૂઆતના પ્રેરિતો સમક્ષ, બિનયહૂદી ખ્રિસ્તીઓએ કચકચ કરી, કે રોજના વ્યવહારમાં તેમની વિધવાઓને પડતી મૂકવામાં આવતી હતી, ત્યારે તેઓ જે પરીક્ષણમાં પડયા અને મક્કમ રહ્યા, તેવી જ રીતે મારે પણ મક્કમ મન રાખવાનું હતું. તે વખતે પ્રેરિતોએ શું કર્યું? તેઓએ

લોકોને એકઠા કર્યા અને કહ્યું, કે "અમે પ્રભુની વાત પ્રગટ કરવાનું મૂકી દઈએ તે બરાબર નથી." અને આગળ વધીને એમ કહ્યું, કે "અમે તો પ્રાર્થનામાં અને પ્રભુના વચનની સેવામાં લાગુ રહીશું."

મારે માટે એમ નહોતું કે એક પ્રકારના "પ્રવાસી ઉપદેશક" બનવામાં મને આકર્ષણ હતું. હું હંમેશાં શરમાળ અને "હું ભલી અને મારું ઘર ભલું' પ્રકારની વ્યક્તિ હતી. લાંબા સમયની અપંગાવસ્થાને લીધે, એક ખાસ પ્રકારની સ્થિતિમાં રહેવાની મને ટેવ પડી ગઈ હતી, અને તેથી મારો સ્વાભાવિક શરમાળ સ્વભાવ વધારે મજબૂત બન્યો હતો. જાહેરમાં સાક્ષી આપવી એ મારા સ્વભાવની વિરુદ્ધ હતું. પણ થોડા જ વખતમાં મને એ વાતનું ભાન થયું, કે ઈસુ જ્યારે આપણને "નવી ઉત્પત્તિ" બનાવે છે, ત્યારે આપણે ખરેખર નવાં બનીએ છીએ.

૩૧મી ડિસેમ્બર, ૧૯૭૫ને રોજ, મને લાહોરની ફોરમેન ક્રિશ્ચિયન કોલેજના દેવળમાં પ્રવચન આપવાનું પ્રથમ આમંત્રણ મળ્યું. આ આમંત્રણ સ્વીકારવાથી તેનાં કેવાં આનુસાંગિક પરિણામો આવશે તે વિચારવાનો સમય જ નહોતો, કારણ કે બીજે જ દિવસે, ૧લી જાન્યુઆરી ૧૯૭૬ને રોજ મારે બોલવાનું હતું. સમગ્ર પાકિસ્તાનમાં ફરીને જુદાંજુદાં જૂથો સમક્ષ પ્રવચનો આપવાનો, અને શાસ્ત્રાભ્યાસના વર્ગો ચલાવવાના કાર્યની મારે માટેની એ શરૂઆત હતી. આવા એક પ્રવાસમાં મારે હિમાલયની તળેટીમાં ૮૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલા મરીમાં જવાનું થયું. પાછળથી રાવળપીંડી મારું મુખ્ય મથક બન્યું, કે જ્યાંથી હું કરાંચી અને બીજાં સ્થળોએ જતી.

અહીં અત્યારે, હું દરિયાની સપાટીથી ૩૦૦૦૦ ફૂટની ઊંચાઈએ કલાકના ૫૦૦ માઈલની ઝડપે, એક એવા સ્થળ તરફ જઈ રહી હતી, કે જ્યાં જવાની મારા કુટુંબે કદી કલ્પના

પણ કરી નહોતી. બનાવોમાં બનેલા આવા નોંધપાત્ર ફેરફાર વિષે હું મારા મનમાં વિચાર કરી રહી હતી તેને લીધે અને જે સરસ મઝાનું ભોજન પ્લેનમાં મળ્યું હતું તેને લીધે હું ઊંઘી ગઈ હોવી જોઈએ. એટલે હું જાગી ત્યારે જે પ્રથમ બાબત કેપ્ટનના મોંએ સાંભળી તે એ હતી, કે હવે આપણે હીથરો એરપોર્ટ, લંડન પર ઊતરવાનાં છીએ. તેમનું બોલવું ચોક્કસ અને મુદ્દાસરનું હતું, પણ મને આંચકો આપીને વાસ્તવિકતાનું ભાન કરાવવા માટે તે પૂરતું હતું. હવે હું પૂરેપૂરી જાગૃત થઈ ગઈ હતી. હવે પાછાં કદમ માંડવાનો સવાલ જ નહોતો. ક્ષણિક સમયને માટે મારી સ્વાભાવિક શરમાળ વૃત્તિ ઉપર તરી આવી, પણ ઈસુનું આ વચન મને યાદ આવ્યું, કે "હું હંમેશાં તમારી સાથે હોઈશ," અને તેનાથી મને જરૂરી હિંમત મળી ગઈ.

❖ ❖ ❖

## પ્રકરણ ૨

# આગમન

ખાસ્સો લાંબો સમય ગયા પછી પ્લેનનું બારણું ઊઘડયું અને અમે એક પછી એક બહાર જવા લાગ્યાં. એરપોર્ટના મકાનમાં પ્રવેશ્યા પછી અમને મળતી સૂચના પ્રમાણે અમે ઇમીગ્રેશન અને પાસપોર્ટ કન્ટ્રોલના વિભાગમાં આવ્યા. મારી અંદર ઉશ્કેરાટની લાગણી ઊભરાઈ આવી. બહુ લાંબા સમયને અંતે હું ઈસુએ આપેલા આદેશનો અમલ કરી શકીશ. હું શાંતિથી હારમાં ઊભી રહી હતી. આવનાર મહિનાઓમાં હું શીખવાની હતી કે ઇંગ્લૅંડમાં હારમાં ઊભા રહેવું એ ધાર્મિક કાયદા સમાન હતું - કોઈ જાતની ધક્કામુક્કી નહિ અને જો હાર તોડો તો અચૂક તમારે લોકોનાં કટાંણાં મ્હોં જોવાં પડે.

જ્યારે મારો વારો આવ્યો ત્યારે મેં મારો પાસપોર્ટ અને વિઝા (દેશમાં પ્રવેશવાની પરવાનગી) અધિકારીને આપ્યાં. તે બહેનની સાથે એક એશિયન દુભાષિયો હતો. જાણે સ્મિત કરતાં પણ જોર પડતું હોય તેમ તેણે મારી સામે જોયું, અને તદ્દન મક્કમ અવાજે કહ્યું, "તમે ઇંગ્લૅંડમાં છ મહિના રહી શકો છો, અને પછી તમારે આ દેશ છોડી જવાનો." મને થયું કે તેમાં આટલા બધા વિકરાળ દેખાવાની અને આવા સત્તાવાહી અવાજે બોલવાની શી જરૂર હતી!" હું ફક્ત ત્રણ મહિના માટે જ અહીં રોકાવાની છું" મેં હિંમતથી કહ્યું. મને એટલી બધી ખાતરી હતી, કે હું મારું કામ એટલા વખતમાં અચૂક પતાવીને, પાછી પાકિસ્તાન જવા નીકળી જઈશ. ઇંગ્લૅંડમાં મારે માટે ગમે તે કામ આવી પડવાનું હોય, પણ મને નિ:શંક એમ લાગતું હતું કે તે એટલું લાંબું ચાલશે નહિ, આ બધું મેં

અગાઉથી વિચારી રાખ્યું હોય એમ પણ નહોતું. મેં એમ કેમ કહ્યું તે ખરેખર હું જાણતી નથી.

પ્રવેશ આપનાર તે અધિકારી બહેન મને સાંભળીને છોભીલાં પડી ગયાં. "તમને છ મહિનાનો વિઝા મળ્યો છે, તો પછી ત્રણ જ મહિના રહેવાનું કેમ કહો છો? મોટા ભાગના લોકો પરવાનગીના સમય કરતાં વધારે રહેવા ઇચ્છે છે. આવી વિનંતી કરનાર એકલાં તમે જ નીકળ્યાં!" સલવાર-કમીઝ અને ધોળો કોટ પહેરેલી અને કાળાં ચશ્માં ચઢાવેલી હું તેમને કંઈક વિચિત્ર લાગી હોઈશ, એમ મને લાગ્યું. "તમે શા માટે અહીં આવ્યાં છો?" દુભાષિયાએ આશ્ચર્ય બતાવતાં પૂછયું. "ઈશ્વરની સેવા કરવા" મેં નિર્ભયતાથી જવાબ આપ્યો. અર્ધઅપેક્ષિત ઉત્તર સામેથી મળ્યો, "તમે અહીં ઈશ્વરની સેવા શી રીતે કરવાનાં? તમે અંગ્રેજી જાણતાં નથી અને અહીંના લોકોના રીત-રિવાજ અને ટેવોની તમને ખબર નથી."

આ પહેલાં પણ, આજ શબ્દો શું મને સાંભળવાના મળ્યા નહોતા? ઇસ્લામાબાદના બ્રિટીશ કોન્સલના શબ્દો જોશભેર મારા મનમાં ધસી આવ્યા : "તમે અંગ્રેજી બોલી શકતાં નથી. ઇંગ્લૅંડ જઈને તમે શી રીતે ઉપદેશ કરવાનાં હતાં?" એ વાત સાચી કે હું અંગ્રેજી બોલતી નહોતી. મારા પિતાએ મારાં શિક્ષિકા રઝિયાને અંગ્રેજી શીખવવાની મના નહોતી કરી, કે રખેને હું કાફરોની ભાષા શીખું અને ભૂલભરેલી વાતથી હું અશુદ્ધ બની જઉં અને ખરા માર્ગથી ભટકી જઉં? પણ ઈસુ શું કરી શકે તે, તે કે આ લોકો જાણતા નહોતા. જ્યારે તે પોતાના નામને અર્થે કંઈ કરવા માટે લોકોને પસંદ કરે છે, ત્યારે તે તેમને તે કામને માટે નિ:સહાય કે સુસજ્જ કર્યા વિનાનાં રાખતો નથી. તે તેમની બધી જરૂરિયાતો પૂરી પાડે છે.

આંખમાં ચમકારો લાવીને મેં તે અધિકારી સામે જોયું. અલબત્ત મારાં કાળાં ચશ્માંને લીધે તે તે જોઈ શક્યાં નહિ. "પાકિસ્તાનમાં મારે આજ મુશ્કેલી હતી" મેં કહ્યું, "મુસ્લિમો મને કે મારા સંદેશાને સમજી શક્યા નહિ. અહીં એથી જુદું કંઈ થવાનું નથી!" દુભાષિયાએ જ્યારે મારી કહેલી વાત તેમને સમજાવી. ત્યારે તે હસી પડયાં, અને મારા પાસપોર્ટમાં ત્રણ મહિના માટે રહેવાની પરવાનગી આપતી છાપ મારી આપી. આ મારી ટૂંકી વાતચીતથી તેમના કંટાળાભર્યા એકધારા કામમાં કંઈક રાહત મળી હશે. ગોળ ફરતા પટ્ટા પરથી મારો સામાન લેવા હું જવા લાગી, ત્યારે મને પોતાને પણ, હસવું આવ્યા વગર રહ્યું નહિ.

જ્યારે મારી સુટકેઈસ પટ્ટા પર આવી ત્યારે તે લઈને હું લીલા માર્ગે જવા લાગી. "કશું જાહેર કરવાનું નથી" એ સૂચના વાંચવાની જરૂર મને નહોતી, કારણ કે જ્યારે હું અહીં પહેલી વખત આવેલી ત્યારે પિતાશ્રીએ મને તે સમજાવેલું. આમ તો મારે ઘણુંબધું જાહેર કરવાનું હતું, પણ તેમાં સત્તાવાળાઓને કંઈ રસ નહોતો અથવા તેમની મના કરેલી યાદીમાં તે આવતું નહોતું.

હું બહાર નીકળી ત્યારે માનવી ચહેરાઓનો મહેરામણ મને મળવા માટે ત્યાં હાજર હતો, પણ હું તો જે એક માત્ર ચહેરો ઓળખતી હતી તેને માટે આતુરતાથી આમતેમ નજર નાખતી હતી. પછી મેં મોટા અક્ષરે લખેલું મારા નામનું પાટિયું ટોળાનાં માથાંઓથી ઊંચે અદ્ધર કરેલું જોયું. અને ત્યાં તરત મેં એક ઊંચા પાતળા અંગ્રેજ ફાધર બર્નાર્ડને પોતાને જોયા.

તે મને મળવા માટે આગળ આવ્યા. "સિસ્ટર ગુલશન! આખરે તમે અહીં આવ્યાં ખરાં! તમને ફરીથી જોતાં મને કેટલો બધો આનંદ થાય છે, તે હું તમને કહી શકતો નથી."

"ફાધર બર્નાર્ડ," મેં કહ્યું, "આજનો દિવસ મારે માટે એક અદ્ભુત દિવસ છે. એ વાતનો મને મોટો આનંદ છે, કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તે મને અહીં આવવાની પરવાનગી આપી. તમે અને હું જાણીએ છીએ, કે આ બધું તેમની યોજનાનો એક ભાગ છે." "હા" તેમણે કહ્યું, "તમને હું મળ્યો ત્યારથી આ વાત હું જાણતો હતો."

તે ક્ષણ તો આ દિવસથી એક વર્ષ પહેલાંની હતી. ફાધર બર્નાર્ડ, વેસ્ટ યોર્કશાયરના મિર્ફિલ્ડમાં, કોમ્યુનિટી ઓફ ધ રેઝરેકશનના એંગ્લિકન ધર્મગુરુ હતા, અને પાકિસ્તાનની મુલાકાતે આવેલા. પાકિસ્તાનના સિંધ પ્રાંતના એક રોમન કેથોલિક મિશનરી જે તેમના મિત્ર હતા તેમને ત્યાં તે રહેતા હતા. જ્યારે તેમના મિત્ર માંદા પડયા ત્યારે તે તેમને ફૈઝલાબાદની સેન્ટ રફાએલ હોસ્પિટલમાં લઈ ગયા. ફાધર બર્નાર્ડે ઇંગ્લૅંડમાં ટેઈપ પરની મારી સાક્ષી સાંભળી હતી, પણ હું ક્યાં રહેતી હતી તે, તે જાણતા નહોતા. હોસ્પિટલમાં તેમણે ત્યાંનાં બેલ્જિયન ડૉ. ઇલિઝાબેથને પૂછયું, "એક સિસ્ટર ગુલશન કરીને બહેન છે, તેમને તમે ઓળખો છો?" અને ડૉ. ઇલિઝાબેથે ઊભરાતા આનંદથી જવાબ આપ્યો, "શું હું એમને ઓળખું છું? અરે, તે તો મારાં પરમ મિત્ર છે. આ હોસ્પિટલ તેમને માટે પોતાના ઘર કરતાં પણ વધારે છે. અહીં નજીકમાં જ તે રહે છે."

ફાધર બર્નાર્ડ તેમનો ઉશ્કેરાટ સમાવી ન શક્યા. "મહેરબાની કરીને, હું તેમને જેમ બની શકે તેટલો જલદી મળી શકું એવી વ્યવસ્થા ના કરો?" "જરૂર. હું હમણાં જ તે વ્યવસ્થા કરું છું." મારી દત્તક લીધેલી દીકરી ઝેનિથ, આજ હોસ્પિટલમાં નર્સ હતી. ડૉ. ઈલિઝાબેથે તેને બોલાવી. "મારી મોટર લે, અને ડ્રાઈવરને કહે કે તે તને તારે ઘેર લઈ જાય, અને તારાં મમ્મીને અહીં લઈને આવ," તેમણે ઝેનિથને કહ્યું. મેં ઝેનિથને

બારણામાંથી આવતી જોઈને ભારે વિમાસણ અનુભવી. "તું પાછી કેમ આવી?" મેં ખૂબ ઉતાવળથી પૂછ્યું. મને એમ થયું કે જરૂર કંઈક એવું બન્યું હશે. "તને સારું નથી કે શું? પણ હમણાં થોડી મિનિટો પર તો તું કામ પર ગઈ છું."

ઝેનિથે ઝટપટ લાંબો ખુલાસો આપ્યો, "ડૉ. ઇલિઝાબેથે મને મોકલી છે. તે તમને સીધાં હોસ્પિટલે બોલાવે છે. એમ લાગે છે, કે કોઈ ફાધર બર્નાર્ડ આવ્યા છે, અને તે તમને મળવા માટે બહુ ઉતાવળા થઈ ગયા છે." ભારે જિજ્ઞાસામાં હું તેની પાછળ ગઈ અને મોટરમાં અમે જવા નીકળ્યાં. તે વખતે મને જરા જેટલો પણ ખ્યાલ નહોતો આવ્યો કે મારી આ મુલાકાત મારા જીવનનો રસ્તો ધરમૂળથી બદલી નાખશે.

જ્યારે અમે હોસ્પિટલે આવી પહોંચ્યાં ત્યારે ચાનો સમય થયો હતો. તેથી ડૉ. ઈલિઝાબેથે અમારા અંગ્રેજ મહેમાનના યોગ્ય સ્વાગત માટે સેંડવિચ અને કેક સાથે ચાનું ટેબલ તૈયાર કર્યું હતું. તે ઊંચા પાતળા સજ્જન મારી તરફ આનંદથી ખુશખુશાલ આવવા લાગ્યા. "ઈશ્વરનો આભાર માનું છું, કે તમે આવ્યાં છો. મને ખાતરીપૂર્વક એમ લાગે છે, કે અહીં આવવા માટે ઈશ્વરે મને દોરવણી આપી છે," મને આશ્ચર્ય થયું, કે એ શા વિષે વાત કરી રહ્યા હતા? અહીં આવીને મને મળવાની દોરવણી એમને શા માટે મળી હશે? આ બધા પ્રશ્નોનો જવાબ મેળવવાનો મારે માટે આ સમય ન હતો. પણ તેમના ધ્યાન ઉપર એક બહુ તાકીદની જરૂરિયાત હતી. ફાધર બર્નાર્ડે મને કહ્યું, "આ મારા મિત્ર માટે તમે પ્રાર્થના કરશો? તેમને પેટમાં બહુ સખત દુઃખે છે, અને કશાથી તેમાં રાહત મળતી નથી."

"જરૂર, હું તમારા મિત્ર માટે પ્રાર્થના કરીશ," મેં કહ્યું. મેં તેમના મિત્રના માથા પર મારા હાથ મૂક્યા અને પ્રાર્થના

કરી, કે ઈસુની સાજા કરવાની અજાયબ શક્તિ તેમના શરીરમાં ઊંડી ઊતરે અને તેમને સાજા કરે. પાછળથી જ્યારે ડૉ. ઇલિઝાબેથે તેમને તપાસ્યા ત્યારે તેમને કશું ખરાબ દેખાયું નહિ "તમને કંઈ દુ:ખે છે?" તેમણે તેમને પૂછયું. "ના" તેમણે જવાબ આપ્યો. "સિસ્ટર ગુલશને મારા માથા પર હાથ મૂક્યા ત્યારથી મારું દુ:ખ મટી ગયું છે. એ અજાયબ જેવું નથી શું? હું માનું છું કે ઈશ્વરે મને સાજો કર્યો છે!"

આ નાની આકસ્મિક ઘટનાએ ફાધર બર્નાર્ડને નિ:શંકપણે એ બતાવ્યું કે તેમણે હવે શું કરવાનું છે. અમે બીજે દિવસે સવારે મળવાનું ઠરાવ્યું. હું ૧૦ વાગે તેમને હોસ્પિટલે મળી. મને જોતાંની સાથે તે બોલી ઊઠયા, "તમારી ઉપર ઈસુનો હાથ છે તે હું જોઈ શકું છું. મેં ઇંગ્લૅંડમાં તમારી ધ્યાન ખેંચે એવી સાક્ષી સાંભળી. પણ હવે મેં મારી સગી આંખે જોયું છે કે ઈશ્વર તમારી મારફતે શું કરી રહ્યો છે. મહેરબાની કરીને તમારે ઇંગ્લૅંડ આવવું જોઈએ અને અમને તમારા સંદેશાનાં ભાગીદાર બનાવવા જોઈએ."

ઇંગ્લૅંડમાં? હું જે સાંભળી રહી હતી, તે મારા માન્યામાં આવતું નહોતું. તે આજ સ્થળ હતું કે જેની મુલાકાત લેવાનું મારા કુટુંબે ના કહ્યું હતું. શું આજ ખરેખર મારે માટે ઈશ્વરની ઇચ્છા હતી?

મારાથી આવો જવાબ અપાઈ ગયો, "ફાધર બર્નાર્ડ, હું તમારો આભાર માનું છું. તમારા ભાવભર્યા આમંત્રણ માટે હું તમારો પુષ્કળ આભાર માનું છું. પણ પ્રથમ મારે ઈસુને પ્રાર્થના કરવી પડે. જો તે મને રજા આપે તો હું ઇંગ્લૅંડ આવીશ. તેને કેટલો સમય લાગશે તે હું કહી શકું નહિ. પણ હું ઈસુની પરવાનગી વિના કશું જ કરતી નથી. જ્યારે મને તે પરવાનગી

મળશે ત્યારે હું તમને લખી જણાવીશ, તો મહેરબાની કરીને મને તમારું સરનામું આપો."

તેમણે મારા ખચકાટનો અનાદર ન કર્યો તેથી મને આશ્ચર્ય થયું. "હડર્સ ફિલ્ડમાંના મારા મિત્રો પર તમે લખશો? તેઓએ તાકીદથી મને કહ્યું હતું કે હું તમારો સંપર્ક સાધું." હું એ આમંત્રણનો અસ્વીકાર કરી શકી નહિ. ખ્રિસ્તમાંનાં મારાં તે ભાઈબહેનોને મેં લખી જણાવ્યું કે પ્રભુ જ્યારે મને સ્પષ્ટ દોરવણી આપશે ત્યારે હું તેમની મુલાકાતે આવીશ. ઈસુ ખ્રિસ્તની સાક્ષી આપવાનું તેઓ ચાલુ રાખે એવું ઉત્તેજન મેં તેમને આપ્યું. અંકલ હસનની સાથે ચાલેલા મારા એક વર્ષના લાંબાં પત્રવ્યવહારની શરૂઆત આ સંદેશાથી થઈ.

પાકિસ્તાનમાં જે રીતે મારું કામ વિસ્તરી રહ્યું હતું તેનો મને તે તબક્કા સુધી આનંદ હતો. પરિષદોમાં હું ઈસુની સાક્ષી આપતી હતી, સુવાર્તિક સભાઓમાં સંદેશા આપતી હતી અને મંડળીઓમાં શાસ્ત્રાભ્યાસ ચલાવતી હતી. હું જે કંઈ કરતી હતી, તેમાં મારી એકમાત્ર તમન્ના ઈસુ ખ્રિસ્તની આધીનતામાં જીવવાની હતી.

ભરોસો અને આધીનતા,
તે વિના ન કોઈ રાસ્તા,
ઈસુ ખ્રિસ્તમાં સુખે જીવવા,
બસ, ભરોસો અને આધીનતા.

મારા ખ્રિસ્તી જીવનની શરૂઆતમાં હું આ ભજન શીખી હતી. ઈસુ ખ્રિસ્તની ઇચ્છા વિના પાકિસ્તાન છોડવું એ મારે માટે વિચારી ન શકાય એવી બાબત હતી. આ બાબત વિષે મેં બહુ આતુરતાથી ઈસુને પ્રાર્થના કરી અને મેં તે બાબત સંપૂર્ણપણે તેમના પર છોડી દીધી. તેનો જે કંઈ જવાબ હોય તે સ્વીકારી લેવા હું તૈયાર હતી.

કેટલાક મહિના વીતી ગયા અને છતાં મને તે વિષે કંઈ પ્રકાશ ન મળ્યો. કેટલીક વખત મને એમ લાગતું હતું, કે હસનચાચાની તાકીદની વિનવણી છતાં ઈશ્વરની ઇચ્છા પાકિસ્તાન ન છોડવાની હોય. પણ ઈશ્વર રહસ્યમય રીતે તેના સમયપત્રક પ્રમાણે કામ કરે છે, અને નહિ કે આપણા સમયપત્રક પ્રમાણે.

એક વરસ પછી એક દિવસ હું મારા નિત્યક્રમ પ્રમાણે સવારના ત્રણ વાગે પ્રાર્થના કરતી હતી, ત્યારે મેં એક અવાજ એમ કહેતો સાંભળ્યો કે, "તું ઇંગ્લૅંડ જા, હું તારી સાથે હોઈશ." મારામાં રહીસહી જે શંકા હતી તે દૂર થઈ ગઈ. બીજે દિવસે મેં હસનચાચાને લખ્યું, અને જે ઉત્તરની રાહ તે અને બીજા ખ્રિસ્તીઓ જોતા હતા, તે જવાબ મેં આપ્યો અને હળવાશ અનુભવી. "મારા માલિકે મને ઇંગ્લૅંડ આવવાની રજા આપી છે, તો તમે મારે માટે જામીનપત્ર અને જવા આવવાની વિમાનની ટિકિટ મોકલો."

લીલી બત્તી થઈ હતી. હવે એક કામ જે બાકી હતું તે વિઝા મેળવવાનું હતું. તેથી હું ઇસ્લામાબાદના બ્રિટિશ કોન્સલની ઓફિસે ગઈ. મને જે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો હતો તે જોતાં હવે જે બન્યું તે માની ન શકાય એવું હતું. "તમારે શા માટે ઇંગ્લૅંડ જવું છે?" કોન્સલે મને સારી રીતે પૂછ્યું નહિ. "ઉપદેશ કરવા" મેં શાંતિથી જવાબ આપ્યો. તે ભારે અચંબામાં પડી ગયા. આ પ્રકારના ઉત્તરની અપેક્ષા તો તેમણે રાખી જ નહોતી. જો મેં એમ કહ્યું હોત કે "ભણવા" અથવા "કુટુંબ ભેગા થવા" ઉત્તર આપ્યો હોત તો તેમણે વધારે સમજુક બનીને કંઈક જુદું જ વલણ અખત્યાર કર્યું હોત. તેને બદલે તેમણે જરા મશ્કરીરૂપ જવાબ આપ્યો, "ઇંગ્લૅંડથી મિશનરીઓ પાકિસ્તાન આવે છે, અને નહિ કે તેથી વિરુદ્ધ રીતે. ઇંગ્લૅંડમાં ઘણા ઉપદેશકો છે, ત્યાં તમારી જરૂર નથી.

ગમે તેમ હોય, પણ ત્યાં તમે શી રીતે ઉપદેશ કરવાનાં હતાં? તમે અંગ્રેજી તો બોલતાં નથી."

તેમણે મને વિઝા આપવાની ના પાડી દીધી. મેં આ વાત ઈસુને સોંપી દીધી. આખરે મને ત્યાં જવાનું કહેનાર તો તેજ હતા. તે તેમનો રસ્તો કાઢશે. જરાયે ઉચાટ વિના મેં તેમની ઓફિસ છોડયાનું મને યાદ છે. બ્રિટિશ કોન્સલની સત્તા કરતાં વધારે મોટી સત્તાના નિયંત્રણમાં મારું જીવન હતું. ફેબ્રુઆરી ૧૯૮૨માં આ બન્યું.

ત્યારપછીના ત્રણ મહિના, મેં મારું ઉપદેશ કરવાનું અને શિક્ષણ આપવાનું કાર્ય, પાકિસ્તાનમાં ચાલુ રાખ્યું. ઇંગ્લૅંડ જવા વિષે ઈસુ મૌન હતા. ઉનાળામાં હું કરાંચીમાં ઉપદેશ કરતી હતી. હડર્સફિલ્ડથી બીજો પત્ર આવ્યો કે તમારી સીટ નક્કી કરી લો. મેં તે પ્રમાણે કર્યું! વિઝા હોય તો ભલે અને ના હોય તોય ભલે, પણ હું પાકિસ્તાન ઇંટરનેશનલ એરલાઈન્સની ઓફિસે ગઈ અને મારી બેઠકની વ્યવસ્થા કરી નાખી. પછી મેં હસનચાચાને કાગળ લખ્યો અને જણાવ્યું કે કઈ તારીખે અને કેટલા વાગે હું લંડન આવવાની હતી.

જોકે હું કાયદાની અવગણના કરનાર અને સામાન્ય વિધિની વિરુદ્ધ જનાર તો હતી જ નહિ, એટલે વિઝા મેળવવા માટે મેં બીજો એક પ્રયત્ન કર્યો. હું કરાંચીના એલચીખાતામાં ગઈ. ૧૯૮૧માં હું એક ખ્રિસ્તી કુટુંબ સાથે રહી હતી, તેનો એક દીકરો ત્યાં કામ કરતો હતો. તેને જોઈને મને સાનંદાશ્ચર્ય થયું. "તમે અહીં શું કરો છો?" તેણે મોટું, પહોળું હાસ્ય કરતાં મને પૂછયું. મેં તેને મારી મુશ્કેલી જણાવી. "એ બધું મારી પર છોડો," તેણે ખાતરી આપતાં મને કહ્યું. તેણે મારા બધા કાગળ લીધા, અને જે જામીનપત્ર હતો તેનું, એલચી માટે ભાષાંતર કર્યું. તે એક ભલા ખ્રિસ્તી માણસ હતા, અને તે મારી

સાક્ષીથી ખૂબ પ્રભાવિત થયા, અને કશા હીચકિચાટ વિના તેમણે મને છ મહિનાનો વિઝા કાઢી આપ્યો. મારે જે જરૂરનું હતું તે બધું મને એક અઠવાડિયામાં મળી ગયું. ત્યારે મને જરા જેટલી પણ શંકા ન રહી કે મારે માટે દૈવી કૃપા રસ્તો તૈયાર કરી રહી હતી.

એટલે સપ્ટેમ્બર ૧૯૮૨ના તે દિવસે, જ્યારે હું અને ફાધર બર્નાર્ડ મળ્યાં, ત્યારે એ વાતની મને ખાતરી હતી, કે અમારો આકાશમાંનો પિતા અમારામાં અને અમારી મારફતે કામ કરી રહ્યા હતા. આ ભલા અને ઉદાર દિલના ધર્મગુરુ સાથે હસનચાચાના ત્રણ દીકરા અનવરકુમાર, એરિક અને જેકબ પણ હતા. અને એકબીજાની સામે જોયા સિવાય અમારે બીજી કોઈ ઓળખાણની જરૂર ન હતી. અમારા પત્રોના લખનાર કોણ હતા તેની ખબર અમને તરત પડી ગઈ. વિઝા મેળવવા માટે જરૂરી જામીનપત્ર લખનાર દિલિપકુમાર હતા. તેથી મેં તેમનો ઉમળકાભેર આભાર માન્યો.

ફાધર બર્નાર્ડે પછી મને કહ્યું, "મને માફ કરજો, કારણ કે આજ સાંજે તમે ઉત્તર તરફ મુસાફરી કરી રહ્યાં હશો, ત્યારે હું તમારી સાથે નહિ હોઉં. મારે અહીં લંડનમાં એક અગત્યની મુલાકાત ગોઠવેલી છે, પણ જ્યારે હું પાછો હડર્સફિલ્ડ આવીશ ત્યારે તમને મળીશ."

ભાઈઓ અને તેમના પિતા મને ત્યાં ઊભી રાખેલી ગાડી તરફ દોરી ગયા. અહીંનું જીવન શરૂ કરવાની આ કેવી ગજબની રીત હતી! હું એક મુસ્લિમ સ્ત્રી, એકલી, ચાર પુરુષો સાથે મોટરમાં મુસાફરી કરી રહી હતી. સ્પષ્ટપણે અહીં બુરખો હતો જ નહિ! છતાં થોડા જ સમયમાં મેં તેમની સાથે હળી જવાની શરૂઆત કરી દીધી હતી. અને એક જ ભાષા બોલતાં હતાં અને મુક્તપણે તથા સહેલાઈથી વાત કરી શકતાં હતાં.

ઇંગ્લૅંડમાંના મારા કાર્યમાં જે સૌથી મોટું વિઘ્ન શરૂઆતમાં દેખાતું હતું, તે આ સમયે બિલકુલ અપ્રસ્તુત બની ગયું હતું. થોડા જ સમય પહેલાં અમે તદ્દન અજાણ્યાં હતાં પણ અત્યારે અમે ભાઈબહેન બની ગયાં હતાં. હડર્સફિલ્ડ આવે ત્યાં સુધીના અઢીથી ત્રણ કલાકના રસ્તામાં, અમે ખુશીમઝાની જીવંત વાતચીતમાં પરોવાઈ ગયાં. આ બધામાં મેં ઈસુનો હાથ જોયો. તે અમારાં હ્રદયોમાં કામ કરી રહ્યા હતા અને અમારી વચ્ચે ઉષ્માભરી મૈત્રી સ્થાપી રહ્યા હતા.

થોડી જ વારમાં જે એક ઊકળતો પ્રશ્ન તેમના મનમાં હતો તે આપમેળે જ બહાર નીકળી આવ્યો. "સિસ્ટર ગુલશન, તમે ટેઈપ ઉપર જે સાક્ષી આપી છે એજ પ્રમાણે ખરેખર બનેલું? શું ઈસુ ખરેખર તમારા કમરામાં દેખાયા અને તમને સાજાં કર્યાં?"

મેં હળવું સ્મિત કર્યું. ખ્રિસ્તમાં આ વહાલા ભાઈઓ મારી સાક્ષીની સત્યતા વિષે શંકા ધરાવતા ન હતા. પણ તેઓ એ જ વાત મારા મુખે સાંભળવા ઇચ્છતા હતા. આ તક માટે તેઓ લાંબા સમયથી રાહ જોતા હતા. "હા," મેં ધીમે રહીને કહ્યું. "ઈસુ ખરેખર મારા કમરામાં દેખાયા, અને તેમના અજાયબ સાજા કરવાના પરાક્રમથી મને સ્પર્શ કર્યો. તેમણે મને સાજી કરી. તેમના નામની સ્તુતિ થાઓ." "હા, તેમના નામની સ્તુતિ થાઓ." અને તેઓ બધા એકી સાથે તે પ્રમાણે બોલી ઊઠયા, તેઓ તેટલાથી તે ક્ષણ પૂરતા સંતોષ પામ્યા અને આગળ રસ્તો કાપતાં હળવાશ અનુભવવા લાગ્યા.

રસ્તા પર આવેલા એક કાફેમાં અમે ચા પીવા રોકાયાં. મને લાગ્યું કે હું ખાસ ધ્યાન ખેંચતી હતી, કેમ કે અમે એકલાં જ એશિયન હતાં, અને બીજાં બધાં અંગ્રેજ હતાં. સ્ત્રીઓ અને પુરુષોને સાથે બેસીને મુક્ત રીતે વાતો કરતાં જોવાં એ મારે

માટે નવું હતું. પાકિસ્તાનમાં સામાન્ય રીતે કુટુંબો નાના નાના કમરામાં અલગ અલગ બેસે છે. જ્યારે અનવરે મને ચા આપી, ત્યારે હું શરમાવા તથા મૂંઝવણ અનુભવવા લાગી, કારણ કે પુરુષો સાથે હું સરળ રીતે હળીમળી શકતી ન હતી. લાગણીશીલ એરિકના ધ્યાન પર મારી મૂંઝવણ આવી અને તેણે પોતાનો હાથ મારા હાથ પર મૂકતાં કહ્યું, "સિસ્ટર, અમે તમારા ભાઈઓ છીએ; અને આ ઇંગ્લૅંડ છે." હા, મને થયું કે આ ખરેખર ઇંગ્લૅંડ છે! આ ઇંગ્લૅંડ છે! એમાં કંઈ નવાઈ નથી, કે મારું કુટુંબ મને કદી અહીં આવવા દેવા ઇચ્છતું નહોતું. જોકે બુરખા કે પડદા વિનાના જીવનનો મારો પ્રતિભાવ થોડી જ વારમાં ભૂંસાઈ ગયો. ઈસુએ જે છૂટકારો મને આપ્યો હતો તેનો આનંદ માણતાં હું શીખી. સાચા અર્થમાં તેણે મારો પડદો ચીરી નાખ્યો હતો. તેમાં મારી જાતને ફરીથી ઢાંકવાની શી જરૂર હતી?

જ્યારે અમે ફરી મુસાફરી શરૂ કરી ત્યારે અંધારું થઈ ગયું હતું. અને દેશના ક્યા ભાગમાં અમે જઈ રહ્યાં હતાં તેની મને કશી ખબર પડતી ન હતી. ત્યારપછીનો અમારા વાર્તાલાપનો મોટો ભાગ મારા સાથીઓનાં કુટુંબો, તેમની પત્નીઓ અને બાળકો વિષે હતો. અમારી મુસાફરી પૂરી થઈ ત્યારે મને એમ લાગ્યું કે તે બધાંને હું બહુ નજીકથી ઓળખતી હોઉં.

❖ ❖ ❖

પ્રકરણ ૩

## હડર્સફિલ્ડમાં

રાત્રે સાડા દસ વાગે અમે હડર્સફિલ્ડ આવી પહોંચ્યાં. એરિકે તેમની વાન, એક જ બાજુથી ખુલ્લી એવી શેરીમાં આવેલા, અર્ધા જોડાયેલા, ત્રણ બેડરૂમવાળા ઘર આગળ મૂકી. તેમનાં પત્ની ઇલિઝાબેથે, એક સરસ ભારતીય રિવાજ મુજબ બારણામાં જ અમારું અભિવાદન કર્યું. કારણ કે ગમે તે સમય હોય, પણ મહેમાનનો સત્કાર બારણામાં જ થવો જોઈએ. એરિકનાં બે બાળકો, ચાર વરસનો દીકરો અને પાંચ વરસની દીકરી સૂઈ ગયાં હતાં. પણ અનવરકુમારનાં પત્ની, તેમની દીકરી અને ત્રણ દીકરા મારું સ્વાગત કરવા ઊભાં હતાં. જેકબનાં પત્ની અને હસનચાચાનાં શ્રીમતી મુલાકાત માટે પાકિસ્તાન ગયાં હતાં.

ઇલિઝાબેથે અમારે માટે ગળ્યો ભાત અને ચિકન પુલાવ બનાવ્યાં હતાં. અમે તરત જમવા બેઠાં જે ઇંગ્લૅંડમાંનું મારું પ્રથમ ભોજન હતું. સાડાબાર વાગ્યા સુધી અમે વાતો કરતાં બેઠાં. અનિવાર્ય રીતે, તેઓના મનમાં જે વાત સૌથી ઉપર હતી તે તરફ અમારી વાતચીત વળી - ઈસુ ખ્રિસ્ત સાથેના મારા સંઘર્ષ તેમને મન હું, નવા કરારનાં પાનામાંથી નીકળી આવતી, પ્રથમ સદીની એક વ્યક્તિ હતી, એવું તેમને લાગતું હતું. હું ઈસુને મળી હતી અને તેમની સાથે વાત કરી હતી. ઈસુના પરાક્રમથી માંદાં માણસોને સાજાં કરવાનું ખાસ દાન ધરાવતા માણસોને હાથે, સભાઓમાં સાજા થતા લોકોને તેઓએ પોતે જોયા હતા. પણ મારી બાબતમાં વચ્ચે કોઈ નહોતું. ઈસુ પોતે મને અડક્યા હતા. અને તે પણ, હું ખ્રિસ્તી થઈ તે પહેલાં!

આ તો એક અસામાન્ય બાબત હતી. ખરેખર તે એક ચમત્કાર હતો. જ્યારે તેઓએ મને આ કહ્યું ત્યારે મને કંઈ નવાઈ લાગી ન હતી કે, "સિસ્ટર ગુલશન, મહેરબાની કરીને આ પૂછવા માટે અમને માફ કરશો, પણ તમે પ્રથમ ઈસુને કેવી રીતે મળ્યાં તે વાત ફરીથી અમને કહો. શરૂઆતથી જ કહો."

તેથી મારા પિતાશ્રીના દફનક્રિયા પછીની રાતથી મેં વાત શરૂ કરી. "મને સમજણ આવી ત્યારથી મેં વહેલી સવારના ત્રણ વાગે પ્રાર્થના કરવાની રસમ રાખી છે. તે ખાસ સવારે મારી પ્રાર્થના કરવાને બદલે હું પથારીમાં થોડો વખત શાંત પડી રહી, અને દિવસની તૈયારીરૂપે નોકરચાકરો જે અવાજ કરતા હતા તે સાંભળવા લાગી. મને લાગ્યું કે હું હતાશાથી ઊભરાઈ રહી હતી. મારા ચાલુ જીવનના નિરર્થકપણાનો વિચાર મારા મનમાં જોશભેર ઉપસી આવ્યો. મારા જેવી અપંગ જીવતી રહે, અને મારા પિતા જેવા સારા, ભલા માણસ મૃત્યુ પામે એ વાત મને ખોટી લાગી. એમને બદલે હું કેમ ના મરી ગઈ? દુનિયાને મારી કંઈ ખોટ ના પડત. મારા જીવનથી શો હેતુ સરતો હતો?

"અલ્લાહ" હું મોટેથી બોલી હતી, "આવતાં ત્રીસ વરસ સુધી હું આ પ્રમાણે જીવવા માગતી નથી. કૃપા કરીને મને મારા પિતા પાસે લઈ જાઓ. કંઈ નહિ તો હું તેમની સાથે ખુશીમાં તો રહીશ ને?"

"દુ:ખથી મરણિયા થઈને તમે એ પ્રમાણે પ્રાર્થના કરી હશે." કોઈક બોલ્યું.

"હા, એમ જ હતું. અને મને આત્માહત્યાના વિચાર પણ આવવા લાગ્યા. ઈશ્વર મૌન હતા અને દૂર દૂર લાગતા હતા. તે મને કંઈ મદદ કરવા ઇચ્છતા હોય એમ લાગતું નહોતું, અને તેથી કોઈ બીજી રીતે મારે મારા દુ:ખનો અંત લાવવો જોઈએ

એમ મને લાગતું હતું. ગળે ફાંસો ખાવાનો મને વિચાર આવ્યો પણ એ તો બને જ શી રીતે? કેમ કે મારો એક જ હાથ કામ કરતો હતો, અને મને ઝેર કે છરી મળે એમ તો હતું જ નહિ."

"કેવો ભયંકર વિચાર! જો તમે પોતે તમારા જીવનનો અંત આણ્યો હોત તો તમારા પિતા કે માતાની સાથે તમને સ્વર્ગમાં જવાનું મળત નહિ."

"સાચી વાત. ભલે હું ઇસ્લામના બધા જ આદેશ પાડવામાં નિષ્ફળ જઉં, તોપણ હું જાણતી હતી કે સૈયદ કુટુંબના સભ્ય તરીકે મને આપોઆપ સ્વર્ગમાં પ્રવેશનો હક મળી જતો હતો. આત્મહત્યાથી હું તે હક ગુમાવી બેઠી હોત." મારા પિતાજીની મૃત્યુશૈય્યા પાસેનું દૃશ્ય મારા મનમાં તાજું થયું. રડતાં રડતાં મેં મારા પિતાજીને કહ્યું હતું, "પિતાજી, જો તમે જતા રહેશો તો હું તમારી પાછળ જ આવીશ." નબળા પડી ગયેલા મારા પિતાજીએ કહ્યું, "તારે આત્મહત્યા કરવી જોઈએ નહિ. એ પાપ છે. જો તું આત્મહત્યા કરીશ તો તું નર્કમાં જઈશ. ન્યાયીપણાનું જીવન જીવ, અને આપણે બધાં તારી માની સાથે હોઈશું." પણ મારી હતાશાનો કંઈ પાર નહોતો. હું ઊંડામાં ઊંડા અંધકારમાં ગરક થઈ ગઈ હતી, અને મારી આંખોમાંથી અસ્ખલિત આંસુ વહેતાં હતાં. મૃત્યુ એક જ છૂટકારાનો માર્ગ મને દેખાતો હતો. હું પોકારી ઊઠી, "મારે મરી જવું છે, મારે હવે જરાય જીવવું નથી."

મેં આ પહેલાં કદી ન અનુભવી હોય એવી સભાનતા આ તબક્કે મારામાં આવી ગઈ હતી. મને એ ન પૂછશો કે તમે શી રીતે જાણ્યું, પણ મને ઊંડે ઊંડે ભીતરમાં એવી નિશ્ચલ ખાતરી હતી કે મને કોઈક સાંભળી રહ્યું હતું. એણે મને સ્વપ્નમાં પણ કદી કલ્પી ન હોય એવી હિંમત આપી. જે કોઈ મને સાંભળતું હતું. તેની સાથે વાત કરવાનું મેં ચાલુ રાખ્યું.

"તમે શું ધારતાં હતાં તે અલ્લાહ હતા કે ઈસુ?" એરિકે પૂછયું.

"મને ખબર નથી કે હું શું ધારતી હતી. પણ જે હસ્તી મને સાંભળી રહી હતી તે ઈશ્વર હતા, કેમ કે હું તેમની સાથે એવી રીતે વાત કરતી હતી કે મારા જીવનના પ્રસંગો તેમના હાથમાં હતા. પછી મેં તેમને પૂછયું, "મેં એવું તે ક્યું ભયંકર પાપ કર્યું છે કે તમે મને આટલું બધું દુઃખ દો છો? મારા જન્મ પછી તરત મારી માને લઈ લીધી. પછી હું અપંગ બની ગઈ, હવે તમે મારા પિતાને લઈ લીધા છે. મને કહો, કે તમે શા માટે મને આવી શિક્ષા કરી રહ્યા છો?"

આ તબક્કે કોઈકે મને કહ્યું, "ઈશ્વર સાથે વાત કરવાની એ વિચિત્ર રીત કહેવાય. બાળપણથી તમને શીખવેલી બધી મુસ્લિમ પ્રાર્થનામાં આવું કંઈ નહોતું. તો એમ કરવાનું કારણ શું?"

"તેનો ખુલાસો હું આપી શકતી નથી." આ મારા ઊભરા પછી ત્યાં ઊંડું મૌન પ્રસરી રહ્યું. જાણે કે આખું વિશ્વ થોડીવારને માટે થંભી ગયું હોય. આ નીરવતામાંથી એક ધીરો મૃદુ અવાજ આવતો મને સંભળાયો, "હું તને નહિ મરવા દઉં, હું તને જીવતી રાખીશ."

અહીં તેમની જિજ્ઞાસા ઝાલી ન રહી. "આ અવાજ તમારા કાને સાંભળ્યો કે પછી મનમાં હતો? એ અવાજ કઈ ભાષામાં હતો?"

"મેં તે સાંભળ્યો. તે સમજાવવું મુશ્કેલ છે. તે હવાના એક શ્વાસ જેવો મારી ઉપરથી પસાર થયો, અને તે મારી પોતાની ભાષામાં હતો."

"તેથી તમને કેવું લાગ્યું? તેથી તમે ખુશી થયાં?"

"તે વખતે મારી લાગણીઓ વિષે વિચારવાનો મારી પાસે સમય નહોતો. વળી મને જીવતી રાખવાની છે તે સાંભળીને

મને ખુશી થઈ નહોતી. મારી એ સ્થિતિમાં હું મરીને સ્વર્ગમાં જવા સિવાય બીજું કંઈ માગતી ન હતી. તેથી મેં કહ્યું, "મને જીવતી રાખવાનો શો અર્થ છે? હું અપંગ છું. જ્યારે મારા પિતા જીવતા હતા, ત્યારે હું, કંઈ નહિ તોય, તેમની સાથે બધી વાત કરી શકતી હતી. હવે એ ગયા છે એટલે મારે કોઈ આશા નથી અને હવે મારે શાને માટે જીવવાનું?" પછી મેં તે અવાજ ફરી સાંભળ્યો, "આંધળાને કોણે દૃષ્ટિ આપી? માંદાને કોણે સાજાં કર્યાં? રક્તપીત્તિયાંને કોણે સાજાં કર્યાં અને કોણે મરેલાંને ઉઠાડયાં? હું ઈસુ છું, મરિયમનો દીકરો. કુરાનમાં, સુરા મરિયમમાં, મારા વિષે વાંચ."

જ્યારે મેં આ કહ્યું ત્યારે તેઓ તેમનો ઉશ્કેરાટ સમાવી શક્યા નહિ. "ઓહ, સિસ્ટર ગુલશન! એ કેવો ગજબનો અનુભવ કહેવાય! અમને એમ થાય છે, કે ઈસુ આવે અને અમારી સાથે એ પ્રમાણે બોલે તો કેવું સારું! પણ તમને કદી એ વિચાર આવ્યો, કે તે સ્વપ્ન હતું અને સાચેસાચું એવું કંઈ બન્યું નહોતું?"

"હા, થોડીક ક્ષણો માટે જ. બીજે દિવસે જ્યારે અમે મારા પિતાના શોકના ૪૦ દિવસની શરૂઆત કરી અને મારા પિતાની સ્મૃતિને આદર આપવા આવનાર સગાંવહાલાં અને મિત્રોની વણઝારમાં હું ફસાઈ ગઈ, ત્યારે થોડી ક્ષણો માટે, મને થયેલો આગલી રાતનો અનુભવ સ્વપ્ન જેવો લાગ્યો, પણ મને ખાતરી થઈ કે તે સ્વપ્ન નહોતું.

"સાંજે જ્યારે બધું શાંત હતું, ત્યારે મેં મારી નોકરાણી સલિમાને મારું કુરાન લાવવા કહ્યું, અને મેં સુરા મરિયમ વાંચવાનો પ્રયત્ન કર્યો. જોકે તે સુંદર અરબી ભાષામાં લખાયેલું છે, તોપણ તે મારે માટે સમજવું અઘરું થઈ પડયું. પછી એકાએક એ વિચાર મારા મનમાં આવ્યો. શા માટે તે મારે

મારી પોતાની ભાષામાં ન વાંચવું જોઈએ? આ બધું કહ્યા પછી હું કહું કે ઈસુએ મને મારી પોતાની ભાષામાં બધું કહ્યું હતું. મેં પણ એમ જ કરવાનું નક્કી કર્યું. સવારે મેં મારી નોકરાણીને બોલાવી અને તેને કહ્યું, "સલિમા, પુસ્તકની દુકાને જા અને મારે માટે સારામાં સારું ઉર્દૂ કુરાન લઈ આવ." તેને મૂંઝવણ થઈ હોય એમ લાગ્યું, પણ કશું કહ્યું નહિ, કારણ કે મારી નોકરાણીઓ મારાં કામ અંગે કદી પ્રશ્ન પૂછતી નહિ."

"એ જબરી હિંમત કહેવાય," બીજાઓમાંથી કોઈએક બોલ્યું. "તમે જાણો છો તે પ્રમાણે, મુસ્લિમો માને છે, કે પવિત્ર કુરાન કેવળ અરબી ભાષામાં જ સમજાય. તેઓ એવું વિચારતા નથી, કે બીજાં પુસ્તકોની માફક તેનો તરજુમો પણ, તેનો થોડો પણ અર્થ ગુમાવ્યા વિના બીજી ભાષામાં કરી શકાય."

"હા, હું તે જાણતી હતી, પણ જે ઈસુએ મારી સાથે વાત કરી હતી, તેમને પૂરી રીતે સમજવાને માટે મેં નિશ્ચય કર્યો હતો.

એટલે હસનચાચાએ પૂછયું, "એ પહેલાં તમે ઈસુ વિષે કશું સાંભળ્યું જ નહોતું?"

"ના." હું તે કેવી રીતે કરી શકી હોત? હું મારી પથારીમાં અને વ્હીલચેરમાં ગોંધાઈ રહેલી હતી, અને કેવળ મુસ્લિમોને જ મળતી હતી, તેથી મેં કદી ઈસુ વિષે સાંભળ્યું નહોતું. સાત વરસની ઉંમરથી હું કુરાન વાંચતી આવી છું, તેથી જરૂર ઈસુનું નામ મારા વાંચવામાં આવ્યું હશે પણ મારે મન તેનો કશો અર્થ ન હતો. પ્રથમ તક મળતાં જ મેં મારું ઉર્દૂ કુરાન લીધું, અને બિસ્મિલ્લાહ ("કરુણામય અને દયાળુ ઈશ્વરના નામમાં હું આ શરૂ કરું છું.") બોલીને સુરા મરિયમ શોધી કાઢ્યું.

એક જણે કહ્યું, "ચાલો આપણું કુરાન લાવીએ અને જોઈએ કે તે શું કહે છે." એરિક તેનું કુરાન લાવ્યો.

- દૂતોએ મરિયમને કહ્યું :

અલ્લાહ તરફથી તને જે વચન ફરમાવવામાં આવે છે, તેમાં આનંદ કર.

તેનું નામ મસીહ, ઈસુ, મરિયમનો દીકરો છે.

તે આ અને આવતી દુનિયામાં ઉમદા થશે.

અલ્લાહ તેની પર મહેરબાની કરશે.

તે ઘોડિયાથી માંડીને જીવનના શ્રેષ્ઠ સમય સુધી લોકોને બોધ કરશે તે ન્યાયીપણાનું જીવન જીવશે.....

એ બધી અજાયબીથી અમારાં હૃદયો નવેસરથી ભરાઈ ગયાં. અહીં ઇસ્લામના પરમ પવિત્ર પુસ્તક કુરાનમાં આપણા ઈસુ તારનારની વાત આપવામાં આવેલી છે, અને તેના પર અલ્લાહની મહેરબાની છે!

આ મુદ્દા પર અમારા વાર્તાલાપનો અંત આવે તે સારું લાગ્યું, રાતના ૧૨-૩૦ થઈ ગયા હતા અને અમે બધાં થાકી ગયેલાં હતાં. અમારો દિવસ બહુ લાંબો ચાલ્યો હતો. તે રાત્રે હૃદયની શાંતિથી હું પથારીમાં પડી. હું પથારીમાં આરામ કરતી હતી ત્યારે ઈસુના આ શબ્દો બહુ સ્પષ્ટ રીતે મારા મનમાં આવ્યા, "મારા લોકો તે તારા લોકો છે."

બીજે દિવસે વહેલી સવારે દાદરા પર ઈલિઝાબેથનાં પગલાં મેં સાંભળ્યાં. તેમણે બારણા પર ટકોરા માર્યા ત્યારે તેમના હાથમાં ચાનો પ્યાલો હતો. "વારુ, સિસ્ટર, રાત તો સારી ગઈ ને?" તેમણે ઉમળકાથી પૂછ્યું, અને પથારી પાસેના ટેબલ પર ચાનો પ્યાલો મૂક્યો. "હા, આભાર." મેં કહ્યું, "રાતમાં બહુ મઝાની ઊંઘ આવી, મને શરીરમાં તાજગી લાગે છે, અહીં આવવાનો મને આનંદ છે." "સારી વાત, મને આનંદ થયો. હું તમને પછી મળીશ. હું જઉં અને મરિયમને શાળાએ મોકલવા તૈયાર કરું." એમ કહીને તે ગયાં. મેં ચાના

પ્યાલા તરફ જોયું. અહીં ઉપર મારે માટે ચા લઈને આવ્યાં એ કેટલી બધી ભલાઈ કહેવાય! પણ મારે એમને એ જાણવા દેવું નથી, કે સવારે મોં ધોઈને, તૈયાર થઈને, મારી સવારની પ્રાર્થના કર્યા વિના હું ચા પીતી નથી. મને એમ થયું કે, બાપ રે, ચાના એક પ્યાલા માટે આટલી બધી વ્યવસ્થા ગોઠવવી પડે! આથી મોટી બાબતો આવી પડશે ત્યારે હું શું કરીશ?

મરિયમ તેની શાળાના ગણવેશમાં તૈયાર થઈને નીકળતી હતી અને હું નીચે ગઈ. રૂઢિ મુજબનો પાકિસ્તાની પોશાક પહેરવાને બદલે, તેમનાં બાળકો શાળાનો ગણવેશ પહેરીને જાય તે પ્રશ્ન, ખ્રિસ્તી થયેલા પાકિસ્તાનીઓ માટે ઉપસ્થિત જ થતો નથી, કારણ કે તેમને માટે ગણવેશ, તે શિસ્ત, વડીલો માટે આદરમાન અને જીવનમાં વ્યવસ્થિતપણું એવા સારા ગુણોના પ્રતીક સમાન છે.

નાસ્તાના સમયે ઈલિઝાબેથે, ઇંગ્લૅંડમાં રહેવાના કેટલાક અનુભવોની આપલે મારી સાથે કરી. "જ્યારે હું પહેલવહેલી ઇંગ્લૅંડ આવી, ત્યારે હું અંગ્રેજી બોલી શકતી ન હતી, તેથી અહીં નર્સીંગની નોકરી કરવાનું હું વિચારી શકતી નહોતી. ગમે તેમ હોય, પણ એરિક એવું નહોતા ઇચ્છતા કે હું નોકરી કરવા બહાર જઉં. આપણા પુરુષોનું મન આ બાબતમાં કેવું હોય છે, તે તો તમે જાણો છો; તેમની પત્નીઓ ઘેર રહે અને ઘર તથા બાળકોની સંભાળ રાખે તે તેમને ગમે છે. મને એમાં કંઈ વાંધો નહોતો, કારણ કે ઘરે રહીને કેવળ કુટુંબનાં માણસોને જ મળવું મને ગમતું હતું. મને તેમાં સહીસલામતી લાગતી હતી."

"મરિયમ તેના ગણવેશમાં સરસ લાગતી હતી." મેં કહ્યું, અને સાથે મને એ વિચાર આવ્યો કે જો તે પાકિસ્તાનમાં હોત તો નિશાળે જવાનું ન મળત." "અરે હા, તેને તેની નિશાળ બહુ ગમે છે. અમે ઘણાં ભાગ્યશાળી છીએ. પણ મારે માટે

સૌથી અગત્યની બાબત એ છે, કે જ્યારે છોકરાં માંદાં પડે ત્યારે મારે કંઈ ચિંતા કરવાની નથી રહેતી કે ડૉક્ટરને ત્યાં જવા માટે હું પૈસા ક્યાંથી લાવીશ. એરિક, રાષ્ટ્રીય વિમાયોજનામાં તેમનો ફાળો આપે છે, તેમાં ડૉક્ટરની વિઝિટ અને દવાનો ખર્ચો આવી જાય છે. અમારે માટે અહીંનું જીવન વધારે સારું છે."

"પણ તે હંમેશાં એટલું બધું સહેલું નહોતું," અનવરની સ્ત્રી, જે મુલાકાતે આવી હતી તેણે કહ્યું, "શરૂઆતમાં તો અમારા પતિઓને મળવાનું પણ ભાગ્યે બનતું. સ્થાયી થવા માટે તેમને બહુ સખત કામ કરવું પડતું હતું. કેટલીક વખતે તો બબ્બે નોકરીઓ કરવી પડતી, એક રાત્રે અને બીજી દિવસે. માત્ર અઠવાડિયાને અંતે અમે તેમને જોતાં અને સાથે રહેતાં. એ રીતે અમારે ભારે કિંમત ચૂકવવી પડતી હતી. પણ ઓછામાં ઓછી અમારી એક ચિંતા તો ટળી હતી કે અમારું હવે પછીનું ભાજન ક્યાંથી આવશે, તેની ચિંતા રહી નહોતી. પણ એક બાબત જે મને સૌથી વધારે ગમે છે, તે એ કે આ હજુ ખ્રિસ્તી દેશ છે, અને અમે મુક્ત રીતે કોઈપણ જાતની સતાવણી કે હેરાનગતીની બીક વિના અમે અમારો ખ્રિસ્તી ધર્મ પાળી શકીએ છીએ. જોકે કેટલીક વખત અમારે અમારા સાથી પાકિસ્તાનીઓ જેઓ હજુ કટ્ટર મુસ્લિમો છે, તેમની સાથે ઝઘડા જેવી પરિસ્થિતિ ઊભી થાય છે ખરી, પણ અમે જાણીએ છીએ, કે તેઓ અમને કંઈ નુકસાન પહોંચાડી શકતા નથી."

હા, મારા પોતાના કુટુંબ તરફથી મારે કેવું સહન કરવું પડયું હતું તે વિચારતાં, જરૂર મને એમ થયું કે તે એક આશીર્વાદ કહેવાય.

એરિક અને તેમના ભાઈઓ સવારે વહેલા ઊઠયા નહિ, કેમ કે તેઓ રાતે કામ કરતા હતા. બપોરના ભોજન બાદ

તેઓ બધા સાથે મળીને આવ્યા, અને એરિકના આગળના ખંડમાં બેઠાં. તેમનાં મોં પરથી હું એમ કહી શકતી હતી, કે આગલી રાત્રે મેં મારી વાત જ્યાં અધૂરી મૂકી હતી, ત્યાંથી તે આગળ ચલાવું. સામાન્ય રીતે બનતું હતું, તેમ એરિકે જ પ્રથમ પ્રશ્ન પૂછ્યો, "ઈસુ વિષે કુરાનમાં લખેલી વાતો તમે કેટલી વાર વાંચી? તમે તે વાંચતાં હતાં તેવું કોઈએ જાણ્યું હતું?"

"ત્રણ ત્રણ વરસ સુધી, ઈસુ વિષેના તે ફકરા મેં અનેક વાર ફરીને ફરી વાંચ્યા. મારાં કાકીનાં બાળકો સૂઈ જાય અને નમાઝની છેલ્લી બાંગ પછી ઘર બધું શાંત થઈ જાય તે પછીનો સમય મારે માટે સારામાં સારો સમય હતો. મને વિમાસણ એ વાતની હતી કે ઈસુ જેવી મહાન વ્યક્તિ માટે આટલું થોડું લખાયું હોય! એક દિવસ મેં કાકીને પૂછ્યું : "તમે ઈસુ વિષે કંઈ જાણો છો?" એમનો ચહેરો જોતાં મને લાગ્યું, કે મેં ઈસુની વાતમાં રસ બતાવ્યો તેથી તે રાજી નહોતાં, છતાં પણ તેમણે જવાબ આપ્યો. "કુરાનમાં તે એકલા જ એવા નબી છે, કે જે આંધળાને આંખો આપે છે, મરેલાને ઉઠાડે છે, અને જે ફરી આવવાના છે, પણ એ વાત કઈ સુરામાં આવે છે, તે હું જાણતી નથી."

મારો શ્રોતાગણ આ સાંભળીને આશ્ચર્યના ઉદ્ગાર કાઢવા લાગ્યો. "ઈસુ વિષેનું આ જ્ઞાન તેમને ક્યાંથી મળ્યું?" હવે મને તે વિષે વિચાર કરવાનું મન થાય છે, કે ઈસુ વિષેની આ ખાસ માહિતીની જાણકારી તેમની પાસે કેવી રીતે આવી હશે, એ વિષે મને નવાઈ લાગી.

"એ ત્રણ વર્ષ દરમિયાન તમે જ્યારે ઈસુ વિષે વાંચતાં હતાં ત્યારે તમને કંઈ થયું નહિ? આમ તો તે સમય ઠીક ઠીક લાંબો કહેવાય અને કલમો થોડી હતી."

"ના, કંઈ થયું નહિ, પણ તે કલમોના મનને મારા

મનમાં એક એવી આશા જગાડી હતી, કે જે દૂર થવાની ના પાડતી હતી. પણ મારા હૃદયમાં હું જાણતી હતી કે જો કોઈ મને સાજી કરી શકે એમ હોય તો તે તેજ હતા. હું તે માનવા લાગી કે ઈસુ વિષે જે લખેલું હતું તે સાચું હતું, અને જરૂર તેમણે ચમત્કાર કર્યા હતા; પણ આ રાહ જોવાનું મારે માટે અસહ્ય હતું."

"ત્રણ વર્ષ પછી શું બન્યું?"

"મેં સીધેસીધા ઈસુને ઉદ્દેશીને પ્રાર્થના કરવા માંડી. "ઓ ઈસુ, મરિયમના દીકરા, પવિત્ર કુરાનમાં એમ કહે છે, કે તમે મરેલાને જીવતા કર્યા છે અને રક્તપિત્તીઆને સાજાં કર્યાં છે. કૃપા કરીને મને પણ સાજી કરો."

"તમે બીજી કોઈ પ્રાર્થનાઓ કરી? તમે તમારી મુસ્લિમ પ્રાર્થનાઓ કરવાનું મૂકી દીધું?"

"ના. શરૂઆતમાં તો નહિ. મક્કા હજ કરવા ગયેલી ત્યારથી મેં પ્રાર્થનાના મણકાની માળા આણેલી તે વાપરવાનું મેં ચાલુ રાખ્યું. દરેક પ્રાર્થના બાદ હું બિસ્મિલ્લાહ બોલતી હતી, પણ પછી દરેક પ્રાર્થના બાદ હું બોલવા લાગી કે, "ઓ ઈસુ, મરિયમના દીકરા મને સાજી કરો." આ પ્રાર્થનાએ મારા પર એવી પક્કડ જમાવી કે, મને ખબર પડે તે પહેલાં હું પ્રાર્થનાના સમય પહેલાં તે પ્રાર્થના કરતી અને દરેક મણકા વખતે હું એ પ્રાર્થના કરતી."

"જે રીતે તમે પ્રાર્થના કરતાં હતાં તે પરથી લાગે છે કે આ પંગુ અવસ્થા તમને કેટલી બધી ખૂંચતી હતી. અને છતાં તમે ગરીબ કે ઘર વગરનાં ન હતાં." બીજાઓમાંથી એક જણે કહ્યું.

"પણ કેવળ મારી શારીરિક સ્થિતિ જ આ પ્રમાણે મને પજવી રહી હતી એવું નહોતું. મારું મન પણ હવે અપંગ

બનતું જતું હતું. જીવનનો અર્થ અને હેતુનું બધું ભાન હું ગુમાવી બેઠી હતી. દુનિયાને એક અપંગ નિ:સહાય વ્યક્તિની શી જરૂર હતી? હું મારી નિ:સહાયતાથી ધ્રૂજી ગઈ હતી અને આત્મિક રીતે પણ હું મરવા પડી હતી. આ દયાજનક સ્થિતિમાંથી મારો બચાવ કરવાની બહુ જરૂર હતી.''

બીજાંઓ જે ત્યાં હતાં તેમની ધીરજ ખૂટવા આવી હતી. તે પછી શું બન્યું તે જાણવા તેઓ ઇચ્છતાં હતાં. જેથી મેં ખુલાસો કર્યો : ''એક સવારે હું મારા નિત્યક્રમ પ્રમાણે ત્રણ વાગે જાગી ગઈ અને મારી પથારીમાં વાંચતી બેઠી હતી. જોકે મારા અંતરમાં ઊંડે ઊંડે એ પ્રાર્થના હું સતત કર્યા કરતી હતી કે પ્રભુ મને સાજી કરો. પછી તરત મેં ઇચ્છાપૂર્વક વિચારવાનું બંધ કર્યું; અને સંખ્યાબંધ પ્રશ્નો મારા મનમાં ઉપસ્થિત થયા. મને કેમ સાજી કરવામાં આવી નહોતી? હું ત્રણ વરસથી પ્રાર્થના કરી રહી હતી. ઈસુએ પોતે જે સુરા વાંચવાનું મને કહ્યું હતું તે મેં વાંચી હતી. તો પછી તેમણે મને કેમ સાજી કરી નહોતી? અને તેમણે શા માટે મારામાં એ આશા જન્માવી હતી? મેં હિંમતથી તેમને કહ્યું : ''ઈસુ, હું જાણું છું કે તમે જીવતા છો. તમે મારી સાથે બોલ્યા છો. પવિત્ર કુરાનમાં એમ લખેલું છે કે તમે લોકોને સાજા કર્યા છે. તમે મને સાજી કરી શકો છો, અને છતાં હું હજી કેમ અપંગ જ છું? કેમ? પણ મારા આ બળાપાને અંતે ત્યાં શાંતિ પ્રસરી રહી. હું હતાશામાં ફરી પોકારી ઊઠી : ''જો તમે સાજા કરવાને શક્તિમાન છો તો મને સાજી કરો, અથવા મને કહો કે કેમ મને સાજી નથી કરી? હું આ પ્રમાણે મારું જીવન લંબાવી શકતી નથી.''

''એકાએક મારો ખંડ પ્રકાશથી ભરપૂર થઈ ગયો. પહેલાં તો મને એમ થયું કે મારી વાંચવાની બત્તીથી એમ થયું હશે, પણ એનો પ્રકાશ તો ઝાંખો હતો. પછી મને એમ થયું કે

ઉનાળામાં રાત્રે ચોરો પાકી કેરીઓ ચોરી ન જાય માટે માળીએ લાઈટ કરી હશે, અથવા બાગને રાત્રે ઠંડકમાં પાણી પીવડાવવા માટે એમ કર્યું હશે. પણ બારીઓનાં શટર્સ બંધ હતાં અને પડદા પાડેલા હતા. મને બીક લાગી અને મારી શાલ મેં મારી આસપાસ જોરથી વીંટાળી. જોકે કશુંક મને જોવા માટે પ્રેરી રહ્યું હતું. પ્રકાશ વધતો જતો હતો અને આખરે તે દિવસના પ્રકાશથી પણ વધારે થઈ ગયો.

"ધીમેથી મને મારી પથારીથી થોડા ફૂટ દૂર, પ્રકાશમાં લાંબાં ઝભ્ભા પહેરીને ઊભેલી મનુષ્યાકૃતિઓ દેખાવા લાગી. હારબંધ બાર જણ ઊભેલા હતા. અને તેરમો જણ વચ્ચે ઊભેલો બીજાઓ કરતાં મોટો અને વધારે પ્રકાશિત હતો. હવે હું બીકથી ધ્રુજવા લાગી અને બૂમ પાડી ઊઠી : "ઓ ઈશ્વર, આ લોકો કોણ છે? બારીબારણાં બધાં બંધ છે તોપણ તે લોકો અંદર શી રીતે આવ્યા?"

એકાએક એક અવાજ સંભળાયો : "ઊભી થા. આજ રસ્તો તું શોધી રહી હતી. હું ઈસુ, મરિયમનો દીકરો છું, જેને તું પ્રાર્થના કરી રહી છે, અને અત્યારે હું તારી આગળ ઊભેલો છું. ઊભી થા અને મારી પાસે આવ."

હું રડવા લાગી. "ઓ ઈસુ, હું અપંગ છું, અને ઊભી થઈ શકતી નથી, પણ તેમણે તો ફરી એમ જ કહ્યું, "ઊભી થા, અને મારી પાસે આવ, હું ઈસુ છું."

"હું અચકાવા લાગી. તેમણે બીજી વાર મને એજ શબ્દો કહ્યા. અને હજુ જ્યારે મેં શંકા કરી ત્યારે ત્રીજી વાર મને તેમણે તે જ શબ્દો કહ્યા. મારાં સૂકાઈ ગયેલાં અંગોમાં ધીરેથી જીવનનો સંચાર થતો હોય એમ મને લાગ્યું, મેં મારો પગ નીચે જમીન પર મૂક્યો અને ઊભી થઈ. પછી હું દોડી અને તેમના પગ આગળ પડી. હું પરમ શુદ્ધ પ્રકાશમાં નહાઈ રહી

હતી, અને તે પ્રકાશ જાણે સૂર્ય અને ચંદ્રનો પ્રકાશ એકી સાથે આવી રહ્યો હોય તેટલો પ્રકાશિત હતો. આ પ્રકાશ મારા હૃદયમાં ઊંડે ઊતરી રહ્યો હોય એમ મને લાગ્યું, અને તે ક્ષણે ઘણી બાબતો મારે માટે સ્પષ્ટ થઈ ગઈ.''

''ઈસુએ તેમનો હાથ મારા માથા પર મૂક્યો, અને તેમના હાથમાં મેં એક કાણું જોયું, જેમાંથી પ્રકાશનું એક કિરણ નીકળતું હતું અને તે મારા લીલા પોશાકને સફેદ બનાવતું હતું. તેમણે કહ્યું, ''હું ઈસુ છું, હું ઈમાનુએલ છું. હું રસ્તો, સત્ય તથા જીવન છું. હું જીવતો છું, અને થોડી વારમાં આવવાનો છું. આજથી તું મારી સાક્ષી છું. હવે તેં જે પોતાની આંખે જોયું છે, અને તારા પોતાના કાને સાંભળ્યું છે, તે તું જઈને મારા લોકોને કહે. મારા લોકો તારા લોકો છે. હવે પછી તારે તારો આ ઝભ્ભો અને તારું શરીર ડાઘરહિત રાખવાનું છે. તું જ્યાં કંઈ જઈશ ત્યાં હું તારી સાથે હોઈશ, અને આજથી તારે આ પ્રમાણે પ્રાર્થના કરવાની છે.

ઓ આકાશમાંના અમારા બાપ,
તમારું નામ પવિત્ર મનાઓ,
તમારું રાજ્ય આવો.
જેમ આકાશમાં તેમ પૃથ્વી પર તમારી ઇચ્છા પૂરી થાઓ.
દિવસની અમારી રોટલી આજ તમે અમને આપો.
અને જેમ અમે અમારાં ઋણીઓને તેઓનાં ઋણ માફ
કરીએ છીએ તેમ તમે અમારાં ઋણો અમને માફ કરો.
અમને પરીક્ષણમાં ન લાવો, પણ ભૂંડાથી અમારો છૂટકો કરો.
કેમ કે રાજ્ય, પરાક્રમ તથા મહિમા,
સર્વકાળ સુધી તમારાં છે,
આમેન.

પછી મેં મારા આખા હાથ અને પગ તરફ જોયું, હવે

તેમના પર માંસ હતું. જોકે મારો હાથ હવે ચેતનવાળો બની ગયો હતો અને સુકાઈ ગયેલો મટી ગયો હતો, તોપણ તે સંપૂર્ણ ન હતો. તેથી મેં ઈસુને પૂછ્યું : "તમે કેમ તેને સંપૂર્ણ રીતે સાજો નથી કરતા?" ઈસુએ પ્રેમથી જવાબ આપ્યો : "તારે મારી સાક્ષી થવાનું છે."

એ પછી પ્રકાશ ઝાંખો થવા લાગ્યો અને આકૃતિઓ અદૃશ્ય થતી હતી. હું ઝંખી રહી હતી કે તે દર્શન લાંબું ચાલે, પણ એનો કંઈ અર્થ નહોતો. પ્રકાશ જતો રહ્યો, અને હું મારા ઓરડામાં એકલી હતી. અને મારો પોશાક સફેદ થઈ ગયો હતો. આંજી નાખે એવા પ્રકાશને લીધે મારાં પોપચાં બંધ થઈ જતાં હતાં. અને તેથી મારી પથારી પાસેની લાઈટનું ઝાંખું અજવાળું પણ મારી આંખોને કઠતું હતું. મેં ભીંત પાસે રાખેલા કબાટના એક ડ્રોઅર તરફ આંધળાની માફક હાથ લંબાવ્યો. તેમાંથી મેં તડકામાં પહેરવાનાં ચશ્માં કાઢયાં, જે હું બગીચામાં જતી ત્યારે પહેરતી હતી. મેં તે ચશ્મા પહેર્યાં અને ત્યારે હું કંઈ તકલીફ વગર આંખ ઉઘાડી શકી. મેં મારી ઘડિયાળ સામે જોયું, તો સવારના ચાર વાગ્યા હતા."

દરેક જણ શાંત બની ગયું હતું. જે ઈસુને પોતાનાં જીવન સોંપ્યાં હતાં, તે ઈસુ વિષે વિચાર કરતાં દરેક જણ પોતાના વિચારોમાં ગૂંથાઈ ગયું હતું. તે સાચેસાચ હતા. તે જીવતા હતા. તે દરેક જણને નિકટતાથી ઓળખતા હતા. એ બધું જે બન્યું તેમાંની અજાયબીથી તે બધાં કેવાં હચમચી ગયાં હતાં. ઈલિઝાબેથે જ્યારે ચા બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે તે બધાંએ છૂટકારાનો દમ ખેંચ્યો, કારણ કે મારી વાત એક ઘૂંટે ગળે ઉતારવી તેમને ભારે થઈ પડયું હતું. દરેક જણનાં મોં પર મોટું હાસ્ય દેખાતું હતું.

❖ ❖ ❖

પ્રકરણ ૪

# મુસ્લિમો સાથે વાતચીત

મારા પોતાના મુખે મારી સાક્ષી સાંભળ્યા પછી, હસનચાચા અને તેમના દીકરાઓ ઉપરતળે થઈ ગયા હતા, કે હું હવે તેમના સાથી પાકિસ્તાનીઓ જેઓ બસડ્રાઈવર હતા, તેમને મળું. આ પાકિસ્તાનીઓ કટ્ટર મુસ્લિમો હતા અને તેમની સાથે મારા આ મિત્રોને સતત ચર્ચા થતી હતી. ઈસુ વિષે અને શા માટે તેઓ ખ્રિસ્તી બન્યા હતા તે વિષે કેટલીક વાર ગરમાગરમ ચર્ચા થતી હતી. હસનચાચાના આ દીકરાઓએ ટેઈપરેકોર્ડિંગ કરેલી મારી સાક્ષી તેમને સંભળાવી હતી. પણ મોહંમદના આ વિશ્વાસુ અનુયાયીઓ એમ કહેતા હતા, કે તેઓ મને રૂબરૂ જુએ તો જ તેઓ માને. હસનચાચાને મને ઇંગ્લૅંડ બોલાવવાનું આ પ્રથમ કારણ લાગ્યું હતું.

શુક્રવારે બપોર પછી એક મીટિંગ ગોઠવવામાં આવી. એરિકના આગળના ખંડમાં મળવાનું રાખ્યું હતું. ખુરશીઓ એવી રીતે ગોઠવવામાં આવી હતી કે હું તેમની સામે બેઠી હોઉં. છ જણ આવશે એવી એરિકની અપેક્ષા હતી. જો કે હું ત્યાં હતી તોપણ સામાન્ય રીતે મુસ્લિમ સ્ત્રીઓ આવી કોઈ સભામાં જતી નથી. આમાં કશું અંગત કે ખાનગી ન હતું, કારણ કે તેઓ શુક્રવારે મસીદમાં જતી નથી પણ ઘરે રહીને તેમની પ્રાર્થના કરે છે. સામાજિક પ્રસંગોમાં પણ તેઓ અલગ રહેવાનું વલણ ધરાવે છે, કોઈપણ ભાઈ તેમની સ્ત્રીને સાથે લાવ્યા ન હતા, તે જોઈને મને કંઈ આશ્ચર્ય થયું નહોતું.

મારી એક તરફ એરિક બેઠા હતા અને બીજી તરફ હસનચાચા બેઠા હતા. એરિકના એક ખ્રિસ્તી મિત્ર યાકૂબ પણ

આવ્યા હતા. મને સ્થૂળ અને નૈતિક ટેકો આપવાની આ નિશાની હતી; અને હું જે કંઈ કહેવાની હતી તેમાં બળ પૂરવાનો તેનો હેતુ હતો. જ્યારે તે લોકો અંદર પ્રવેશ્યા અને ખુરશીમાં બેઠા ત્યારે તેઓએ મને એવી વેધક દૃષ્ટિથી જોઈ કે હું તદ્દન ખુલ્લી થઈ ગઈ હોઉં એવું મને લાગ્યું. એક ત્વરિત ક્ષણ માટે મને એમ થયું કે મેં બુરખો ઓઢયો હોત તો સારું એવી વેધક દૃષ્ટિથી તેઓએ મને મસ્તકથી પગ સુધી જોઈ લીધી. આરપાર જતી તેમની દૃષ્ટિથી મારો કોઈ ભાગ બચ્યો ન હતો. ઘણું કરીને તેઓ એ વાતની ખાતરી કરવા માગતા હતા કે હું કોઈ કલ્પનાની મૂર્તિ તો નથી ને!

એરિકે તેમની શંકા દૂર કરી. "આ સિસ્ટર ગુલશન છે, જેમની સાક્ષી તમે ટેઈપ પર સાંભળી છે." આ સાંભળીને તેઓ જરા અસ્વસ્થ દેખાયા. એમ લાગતું હતું કે તેઓ હજુ પણ માનવા તૈયાર ન હતા, કે કંઈપણ ગંભીરતા વિના તેમણે ફેંકેલી ચેલેંજ આ લોકોએ ઊપાડી લીધી હતી. એટલે સાચી વાસ્તવિકતાનો સામનો કરતાં તેમને કંઈક કહ્યા સિવાય છૂટકો નહોતો.

"ટેઈપ પર જે બોલે છે તે ખરેખર તમે જ છો?" એક જણે પૂછયું.

"અલબત્ત, હું જ છું." મેં શાંતિથી જવાબ આપ્યો, "તમે પોતે જ સાંભળો."

"તમે જે કહો છો કે તમે કોણ છો, તે ખરેખર તમે જ છો? એ વાત ખરી કે તમે સૈયદ કુળનાં છો?"

હું જરાક છોભીલી પડી ગઈ. જાણે કે એ લોકોને મારી સાક્ષીમાં રસ નહોતો પણ અધિકારપત્રમાં રસ હતો. મારે તેમને ખાતરી કરાવવી પડી કે હું કોણ હતી, અને મારું કુટુંબ કોણ હતું. તેમને ઉત્તર આપવામાં મને કશો ખચકાટ નહોતો.

"મારું જન્મનું નામ ગુલશન ફાતિમા છે. હું એક સૈયદ કુટુંબની સૌથી નાની છોકરી છું. મહંમદ પેગંબરની દીકરીના નામ પરથી મારું નામ ફાતિમા પાડવામાં આવ્યું. તેમના જમાઈ અલી સુધી અમારી વંશાવાળી બતાવી શકવાનો અમને ગર્વ છે. મારા પિતા કુટુંબના વડા હતા. એ એક ધાર્મિક આગેવાન-પીર-પણ હતા, અને અગત્યના ધાર્મિક પ્રશ્નો વિષે મુલ્લાંઓ પણ તેમની સલાહ લેતા."

"તમે ક્યાં રહેતાં હતાં." એ લોકોને જાણવું હતું.

"પંજાબના ઝાંગ શહેરમાં અમે રહેતાં હતાં, તમે જાણતા હશો તેમ ઝાંગ લાહોરથી ૨૫૦ માઈલ દૂર આવેલું છે. મારા પિતાને મોટી જાગીર હતી એટલે તે જાગીરદાર હતા. ચારે બાજુ સુંદર બાગબગીચાવાળો અમારો ભવ્ય બંગલો શહેરની પરવાડે આવેલો છે."

"પણ તમે આ બધી બનાવટ કરતાં નથી એ અમે શી રીતે જાણીએ? આ બધું સાચું છે તેની સાબિતી શી?"

એટલે કે હું જૂઠું બોલતી હતી એવો ભાવ તેમાંથી નીકળતો હતો, તેથી મને બહુ માઠું લાગ્યું. પરંતુ આવી ઘવાયેલી લાગણીઓ વિષે ચિંતા કરવી, તેના કરતાં બીજું ઘણું વધારે મેં હોડમાં મૂક્યું હતું, તેથી મેં જવાબ આપ્યો, "મારે શા સારુ આ બધી બનાવટ કરવી પડે? જો તમે મને ન માનતા હો, અને મારા વિષે હું જે કંઈ કહું છું, તે તમે સ્વીકારી શકતા ન હો તો મારા બે ભાઈઓ અને બહેન પર લખીને પૂછાવી જુઓ, હું તમને તેમના સરનામાં આપું."

તેઓએ મારો આ પ્રસ્તાવ ઊપાડી લીધો નહિ. અને તેને બદલે પૂછ્યું, "જો તમારું કુટુંબ હયાત છે અને ખાધેપીધે સુખી છે, તો તમે તે કેમ છોડી દીધું? તે લોકો તમને ચાહતાં નહોતાં?"

"મારા કુટુંબનો મારા પર ઊંડો પ્રેમ હતો. મને મારી આ પંગુ દશામાંથી છોડાવવાને માટે, મારા પિતાએ કશું બાકી રાખ્યું નહોતું. મારી બધી જરૂરિયાતો પૂરી કરવાને માટે મારી પાસે સતત રહેવાને માટે બે નોકરાણીઓ રાખેલી. અને ઘરકામ કરવા માટે અમારી પાસે કેટલાય નોકરો હતા. મારા પિતા ફરી લગ્ન પણ કરી શક્યા હોત, પણ રખેને સાવકી મા મને દુ:ખ દે, એટલે તેમણે ફરી શાદી કરી નહિ."

તેમના મોં પરના ભાવ જરા નરમ પડયા. સાવકી મા હોય તો કેવા પ્રશ્નો ઊભા થાય, તેનો અનુભવ તો તે બધાએ કર્યો હશે - જોકે શરૂઆતમાં તેવો અનુભવ ન હોય. "તમારું કુટુંબ, તમે કહો છો એટલો બધો પ્રેમ તમારા પર રાખતું હતું, તો તમે તેને કેમ છોડી દીધું?" તેઓએ પૂછયું.

મને થયું કે એ લોકો મારી ટેઈપ બરાબર સાંભળી શકયા નહિ હોય. "મારે ઈસુ ખ્રિસ્તને આધીન થવાનું હતું. તેમણે મને તેમની સાક્ષી થવાને માટે તેડી છે. મારે તેમનો સંદેશો તેના લોકોને પહોંચાડવાનો હતો."

"પણ તમારા કુટુંબ સાથે રહીને તમે તે કરી શક્યાં હોત. તમે કહ્યું કે તેઓ પૈસાપાત્ર હતાં. જરૂર તમને બીજો કોઈ રસ્તો જડી શક્યો હોત."

"તમે સમજતા નથી. જો હું એમ કહું કે પ્રભુ ઈસુએ મને સાજી કરી છે, તો તેઓ મને મારી નાખવાની ધમકી આપતા હતા તો પછી હું તેઓની સાથે શી રીતે રહી શકું?"

"કદાચ તમે સાજાં થયાં ન હો, શું ખરેખર તમે ૧૯ વરસ સુધી અપંગ હતાં?"

કેવું કટાક્ષભર્યું કહેવાય! એમ મને થયું. મારી પંગુ સ્થિતિ વિષે કે મારા સાજા થવા વિષે મારા પોતાના કુટુંબને કંઈ શંકા ન હતી. એમને જે જોઈતું હતું તે એટલું જ કે હું એમ કહું

કે મહંમદે મને સાજી કરી અને નહિ કે ઈસુ ખ્રિસ્તે. આ લોકોનું એમ કહેવું હતું કે હું ખરેખર કદી માંદી જ નહોતી.

"મારી આ અપંગ અવસ્થા માટે મારે જૂઠું બોલવાની શી જરૂર હતી?" એમના વિશ્વાસનો અભાવ જોતાં મેં તેમને સામે પ્રશ્ન કર્યો. "શું તમે ખરેખર એમ ધારો છો, કે હું એવી બાબત સંબંધી જૂઠું બોલું? એમાં કંઈ ગર્વ લેવા જેવું કશું નથી. ગમે તેમ હોય પણ ઝાંગમાં આજે પણ લોકો છે, જેઓ મારી અપંગ દશાની સાક્ષી પૂરશે."

તેઓ જરાક ચિડાયા. "સારું, ભાઈ સારું. તમારી અપંગ દશામાંથી તમને સાજાપણું મળ્યું, પણ તેમાં આટલો બધો દેખાડો કરવાની શી જરૂર છે? બીજા લોકો પણ સાજા થાય છે, પણ તેઓ ઘેરઘેર તેમના સાજા થવાની બનાવટી વાતો કહેતા આમતેમ ફરતા નથી."

આથી મને ખરેખર દુઃખ થયું. મારા મિત્રોના ચહેરા પર પણ ખોટું લાગવાના ભાવો દેખાયા. એ લોકોને મેં શાંતિથી જવાબ ન આપ્યા હોત તો તેઓએ વાર્તાલાપ અહીં જ બંધ કર્યો હોત.

"તમે મારી વાત સમજતા જ નથી. હું કેવળ મારા સાજા થવાની જ વાત કરતી નથી. તારણનો જે સંદેશો ઈસુએ મને તેના લોકોને પહોંચાડવાનો કહ્યો છે તે હું તેમને આપી રહી છું."

"કયો સંદેશો? ઈસુનો સંદેશો અમારે માટે અગત્યનો નથી. અમારા પેગંબર મહંમદ (અલ્લાહની શાંતિ અને આશિષ તેમના પર હો) ઈસુ કરતાં મોટા છે. તે અલ્લાહના છેલ્લા પેગંબર છે, અને અમે તેમના સંદેશાને આધીન છીએ. અમારે બીજા કોઈની જરૂર નથી."

"પણ રાતદિવસ તમે આ પ્રાર્થના નથી કરતા કે, "અમને સીધા રસ્તે દોર, જેઓને તમે આશીર્વાદિત કરવા માગો છો

તેઓના માર્ગે અમને દોર?" "વારુ, હું તમને કહું છું, કે જો તમારી આ પ્રાર્થનાનો પ્રત્યુત્તર જોઈતો હોય, તો તમારે ઈસુ ખ્રિસ્તમાં માનવું જોઈએ. ઈસુ માર્ગ, સત્ય તથા જીવન છે. ઈશ્વર આપણો પિતા છે તેની પાસે દોરી જનાર તેજ સીધો માર્ગ છે."

"તમે અલ્લાહને "પિતા" કહેવાની ધૃષ્ટતા કરો છો? આ તો દુર્ભાષણ છે. હવે અમને ખાતરી થાય છે કે તમે મુસ્લિમ હોઈ શકો નહિ. તમારો ઉછેર ખ્રિસ્તી તરીકે થયો હશે. કોઈ સારો મુસ્લિમ એવું કરવાની જિગર કરી શકે નહિ. તમે ગાંડાં છો. કેવળ પુરુષો જ પિતા બની શકે, અલ્લાહ પુરુષ નથી."

"ઈશ્વરને "પિતા" કહેવાનું મને ઈસુએ કહ્યું. બાઇબલમાં એમ લખેલું છે, કે "પણ જેટલાએ તેનો અંગીકાર કર્યો (ઈસુનો) તેટલાને તેણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો" (યોહાન ૧ : ૧૨). ઈસુએ પોતે મને શીખવેલી પ્રાર્થના આ પ્રમાણે શરૂ થાય છે, "ઓ આકાશમાંના અમારા બાપ...." "ઈસુ ઈશ્વરને" પિતા કહે છે, અને તેજ ખાસ હક તેણે આપણને આપ્યો છે. કોઈ પણ માણસ કેવળ ઈશ્વરના પુત્રના આત્માથી જ તેને "પિતા" કહી શકે. તમે તેને "પિતા" કહી શકતા નથી, કેમ કે તમારામાં તે આત્મા નથી."

એકાદ ક્ષણ માટે તેઓ અવાક્ બની ગયા. પછી તેમાંના એક જણે કહ્યું : "અમારું કુરાન અલ્લાહને અમારા પિતા કહેવાનું અમને શીખવતું નથી. કુરાનમાં ઈશ્વરને માટે ૯૯ સુંદર નામો આપેલાં છે. "અલ-રહમ" (દયાળુ), "રહીમ" (કરુણાળુ) "અલ-મલિક" (સર્વોચ્ચ), વગેરે વગેરે. તમારે માટે આ પૂરતાં સારાં ન હતાં? જો તમારે બાઇબલ અને તેના શિક્ષણમાં માનવું હોય, તો તે તમારી ઇચ્છાની વાત છે.

ગમે તેમ હો, પણ તમે એક સારાં મુસ્લિમ હો એવું લાગતું નથી.''

ભારેમાં ભારે માઠું લાગે એવું બોલવામાં તેઓ ઘણા પાવરધા હોય એમ મને લાગ્યું.

''તમે શી રીતે એવું કહી શકો? તમારામાંના કોઈના જેવી હું સારી મુસ્લિમ હતી. જેમ તમારા પિતાએ ઘણું કરીને તમને શીખવી હશે તેજ પ્રમાણે મારા પિતાએ મને પાકી રીતે પ્રશ્નોતરાવલી શીખવી હતી. મને તે કડકડાટ મોઢે હતી. અત્યારે જાણે મારા પિતા મને પૂછતા હોય એમ લાગે છે :

''અલ્લાહ ક્યાં છે?''

''અલ્લાહ સર્વત્ર છે.''

''શું ઈશ્વર પૃથ્વી પરનાં તમારાં બધાં કાર્યો જાણે છે?''

''હા, પૃથ્વી પર હું જે કંઈ સારાંનરસાં કામ કરું છું તે ઈશ્વર જાણે છે. તે મારા ગુપ્ત વિચારો પણ જાણે છે....''

''તમારે આગળ બોલવાની જરૂર નથી, અમે જોઈ શકીએ છીએ, કે તમે એ બધું શીખ્યાં છો. એવું લાગે છે કે તમે સૌથી અગત્યની બાબત શીખ્યાં હો તેવું લાગતું નથી, શહાદામાં શું એમ નથી લખેલું કે : ''અલ્લાહ સિવાય બીજો કોઈ ઈશ્વર નથી અને મહંમદ (તેના પર શાંતિ હો) તેનો પેગંબર છે?''

મહંમદના આ વિશ્વાસુ અનુયાયીઓ તરફ મેં સાચા પ્રેમની લાગણીથી જોયું. હું તે જાણતી હતી, કે મારા પિતાની માફક તેઓ તેમના ધર્મને ચાહતા હતા. ધાર્મિક વિધિ તરીકે હાથપગ ધોવા અને નમાજ પઢવા કરતાં બીજો કોઈ વધારે મોટો આનંદ તેમને માટે ન હતો. હું માત્ર એક પ્રેક્ષક ન હતી. તેમના મનના ભાવ હું સમજી શકતી હતી.

''ઓગણીસ ઓગણીસ વરસ સુધી હું શહાદામાં માનતી રહી અને હું હજુ માનું છું, કે કેવળ એક જ ઈશ્વર છે, પણ

તે સાથે હું એ પણ માનું છું, કે ઈસુ ઈશ્વરનો પુત્ર છે, અને કુરાન કહે છે તે પ્રમાણે માત્ર પેગંબર જ નથી."

"એટલે શું તમે એમ કહેવા માગો છો કે ઈસુ ખ્રિસ્ત અમારા પેગંબર કરતાં મોટા છે?"

"હું એ કહું છું, કે ઈસુ ખ્રિસ્ત કેવળ પેગંબર જ નથી. તે ઈશ્વરનો દીકરો છે અને તે રસ્તો, સત્ય તથા જીવન છે. ઈશ્વરપિતા પાસે પહોંચવાનો માર્ગ તે છે."

"જો તમે એટલાં સારાં મુસ્લિમ હતાં, તો પછી સાજાં નહિ થતાં તમે આત્મઘાત કરવાનો વિચાર કેમ કર્યો? એ તમારો બળવાખોર સ્વભાવ બતાવે છે. તમારે અલ્લાહની ઇચ્છાને આધીને થવું જોઈતું હતું. જો અલ્લાહ તમને અપંગ રાખવા માગતો હોય તો તમારે તેની ઇચ્છા વિરુદ્ધ બળવો પોકારવાનો ન હતો. આખરે ઇસ્લામનો અર્થ જ એ છે કે આધીનતા."

"હું કંઈ બળવો પોકારતી હતી એમ નહોતું. મને કેવળ મારા જીવનને ચાલુ રાખવાનો કોઈ હેતુ હું જોઈ શકતી ન હતી. હું મારા પોતા માટે કે બીજા કોઈ માટે શા ઉપયોગની હતી?" મેં પૂછ્યું. એ વિચારથી હું ખરેખર ઉદાસ થઈ ગઈ, કે મારા સાજા થવાનો આનંદ બતાવવાને બદલે લોકો દુ:ખ વ્યક્ત કરતા હતા. આવા વલણનો ભેટો થવાનો આ કંઈ મારો પ્રથમ પ્રસંગ ન હતો.

"અલ્લાહે તે નક્કી કરવાનું હતું." એક પછી એક બધા બોલી ઊઠયા.

"કદાચ એમ હોય. પણ હું જે જાણું છું તે એજ કે ઈસુએ તે નક્કી કર્યું. તે નાસીપાસ થયેલી એક મુસ્લિમ છોકરી પાસે નીચે ઊતર્યો અને તેણે મારા અપંગ શરીરને સાજું અને શક્તિમાન બનાવ્યું. તેમણે જે સંદેશો તેમના લોકો માટે મને

આપ્યો છે. તે મારે આપવો છે. તે કોઈપણ ભોગે હું કરવાની છું.'' મેં અડગપણે કહ્યું.

''પણ તમારાં પોતાનાં સગાંવહાલાંએ તમારો નકાર કર્યો, તમારા ભાઈઓ અને બહેન હજુ ઈસુમાં માનતાં નથી, ખરુંને? અને અમે માનીએ એવી અપેક્ષા તમે રાખો છો?'' ભારે આશ્ચર્યથી તેમણે પૂછયું.

એકાએક તેઓએ વાતનો વિષય બદલ્યો, ''બુરખા વિષે તમે કેવું વિચારો છો? શું કુરાન એમ નથી કહેતું : 'પેગંબર, તમારી પત્નીઓ, દીકરીઓ અને વિશ્વાસુ અનુયાયીઓની પત્નીઓને આદેશ આપો, કે તેઓ પોતાની આસપાસ બરાબર બુરખો ઓઢે. તે વધારે યોગ્ય છે, કે જેથી તેઓ ઓળખાય અને કોઈ તેમને પજવે નહિ.' તમે પોતાને સૈયદ કુટુંબનાં છો એવું કહેવડાવો છો, અને બુરખો કાઢી નાખ્યો છે એ કેવું કહેવાય?'' તેઓએ જાણે વિજય મેળવ્યો હોય એવી રીતે તેઓ પૂછવા લાગ્યા.

''પુરુષોની વાસનાભરી દૃષ્ટિથી સ્ત્રીઓનું રક્ષણ કરવા બુરખો રાખવામાં આવ્યો હતો. તમે જાણો છો, કે આજકાલ ઘણા મુસ્લિમ દેશોમાંથી બુરખો કાઢી નાખવામાં આવ્યો છે. જો પુરુષો પોતાના વિચારો પર કાબૂ રાખે તો સ્ત્રીઓને પોતાના રક્ષણ માટે યાસ્માક (મુસ્લિમ સ્ત્રીઓએ જાહેરમાં પહેરવાનો બુરખો) પહેરવાની, અથવા બીજી બધી તરકીબો અજમાવવાની જરૂર ન પડે.''

આને લીધે કેટલાકના મોં પર ગુસ્સો દેખાયો. હું તેમના ધર્મ પર હુમલો કરી રહી હતી, એટલું જ નહિ, પણ તેમના રીતરિવાજો અને પ્રણાલીઓ વિષે પણ શંકા ઊઠાવતી હતી. તેઓએ વળતો જવાબ આપ્યો અને તેમાં કંઈ નવાઈ નહોતી :

"અમારે શું માનવું અને કઈ પ્રણાલીઓ અપનાવવી તે અમને કહેવાની જરૂર નથી."

"તમારી વાત તો સાચી છે. તમારે મારી જરૂર નથી પણ તમારાં પાપોની માફી માટે જરૂર તમને ઈસુ ખ્રિસ્તની અગત્ય છે તે તમારાં પાપોને માટે વધસ્તંભ પર મરી ગયો." મેં કહ્યું.

ખાતરીપૂર્વકનો તેમનો વળતો જવાબ આવ્યો : "અમારે માટે કોઈએ વધસ્તંભ પર મરવાની જરૂર નથી. અલ્લાહે અમારાં પાપ માફ કરવાનું વચન આપ્યું છે, અને જ્યારે મરી જઈશું ત્યારે સ્વર્ગમાં લેવાનું કહ્યું છે. અમે ક્યાં જઈ રહ્યા છીએ તે અમે જાણીએ છીએ. તમે ક્યાં જવાનાં છો તે તમે જાણો છો?" તેઓએ જરા અભિમાનથી મને પૂછ્યું.

"કોઈપણની માફક મને ખાતરી છે, કે જ્યારે હું મરી જઈશ ત્યારે હું ઈસુની સાથે રહેવા સ્વર્ગમાં જઈશ. ૧૯૭૧ના જાન્યુઆરીની ૮મીએ જ્યારે હું પાકિસ્તાનમાં હતી ત્યારે મને સ્વર્ગનું દર્શન થયું. તેમાં મેં એક સુંદર દરવાજો જોયો અને તેમાં દૂર નજર કરતાં સફેદ વસ્ત્રોમાં સજ્જ થયેલો એક માનવસમુદાય મેં જોયો, તેઓ ઈશ્વરની સ્તુતિ કરતા હતા, તેઓમાં હું પણ એક હતી."

"અમને દર્શનમાં કંઈ રસ નથી," તે લોકોએ મશ્કરી કરતાં કહ્યું.

"પણ મહંમદને દર્શન થયાં હતાં. તેમાં તમે માનો છો કે નહિ?" મેં પૂછ્યું.

આથી તેઓ વધારે ગુસ્સે થયા. "એમ કહીને શું તમે એમ કહેવા માગો છો કે તમારું દર્શન અને અમારા પેગંબરનાં દર્શન એક જ કક્ષાનાં છે? હવે અમે બધું સાંભળી લીધું છે. તમારી સાથે વાત કરવામાં શો લાભ છે?"

એરિકથી હવે રહેવાયું નહિ. તે ઊઠયા અને ઈલિઝાબેથ રસોડામાં ચા બનાવતાં હતાં તે લાવવા ઊઠયા. તે લોકોએ આ સમયે મને લાલચમાં નાખવાની એક તક જોઈ. "જુઓ, ઈસુ વિષે આ બધી વાતો કરવાનું છોડી દઈને પાછાં ઇસ્લામમાં આવી જાઓ. તમારે પ્રેમ જોઈતો હોય તો તે અને પૈસા જોઈતા હોય તો તે બધું અમે તમને આપીશું." આ વખતે તેઓ હસતાં હસતાં બોલ્યા.

તેઓએ ધાર્યું હતું એવી હું કંઈ કાચીપોચી માયા નહોતી. "તમે મને આખી દુનિયા આપો તોપણ, હું ઈસુની પાછળ ચાલીને તેને આધીન થવાનું ના છોડું. ઈસુ ખ્રિસ્ત મારાં પાપોને સારુ મરી ગયા, તેમણે ઈશ્વરપિતા સાથે મારું સમાધાન કરાવ્યું, અને મને અનંતજીવનનું વચન આપ્યું છે. તે કરતાં મારે બીજું વધારે જોઈએ પણ શું? એક દિવસ તમે મરી જવાના પણ ઈસુ તો મારી સાથે સદાકાળ માટે રહેશે. તે મારું બધું પૂરું કરે છે. હું ઈસુને ચાહું છું."

હવે તેઓ પણ ધરાઈ ગયા હતા. "આવું અમે વિચારી શકતા નથી, પણ એ વિષે જો તમારી લાગણીઓ આ પ્રકારની હોય, તો તમે તમારા ખ્રિસ્તી ધર્મમાં મરી શકો છો!" એમ કહીને તે બધા ઊભા થયા અને એક પછી એક બહાર નીકળી ગયા.

ચાની ભરચક ટ્રે લઈને જ્યારે એરિક પાછા ફર્યા, ત્યારે તેમને ભારે આશ્ચર્ય થયું. મુલાકાતીઓ વિનાનો ખાલી ખંડ હતો. તે બધા જતા રહ્યા હતા. એમની આંખો પહોળી થઈ ગઈ અને મોં વધારે અને વધારે પહોળું થતું જતું હતું. એ અવાક્ બની ગયા અને એમના હાથમાંની ટ્રે પડી જતાં લગભગ રહી ગઈ. જ્યારે તેમણે સ્વસ્થતા પાછી મેળવી લીધી, ત્યારે તેમણે ટ્રે ટેબલ પર મૂકી અને ખુરશીમાં બેઠા, "શું બન્યું?"

"તેઓ આથી વધારે ખમી શકે તેમ નહોતું."

"પણ મેં તો ધાર્યું કે............."

"મને ખબર છે કે તમે શું ધારતા હતા, તમે માનતા હતા કે રૂબરૂ સામનો કરવામાં નિષ્ફળ જતાં તેઓનો માન્યા વિના છૂટકો નહિ થાય. તમે વધારે પડતી આશા રાખતા હતા. અવિશ્વાસ એક રહસ્ય છે. કેટલાક માનતા નથી કારણ કે તેમને ખાતરી થાય તેટલા પુરાવા તેમને મળતા નથી. અને બીજા કેટલાક પુરાવાનો જ નકાર કરે છે."

વધારે અનુભવી અને ઉંમરના શાણપણવાળા હસનચાચાએ ઉમેર્યું : "મને એમ લાગે છે કે તમે ધારો છો તેટલું એ સાદુંસીધું નથી. તેમના હૃદયમાં, ખ્રિસ્તી ધર્મનો સામનો કરવો, તે તેમના ધર્મથી પણ વધારે છે. જે ઇસ્લામમાં સીધીસાદી માન્યતાઓ, પ્રણાલિકાઓ અને રિવાજો છે, તેના પ્રત્યેની તેમની ક્રૂર અને ધર્માંધ આસક્તિ તેમને એક પ્રકારના ગૌરવ અને ઓળખ આપે છે. અને પરદેશમાં ટકી રહેવાને માટે તેઓ તેને નિર્ણયાત્મક ગણે છે. આ વિના તેઓને એમ લાગે છે, કે તેઓ કેવળ બીજા વર્ગના નાગરિકો ગણાઈ જાય, અને જેને માટે બીજા કોઈ તૈયાર ન હોય એવાં ઊતરતા પ્રકારનાં કામ કરવાને સદાને માટે બંધાઈ જાય.

"તેઓ પોતાને પરદેશથી અહીં કાયમને માટે વસવા આવેલા અલગ પડી ગયેલા એક જૂથ તરીકે ગણતા નથી. તેઓ એક વિશ્વવ્યાપી ભ્રાતૃસમાજના સભ્યો તરીકે પોતાને જુએ છે. જ્યાં જુઓ ત્યાં તમે સુંદર મસ્જિદો બંધાઈ રહી છે, તે તમે જોતાં નથી? કેટલાક લોકો એવું માને છે કે આ માટેના મોટા ભાગના પૈસા પરદેશથી આવે છે. મુસ્લિમો હવે જાણતા થયા છે, કે તેમના કરતાં વધારે પૈસાદાર દેશમાં રહેતા તેમના બાંધવોને તેઓ મદદ અને ટેકા માટે માગણી કરી શકે છે.

એટલે તમે જોઈ શકશો કે ઇસ્લામને છોડી દેવો એટલે કેવળ ધર્મ કરતાં ઘણું બધું વધારે છોડી દેવું પડે.''

હા, હું વિચારવા લાગી. શિષ્યપણાની કિંમત ખરેખર ઊંચી છે. મેં મારું બાઇબલ ઉઘાડયું, અને માર્ક ૮ : ૩૭-૩૮ કલમો વાંચી : ''અને તેણે પોતાના શિષ્યો સુદ્ધાં લોકોને પાસે બોલાવીને તેઓને કહ્યું, કે જો કોઈ મારી પાછળ આવવા ચાહે તો તેણે પોતાનો નકાર કરવો, અને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ ચાલવું. કેમ કે જે કોઈ પોતાનો જીવ બચાવવા ચાહે છે, તે તેને ખોશે; અને જે કોઈ મારે લીધે તથા સુવાર્તાને લીધે પોતાનો જીવ ખોશે તે તેને બચાવશે. કેમ કે જો માણસ આખું જગત મેળવે, અને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થાય? વળી માણસ પોતાના જીવનો શો બદલો આપશે? કેમ કે આ વ્યભિચારી તથા પાપી પેઢીમાં જે કોઈ મારે લીધે તથા મારી વાતોને લીધે શરમાશે, તેને લીધે માણસનો દીકરો પણ જ્યારે પોતાના બાપના મહિમામાં પવિત્ર દૂતોની સાથે આવશે, ત્યારે તે શરમાશે.''

ઈલિઝાબેથે કેટલા બધા વહાલથી ચા બનાવી હતી, તેની મઝા અમે માણી, પણ જરા શાંત અને દબાઈ ગયેલા ભાવે, અમારા મનમાં કંઈ ભાતભાતના વિચારો આવતા હતા.

❖ ❖ ❖

પ્રકરણ ૫

# જીવનકાર્યની શરૂઆત

બીજે દિવસે સાંજે ૪ વાગે ફાધર બર્નાર્ડ એમના કહ્યા પ્રમાણે આવી પહોંચ્યા. જે ઉમળકાથી મારો આવકાર કરવામાં આવ્યો હતો, તે જોતાં તેમને પુષ્કળ આનંદ થયો હતો. રાત્રે તે અમારી સાથે જમ્યા. મારા આશ્ચર્ય વચ્ચે તે બોલ્યા, "આ બહુ સરસ છે. ઘણું સ્વાદીલું." એશિયન ખોરાક જરૂર તેમને ગમતો હતો. જે રીતે તેમણે ધરાઈને ખાધું તે પરથી લાગ્યું કે તે કેવળ વિવેક કરતા નહોતા. વાળુ પછી અનવર અને એરિકને કામ પર જવાનું હતું. ફાધર બર્નાર્ડ રાત રોકાઈ ગયા.

"સિસ્ટર ગુલશન, તમારે માટે અમારે કાર્યક્રમ ગોઠવવો પડશે." તેમણે કહ્યું. એમની એવી ઇચ્છા નહોતી કે મારો જરાયે સમય બગડે. એટલે જે કામ મારે પાર પાડવાનું હતું તેમાં હું જલદીથી લાગી જઉં, જેમાં તે પોતાનો ભાગ ભજવવાના હતા.

"હું આ પ્રમાણે કરવાનો છું. હું બ્રિટનમાં બધી મંડળીઓ પર લખીશ અને તેઓ તમને આમંત્રણ આપે તે માટે ઉત્તેજન આપીશ. મારી ખાતરી છે કે આખા દેશમાં ઘણા બધા ખ્રિસ્તીઓ છે કે જેમને તમને મળતાં આનંદ થશે અને તમારી સાક્ષી સાંભળવી ગમશે."

તે રાત્રે આ બધી વાત મેં પ્રભુ સમક્ષ મૂકી. દિવસ દરમિયાન જ્યારે હું એકલી હોઉં ત્યારે હું મારું બાઇબલ વાંચતી અને પ્રાર્થના કરતી. "પ્રભુ," હું કહેતી, "તમે મને અહીં ઇંગ્લૅંડમાં લાવ્યા છો. આ માટે તમે મને ૧૧ વર્ષ સુધી તૈયાર કરી છે. તમને ગમે તે રીતે હું તમારી સેવા કરું તે

માટે મને ડહાપણ આપો. અને જે કામ મારે કરવાનું છે તે સારી રીતે કરવા માટે મને બળ અને હિંમત આપો. હું એમ ઇચ્છું છું કે કેવળ તમારા નામનો મહિમા થાય."

તેમના નામની સ્તુતિ થાઓ! તેમણે જરૂર મને માર્ગ બતાવ્યો છે, અને દેશમાં બધે મારે માટે દ્વાર ખૂલવા લાગ્યાં. પાકિસ્તાનમાં જેમ હું ઘોડાગાડી અને રીક્ષાથી માહિતગાર થઈ ગઈ હતી, તેમ જ અહીં મારે ગાડી કે બસથી માહિતગાર થઈ જવાનું હતું. હું સલવાર-કમીઝ, દુપટ્ટો, સફેદ કોટ અને કાળાં ચશ્માં પહેરીને નીકળતી ત્યારે લોકો મારી તરફ આતુરતાભરી નજરો નાખતા હશે. જો કે હું કંઈ લોકોનું ધ્યાન ખેંચવા બહાર નીકળતી નહોતી, પણ જરૂર હું ધ્યાન ન ખેંચું એવી તો દેખાતી નહોતી જ.

તે પછીના ત્રણ દિવસ મેં મન મોકળું કરીને ગાળ્યા અને ત્યાંના વાતાવરણમાં હું તરબોળ બની ગઈ. આટલા બધા જુદાજુદા દેશોના લોકો જોવાની અપેક્ષા મેં રાખી ન હતી - અશિયાના, જમૈકાના અને ચીનના પણ. દરેક પ્રકારનો પોશાક પહેરેલા લોકો મને મળ્યા. કેવું પચરંગી દૃશ્ય તે હતું. મારી પ્રથમ સભાઓ અઠવાડિયાના અંતે શુક્રવાર, શનિવાર અને રવિવાર સાંજે રાખવામાં આવી હતી. હડર્સફિલ્ડમાં જાહેરાત કરતાં પોસ્ટરો જોયાં, અને કેટલીયે દુકાનોમાંથી મારું નામ મોટા અક્ષરે છાપેલું, મારી તરફ ડોકિયાં કરતું મેં જોયું. મને એમ થતું હતું કે શું એ બધું ખરેખર મારા સંબંધી હતું? મને પરીક્ષણમાં નાખનાર દૂર નહોતો.

"અલબત્ત એ બધાં પોસ્ટર તારા સંબંધી છે. તું એક ખાસ વ્યક્તિ છે, અને એક દિવસ તું પ્રખ્યાત બની જવાની છે."

"પણ મારે કંઈ પ્રખ્યાત બનવું નથી." મેં દલીલ કરી. હું ઇચ્છું છું કે મારા જીવનમાં ઈસુ ખ્રિસ્ત મહિમા પામે. તે

મને અહીં લાવ્યા છે, અને તેથી હું અહીં છું. તેમનું નામ ધ્યાન ખેંચે એ રીતે દેખાવું જોઈએ, મારું નહિ.''

પરીક્ષણ કરનારે મને યાદ દેવડાવ્યું, ''તું જન્મી ત્યારે તારાં માબાપ તને એક નજૂમીને ત્યાં લઈ ગયાં હતાં, એવી વાત તારા કુટુંબનાં માણસો તને કરતાં હતાં, એ તને યાદ નથી આવતું? એણે તારી નાનીશી હથેળી જોઈને ભવિષ્ય ભાખેલું, કે તું એક દિવસ પ્રખ્યાત થવાની છે? વારુ, તો એ દિવસ હવે આવ્યો છે.''

મારી અંદર ઊંડે ઊંડે બીજો એક અવાજ મને ખાતરી આપતો સંભળાયો : ''સાંભળ, ગુલશન, લોકોને ઈસુ ખ્રિસ્ત બતાવ. તારે જે કરવાનું છે તે એ છે. તેને કોઈ તારા જેવી દેખાડનારની જરૂર છે. જોકે તને પોતાને તું ગમે તેટલી અયોગ્ય લાગે, પણ તું તેનું સાધન છે.''

''હા, પ્રભુ,'' મેં પ્રત્યુત્તર આપ્યો, ''હું એજ થવા માગું છું, તમારું સાધન. અને તે પણ કેવું – પાછું જીવંત બનાવેલું એક ચીમળાઈ ગયેલું શરીર તમે મને પૂરેપૂરી લઈ શકો છો, અને તેમાંથી તમે તમારો સૂર કાઢી શકો છો. મારા જીવનના એકેએક તંતુમાંથી તમારી સુવાર્તા ગાજી ઊઠશે.'' પછી તે પરીક્ષણ કરનાર મને છોડી ગયો.

એલિમ પેન્ટીકોસ્ટલ ચર્ચના હોલમાં બેઠેલા મારા પ્રથમ શ્રોતાગણને ઉદ્‌બોધન કરવાની હું આતુરતાપૂર્વક રાહ જોતી હતી. શરૂઆત કરવાને માટે તે સૌથી વધારે કુદરતી સ્થળ હતું. બધાં ખ્રિસ્તી જૂથોમાં પેન્ટિકોસ્ટલ મંડળીના લોકો જ આગ્રહપૂર્વક માને છે, કે ઈસુ આજે પણ ચમત્કારો કરે છે. પ્રેરિતોના જમાનાની સાથે ચમત્કારો બંધ થઈ ગયા નથી, એવું તેઓ માને છે. આ માન્યતા તેમનામાં એટલી હદ સુધી ઊંડી ઊતરી ગઈ છે, કે તેઓની ભક્તિસભામાં તેઓ આનંદથી ગાય

છે, હાથથી તાળી પાડે છે, સ્વાભાવિક રીતે ઉદ્‌ભવેલી પ્રાર્થના કરાવે છે, અને વચ્ચે એવા ઉદ્‌ગારો કાઢે છે કે, "પ્રભુની સ્તુતિ થાઓ," "હાલેલુયાહ." મને પાકિસ્તાનમાં આવા પ્રકારની ભક્તિસભાનો અનુભવ થયો હતો, એટલે મારે માટે તે કોઈ નવી વાત નહોતી.

ઇંગ્લૅંડમાંની મારી પ્રથમ જાહેરસભાની રાત આવી પહોંચી. તેમાં ઓછામાં ઓછા ૧૦૦ શ્રોતાઓ હતા જે લગભગ બધા અંગ્રેજ હતા. મને યાદ આવ્યું કે પાકિસ્તાનમાંનાં મારાં એટલાં વરસો દરમિયાન, મને કદી એમ થયું ન હતું કે, એક દિવસ હું અંગ્રેજ શ્રોતાઓ સમક્ષ ભાષણ કરીશ. મારે માટે આ એક ચમત્કાર હતો.

મેં દુભાષિયા મારફતે મારું પ્રવચન કર્યું. તે ભાઈને સાંભળવા તે પણ એક મઝાની બાબત હતી, કારણ કે તે પણ મારી ઝડપથી બોલવાની લઢણને અનુસરતા હતા, અને તેથી મને વચ્ચે શ્વાસ લેવાનો પણ સમય મળતો હતો! કોઈક બળ મને આગળ ધકેલી રહ્યું હોય એમ મને લાગતું હતું, અને શ્રોતાઓ મારી સાક્ષી સાંભળીને મંત્રમુગ્ધ બની ગયા હતા. તેઓ જે બધું માનતા હતા તે કેટલું સાચું હતું, તે તેઓ જોઈ શક્યા; કે ઈસુ પ્રાર્થનાઓ સાંભળીને તેનો ઉત્તર આપે છે, કે એવો કોઈ અંતરાય નથી કે જેની આરપાર તે ન જઈ શકે, પછી ભલેને તે કટ્ટર ઇસ્લામનો ધર્મ હોય. કોઈપણ પડદો, ધર્મનો કે સંસ્કૃતિનો કે અજ્ઞાનનો જે ઈસુ વિષેનું સત્ય છુપાવે છે તે એવો બળવાન નથી કે તે તેને ચીરી નાખે નહિ. ઈસુના એ સંદેશાથી તેઓ ઉશ્કેરાટ અનુભવવા લાગ્યા કે તે જીવતા છે અને થોડી જ વારમાં આવવાના છે. ઘણાં નવેસરથી પોતાની જાતને ખંત અને ઉત્સાહથી પ્રભુને સોંપવા માટે પ્રેરાયાં.

પેન્ટીકોસ્ટલ મંડળીની બીજી એક શાખા જે ચર્ચ ઓફ ગૉડ કહેવાય છે, ત્યાં મારી તે પછીની સભાઓ હતી. તેમના મોટા ભાગના સભ્યો હબસી સમાજમાંથી આવે છે. હકીકતમાં ચર્ચ ઓફ ગૉડ દુનિયાભરની સૌથી મોટી અને સૌથી વધારે પ્રતિભા ધરાવતા હબસી લોકોની પેન્ટીકોસ્ટલ મંડળી છે. અહીંની મંડળી મુખ્યત્ત્વે જમૈકાના લોકોની બનેલી છે. એલિમ પેન્ટીકોસ્ટલ મંડળીના લોકો કરતાં પણ આ લોકો વધુ સક્રિય હતા!

એક ભક્તિસભાને અંતે, પ્રશ્નોત્તરીના સમયે એક જણ ઊભું થયું અને મને પૂછયું : "સિસ્ટર ગુલશન, તમે ઈસુને મરિયમના દીકરા તરીકે કેમ સંબોધ્યા?"

મેં એ સંબંધી કદીપણ વિચાર્યું નહોતું, કે જે લોકો હંમેશાં ઈસુને ઈશ્વરના પુત્ર, તારનાર અને પ્રભુ તરીકે સાંભળવાને ટેવાયેલા હતા, તેમને આ ઉદ્બોધન કેટલું બધું વિચિત્ર લાગ્યું હશે. મેં ઈસુને મરિયમના દીકરા તરીકે સંબોધન કર્યું, તેથી ઈસુના સ્થાનને મેં નીચું ઉતારી દીધું એવું તે લોકોને લાગ્યું હશે, પણ એજ વાત સાચી હતી. કટાક્ષમય રીતે કહીએ તો આ વાત કુરાનમાં કહેલી વાતને મળતી આવે છે. આ પ્રશ્ન કરનારને મારાથી બને એટલી સાદી રીતે તે બાબત સમજાવી.

આ શબ્દપ્રયોગ મેં પહેલવહેલો કેવી રીતે સાંભળ્યો તે કહ્યું અને ઉમેર્યું : "યાદ રાખો, કે આ તબક્કે હું ઈસુ વિષે કંઈ જ જાણતી નહોતી. જો મારી પાસે કોઈ ધાર્મિક પુસ્તક હોય તો તે કેવળ કુરાન હતું, અને તેમાં ઈસુને મરિયમનો દીકરો, એમ કહેલું છે. એ વાત સત્ય છે કે કુરાન એ વાત કબૂલ રાખે છે, કે ઈસુના જન્મમાં કોઈ પુરુષનો હિસ્સો નહોતો, એટલે કે તેમનો જન્મ ખાસ રીતે થયો હતો. પણ

આમાં કુરાનને કોઈ ખાસ બાબત લાગતી નથી. કારણ કે ખાસ બનાવોમાં લગભગ હંમેશાં ઈશ્વરના ખાસ સંદેશિયા સંકળાયેલા હોય છે. આ દૃષ્ટિએ ઈસુને આદમ, અબ્રાહમ, મૂસા અને મહંમદની કક્ષામાં પણ મૂકી શકાય. એટલે ઈસુ જ્યારે મને મારા ઓરડામાં દેખાયા ત્યારે મેં ખરેખરી રીતે તેમને ઓળખ્યા કે તે કોણ હતા.''

''જે અજવાળું મારા ઓરડામાં પ્રકાશ્યું, તે મારા હૃદય અને મનમાં પણ પ્રકાશ્યું, અને મેં સ્પષ્ટ રીતે જોયું, કે ઈસુ ખરેખર એકલા માણસ નહોતા પણ દેવપુત્ર હતા, જે હલવાન તરીકે મારાં અને આખી દુનિયાનાં પાપોને માટે મરાયા હતા. મને શીખવવામાં આવ્યું હતું, કે પાપોની માફી માટે આપણે કોઈ પ્રાણીનું બલિદાન આપવું પડે. અને તેથી બચા ઈદ વખતે કુટુંબના દરેક સભ્ય દીઠ એક બકરાનો વધ કરવામાં આવે છે. અને જેમ બકરાનું લોહી વહી જાય છે તેમ આપણાં પાપો દૂર કરવામાં આવે છે. અને આ ક્રિયા આપણે વરસોવરસ કરવી પડતી હતી. હવે મેં જોયું કે ઈસુએ વધસ્તંભ પરના મરણથી હંમેશને માટે મારાં પાપ ધોઈ નાખ્યાં હતાં.''

''જેમ જેમ હું બાઇબલ વાંચતી ગઈ તેમ તેમ આ બાબત વધારે સ્પષ્ટ થતી ગઈ. કુરાન એમ શીખવે છે ઈસુ ખરેખર વધસ્તંભે જડાયા નહોતા. તે તેમાંથી છટકી ગયા હતા. કુરાન એમ કહે છે, કે યહૂદીઓ ઈસુને વધસ્તંભે જડીને મારી નાખવા માગતા હતા તેમાંથી ઈશ્વરે તેમને બચાવ્યા. ઈસુને બદલે બીજા કોઈને વધસ્તંભે જડવામાં આવ્યો હતો. ઈસુ મરિયમના દીકરા હતા. કુરાન કહે છે તે પ્રમાણે આ મેરી હારૂનની બહેન ન હતી. પણ દાઉદ રાજાની વંશજ હતી.''

ઈસુ ખ્રિસ્ત વિષે હું શું શીખી તે સમજાવવાની આ તક મને મળી તેથી મને ઘણો આનંદ થયો. કેવળ મારા સાજા થવા

વિષે વાત કરવાને બદલે બીજી વાત પર પણ બોલવાનું મળ્યું તે સારું થયું, અને તેથી મને ભારે ઉત્તેજન પણ મળ્યું.

બુધવાર, તા. ૬ઠ્ઠી ઓક્ટોબરને રોજ લેંકેશાયરમાંના નેલસનમાં રહેતા એક પાકિસ્તાની ખ્રિસ્તીઓના જૂથને મળવાનું મને આમંત્રણ મળ્યું. હડર્સફિલ્ડની બહાર જવાનો મારો આ પ્રથમ પ્રસંગ હતો. નવા વિચિત્ર નામો મારા શબ્દકોષમાં ઉમેરાતાં જતાં હતાં, અને દર અઠવાડિયે હું મારી ડાયરીમાં તે લખી લેતી હતી.

ખ્રિસ્તી ધર્મનાં પાયાનાં સત્યોમાં માનવાનું ચાલુ રાખતાં તેમની સમક્ષ જે પ્રશ્નો ઉપસ્થિત થતા હતા, તે વિષેની આપલે તેઓએ મારી સાથે કરી. "અમારા સાથી પાકિસ્તાનીઓ જેઓ હજુ મુસ્લિમ છે, તેઓ સતત અમારી પર એ દોષ મૂકે છે, કે અમે ત્રણ ઈશ્વરને ભજીએ છીએ. એમ એવું કરતા નથી, તે તેમને સમજાવવું અમને મુશ્કેલ થઈ પડે છે. આ ત્રિએકપણાનો સિદ્ધાંત અમે પોતે જ સમજતા ન હોઈએ તો તેમને અમે શી રીતે સમજાવી શકીએ? તેઓ એમ કહે છે કે, કે મહંમદ પહેલાંના આરબોની માફક અમે અનેક ઈશ્વરની ભક્તિ કરીએ છીએ, જ્યારે અમારે એક જ ઈશ્વરની ભક્તિ કરવી જોઈએ, તેઓ અમને યાદ કરાવે છે, કે આરબો અલ લાહ, અલ લાત અને અલ ઉઝઝાની ભક્તિ કરતા હતા. ત્રિએકપણામાં ત્રણ ઈશ્વર નથી, પણ એક જ ઈશ્વર ત્રણ વ્યક્તિસ્વરૂપે છે, તે તેમને સમજાતું નથી!

પાકિસ્તાની ખ્રિસ્તીઓને કેવળ ઈશ્વરવિદ્યાના જ આવા. પ્રશ્નોનો સામનો કરવો પડતો હતો એમ નહિ, પણ બીજા પ્રશ્નો પણ હતા તે મને પાછળના મારા વસવાટ દરમ્યાન સમજાયું. વળી વ્યવહારિક પ્રશ્નો તો તે કરતાં પણ મુશ્કેલ હતા. તેઓને હું કંઈ મદદ કરી શકી હોઉં તો એટલી જ કે મેં તેમની સાથે

ઈસુ ખ્રિસ્તના મારા અનુભવોની વાત કરી, અને જેમાં તેઓ માને છે તે વાત પકડી રાખવાને ઉત્તેજન આપ્યું, કારણ કે ઈસુએ મને એમ કહેવાનું કહ્યું છે, કે તે જીવતા છે, અને થોડી વારમાં આવવાના છે.

મારી સેવા, જોકે પેન્ટીકોસ્ટલ અને પાકિસ્તાની ખ્રિસ્તીઓમાં જ સમાઈ જતી નહોતી. લેંકેશાયરથી પાછા આવ્યા પછી મેં ત્રણ એંગ્લિકન મંડળીઓની સભાઓને સંબોધી. ઈલિઝાબેથ અને એરિક મારી સાથે હતાં અને એરિકે મારા દુભાષિયા તરીકે કામ કર્યું. આ મંડળીઓના લોકો વધારે શાંત હતા, અને બહુ વિવેકી શ્રોતાઓ હતા. અને સભાઓને અંતે ઘણાએ કદરદાની પ્રદર્શિત કરતાં ઉષ્માભરી લાગણીઓ પ્રદર્શિત કરી.

એ પછી આજ મહિનામાં, ૧૭મી ઓક્ટોબરે મને એક ભારે રસપ્રદ શહેર - ઓક્સફર્ડ જોવાનો, જીવનમાં યાદ રહી જાય એવો પ્રસંગ સાંપડયો. નામથી હું તે સ્થળ જાણતી હતી. તેની શૈક્ષણિક ઉત્તમતાની ખ્યાતિ પાકિસ્તાનનાં અંતરિયાળ ગામડાં સુધી પહોંચી ગઈ હતી. જે કોઈ હોશિયાર કે પૂરતું મહત્ત્વાકાંક્ષી હોય તે ઓક્સફર્ડમાં અભ્યાસ કરવાનું સ્વપ્ન સેવતું.

મારો ભાઈ અલિમશાહ ધારાશાસ્ત્રી થવા માટે પાકિસ્તાનથી અહીં આવ્યો હતો; અને તેણે અમારી આગળ ભવ્ય સ્થાપત્યવાળા એક સુંદર શહેરનું ચિત્ર દોર્યું હતું. તે શું કહેવા માગતો હતો તેનો અર્થ, જ્યારે તેની શેરીઓમાંથી અમે પસાર થતાં હતાં ત્યારે મને સમજાયો. મને યાદ છે, કે છેલ્લે તે આ શબ્દો ઉમેરતો : "અલબત્ત, તે શહેર કાફરોથી ભરચક છે, જો તેનાં અસંખ્ય દેવળોના મિનારા પરથી કંઈક ફલિત થતું હોય તો!" તે પછી મને જાણવા મળ્યું છે, કે એજ મિનારા કાવ્યમય વર્ણનોના સમૃદ્ધ શ્રોત બન્યા છે. તેમાંના કેટલાક તો અમર થઈ

ગયા છે, જેમ કે એવા એક વર્ણનમાં ઓક્સફર્ડને "સ્વપ્નો સેવતા મિનારાઓનું શહેર કહ્યું છે."

આ મિનારા જ્યારે મેં પ્રથમ વાર જોયા ત્યારે તે મને સ્વપ્નોમાં રાચતા તો લાગ્યા જ નહીં, પણ તેમને જોતાં મેં રોમાંચ અનુભવ્યો અને ઈશ્વરે કરેલી મારી કૃતિને માટે આભારસ્તુતિ કરતાં મારું હૃદય સ્વર્ગ ભણી ઊંચકાયું - જે હેતુને માટે આ મિનારાઓ પણ રચવામાં આવ્યા હતા. ત્યારે તો હું જાણતી નહોતી, પણ ઈશ્વરના દૂરંદેશીપણાએ આ સ્થળને મારા જીવનમાં એક અર્થપૂર્ણ સ્થાન તરીકે નિર્માણ કર્યું હતું. જેમ વરસો વીતતાં ગયાં તેમ તેમ આ સ્થળ વિષેનું મારું જ્ઞાન વધ્યું છે, અને મને માલૂમ પડયું છે કે આ શહેરે ખ્રિસ્તી વિશ્વાસની કેવી છટાદાર સાક્ષી આપી છે. સામાન્ય લોકો પણ વાંચી શકે તે માટે બાઇબલનું લેટીનમાંથી અંગ્રેજીમાં પહેલું ભાષાંતર જોન વિકિલફે જે સ્થળે રહીને કર્યું, તે શું આજ સ્થળ નહિ? તેમને માટે તે કેવું રોમાંચક બન્યું હશે! મને યાદ છે, કે હું સાત વર્ષની હતી ત્યારથી મેં સુંદર અરેબિક કાવ્યમાં લખેલું કુરાન વાંચ્યું હતું અને તેને ચાહતી હતી. પણ જ્યારે હું તેનો અર્થ સમજવા માગતી હતી ત્યારે મારી પોતાની માતૃભાષામાં લખેલા કુરાનની એક નકલ મેં ગુપ્ત રીતે મેળવી હતી, એ માટે કે હું તેમાંના લખાણનો અર્થ સમજી શકું.

મને મારા યજમાનના ઘેર લઈ જતા હતા ત્યારે રસ્તા પરના સાયકલ સવારોનાં ટોળેટોળાંને ટાળવાનો સમય ભારે મૂંઝવણભર્યો થઈ પડયો. મને થયું કે ઘડીમાં કોઈ એકની સાથે આથડી પડાશે. તેમની પાછળ પવનમાં ફરકતા કાળા ઝભ્ભામાં તેઓ જ્યાં જુઓ ત્યાં, આમથી તેમ, પોતાનો રસ્તો કરી રહ્યા હતા. હું ભારે અચંબામાં પડી ગઈ. મારા મનમાં એમ હતું કે કેવળ પાકિસ્તાનમાં જ આટલા બધા લોકો સાયકલ સવારી

કરતા હશે!

આ શનિરવિના મારા યજમાન એશિયન ચર્ચના પાસ્ટર હતા. ફાધર બર્નાર્ડે આ ગોઠવણ કરી હતી. પાસ્ટરને મળતાં મને ખૂબ આનંદ થયો; તેનું ખાસ કારણ એ હતું કે તે પણ તેમના કુટુંબમાંથી એકલા જ ખ્રિસ્તી થયા હતા. મોટાભાગના પાકિસ્તાની અને ભારતીય ખ્રિસ્તીઓ, ગઈ સદીમાં યુરોપીઅન મિશનરીઓ દ્વારા ખ્રિસ્તી થયેલાં કુટુંબોમાંથી આવેલા હતા. મને લાગ્યું કે મારી અને પાસ્ટરની વચ્ચે ઘણું સામ્ય હતું. તેમના કુટુંબે મારું અભિવાદન કર્યું અને ઉમળકાથી તેમના કુટુંબમાં મને આવકારી.

મારે માટે ગોઠવેલી સભાઓ માટે કેનિંગ સ્ટ્રીટમાં આવેલું સેન્ટલૂકનું દેવળ ભાડે રખાયું હતું. સામાન્ય રીતે એશિયનોની ભક્તિસભા બપોર પછી ત્રણ વાગે વિટહામ સ્ટ્રીટમાં આવેલા બાપ્ટિસ્ટ ચર્ચમાં થાય છે. આમાંના મોટાભાગના ખ્રિસ્તીઓએ મારી સાક્ષીની ટેઈપ સાંભળી હતી, પણ બીજી બધી જગાની માફક આ લોકો મને રૂબરૂ સાંભળવા આતુર હતા. પહેલી રાત્રે જ્યારે ભારતીય સ્ત્રીઓ રંગબેરંગી સુંદર સાડીઓમાં સજ્જ થઈને રૂઆબભેર દેવળમાં આવતી ત્યારે મને એમ થયું કે હું પાછી ભારતમાં આવી ગઈ હોઉં. પાકિસ્તાનમાં તો કેવળ પાકિસ્તાની પોશાક જ જોવા મળતો હતો. પાછળથી મને જાણવા મળ્યું, કે તેમાંના ઘણા બધા પંજાબથી આવ્યા હતા. ઘણા તો એક જ વિસ્તારમાંથી, અરે એક જ ગામમાંથી આવેલા હતા. તે એક સુગ્રથિત સમાજ હતો.

હું તેમને સંબોધન કરવા ઊભી થઈ તે મારે માટે એક હચમચાવી નાખનાર અનુભવ હતો. ત્યારે ઈસુએ કહેલા શબ્દો મને યાદ આવ્યા કે, "મારા લોકો તે તારા લોકો છે." દરેક રાષ્ટ્રમાંથી, દરેક કુળમાંથી તેમણે તેમને તેડયા હતા. સ્વર્ગનું

દર્શન મારી આંખો સમક્ષ ઝબકી રહ્યું, જ્યારે બધા જ ભેદ ભૂંસી નાખવામાં આવ્યા હશે, અને બધા જ સફેદ ઝભ્ભામાં સજ્જ થયેલા, જે હલવાન મારી નંખાયેલું હતું તેના રાજ્યાસન આગળ ઊભા રહીને તેની સમક્ષ ગાતા હશે ત્યારે કેવો થનગનાટ અનુભવાશે એમ મને થયું. તે વખતે આપણને દુભાષિયાની જરૂર પડશે નહિ, જેમ આ સભામાં પહેલવહેલી વખત મારે દુભાષિયાની જરૂર ન પડી તેમ.

ભક્તિસભા પંજાબીમાં ચલાવવામાં આવી અને હું ઉર્દૂમાં બોલી, અને મારા શ્રોતાઓ આ બન્ને ભાષા સહેલાઈથી સમજી શકતા હતા, દેશી વાદ્યો જેવાં કે ઢોલકી, ખંજરી, તબલાં વગેરે અને એક્કોર્ડિયનના અવાજો દેવળમાં ગાજી ઊઠયા, જે દ્વારા આપણા તારનારની સ્તુતિ અને વખાણ કરતાં હૃદયો તેની તરફ ઊંચકાયાં.

તે સંગીતમંડળનો આગેવાન, જે એક ઉત્સાહી, જુવાન ખ્રિસ્તી આગેવાન હતો, તે પાછળથી મારી પાસે આવ્યો અને બોલ્યો : "સિસ્ટર ગુલશન, હું વૂડસ્ટોક રોડ પર આવેલા રેડિયો ઓક્સફર્ડમાં કામ કરું છું, અને દર નાતાલે રેડિયો પર એક ખાસ પ્રસંગ તરીકે એક વ્યક્તિની મુલાકાત ગોઠવાય છે, તેમાં હું તમારી વ્યવસ્થા કરી શકું છું."

મને એમ થયું કે હું આ શું સાંભળી રહી છું. હું, ગુલશન એસ્તર, ઇંગ્લૅંડમાં રેડિયો પર ઈસુની સાક્ષી આપવાની! મારું કુટુંબ આ સાંભળે તો તેઓ શું કહે? હું ઉત્સાહપૂર્વક તેમાં સંમત થઈ. ઈસુના જે સાજા કરવાના ચમત્કારિક પરાક્રમે, મારા શરીરને સાજું કરવાનો મહિમાવંત ચમત્કાર કર્યો હતો, તે સાક્ષી પ્રગટ કરવાનો આથી વધારે સારો સમય મને બીજે ક્યાં મળવાનો હતો? નાતાલનો સમય જે ખૂબ જ ભાવનાપ્રધાન હોય છે, તેને "હું રસ્તો, સત્ય તથા જીવન છું" તે શબ્દોથી

ભેદી નાખવાની જે અદ્‌ભુત તક મને મળવાની હતી તે વિશેષ મહિમાવંત બાબત હતી. નાતાલના સમયે જે સુંદર રોશની પ્રકાશી રહી હોય છે. તે પ્રકાશમાં આ એક બાબત વધારો કરશે, અને તે નાતાલના ખાસ ઉત્સવના સાચા અર્થ અને હેતુનું પુનઃસ્થાપન કરશે.

રેડિયો કાર્યક્રમના સંચાલક સહમત થયા, અને એવી વ્યવસ્થા કરવામાં આવી કે સંગીતમંડળના આગેવાન પ્રશ્નો પૂછે. એની આગલી રાત્રે મેં ઈસુને પ્રાર્થના કરી : "પ્રભુ, હું કંઈ નથી. તમારા નામનો મહિમા થાય એવી રીતે તમે મારો ઉપયોગ કરો." પાદરી સાહેબ મને તેમની મોટરમાં રેડિયો સ્ટેશને લઈ ગયા. હું જરાક ક્ષુબ્ધ થઈ ગઈ. આ પહેલાં મારા જીવનમાં કદી રેડિયોના રેકર્ડિંગરૂમમાં ગઈ ન હતી. અંગ્રેજ સંચાલકને મારી ઓળખાણ કરાવવામાં આવી, અને તે અમને રેકર્ડિંગરૂમમાં લઈ ગયા. સંગીત મંડળના આગેવાન ત્યાં હતા. તેમણે બધો વિધિ મને સમજાવ્યો.

"હું એક પ્રશ્ન પૂછીશ. તેનો જવાબ તમે આપો ત્યારે આ માઈક્રોફોનમાં બોલવાનું. તમારે બોલવાનું બંધ કરવાનું હશે ત્યારે હું આંગળી ઊંચી કરીશ. આ યાદ રાખવાનું જરૂરી છે, કેમ કે ત્યારે તમે આ હેડફોન પહેરેલા હશે. એને પહેરી જુઓ. પ્રથમ આપણે તેની થોડી પ્રેક્ટિસ કરી લઈએ."

તેમણે આવા પ્રશ્નો મને પૂછયા : હું કયાં જન્મી હતી? મારા કુટુંબમાં કોણ કોણ હતાં? મને શું થયું હતું? હું, કેવી રીતે સાજી થઈ? મને કોણે સાજી કરી તે વિષે મારે શું કહેવાનું હતું? મારા ઉત્તરો ટૂંકા અને મુદ્દાસરના હોવા જરૂરી હતા. તે કેવળ અર્ધા કલાકનો કાર્યક્રમ હતો. અમે ભારે તકેદારી રાખીને અમારું ધ્યાન કેન્દ્રિત કર્યું, અને જ્યારે તે પૂરો થયો, અને બધાને સંતોષ થયો ત્યારે મેં હાશ અનુભવી. ત્યારે

એકીસાથે મને આનંદ થયો અને મેં નમ્રતા પણ અનુભવી, કારણ કે આ અદ્ભુત શહેરમાં, ગત સદીઓમાં જે મહાનુભાવોએ ઈસુ ખ્રિસ્તની સાક્ષી આપી હતી. તેમના પ્રખ્યાત સૂરોમાં મારો પણ નાનો સરખો સૂર ઉમેરાયો હતો. જ્યારે હું પાછી આવી ત્યારે હડર્સફિલ્ડના મારા મિત્રોએ પણ મારી સાથે આનંદ અનુભવ્યો.

❖ ❖ ❖

## પ્રકરણ ૬

# શિષ્યપણાની કિંમત

ફાધર બર્નાર્ડે મારે માટે શરૂઆત કરતાં જે કાર્યક્રમ ગોઠવ્યો હતો, તેથી ઓક્સફર્ડમાંના મારા આ શનિરવિ ખૂબ આનંદમાં વીત્યા હતા, અને હું તેથી આહ્‌લાદ અને તનમનાટની લાગણી અનુભવી રહી હતી. આમંત્રણોનો કંઈ તોટો ન હતો. ઈસુએ મને જે વચન આપ્યું હતું તે પ્રમાણે તે મારે સારુ દ્વાર ખોલતા હતા. હું દરરોજ પ્રાર્થના કરતી હતી અને મારું બાઇબલ વાંચતી હતી. એ માટે કે હું તેમની નિકટ સંગતમાં રહું, અને જે દ્વાર તે ખોલતા હતા, તેમાં થઈને જ્યારે હું અંદર પ્રવેશ કરું ત્યારે તે પણ મારી સાથે હોય. તેમનું અને તેમના એકલાનું જ નામ મહિમા પામે, તેની ખાતરી કરવાની એ એક જ રીતે હું જાણતી હતી.

હું હડર્સફિલ્ડ પાછી ફરી ત્યારે શેફિલ્ડના પાસ્ટર સેમ્યુલનું આમંત્રણ મારી રાહ જોતું હતું. તે ઇચ્છતા હતા કે હું તેમની મંડળીમાં મારી સાક્ષી આપું અને તેમને સંબોધું. તેમણે એવી વ્યવસ્થા કરી હતી કે હું તેમની મંડળીમાં મંગળ, બુધ અને ગુરુવારે સાંજની સભાઓમાં પ્રભુની વાત કરું, તેમની પાસે સ્કૂટર હતું તેથી તેઓ મને લઈ જઈ શકે તે શક્ય ન હતું. મારે માટે તે કોઈ મુશ્કેલીરૂપ ન હતું, કારણ કે હું જાણતી હતી કે એરિક મને બસસ્ટેશને લઈ જશે, અને યોગ્ય બસમાં મને બેસાડશે. જેમ જેમ પ્રવાસ કરવાનો મારો અનુભવ વધતો ગયો અને મને આત્મવિશ્વાસ આવતો ગયો, તેમ તેમ તે મારા પ્રવાસની રીત બની ગઈ. બસો અને સમય પત્રકોથી માહિતગાર થવાની મારી એ શરૂઆત હતી.

બસથી મુસાફરી કરવી મને આરામદાયક લાગી, અને બસો ઝડપી ગતિથી જેમ આગળ વધતી હતી, તેમ હું મારી બેઠકમાંથી કુદરતનાં સુંદર દૃશ્યોની મઝા માણતી હતી. બસની આ આરામપ્રદ મુસાફરી કરતાં મને પાકિસ્તાનમાંની મારી બસની ખાડાટેકરાવાળી મુસાફરી સ્પષ્ટ યાદ આવી. અને એ કરતાં પણ વધારે સારી વાત એ હતી કે અહીં ઊભા રહેવાનું કે ધક્કામુક્કી કરવાનું, આ કોની બેઠક છે તે માટે દલીલ કરવાનું, કે ગેરવ્યવસ્થાનું નામનિશાન નહોતું. વસ્તુઓ વેચતા ફેરિયાઓની ડખલમાંથી પણ અહીં મુક્તિ હતી.

કદાચ સૌથી મોટો તફાવત તો લાંબા અંતર સુધીનો શાંત સમય હતો. પાકિસ્તાનમાં, જ્યાં હું બસની મુસાફરી કરવા હું ટેવાયેલી હતી, ત્યાં કેટલીક વાર લોકો ઘાંટા પાડીને એકબીજા સાથે વાત કરતા હોય. ઇંગ્લૅંડમાં ટૂંકી વિવેકમય વાતચીત હોય, અને દરેક જણ વિનયશીલ હોય. ત્યાં મેં એ પણ નિહાળ્યું, કે લોકો દરેક જણને "થેન્ક-યુ" કહેતા, પછી ભલેને તે સૌથી હલકું કામ કરનાર હોય. પાકિસ્તાનમાં જાણે "થેન્ક-યુ" કહેવાનો કેવળ ગરીબોનો જ ખાસ હક ન હોય! પૈસાદારની સેવા કરવી એ તેમની માનવંત ફરજ હતી!

હું સોમવારે શેફિલ્ડ આવી પહોંચી અને તે સાંજ પાસ્ટર તથા તેમના કુટુંબ સાથે ગાળી. તે ઉર્દૂ બોલતા હતા, અને તેથી અમારી વાતચીત સરળ બનતી હતી, અને તે મારા દુભાષિયા પણ બન્યા. હું ભારે પ્રશંસાપૂર્વક તેમનું બોલવું સાંભળતી હતી. તેઓ મને ભાષાંતર કરવાની કળાના નિષ્ણાત લાગ્યા. ભાષામાં અર્થના સુક્ષ્મ ભેદ પકડીને, તે સાચી સમજ આપતા અને લાગણીનો સાચો તાગ પ્રદર્શિત કરતા. પણ તેમને મોટર સાયકલ પર બેઠેલા અને ત્યાંથી બોલતા સાંભળવામાં મને મઝા પડી અને ગમ્મત પણ થઈ, કારણ કે તેને લીધે મારી ભૂતકાળની

જીવંત સ્મૃતિઓ તાજી થઈ.

જે દિવસે હું મારા ભાણેજની મોટર સાયકલની પાછળની સીટ પર જિંદગીમાં પ્રથમ વાર બેઠી, અને જીવ બચાવવા તેને જોરથી પકડી રાખેલો, તે મને યાદ આવ્યું. ત્યારે મને હવામાં 'ઊડવાની' લાગણીનો અનુભવ થયો. તેના કરતાં પણ વધારે યાદગાર પ્રસંગ મારા મનમાં આવ્યો. એક વખતે મઢી, જે બ્રિટિશરાજનું પ્રતીક ગણાતું હતું, ત્યાં સ્ત્રીઓના, ઉનાળાના કેમ્પમાં મારે બોલવાનું હતું. ભારે ખ્રિસ્તી પ્રવૃત્તિનું તે કેન્દ્ર બન્યું હતું, અને આખા પાકિસ્તાનનાં જુદાં જુદાં ખ્રિસ્તી જૂથો ત્યાં કેમ્પ અને કૉન્ફરન્સો ભરતાં હતાં, મારી જિંદગીની, ગાડીની પ્રથમ મુસાફરીમાં મારે રાવળપીંડી જવાનું હતું, અને ત્યાંથી મારે કૉન્ફરન્સના સ્થળે મુબારિક જવાનું હતું. ત્યાં મારે કૉન્ફરન્સના મુખ્ય વક્તા તરીકે હાજર રહેવાનું હતું.

મારા ભાણેજે મને કાકલુદી કરીને મારી યોજનામાં ફેરફાર કરાવ્યો, એ સારુ કે હું તેના લગ્નમાં જઈ શકું, જે શનિરવિ પર રાખવામાં આવ્યું હતું, અને મારે તેજ દ્દિવસોમાં વક્તા તરીકે જવાનું હતું, જોકે મારો સમય ઘણો મર્યાદિત હતો તોપણ, બહુ આનાકાની બાદ મેં મારા પ્રવાસના કાર્યક્રમમાં કેટલોક ફેરફાર કર્યો અને લગ્નમાં જવા તૈયાર થઈ. તે સાથે મને એ આશા હતી કે કુટુંબીઓને ઈસુની સાક્ષી આપી શકવાની સારી તક પણ મળશે. જોકે ઈસુ ખ્રિસ્ત ખરેખર ઈશ્વરનો પુત્ર છે અને સાક્ષી આપવાનો મારો પ્રયત્ન ઠઠ્ઠામશ્કરીમાં પરિણમ્યો. "અરે, એ તો ગાંડી છે, એને એકલી રહેવા દો," તેઓએ કહ્યું, અને નફરત તથા ક્રૂરતાથી ઉમેર્યું, "તે૦અમારી સગી નથી, એની સાથે વાત ના કરો."

એ જાણીને આશ્ચર્ય નહિ થાય, કે જ્યારે હું બસસ્ટેશને જવા તૈયાર થઈ, ત્યારે કોઈ મને મૂકવા ન આવ્યું. મારી બહેને

તો બીજો દિવસ પણ મને રહેવાની વાત કરી, પણ હું એમ કરું તો પ્રવાસમાં મારાં બધાં જોડાણ ગુમાવી બેસું. તેથી આખરી વિદાય કહ્યા સિવાય હું તેના ઘરમાંથી નીકળી, અને રાતના બીક લાગે એવા અંધારામાં હું એકલી રસ્તા પર જઈને ઊભી રહી. મેં ઈસુને કહ્યું : "પ્રભુ, તમે મારી પરિસ્થિતિ જાણો છો. મારી સંભાળ લો, અને બસસ્ટેશને હું સમયસર પહોંચું તે માટે મને મદદ કરો. હું પોતાને તમારા હાથમાં મૂકું છું." તરત જ, ઈશ્વરની હાજરી મારી આસપાસ વીંટળાઈ વળી, અને તે અંધારી એકલવાયી જગામાં મને સહીસલામતી લાગી.

એકાએક, મને મોટરસાયકલના એન્જિનનો ધીમો અવાજ સંભળાયો, અને તેની આગળની બત્તી મારી તરફ આવતી દેખાઈ. તે એક રીક્ષા હતી. મારામાં કંઈક આશા જન્મી અને મેં પ્રાર્થના કરી કે હું હાથ બતાવું ત્યારે તે ઊભી રહે. ઈશ્વરની સ્તુતિ થાઓ કે રીક્ષા ઊભી રહી!

"મને જલદીથી બધની બાગ લઈ જઈ શકશો? મારે રાવળપીંડીની બસ પડકવાની છે." આ સહીસલામત હતું કે નહિ તેનો વિચાર કરવા હું થોભી નહિ. ડ્રાઈવરે હકારમાં માથું ધૂણાવ્યું અને હું અંદર બેઠી, અને શેરીઓ વટાવતાં અમે ઝડપથી આગળ વધ્યાં અને તે પંદર માઈલનું અંતર અમે વિક્રમ સમયમાં કાપ્યું.

જ્યારે અમે આવી પહોંચ્યાં ત્યારે તે મારી પેટી વતન ટ્રાન્સપોર્ટ બસ લાઈનમાં લઈ ગયો અને બસમાંની આગળની બેઠક નીચે મૂકી. મેં એનું મોં જોયું જ નહિ, કારણ કે તેણે માથે ઓઢેલું હતું અને શરીર પર લાંબો ભૂરા રંગનો ઝભ્ભો પહેર્યો હતો. મને વિચાર આવ્યો કે કદાચ તે પઠાણ હશે. પછી જ્યારે હું તેને ભાડાના પૈસા આપવા લાગી, ત્યારે તે સહેજ

મારી તરફ ફર્યો અને બોલ્યો, "ઈશ્વરે મને તમારી મદદ માટે મોકલ્યો છે, શાંતિથી જાઓ." એમ કહીને તેણે ઝભ્ભાની બાંય ચઢાવી, તો મેં ચળકતા અક્ષરોમાં તેના હાથ પર 'પાત્રસ' (પીતર) લખેલું જોયું. તેની આંખો એવા પ્રકાશથી ચમકી રહી હતી, કે ભાગ્યે જ હું તેનું મુખ જોઈ શકું.

હું આશ્ચર્ય અને ભયની લાગણીથી હચમચી ગઈ, અને ઈશ્વરની મારા પ્રત્યેની ભલાઈથી આશ્ચર્યમાં તરબોળ થઈ ગઈ. મારાં સગાંઓએ મને બસસ્ટેશન સુધી લઈ જવાની ના પાડી, અને તુચ્છકારથી એમ કહ્યું, કે "અમે અમારી મોટરને અશુદ્ધ કરવા નથી માગતા, તારા ઈસુને કહે કે તે તને લઈ જાય." જો હું તેમને એમ કહી શકું તો કેવું સારું કે મેં ઈસુને કહ્યું, અને તેમણે મને આવી અદ્‌ભુત રીતે મારી પ્રાર્થનાનો જવાબ આપ્યો હતો. પણ કદાચ તેથી કશો ફરક પડત નહિ. આ પ્રસંગ મારે માટે એક ગૂંચવણિયો પ્રશ્ન મૂકી ગયો હતો, કે શા માટે પીતર? કદાચ મને કદીપણ તે જાણવાનું નહિ મળે.

પાસ્ટર સેમ્યુલે તેમણે ગોઠવેલી સભાઓ માટે એક શાળાનો હોલ ભાડે રાખ્યો હતો. પહેલી રાતે હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો, અને સારી પેન્ટીકોસ્ટલ પદ્ધતિ પ્રમાણે, ઉમળકાભેર જોરશોરથી ગવાતાં ભજનો સાથે સરસ સભા થઈ. આ મઝાના ખ્રિસ્તી લોકોમાંથી આનંદ ઊભરાઈ રહ્યો હતો. સભામાં બધે લોકોને સ્પર્શ કરીને તેમને સાજા કરતી ઈસુની વાસ્તવિકતાથી વાતાવરણ ભરાઈ ગયું હતું. એટલે એ વાતમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ નહોતું, કે જ્યારે હું મારી સાક્ષી આપવા ઊભી થઈ ત્યારે બધી આંખો મારા પર મંડાઈ રહી હતી. ઈસુએ જેમનાં શરીરોને સ્પર્શ કર્યો હતો, તેઓનાં હૃદય અને મન મારા અનુભવનો પડઘો પાડી રહ્યાં હતાં પણ આ પહેલાં મારું મન પ્રેરિત પીતર વિષે વિચાર કરી રહ્યું હતું, અને એકાએક

મારામાં કંઈક સળવળી ઊઠયું. ઈસુએ મને તેમના લોકોને એમ કહેવાનું કહ્યું હતું, કે "હું જીવતો છું, અને થોડીવારમાં આવું છું." મને એકાએક એ વાતનું ભાન થયું કે પીતરને મન આ સત્ય ઘણું કીમતી હતું.

પ્રભુ તરફ સતત નજર રાખવાનું અને તેમના આગમન માટે વિશ્વાસુપણે રાહ જોવાનું કહેનાર શું પીતર નહોતો? ૨ પીતર ૩ : ૨-૪ અને ૮-૧૦માં આ પ્રમાણે કહેવામાં આવ્યું. છે :

"પવિત્ર પ્રબોધકો દ્વારા અગાઉ જે વચનો કહેવામાં આવ્યાં હતાં, તેઓનું, પ્રભુ અને તારનારે તમારા પ્રેરિતોની મારફતે આપેલી આજ્ઞાનું તમે સ્મરણ કરો. પ્રથમ તો આ વાત જાણો કે છેલ્લા સમયમાં ઠઠ્ઠા કરનારા આવશે, જેઓ પોતાની દુર્વાસના પ્રમાણે ચાલશે, અને કહેશે, કે તેના આગમનના વચનનું શું થયું છે? કેમ કે પૂર્વજો ઊંઘી ગયા ત્યારથી ઉત્પત્તિના આરંભમાં સઘળું જેવું હતું તેવું જ રહે છે. પણ વહાલાઓ, આ એક વાત તમે ભૂલી ન જાઓ, કે પ્રભુની નજરમાં એક દિવસ હજાર વરસોના જેવો, અને હજાર વરસો એક દિવસના જેવાં છે. વિલંબનો જેવો અર્થ કેટલાએક લોકો કરે છે, તેમ પ્રભુ પોતાના વચન સંબંધી વિલંબ કરતો નથી; પણ કોઈનો નાશ ન થાય પણ સઘળાં પશ્ચાતાપ કરે, એવું ઇચ્છીને પ્રભુ તમારે વિષે ધીરજ રાખે છે."

ઈશ્વરની ધીરજ, એજ સાચો ચમત્કાર હતી, અને નહિ કે મારું સાજા થવાનું. હું તો એક દિવસ મરી જવાની છું, પણ અનંતજીવન જે ઈશ્વરનું દાન છે, અને જેને આપવા માટે ઈશ્વર આકાંક્ષા રાખે છે, તેને આપણે પકડી લેવું જોઈએ. તે રાત્રે શેફિલ્ડમાં જેઓ મને સાંભળવા માટે આવ્યા હતા, તેઓને આપેલા સંદેશાનો એ સાર હતો.

એ સભા ખાસી લાંબી ત્રણ કલાક ચાલી હતી. પણ તે દરમિયાન મને ઈશ્વરે ધરી રાખી હતી, એમ મને લાગ્યું હતું. મારી કમ્મરની આસપાસ જાણે કે શક્તિનો એક પટ્ટો હતો, જે મને બળ તથા શક્તિ આપીને ટકાવી રાખતો હતો. સભા પછી ઘણાં મારી પાસે આવ્યાં અને કહ્યું, "ખરેખર, આ ઈશ્વરનું જ કામ છે." જેમ્સ, એ શાળાના આચાર્ય તો ખાસ રાજી થયા, અને કહ્યું, "હું જોઉં છું કે ઈસુ તેમના ટોળાને દરેક રાષ્ટ્રમાંથી દોરી લાવે છે." એ ખરેખર એક વિચિત્ર ઘટના હતી, કે ઓક્સફર્ડમાં મને જે કહેવામાં આવ્યા હતા, તેજ શબ્દોનું પુનરુચ્ચારણ તેમણે કર્યું હતું. શું ઈસુએ મને ઠેઠ પાકિસ્તાનથી અહીં ઇંગ્લૅંડમાં, તેમનાં ઘેટાંને એકત્ર કરવા આણી હતી? એ અજાયબ વિચાર હતો. ઇસ્લામાબાદના બ્રિટિશ કોન્સલે કહ્યું હતું કે મિશનરીઓ ઇંગ્લૅંડથી પાકિસ્તાન આવતા હતા અને નહિ કે તેથી વિરુદ્ધ દિશામાં. પણ, અહીં હું એક અપંગ મુસ્લિમ છોકરી, જેને ઈસુએ નવો જન્મ આપ્યો હતો, તે તેમની એક "મિશનરી" બની રહી હતી. આપણા જગિક ખ્યાલોને તે કેવા ઉથલાવી નાખે છે!

છેલ્લી સાંજે, સભા પછી મને મળવાને માટે તેમના એક વિદ્યાર્થીને તે લાવ્યા હતા. તે સોળ વરસનો એક મુસ્લિમ વિદ્યાર્થી હતો અને મહંમદનો અતિ ઉત્સાહી અનુયાયી હતો. તેની સાથે તેના પિતા પણ હતા. તેઓ પોતાનું કુરાન સાથે લાવ્યા હતા, અને ઈસુની વાત કુરાનમાં કયાં આવે છે તે તેઓ મારી પાસેથી જાણવા માગતા હતા. જ્યારે મેં કુરાન લેવા હાથ લંબાવ્યો ત્યારે તેઓએ મને, તેને અડકવા પણ ન દીધી. "તમે અમારા કુરાનને અડકી શકતાં નથી. તે પવિત્ર પુસ્તક છે, અને કાફરોને તેને અડકવાની મના છે. તમે અત્યારે ખ્રિસ્તી છો, એટલે કાફર છો. અને તમારે અમારા કુરાનને અડકવું જોઈએ

નહિ.'' તેણે મારી સામે ત્રાડ પાડી અને જાણે હું તેને અડકી જવાની હોઉં તેમ તેને સંતાડી દેવા લાગ્યા.

મારા પોતાના પિતા કુરાનને કેવી રીતે વાપરતા હતા તે મને યાદ આવ્યું. તે ઊંચી અભરાઈ પરથી તેમનું કુરાન ઉતારે, તે અભરાઈ ઘરમાં ઊંચામાં ઊંચી હોય, તેની પર કુરાન મૂકવાનું, અને તેની પર કે તેનાથી ઊંચે બીજું કશું પણ મૂકેલું હોવું ન જોઈએ. પછી તે તેના લીલા રેશમી કવરને ચૂંબન કરે અને બિસ્મિલ્લાહ (''ઈ-રહેમાન, ઈર રહિમ''- કરુણાળુ અને દયાળુ ઈશ્વરના નામમાં હું આની શરૂઆત કરું છું.) ઉચ્ચારે, આ પછી તે વુડુ (હાથપગ ધોવાની વિધિ) કરે, કુરાનને લીલા કવરમાંથી બહાર કાઢે, ફરીથી બિસ્મિલ્લાહ બોલે અને તેના આસન પર મૂકે અને પછી આંગળીનાં ટેરવાં વડે જ તેનો સ્પર્શ કરે.

તે ચિત્રથી મને હમણાં જ લાગેલો ધક્કો જરા નરમ પડયો. મેં નમ્રપણે પિતાપુત્રને કહ્યું, ''મહંમદ મારા પૂર્વજ છે. તમે મને કેવી રીતે કહી શકો કે હું તેમના પુસ્તકને અડકી શકું નહિ? મહંમદના વશંજને તેમના પવિત્ર પુસ્તકને અડકવાની મના તમે કરી શકો? મારા પિતા એક પીર હતા. એમનું નામ શાહ હતું. હજું મારું નામ ગુલશન એસ્તર શાહ છે. હું હવે મુસ્લિમ નથી એટલે તેમનું નામ વાપરવાની મના મને કોઈએ કરી નથી. જો તમે મહંમદને માન આપતા હો, - એમને માન આપતા હો એવું લાગે તો છે - તો તમારે તેમના વંશજને પણ માન આપવું જોઈએ. હું અત્યારે ઈસુ ખ્રિસ્તની છું, અને કુરાનમાં ઈસુનો ઉલ્લેખ કરેલો છે. ઈસુ ખ્રિસ્તે પોતે મને તેમના વિષે કુરાનમાં વાંચવાનું કહેલું, તો હું શા માટે કુરાનને અડકું નહિ?''

મારા મનમાં આવ્યું તે મેં કહ્યું. આથી વધારે સારી

દલીલો થઈ શકી હોત, પણ જે થયું તે પૂરતું હતું. થોડાક સમય બાપદીકરો મને નિહાળતા ઊભા રહ્યા. ખાસ કરીને બાપ, તેની લાંબી દાઢી લઈને મને ડરાવતો હોય એમ કર્યું. અંતે તેઓએ મને કુરાન આપ્યું પણ ખચકાતાં ખચકાતાં, મેં તે ઉઘાડયું, અને ત્રણ વરસ સુધી જે કલમો મેં વિશ્વાસુપણે વાંચી હતી તે તેમને બતાવી. મેં તે પિતાપુત્રને અરેબિકમાં વાંચી સંભળાવી, અને પછી તે કલમો તેઓ પોતે વાંચે એવું આમંત્રણ આપ્યું.

જ્યારે તેઓ તે કલમો વાંચી રહ્યા ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં તેમની લાગણી પ્રદર્શિત કરી : "અમે માનીએ છીએ કે ઈસુ પવિત્ર હતા અને તેમને અમે માન આપીએ છીએ. ઘણું કરીને તેઓ બધા પેગંબરોમાં - મહંમદ સિવાય - સૌથી મોટા હતા. પણ એ વાત અમે માની શકતા જ નથી કે ઈશ્વરનો પુત્ર હતો." તેમને માટે આ માનવું કેટલું મુશ્કેલ છે તે હું જાણતી હતી. યહૂદીઓને માટે પણ શું તે ઠોકર ખવડાવનાર બાબત નહોતી, કે તેઓ ઈસુ પર એ દોષ મૂકતા હતા કે તે પોતાને ઈશ્વરની કક્ષાએ મૂકે છે, અને દુર્ભાષણ કરે છે?

જે બધા લોકો ઈસુને એક પેગંબર, મહાન શિક્ષક અને ઈશ્વરના સંદેશવાહક તરીકે, અને એ કરતાં પણ વધારે તરીકે માનવા તૈયાર છે, પણ ઈસુએ પોતા વિષે તેમણે પોતે જે સત્ય શીખવ્યું તે સ્વીકારવાને તૈયાર નથી, તેમના પ્રતિનિધિ તરીકે તે પિતાપુત્ર મારી સમક્ષ બોલ્યા. હું તેમની તરફ ફરી અને કહ્યું : "કેવળ ઈશ્વર જ આ સત્યની આપણને ખાતરી કરાવી શકે છે." મેં મારું બાઇબલ ઉઘાડયું અને માથ્થી ૧૬ : ૧૬-૧૭ કલમો તેમને વાંચી સંભળાવી :

પીતરે ઈસુને કહ્યું, "તું ખ્રિસ્ત, જીવતા દેવનો દીકરો છે." ઈસુએ કહ્યું, "સિમોન બારયોના, તને ધન્ય છે! કેમ કે

માંસે તથા લોહીએ તને આ પ્રગટ કર્યું નથી, પણ મારો આકાશમાંનો બાપ તેણે તને આ પ્રગટ કર્યું છે.''

હોલમાં જે બધા લોકો એકઠા થયા હતા તેમની આગળ આ સંવાદ થયો. પાસ્ટરે ભાષાંતર કર્યું, અને અમે બધાં તેના પરિણામે આનંદથી નાચી ઊઠયાં. પિતાએ કહ્યું, ''ઈશ્વરે જ્યારે આ સત્ય તમને બતાવ્યું ત્યારે તમે તેને માની લીધું. હવે તમે તે સત્ય અમને બતાવ્યું છે, અમારે પણ તે કેમ ના માનવું જોઈએ? અમે તે જોઈ શકીએ છીએ, કે ઈસુ ઈશ્વર તરફથી છે, તે બધા પેગંબરો કરતાં મોટો છે, હકીકતમાં તે ઈશ્વરનો પુત્ર હોવો જોઈએ.'' ઈશ્વરના પ્રકાશે તેમના હૃદયોનાં અંધકારમાં પ્રકાશવાની શરૂઆત કરી હતી.

હું શેફિલ્ડથી હડર્સફિલ્ડ પાછી ફરી. ત્યાં મારે માટે બીજાં આમંત્રણો મારી રાહ જોતાં હતાં. આટલા બધા પાકિસ્તાનીઓ પ્રભુનું વચન સાંભળવા આતુર હતા તેથી હું આનંદથી નાચી ઊઠી. માત્ર નામધારી ખ્રિસ્તીઓ બની રહેવાને બદલે, ઘણાંઓએ નવેસરથી પાપોની માફીની ખાતરી કરી અને નવેસરથી પોતાનાં જીવનોનું ઈસુને સ્વાર્પણ કર્યું અને પ્રભુ તરફ ફર્યા. હવે મને એ વધારે અને વધારે સમજાવા લાગ્યું, કે ઈશ્વરે મને શા માટે ''તેના લોકો'' પાસે મોકલી હતી, અને જેઓએ સુવાર્તા સાંભળી ન હતી અને સ્વીકારી ન હતી, તેઓની પાસે નહિ.

મને સાંભળવા આવનારામાંના ઘણા પાકિસ્તાનમાં જન્મેલા હતા. અને તેઓ જાણતા હતા કે બ્રિટનમાંના મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં, પોતાને ખ્રિસ્તી તરીકે કબૂલ કરવું અને સ્થાનિક મુસ્લિમોનો ખોફ ન વહોરવો એ કેટલું મુશ્કેલ હતું. મારા પોતાના કુટુંબે મારી સાથે જે વ્યવહાર કર્યો હતો તે જાણીને તેમને આશ્ચર્ય થયું નહિ અને તેઓ મારી સાથે મળીને મારી મનોદશા સમજી શકયા હતા. જેમ જેમ અમે ઈસુને

અમારી મધ્યે કામ કરતા અનુભવ્યા, તેમ તેમ અમારી વચ્ચે ગાઢ સ્થાયી સંબંધ બંધાતો ગયો.

હોસ્પિટલમાંના એક હૃદયરોગીએ મારી સાક્ષી સાંભળી. તેણે મારી એક સભામાં હાજર રહેવાનો નિર્ધાર કરીને હોસ્પિટલમાંથી રજા લીધી. તે દર રાત્રે મારી સભામાં આવ્યો અને મેં તેને માટે પ્રાર્થના કરી. છેલ્લી રાત્રે તે આનંદથી આગળ આવ્યો અને તેના સમાચાર આપ્યા. તેની આંખોમાંથી આંસુ ટપકી રહ્યાં હતાં અને તેણે કહ્યું : "ગુરુવારે રાત્રે મને દર્શન થયું, કે મારું ઓપરેશન થયું. તેમાં મેં મારા હૃદયની આજુબાજુમાંથી ચરબી કાઢી નંખાતી જોઈ. બીજે દિવસે મારા એક્સરે ફોટા લેવામાં આવ્યા અને જ્યારે ડોક્ટરોએ તે જોયા ત્યારે તેઓએ કહ્યું, કે "મારા હૃદયમાં કંઈ ખામી નહોતી. ઈસુએ મને પૂરેપૂરો સાજો કર્યો છે." ઈશ્વરના પરાક્રમ અને ભલાઈમાં આનંદ કરતો તે ચાલ્યો ગયો.

એક બહેન જેમની આંખોમાં મુશ્કેલી હતી, તેમની સાક્ષી સાંભળીને ઘણું ઉત્તેજન મળ્યું. હડર્સફિલ્ડની એક હોસ્પિટલમાં તે આંખોની સારવાર કરાવતાં હતાં, ત્યારે આંખોનાં દર્દોના નિષ્ણાતે તેમને કહ્યું, કે એક મહિનામાં તેમની બન્ને આંખોનું નૂર ચાલ્યું જશે. આ સમાચારથી ભારે આઘાત અનુભવતાં, ભગ્નહૃદયે તે અમારી સભાઓમાં દરેક રાત્રે આવતાં હતાં; એ આશાએ કે ઈસુ તેમને પણ સાજાં કરી શકે. તેમના વિશ્વાસનો બદલો મળ્યો. છેલ્લી સભામાં પ્રાર્થનાના સમયે ઈસુએ તેમને સ્પર્શ કર્યો અને તત્કાળ તેમની દૃષ્ટિ સારી થઈ ગઈ. બીજે દિવસે જ્યારે તે ડૉક્ટરને મળ્યાં ત્યારે તેમણે કહ્યું કે તેમની આંખો બરાબર હતી. રોગ સદંતર નાબૂદ થઈ ગયો હતો.

અનિવાર્ય રીતે, ઈસુની હાજરીની અને અમારા માટેના તેમના પ્રેમની આ નિશાનીઓના અવલોકને લોકો મને પૂછવા

લાગ્યા : "સિસ્ટર ગુલશન, એ દેખાઈ આવે છે કે ઈસુનું સાજા કરનારું પરાક્રમ તમારી મારફતે વહે છે. તો શા માટે સાજા કરવાની સભાઓ પર તમે વધારે ધ્યાન કેન્દ્રિત કરતાં નથી? તેથી વધારે બિનખ્રિસ્તીઓ ઈસુનો સ્વીકાર કરશે, અને વધારે જણ તેમના નામની સાક્ષી આપી શકશે."

આ પ્રકારના પરીક્ષણ સામે મારે સાવધ રહેવાનું હતું. મારી દૃષ્ટિએ તે, મારાં કાકીએ ઘટાવેલા અર્થની એ બીજી આવૃત્તિ હતી : મારે ગરીબોને દાન કરવાનું હતું. આવા પ્રસંગોએ અરણ્યમાં થયેલા ઈસુના પરીક્ષણની વાત મારે માટે હંમેશાં મોટા દિલાસારૂપ હતી. તેમનું પણ પરીક્ષણ એ પ્રમાણે થયું ન હતું કે જેથી લોકોનાં ટોળાં તેમની તરફ આકર્ષાય? - માનવી જરૂરિયાત માટે પથ્થરના રોટલા બનાવવા. પણ તેનો જવાબ : "માણસ એકલી રોટલીથી જીવશે નહિ, પણ હરેક શબ્દ જે ઈશ્વરના મુખમાંથી નીકળે છે તેનાથી જીવશે" (માથ્થી ૪ : ૪). તે મને દોરવણી આપતા આવ્યા છે, અને મારા નિશ્ચયમાં મને પુષ્કળ બળ આપતા આવ્યા છે, કે તેમણે આપેલો તારણનો સંદેશ પહોંચાડવાના કાર્યને મારે અગ્રતા આપવાની છે. અને તે સાથે મારે તેમના લોકોને એ કહેવાનું છે, કે તે થોડીવારમાં આવવાના છે.

૧લી નવેમ્બરના રોજ બ્રેડફર્ડની એક શાળાના ઓરડામાં મુસ્લિમ સ્ત્રીઓના એક જૂથને મળવા હું ગઈ. આ સ્ત્રીઓ ઇંગ્લૅંડમાં નવીસવી આવેલી હતી. અમારી વચ્ચે ભાષાનો કોઈ પ્રશ્ન ન હતો, કારણ કે તે બધી ઉર્દૂ કાં તો પંજાબી બોલતી હતી. ઈસુ ખ્રિસ્ત સાથેના મારા સંઘર્ષોની અને તેમણે કેવી રીતે મને સાજી કરી તેની વાત મેં તેમને ટૂંકાણમાં કહી. તે પછીનો સમય ચર્ચામાં ગયો. મારા નવા ધર્મ વિષે તેઓએ મને થોડા પ્રશ્નો પૂછ્યા, પણ અનિવાર્યપણે, ઇસ્લામને તજીને ખ્રિસ્તી

ધર્મમાં જવામાં સંડોવતા પ્રશ્નોની ચર્ચામાં અમારો બાકીનો સવારનો સમય પસાર થયો.

એક સ્ત્રીએ મને કહ્યું, "સિસ્ટર હું તમારો આદર કરું છું, અને તમે જે કહેવાનો પ્રયત્ન કરી રહ્યા છો તે હું સમજું છું. હું ઈસુ ખ્રિસ્તમાં માનતાં ડરું છું, કારણ કે મને એમ થાય છે, કે જો મારા ધણી, પિતા અથવા મારા ભાઈને પણ જો એ બાબતની જાણ થાય તો મારી શી દશા થાય તે હું જાણું છું. જો હું ખ્રિસ્તી થાઉં તો તેઓ મને ધિક્કારે. કદાપી તેઓ મને મારા પોતાના ઘરમાંથી પણ બહાર કાઢી મૂકે. તો મારું શું થાય? પાકિસ્તાનમાં જો આમ બને તો એક સ્ત્રી માટે તે ખૂબ મુશ્કેલ બને. પણ એવું જો અહીં બ્રેકફર્ડમાં બને તો તે આપત્તિરૂપ થઈ પડે. હું તેનો સામનો ન કરી શકું." મારું હૃદય એને માટે મરી પડયું. તે શું કહેવા માગતી હતી, અને તે કેવી લાગણીઓ અનુભવતી હતી તે હું બરોબર સમજતી હતી. બીજી સ્ત્રીઓએ પણ એક પછી એક, પોતાનું હૃદય ખોલ્યું.

"અમે તાજેતરમાં જ અમારા ખાવિંદોની સાથે રહેવા આવ્યાં છીએ. ઘણા લાંબા સમય સુધી તેઓ એકલા પોતાની મેળે બધું ચલાવતા હતા. જ્યાં સુધી તેઓને સારી નોકરી ન મળે અને પૂરતું કમાય નહિ, અને કોઈની સાથે અથવા પોતાનું મકાન ખરીદી ન શકે ત્યાં સુધી તેઓ અમને પોતાની સાથે કેવી રીતે લાવે? ઇસ્લામનો ત્યાગ કરવાનું અમે શી રીતે વિચારી પણ શકીએ? અને જો અમે એમ કરીએ, તો અમારા પતિઓએ અમારા માટે લાંબા સમય સુધી ખૂબ જહેમત કરીને આજે ઘર વસાવ્યાં છે, તેનું શું થાય? તમે જરૂર એવું તો ન જ ઇચ્છો કે અમે તેમને નુકસાન પહોંચાડીએ અથવા દુ:ખી કરીએ, ખરું કે નહિ?"

'હા', બીજી એકે ટાયકો પૂર્યો. "જો અમે અંગ્રેજી બોલી

શકતાં હોત તો તે એટલું બધું ખરાબ ના હોય. અમે કદાચ અમારા પૂરતું કંઈક રળી શકીએ.''

આથી એક વળતો જવાબ આવ્યો : ''અને 'અમારા બાળકો'નું શું થાય? એમની શી દશા થાય? એ બધું કેમ છે તે તમે જાણો છો. હવે જ્યારે અમે બધાં ફરીથી ભેગાં થયાં છીએ, ત્યારે અમને લાગે છે, કે અમે પાકિસ્તાન છોડયું જ ના હોય. અમારાં કાકા-કાકીઓ અને તેમનાં છોકરાં સાથે અમારે કેવો ગાઢ સંબંધ છે! અમે એકબીજાને મદદ કરીએ છીએ અને ટેકો આપીએ છીએ. તમે જે કહો છો તેનું તાત્પર્ય એજ કે અમે અમારાં કુટુંબોને તોડી પાડીએ; જે અમે કરી શકતાં નથી.''

આ દુ:ખદાયી કહાણી આગળ ચાલી. ''પછી અમારાં છોકરાં મોટાં થાય. એટલે અમારે તેમને માટે વર કે કન્યા શોધવાનો પ્રશ્ન ઊભો થાય. અને દર વખત અમે દીકરા કે દીકરી માટે કન્યા કે વર શોધવા પાકિસ્તાન ન જઈ શકીએ. અમારે અહીં અમારા સમાજ સાથે સારા સંબંધો કેળવવા પડે. અમારે બધાંએ સાથે રહેવું પડે. એમાં અમારી શક્તિ બહારનું જોખમ રહેલું છે.''

મને મારા પોતાના કુટુંબમાં જે અનુભવો થયા તે તેમને કહેવાનું મેં નક્કી કર્યું. મેં તેમને કહ્યું કે ઘર છોડયા પછી હું જ્યારે એક અંધશાળામાં કામ કરતી હતી, ત્યારે પણ હું મારા કુટુંબ સાથે સારા સંબંધો જાળવી રાખવા ઇચ્છતી હતી. મેં મારા નાના ભાઈ અલિમ શાહને ટેલિફોન પર જણાવ્યું હતું કે ''હું ખ્રિસ્તી બની છું, અને મારે તને તે જણાવવું જોઈએ.''

તેને ભારે આઘાત પહોંચ્યો. ''આ તું શું કરી બેઠી?'' તેણે પૂછયું. ''સીધી ઘરે ચાલી આવ, અને એ બધી અક્કલ વિનાની વાત ભૂલી જા.''

મેં પ્રત્યુત્તર વાળ્યો : "હું કેવી રીતે ભૂલી શકું? મને ઈસુ મળ્યા છે, જે રસ્તો, સત્ય અને જીવન છે."

"તારું શું તદ્દન ખસી ગયું છે?" તેણે ગુસ્સાથી પૂછ્યું. "જો તું આ પ્રમાણે મને કહ્યા કરીશ તો મારું ઘર તારે સારુ હંમેશને માટે બંધ છે. મને લાગેવળગે છે ત્યાં સુધી, તું મારે માટે મરી ગઈ છે."

મારા શ્રોતાઓનાં મોં પહોળાં થઈ ગયાં, અને મેં મારા ભાઈ સાથેની વાતચીત આગળ ચલાવી. "જે સત્ય મારી પાસે છે, તે હું કેવી રીતે છોડી શકું?" મેં પૂછ્યું.

તેણે કઠોરતાથી કહ્યું : "જો એમ હોય તો, મારાં બારણાં તારે માટે બંધ છે. તું મરી ગઈ છે! હું ફરીથી તારું મોં જોવા માગતો નથી અને તું પણ મારું મુખ કદી જોઈશ નહિ." એમ કહીને તેણે ફોન પછાડીને મૂકી દીધો.

તે સ્ત્રીઓ એકબીજાની સામે જોવા લાગી. તેમને કંઈ બોલવું પડે એમ નહોતું. દરેક જણ જાણતું હતું, કે સામેની વ્યક્તિને શું કહેવાનું છે : મને જો એવું થાય તો હું શું કરું? હું મારી સતાવણીની વાત આગળ ચાલુ રાખું એવી વિનંતી કરતાં મેં વાત આગળ ચલાવી.

એજ દિવસે મેં નક્કી કર્યું, કે મારે ખુલ્લંખુલ્લા આખા કુટુંબને કહી દેવું, કે હવે હું ખ્રિસ્તી છું. મારા મોટાભાઈનો પ્રત્યાઘાત કંઈ અણધાર્યો નહોતો. તેણે મને લખ્યું : "મારી વહાલી બહેન, તું અલ્લાહ પર કેટલો બધો પ્યાર કરતી હતી! અને મારા પિતા તારા પર કેટલું બધું વહાલ કરતા હતા! તું તેમની પાસેથી ઇસ્લામ વિષે ઘણુંબધું શીખી. તું જે રસ્તે જઈ રહી છે, તે રસ્તે કોઈ સૈયદની છોકરી જઈ શકે નહિ. તારે પાછા ફરવું જોઈએ. અલિમે મને કહ્યું, કે તું હવે એમ માને છે કે ઈસુ ઈશ્વરનો દીકરો છે. આ વાત આપણા કુટુંબ માટે,

અને આપણા ધર્મ માટે બરાબર નથી. તારે મારા ઘેર આવીને મારી શિખામણ માનવી જોઈએ. તું એ જાણે છે, કે તારી મિલકતના બધા કાગળો મારી પાસે છે. હવે તું ખ્રિસ્તી છે. તેથી તે મિલકત પર તારો કશો હકદાવો તું કરી શકતી નથી. જો તું ખ્રિસ્તી મટી ન જાય તો કદાચ મારે તને મારી નાખવી પણ પડે. તું જાણે છે, કે મારો ધર્મ મને એવી છૂટ આપે છે, કે જો બહેન ખ્રિસ્તી થઈ ગઈ હોય તો તેને મારી નાખ્યા છતાંય હું સ્વર્ગમાં જઈ શકું છું."

મારી કથનીએ તેમની મોટામાં મોટી બીકને છતી કરી. "અમારાથી એવું બધું સહન ન થઈ શકે." તેઓએ કહ્યું.

મેં તેમની સામે સીધેસીધું જોયું અને કહ્યું, "જો તમે તમારા હૃદયમાં ઈસુ ખ્રિસ્તને તમારા પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારો. તો આથી પણ વધારે ખરાબ સતાવણીનો સામનો કરવા તે તમને બળ તથા હિંમત આપશે. તે વિશ્વાસુ છે, અને તેના અનુયાયીઓને આપેલું વચન તે પાળે છે."

પછી તેઓએ મને કહ્યું, "જેમ તમે ત્રણ ત્રણ વરસ સુધી કર્યું, તેમ અમે પણ ઈસુને અમારાં હૃદયોમાં આવવા માટે પ્રાર્થના કરીશું. અને જેમ તે તમને દેખાયા, તેમ અમને પણ દેખાશે તો અમે માનીશું."

❖ ❖ ❖

પ્રકરણ ૭

# ખ્રિસ્તી કુટુંબ

મારી સાક્ષી આપવાનું કાર્ય વંટોળિયાનું સ્વરૂપ પકડી રહ્યું હતું. એક ઠેકાણે ગોઠવેલી મુલાકાતો પૂરી થાય તે પહેલાં તો બીજી મુલાકાતોનું આમંત્રણ આવી પડે. મેં મારા પ્રભુનો આભાર માન્યો કે મેં કદી ઠોકર ખાધી નથી કે ઢચુપચુ કર્યું નથી, પણ તેમના પરાક્રમે મને ધરી રાખી. મારા બળનો શ્રોત હું જાણતી હોવાથી તેમણે મારી શક્તિમાં વધારો કર્યો.

બુધવાર, તા. ત્રીજી નવેમ્બરે હું હડર્સફિલ્ડ પાછી ફરી, પણ લાંબા સમય માટે નહિ, બે દિવસમાં તો હું પાછી રસ્તા ઉપર આવી ગઈ. આ વખતે મારે લંડન જવાનું હતું. એરિક મને બસસ્ટેશને લઈ ગયા અને ત્યાંથી મેં લંડનની બસ પકડી. પહેલી વખત હું લંડન આવી ત્યારે હું ચૌદ વરસની હતી અને વ્હીલચેરમાં, એક ઓરડામાં મારી બે સેવિકાઓ સાથે બંધિયાર અવસ્થામાં હતી. એવું આ વખતે નહોતું. આ વખતે તો હું ઇચ્છું ત્યાં જઈ શકતી હતી. બસ જ્યારે લંડન નજીક પહોંચી ત્યારે, રાજધાનીનું આ મહાન શહેર, જેના વિષે મેં ઘણુંબધું સાંભળ્યું હતું, ત્યાં હું જઈ રહી હતી, તે વિચારથી હું આનંદમાં થનગની ઊઠી. પાછળથી મને મોટરમાં લંડનના કેટલાક વિભાગો જોવાની તક મળી હતી.

જેમણે મને આ આમંત્રણ આપ્યું હતું. તે પાસ્ટર ડેનિયલ સીંઘ, એશિયન લોકોની બનેલી મંડળી ઉપર હતા. તેમાંના મોટા ભાગના લોકો પાકિસ્તાની ખ્રિસ્તીઓ હતા. પાસ્ટર પોતે એક શીખ કુટુંબના હતા. મેં જોયું કે તેમના માથા પર લાંબા વાળનો ઢગલો ઢાંકતી પાઘડી નહોતી, કાંસકી નહોતી અને

કિરપાણ પણ ન હતું. તેમણે મને આ પ્રમાણે સમજાવ્યું : "એ બધાંને બદલે અમે ઈસુ ખ્રિસ્તના વધસ્તંભને અપનાવ્યો છે. ગુરુનાનક અને ગ્રંથ સાહેબને વફાદારી દર્શાવતા તે ચિહ્નો હવે અમે ધારણ કરતા નથી. તેને બદલે અમે ઈશ્વરનું બખતર પહેર્યું છે - સત્યનો કમરબંધ, ન્યાયીપણાનો ઉરપટલ, અમારા પગો પર શાંતિથી સુવાર્તા, વિશ્વાસની ઢાલ, તારણનો ટોપ અને આત્માની તરવાર."

હું તેમના સુંદર કુટુંબને મળી, જે બધાં જ ખ્રિસ્તી હતાં. કુટુંબમાંથી અલગ અલગ વ્યક્તિઓને બદલે શીખોમાં આખાં કુટુંબો ખ્રિસ્તી થાય છે. તેને પરિણામે સંબંધો પ્રેમાળ અને મૈત્રીભર્યા બને છે અને સ્ત્રીઓ વધારે મુક્ત અને સહીસલામતી અનુભવતી દેખાય છે, કારણ કે મુસ્લિમ સ્ત્રીઓની માફક તેઓ તેમના પતિને એટલી બધી વશ હોતી નથી.

૧૮મી નવેમ્બરે મને બેડફર્ડ લઈ જવામાં આવી; ત્યાં હું ત્રણ દિવસ રહી. જે મંડળીએ મને આમંત્રણ આપ્યું હતું, અને જેના વડીલ મને લેવા માટે આવ્યા હતા, તે એક મેથોડિસ્ટ મંડળી હતી. તેના પાસ્ટર એક અંગ્રેજ હતા અને મંડળી મોટેભાગે હિંદુસ્તાની લોકોની બનેલી હતી. મેથોડિસ્ટ મંડળીથી હું પરિચિત હતી, કારણ કે મારું બદલાણ થયા પછી પાકિસ્તાનમાં જે પ્રથમ દેવળમાં મેં હાજરી આપી તે લાહોરનું વોરિસ સ્ટ્રીટમાં આવેલું મેથોડિસ્ટ ચર્ચ હતું. એ જગાએ મેં ખ્રિસ્તી સંગતનો આનંદ પ્રથમ વખત અનુભવ્યો.

એવી વ્યવસ્થા કરવામાં આવી હતી, કે ગુરુ, શુક્ર અને શનિવારે સાંજે જુદાં જુદાં જૂથના લોકો સાથે મારે ગૃહસભામાં ભાગ લેવો. તેમાં કોઈ કોઈ વાર મુસ્લિમ લોકો પણ આવતા. એવી એક સભા પૂરી થયા પછી એક મુસ્લિમ ભાઈએ મને પૂછ્યું : "ખ્રિસ્તી લોકો સાથે તમે કેવી રીતે રહી શકો છો?

તમારો ઉછેર ખ્રિસ્તી કુટુંબમાં થયો નહોતો અને તમારી જિંદગીનો મોટો ભાગ તમે મુસ્લિમો મધ્યે રહ્યાં છો.'' તેમણે મને આ ખૂબ મૈત્રીભાવે પૂછયું, અને સામાન્ય રીતે મુસ્લિમો જે લડાયક રીતે પૂછે છે, અને ખાસ કરીને પુરુષો, અને જેની અપેક્ષા મેં રાખી હતી તેવી રીતે નહિ. તે ખરેખર એ જાણવા ઉત્સુક હતા, કે ખ્રિસ્તી થયા પછી મારે અનિવાર્યપણે જે ફેરફારો અપનાવવા પડયા, તે મેં કેવી રીતે હલ કર્યા. મને તેઓની સાથે કેવું લાગતું હતું, અને કયા સિદ્ધાંતોએ મને દોરવણી આપી, તેનો ખુલાસો કરવાની આ તક મેં આવકારી લીધી. તેથી મેં તેમને કહ્યું : ''જે મોટામાં મોટો ફેરફાર થયો તે મારી અંદર થયો, અને નહિ કે બાહ્ય સંજોગોમાં, નવા કરારમાં કહેલું છે, કે ''જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તો તે નવી ઉત્પત્તિ છે. જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે.''

મેં તેને ખુલાસો આપવાનું ચાલુ રાખ્યું, કે નવી વફાદારીઓ અને પ્રેમ અને ભાઈચારાની નવી લાગણીઓ વડે હું એક નવી જ વ્યક્તિ બની ગઈ હતી. હાલ હું ઈસુ ખ્રિસ્તમાં પ્રેમમાં બંધાઈ છું. અને બીજા ખ્રિસ્તીઓ પણ તેની સાથે બંધાયેલા છે, અને તેથી અમે સાથે બંધાયેલા છીએ. ઈસુનો પ્રેમ અમને એકબીજા સાથે બાંધી રાખે છે, અને અમે તેમના પરના પ્રેમમાં વધતાં જઈએ છીએ, અને એકબીજા પરના પ્રેમમાં પણ દરરોજ વધતાં જઈએ છીએ. હવે બીજાં બધાં ખ્રિસ્તીઓ મારા ભાઈઓ અને બહેનો છે, ઈસુ ખ્રિસ્તમાં અમે એક નવું કુટુંબ બન્યાં છીએ.

''જ્યારે ઈસુ, મને દેખાયા ત્યારે તેમણે કહ્યું હતું, કે ''મારા લોકો તારા લોકો છે,'' અને તે મને આ અદ્દભુત સત્યની સાચી યાદ દેવડાવે છે. તેના લોકો મારા લોકો છે.

અને તેથી જેમ હું ઈસુને ચાહું છું તેમ મારા લોકોને ચાહું છું. જે લોકો મારા પોતાના છે, અને જેમને હું મારા તનનાં સગાંસંબંધી ગણું છું તેઓની સાથે રહેવામાં મને કંઈ મુશ્કેલી પડતી નથી.''

એકબીજા પર પ્રેમ રાખવાની આ વાતની તેમની પર કશી અસર થઈ હોય તેમ મને લાગ્યું નહિ; અને તેમનો તે પછીનો પ્રશ્ન એજ સૂચવે છે : ''તમે કદી એ વિચાર્યું છે કે આ ખ્રિસ્તીઓ તમને ધિક્કારતા હોય, જોકે તમે તેમને ધિક્કારતાં ન હો તોપણ?''

''એટલે તમે શું કહેવા માગો છો?'' મેં પૂછયું. કોઈને કશું નુકસાન મેં પહોંચાડયું નથી. તો શા માટે તેઓ મને ધિક્કારે?''

''વારુ, તમે એવો દાવો કરો છો કે ઈસુ ખ્રિસ્તે પોતે તમને સ્પર્શ કર્યો અને તમારું અપંગ શરીર સાજું કર્યું. તેમાંના ઘણા એવો દાવો કરી શકતા નથી.''

એ શું કહેવા ઇચ્છતા હતા તે હવે હું ધીરે ધીરે સમજવા લાગી. ''એટલે તમે એમ કહેવા માગો છો કે તેથી તે લોકો મારી અદેખાઈ કરે છે, અને મને ધિક્કારે છે. પણ જોકે તેઓ મારી અદેખાઈ કરતા હોય, અને હું એ માનતી નથી જ, તોપણ જે એક બાબત તેઓ ઇચ્છતા હોય તે એજ હોઈ શકે કે, ભલે તેઓ શરીર, મન કે આત્મામાં અપંગ હોય તો ઈસુ તેમને સાજા કરે.''

''હા, પણ કેવળ તે એક જ બાબત નથી. તમે એક પાકિસ્તાની છો, પહેલાંના મુસ્લિમ. ઘણા યુરોપિયનો એમ માને છે, કે ખ્રિસ્તી ધર્મ તેમનો ધર્મ છે. જ્યારે તમે એમ કહો છો, કે ઈસુ તમારા પર પ્રેમ કરે છે, ત્યારે તમે તેમનો પ્રેમ પડાવી લો છો.''

ખ્રિસ્તી ધર્મ વિષે તે કેટલી ગજબની ગેરસમજણ કરી રહ્યા હતા!

"ખ્રિસ્તી ધર્મ દરેક જણ માટે છે. ઈશ્વર આખી દુનિયાને ચાહે છે, અને નહિ કે કોઈ એક રાષ્ટ્રને. ઈસુ બધાને માટે મરી ગયા. અને મેં સંત પાઉલના શબ્દો ટાંકી બતાવ્યા : "હવે યહૂદી કે હેલેની કોઈ નથી, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, પુરુષ કે સ્ત્રી કોઈ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો." (ગલાતી ૩ : ૨૮).

મારા પ્રશ્ન પૂછનારે સહેલાઈથી જતું કર્યું નહિ, અને તેથી મને આનંદ થયો, કારણ કે અમારા એશિયન શ્રોતાઓને આ ચર્ચા સાંભળવાની મઝા પડી હતી. તેમનો તે પછીનો પ્રશ્ન હતો : "તમે જે પડદામાં મોટાં થયાં છો તે દેવળમાં પુરુષોની સાથે કેવી રીતે બેસી શકો છો? તમે જાણો છો કે મુસ્લિમ સ્ત્રીઓને મસ્જિદમાં આવવાની રજા નથી. તેઓ ઘેર રહીને પ્રાર્થના કરે છે. તમારે પણ શું એમ કરવું ના જોઈએ?"

ખાસ કરીને મુસ્લિમ પુરુષો એ સમજી શકતા નથી, કે પુરુષો અને સ્ત્રીઓના અલગ અલગ સ્થાન સંબંધીની યુગો જૂની પ્રણાલિકા, ઘરમાં કે પછી ભજનસ્થાનમાં, પણ તેની ખુલ્લી અવગણના થઈ શકે છે. ઇસ્લામમાં પુરુષો અને સ્ત્રીઓને અલગ કરનારી ભેદરેખા કુરાનમાંથી નીકળી આવી હોય કે પ્રણાલિકા પડી ગઈ હોય, પણ તેને લગભગ દૈવી મંજૂરી આપવામાં આવી છે. તેનો જવાબ આપવો મારે માટે સહેલું નહોતું. સાદો, દાંભિક જવાબ આપવાથી વધારે ગેરસમજ ઊભી થાય એમ હતું અને બહુ વિગતપૂર્ણ જવાબ આપવાનો તે યોગ્ય પ્રસંગ ન હતો.

તેથી મેં તેમને કહ્યું : "ઈશ્વર આપણ દરેકની સાથે વ્યક્તિગત રીતે વ્યવહાર કરે છે. જ્યારે આપણે તેનું ભજન

કરવાને એકઠાં મળીએ છીએ ત્યારે આપણે આપણો પ્રથમ સંબંધ તેની સાથે જોડીએ છીએ. તે આપણા વિચારોનો કબજો લે છે, અને આપણાં મન તથા હૃદયોને કામમાં લે છે. આપણો એકબીજા પ્રત્યેનો પ્રેમ અને સંબંધ પ્રથમ સંબંધમાંથી ઉદ્‌ભવે છે. જ્યારે આપણે સાથે મળીને તેની ભક્તિ કરીએ છીએ, ત્યારે પ્રભુનો પવિત્ર આત્મા આપણી મધ્યે હોય છે, અને તે આપણા બધા અયોગ્ય અને પાપી વિચારોને દૂર કરીને આપણને શુદ્ધ કરે છે. એ માટે કે આપણે ઈશ્વરનું ભજન પવિત્રાઈ તથા શુદ્ધતાથી કરી શકીએ ત્યારે આપણે આપણા સ્વર્ગીય પિતાનું ભજન કરનાર, ઈશ્વરનું કુટુંબ બનીએ છીએ.

મને કહેતાં દિલગીરી ઉપજે છે, કે આ સાંભળીને તે ગૂંચવાઈ ગયા. તેમને પવિત્ર આત્માનો ખ્યાલ ન હતો. જો મેં એમ કહ્યું હોત કે અમારી જાતને ધોવા માટે અમે પાણી વાપર્યું હતું, અને પ્રાર્થના માટે પોતાને તૈયાર કર્યા હતા તો તે વધારે સહેલાઈથી સમજી શક્યા હોત. ખૂબ સ્પષ્ટ રીતે પોતાની લાગણીઓ વ્યક્ત કરતાં તેમણે કહ્યું : "હું આમાંનું કશું સમજી શક્યો નથી, કેવળ ખ્રિસ્તીઓ તે સમજી શકે."

હું સમજી ગઈ, અને તેમની પરિસ્થિતિ માટે મને ઘણી સહાનુભૂતિ થઈ. ધર્મ અને સંસ્કૃતિ વચ્ચેની ભેદરેખા દોરવી તે સહેલું નથી એ બધા ફેરફારો અને વ્યવસ્થા કરવામાં આખી જિંદગી જતી રહી છે. હું એ જાણતાં ખૂબ રાહત અનુભવું છું, કે ઈશ્વર બહારના દેખાવ અને કાર્યો તરફ નહિ પણ અંદર હૃદય તરફ જુએ છે. હજુ હું મારો પાકિસ્તાની પોશાક પહેરું છું. મને પાકિસ્તાની ખોરાક ગમે છે, અને ગીતો તથા ભજનો ઉર્દૂમાં ગવાય તે સાંભળવાં મને ગમે છે. પણ જીવનનો અર્થ અને હેતુ, ભવિષ્યની મારી આશા, અને જે મૂલ્યોને હું વળગી રહેવા અને જીવનમાં ઉતારવા ઇચ્છું છું, તે બધાં ખ્રિસ્તી છે.

પણ જ્યારે પ્રણાલિકાગત રિવાજો અને ટેવોનો પ્રશ્ન ઊભો થાય છે, ત્યારે ક્યાં ભેદરેખા દોરવી તે હંમેશાં સહેલું હોતું નથી.

આ મારી ધમાલભરી સેવાની ગતિનો વેગ ચાલુ રહ્યો. હું હડર્સફિલ્ડ પાછી ફરી તેના બે દિવસ પછી મારે હેલિફેક્સમાં સળંગ ત્રણ રાત્રિસભાઓ ચલાવવાની આવી. આ સભાઓ એલિમ પેન્ટીકોસ્ટલ ચર્ચમાં હતી અને શ્રોતાઓ બધા અંગ્રેજ હોવાથી એરિક મારે માટે ભાષાંતર કરવાના હતા.

આમાંની એક સભાને અંતે એક બહેન હિંમતથી ઊભાં થયાં અને જાહેર કર્યું, કે "આજે, મારું દર્શન સાચું પડયું છે. સિસ્ટર ગુલશન ઈશ્વર તરફથી આપણી પાસે આવ્યાં છે." સભામાંનું પ્રત્યેક જણ તેમની તરફ ફર્યું અને વિચાર કરવા લાગ્યું કે આ કયા દર્શનની વાત કરતાં હશે, અને તેથી તેઓ કંઈક ખુલાસાની અપેક્ષા રાખતાં હતાં.

તેમણે તે પ્રમાણે કહ્યું : "સિસ્ટર ગુલશન આ દેશમાં આવ્યાં તે પહેલાં ઓગસ્ટ ૧૯૮૨માં તેમને મેં મારા એક દર્શનમાં જોયાં હતાં. એક રાતે હું પ્રાર્થના કરતી હતી, અને હું પ્રાર્થના કરી રહી પછી મને આ દર્શન થયું. બે દર્શનમાં મેં તેમને સફેદ કોટ અને કાળાં ચશ્માં પહેરેલાં જોયાં હતાં. તે દર્શનમાં ઈસુએ મને કહ્યું : "મારાં ઘેટાંને માટે આ મારી સંદેશવાહક છે." તેમણે મારી તરફ જોયું. ઈસુએ તેમનું પૂરું નામ પણ મને કહેલું, પણ પાછળથી મને કેવળ એસ્તર નામ યાદ રહેલું." પછી મારી તરફ ફરીને તેમણે કહ્યું : "તે દિવસથી હું તમને મળવાની રાહ જોતી આવી છું; એટલે તમે જોઈ શકશો કે મારું દર્શન આજે સાચું પડયું છે."

આ બહેનને થયેલા અજાયબ અનુભવને માટે અને ખાસ કરીને તો એ વાતને માટે કે ઈસુએ પોતે મને અહીં આણી હતી તે પ્રકટીકરણને માટે, આખી સભા આ બહેનની સાથે

આનંદથી ઝૂમી ઊઠી. તેમનાં ઘેટાંને વાડામાં લાવવા માટે મારો ઉપયોગ થઈ રહ્યો છે, એ વાત કંઈ મને અહીં પહેલી વાર કહેવામાં આવી નહોતી. આ કામની સાથે તે બહેને મારું ખ્રિસ્તી નામ એસ્તર જોડયું તેથી હું મુગ્ધ બની ગઈ. હું જાણું છું તેના કરતાં પણ મારું નામ શું વધારે અર્થપૂર્ણ હતું? મારા બાપ્તિસ્મા વખતે ચાર પાસ્ટરો હાજર હતા અને તેઓ નામોની યાદી લઈને આવ્યા હતા, અને તેમાંથી તેઓ એક નામ પસંદ કરવાના હતા. દોરવણી માટે પ્રાર્થના કર્યા પછી તે બધાએ એક જ નામ પસંદ કર્યું. એસ્તર. હેલિફેક્સના લોકોને મેં કહ્યું હતું કે મારું ખ્રિસ્તી નામ મેં પસંદ કર્યું નહોતું, કે લોકોએ પણ નહિ, પણ તે ઈશ્વરની પસંદગી હતી.

પાછળથી જ્યારે હું એકલી હતી, ત્યારે મને બાઇબલમાંથી એસ્તરની વાત ફરીથી વાંચવાની પ્રેરણા થઈ. તે બહુ સુંદર વાત છે.

જ્યારે વાશ્તી રાણીએ તેના પતિ, ઇરાનના રાજા અહાશ્વેરોશની આજ્ઞાની અવગણના કરી, ત્યારે તેને રાણીપદેથી દૂર કરીને બીજી રાણીની શોધ કરી. યહૂદી મોર્દખાય, જેણે પોતાની ભત્રીજી એસ્તરને ઉછેરીને મોટી કરી હતી, તેને તેણે રાજા સમક્ષ રજૂ કરી. તે ખૂબ સુંદર હતી, અને તેને જોતાં જ રાજા તેના પ્રેમમાં પડી ગયો અને તેને રાણી બનાવી, અને તેને મહેલના સર્વશ્રેષ્ઠ કમરા આપ્યા. રાજાને ખબર નહોતી કે તે યહૂદી હતી.

પાછળથી એક ફરમાન બહાર પાડવામાં આવ્યું કે બધા યહૂદીઓનો નાશ કરવામાં આવે, અને તે કામ હામાનને સોંપવામાં આવ્યું હતું. મોર્દખાયે એસ્તરને કહ્યું કે તે રાજાને કહે કે તે યહૂદી હતી, પણ તે બીતી હતી. તેને એ ખાતરી થઈ ગઈ હતી કે તે બચવા પામશે નહિ. તેણે મોર્દખાયને કહ્યું

કે નગરના બધા યહૂદીઓને ભેગા કરો અને ફરમાન કરો કે તેઓ ત્રણ દિવસ અને ત્રણ રાત ઉપવાસ કરે. હું અને મારી દાસીઓ પણ તેમ જ કરીશું.

ત્રીજે દિવસે તેણે તેનાં સારામાં સારાં વસ્ત્રો પહેર્યાં. તેને જોઈને રાજા ખુશ થઈ ગયો અને કહ્યું, "તારે જે જોઈએ તે માગ, અને તે હું તને આપીશ." તેથી તેણે રાજાને કહ્યું, "જો આપ નામદારને ઠીક લાગે તો મારું અને મારા લોકોનું જીવન બચાવો. હું યહૂદી છું. મારા લોકો વેચાઈ ગયા છે, અને હવે અમારા બધાનો નાશ થઈ જવાનો છે." રાજા ક્રોધથી રાતોપીળો થઈ ગયો અને તેણે હામાનને ફાંસીએ લટકાવવાનો હુકમ કર્યો. તેની જગાએ મોર્દખાયને નીમવામાં આવ્યો. યહૂદીઓનો બચાવ થયો અને તેઓએ ખુશી મનાવી. ઘણા જેઓ યહૂદી ન હતા, તેઓ પ્રથમ વાર યહૂદી બન્યા.

આ મઝાની વાર્તાથી હું પણ તાનમાં આવી ગઈ. ઈશ્વરનાં લોકોને બચાવવાને મારો પણ ઉપયોગ થઈ રહ્યો હતો. કેવળ દૈહિક મરણથી, નહિ પણ અંધકારમાંથી ઈસુ ખ્રિસ્તની સુવાર્તાના મહિમાવંત પ્રકાશમાં લાવવા માટે, એવી રીતે વપરાવવાને માટે હું બિલકુલ અયોગ્ય હતી, પણ તે તો ઈશ્વરના મહિમાને માટે હતું, અને તેના નામની સર્વકાળને માટે સ્તુતિ હો. શરીર અને આત્માના સાજાપણાનાં કાર્યોથી ઈસુ વિષેની મારી સાક્ષી અને સંદેશા ઉપર મહોર મારવામાં આવી, અને તેથી તેમના નામને વિશેષ મહિમા મળ્યો.

મને છુટ્ટીની જરૂર હતી, અને ફાધર બર્નાર્ડે તે પૂરી પાડી. તે મને અને ઈલિઝાબેથને તેમની નાની ઓસ્ટિન ગાડીમાં મિર્ફિલ્ડની કોમ્યુનિટી ઑફ રેઝરેકશનમાં લઈ ગયા. અને ચેપલની ભક્તિસભામાં ભાગ લીધો. અને તે પછી ફાધર બર્નાર્ડે ત્યાંના બ્રધર્સ અને ફાધર્સ સાથે મારી ઓળખાણ કરાવી.

તેઓને ઇંગ્લૅંડમાંની મારી સેવાઓ વિષે સાંભળીને ખૂબ રસ પડયો. ત્યાંની દુકાનમાંથી અમે પાકિસ્તાનમાંના અમારા મિત્રો અને સગાંવહાલાં માટે થોડીક ભેટો ખરીદી.

ફરી એક વાર મને લંડન જવાનો ખાસ લાભ મળ્યો. મારે સાઉથહોલ જવાનું હતું, જ્યાં ઘણા શીખોએ પોતાનો નવો વસવાટ બનાવ્યો હતો. એમાંના ઘણા પંજાબથી આવેલા હતા. જ્યાં મિશનરીઓ ૧૯મી સદીમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં, ઈસુની સુવાર્તા ગુરુનાનકના ચેલાઓની પાસે લઈ જવામાં સફળ બન્યા હતા. પંજાબમાં તેઓમાંના કેટલાક રોમન કેથોલિક, મેથોડિસ્ટ અને પેન્ટીકોસ્ટલ ખ્રિસ્તીઓ હતા; પણ અહીં તેઓ એકત્ર મળીને ભજનસેવા ચલાવતા હતા, અને પોતાને એશિયન ચર્ચ તરીકે ઓળખાવતા હતા.

જ્યારે હું ત્યાં આવી પહોંચી, ત્યારે મારા આશ્ચર્ય સાથે મેં ત્યાં એક પ્રકારની સ્પષ્ટ શિથિલતા જોઈ. આજ દિવસ સુધી બીજાં જે જે સ્થળોએ હું ગઈ, ત્યાં મેં જે હૃદયની ઉષ્મા અને ઉમળકો જોયાં તે અહીં નજરે પડયાં નહિ. મને ત્યાં જરા અટકટુ લાગ્યું, કે જાણે હું કોઈ બહારની હોઉં. હું એક બદલાણ પામેલી મુસ્લિમ હતી અને શીખ નહોતી એ કારણ નહોતું તેની મને ખાતરી થઈ. તેનું કારણ એથી વધારે ઊંડું જતું લાગ્યું. મને એમ થયું કે આવા લોકો મધ્યે મારી સેવા અસરકારક બનશે કે કેમ; પણ તેથી હું કંઈ મારા બિસ્ત્રાપોટલાં બાંધીને પાછી હડર્સફિલ્ડ ના જઈ શકું. એનો અર્થ તો એ થાય કે મારી હાર થઈ. મેં પ્રાર્થનામાં પ્રભુ સમક્ષ મારી બીક રજૂ કરી.

પાછળથી મને એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી, કે જે ભાઈના ઘરે હું મહેમાન બની હતી, તે આ બગડેલા વાતાવરણનું કારણ હતા. મંડળીમાંના ઘણા એમ કહેતા હતા, કે તે સારા

માણસ નથી. એક જણે તો વળી એમ પણ કહ્યું, "તમે એમનું આમંત્રણ સ્વીકાર્યું તે પહેલાં તમારે જાણી લેવાની જરૂર હતી કે તે કેવા માણસ છે." આ સાંભળીને મને ભારે ખેદ થયો. હું અહીં આવવા તૈયાર નથી તે પહેલાં તેમને ઓળખી લેવાની મારી પાસે કોઈ રીત નહોતી. વળી મેં મારી જાતને પૂછી જોયું કે તેથી શું ફેર પડવાનો હતો?

મને એ વાતની ભારે નવાઈ લાગી, મારા જેવી વિસાત વિનાની સ્ત્રીના જીવનમાં ઈસુ ખ્રિસ્તના અનુભવોનું પુનરાવર્તન થતું હતું. માથ્થી ૯ : ૧૦-૧૩ કલમો મને યાદ આવી :

"અને એમ થયું, કે ઘરમાં તે જમવા બેઠો ત્યારે જુઓ, ઘણા દાણીઓ તથા પાપીઓ આવીને ઈસુની તથા તેના શિષ્યોની સાથે બેઠા. અને ફરોશીઓએ એ જોઈને તેના શિષ્યોને કહ્યું, કે તમારો ઉપદેશક દાણીઓની તથા પાપીઓની સાથે શા માટે ખાય છે? અને તેણે એ સાંભળીને તેઓને કહ્યું, કે જેઓ સાજા છે તેઓને વૈદની અગત્ય નથી, પણ જેઓ માંદા છે તેઓને છે,..... કેમ કે ન્યાયીઓને નહિ, પણ પાપીઓને તેડવા હું આવ્યો છું."

આ ઘણી મુશ્કેલ પરિસ્થિતિમાં હું અજાણતાં આવી પડી હતી. તે વિષે વિચાર કરતી હતી ત્યારે આ શાસ્ત્રભાગમાં મને પુષ્કળ દિલાસો મળ્યો.

હું એ તારણ પર આવી, કે આ સજ્જનના ઘરમાં હું આવી તેથી જે લોકોને માઠું લાગ્યું હોય, તેમને હું સમજાવીશ, કે આને લીધે, ઈસુએ તેના લોકોને આપવા માટે જે સંદેશો તેમણે મને આપ્યો છે, તે સ્વીકારવામાં કંઈ વિઘ્ન આવવું જોઈએ નહિ. તેથી મારાથી બની તેટલી નમ્રતાથી મેં કહ્યું : "હું ઈશ્વરની સેવિકા છું. આખી દુનિયા ઈશ્વરની છે. તે મને જ્યાં દોરે છે ત્યાં જઉં છું. જ્યારે અને જ્યાં કંઈ ઈસુ મને

મોકલે છે, ત્યાં હું જઉં છું, અને મારા માટેની તેમની ઇચ્છા માટે હું કદી શંકા રાખતી નથી. મારું ઘર સ્વર્ગમાં છે, અને મારો આધાર કેવળ ઈશ્વર પર જ છે. તેથી આ માણસના ઘરમાં રહેવાનું ઈશ્વરે મારે માટે પસંદ કર્યું હોય તો હું ત્યાં રહીશ."

આ શબ્દોથી તેઓનું વલણ કાંઈક નરમ પડયું હોય, એમ મને લાગ્યું, અને હું તેમને એટલું મનાવી શકી, કે પવિત્ર આત્મા તેમને દોરે, અને નહિ કે તેમના ગમાઅણગમા. અંતમાં મેં તેમને ઈસુના હાથમાં સોંપ્યા, અને એ આશાએ હું હડર્સફિલ્ડ પાછી આવી, કે આખરે ઈશ્વરની દ્રાક્ષાવાડીમાં કરેલી મારી મહેનતનું કંઈક ફળ આવશે.

❖ ❖ ❖

## પ્રકરણ ૮

# ઓક્સફર્ડમાં નાતાલ

ઇંગ્લૅંડમાં આવ્યાને મને લગભગ ત્રણ મહિના થયા હતા. જે જગ્યાઓ વિષે મેં કદી સાંભળ્યું પણ નહોતું, તે મારા માનસપટ પર જડાઈ ગઈ હતી. વારુ, જગાઓ તો નહિ, પણ તે જગાઓએ રહેનારા ખ્રિસ્તી લોકો. જરૂર મેં દેશમાં મુસાફરી કરી હતી, પણ મેં ત્યાંનાં ઐતિહાસિક સ્થળો અને સુંદર મકાનો જોયાં ન હતાં. જે કાર્ય મને સોંપેલું હતું અને જેનો મને આદેશ આપવામાં આવ્યો હતો તેને માટે હું સતત મારી જાત ખરચી રહી હતી. મારા ચમત્કારિક સાજા થયા પછી, મારા કાકાએ મને જે ન કરવાનું કહ્યું હતું તે જ મેં કર્યું હતું. "ગુલશન સાંભળ, અત્યારે હું તને તારો પિતા હોઉં એ રીતે વાત કરી રહ્યો છું. ઈસુને જે કંઈ જોઈતું હોય તે તું તેમને આપ - જમીન કે પૈસા, પણ તું તારો દેશ કે ધર્મ છોડીશ નહિ, અને તારી પોતાની જાતને આપી દેતી નહિ." તે મારા ખરેખરા પિતા નહોતા તેનો મને આનંદ છે!

પણ આરામ હાથવગો જ હતો. ઓક્સફર્ડના એશિયન ખ્રિસ્તીઓએ મને તેમની સાથે નાતાલ ગાળવાનું આમંત્રણ આપ્યું હતું. તાજગી અને આરામના તે સમયની હું રાહ જોતી હતી. ઈશ્વરના પુત્રનું આ પૃથ્વી પરનું આગમન યાદ કરવાનો અને ઉજવવાનો આના કરતાં વધારે સારો સમય હું ક્યાંથી પસંદ કરી શકવાની હતી. મારે માટે તે કેવળ બેથલેહેમનો બાળક ન હતો, પણ મારા જીવતા પ્રભુ અને તારનાર હતા.

એવી વ્યવસ્થા કરવામાં આવી હતી કે મારે પાસ્ટર અને તેમના કુટુંબને ત્યાં તેમના મહેમાન તરીકે રહેવાનું હતું. હું

આવી પહોંચી તેના થોડા સમય પહેલાં આ યોજના બદલી નાખવામાં આવી હતી. સુસાને પાછળથી આ વાતનો ખુલાસો કરેલો, કે "તમે આવ્યાં તે પહેલાં પાસ્ટર મારા પિતાને મળવા આવ્યા હતા. મારા પિતા મંડળીના વડીલ હતા, અને પાસ્ટરે મારા પિતાને પૂછયું કે તમે જો અમારે ઘરે રહો તો કેમ? તેમણે કહ્યું કે અમારા મહેમાનના ઓરડામાં હીટર નહોતું, અને તેથી તમે જો મારી સાથે રહો તો ચાલશે. મેં આ સાંભળ્યું ત્યારે બહુ રાજી થઈ ગઈ કેમ કે હું તમારા આવવાની રાહ જોતી હતી."

જ્યારે હું ઓક્સફર્ડ પહોંચી ત્યારે સુસાન અને તેનો ભાઈ મને લેવા માટે સ્ટેશને આવ્યાં હતાં, અને તેઓ મને તેમની મોટરમાં તેમના ઘેર લઈ ગયાં. ઝાડોમાંથી ઝબૂકતી વીજળીની બત્તીઓ, શેરીઓની આરપાર બાંધેલી દોરીઓ અને પવનની હળવી લહેરોમાં હિલોળા લેતાં રંગીન સુશોભનો વડે, સ્વપ્નસેવી મિનારાઓના આ શહેરે દૈવી સ્વરૂપ ધારણ કર્યું હતું. નાતાલના સંગીતના સુંદર અવાજો હવામાં પ્રસરી રહ્યા હતા, અને મારા હૃદયને સ્વર્ગીય દેશની ઝંખનાથી ભરપૂર કરી રહ્યા હતા, જ્યાં મારા દર્શનમાં પ્રમાણે ગાયકગણ "જે હલવાનને મારી નાખવામાં આવ્યું હતું અને જે સદાકાળ જીવતું છે તેને હાલેલુયાહ" ગાય છે.

જોકે હાલ તુરંત મારે એક સામાન્ય ઘરમાં રહેવાનું હતું. મારા યજમાન સામાન્ય અર્ધા અલગ કરાયેલા એવા મકાનમાં તેમની પત્ની, બે દીકરા, એકની એક દીકરી, સુસાન અને એક ભત્રીજા સાથે રહેતા હતા. તે એક ઉષ્માભર્યું, આરામદાયક ઘર હતું, અને મારા જેવી માટે તો તે "એક ઘરથી બીજું ઘર" એવું હતું. હું પ્રથમ વાર નાતાલના સમયે મારા દત્તક લીધેલા કુટુંબથી છૂટી પડી હતી તે બાબત બહુ જોરથી મને યાદ

આવી. તેમના વિષે વધારે વાર વિચાર કરું તો દિલ દિલગીરીથી ભરાઈ જાય એટલે મેં તે રહેવા દીધું.

શ્રીમાન અને શ્રીમતી ક્રિસ્ટોફર બહુ ભલાં અને આવકાર કરનારાં હતાં. "તમે અમારી સાથે રહેવા આવ્યાં તે એક આશીર્વાદ છે." તેઓએ કહ્યું, અને તેમનું ઘર મને ઘર જેવું લાગે માટે કશું કરવાનું બાકી રાખતાં ન હતાં. અમારી વચ્ચે ભાષાનો કંઈ અટકાવ નહોતો. તેઓ પંજાબી બોલતાં હતાં. ભારતમાંના બ્રિટિશ લશ્કરમાં તે રસોઈયાનું કામ કરતા હતા; અને જે મેજરને ત્યાં તે કામ કરતા હતા, તે નિવૃત્ત થયા અને ઇંગ્લડ ગયા, ત્યારે તે ક્રિસ્ટોફર અને તેમના બે દીકરાને પણ સાથે લેતા ગયા. ત્રીજો એક દીકરો પાછળથી આવ્યો હતો. ક્રિસ્ટોફર જ્યારે ઇંગ્લૅંડમાં ઠરીઠામ થયા, ત્યારે તેમની સ્ત્રી અને બે દીકરાઓએ તથા દીકરી સુસાને કાયમી ધોરણે ઇંગ્લૅંડમાં વસવા પરવાનગી માગી, પણ કેટલીયે વાર તે નકારાઈ હતી. દરેક વખતે તેમને એમ કહેવામાં આવતું, "આ છોકરાં તમારા પાડોશીનાં છે, તેથી તેમની સાથે તમને અહીં આવવાની પરવાનગી ન મળે."

સુસાનને તે મુશ્કેલ દિવસો યાદ હતા. "મારી મા એટલી બધી ગુસ્સે થતી. તે એક ખ્રિસ્તી સ્ત્રી હતી, નાનપણથી તે ખ્રિસ્તી કુટુંબમાં ઊછરી હતી, અને સત્ય બોલવાની એક બાબત તેના મગજમાં ઠાંસીઠાંસીને ભરવામાં આવી હતી. હવે તેને એવા લોકોનો સામનો કરવાનો આવ્યો હતો, કે જેઓ તેને તેના મોં પર કહેતા હતા કે તે જૂઠી હતી. તેથી તેને ભારે દુ:ખ થતું, અને દરેક વખતે તે સત્તાવાળાઓને એમ કહેતી કે, "મારાં છોકરાં સંબંધી મારે શા માટે જૂઠું બોલવું પડે? જો આ છોકરાં મારા પાડોશીનાં હોય, તો શા માટે હું તેમને તેમનાં માબાપને સોંપીને મારા પતિની સાથે ન થાઉં? અમારે માટે

વિઝા મેળવવામાં લાંબાં હતાશ કરનારાં છ વરસો વીત્યાં. આખરે મારા સૌથી મોટા ભાઈએ તો ભારતમાં જ રહેવાનું પસંદ કર્યું.''

હવે તેઓ બધાં અહીં સારી રીતે ઠરીઠામ થયાં હતાં, અને આનંદના આ સમયની ઉજવણીમાં જોડાવા માટે તૈયાર થતાં હતાં. તેમના દિવાનખાનાના એક ખૂણામાં મધ્યમ કદનું ક્રિસ્મસ ટ્રી હતું. તેની નીચે સુંદર રીતે વીંટાળેલી નાતાલની ભેટો હતી. ડિસેમ્બરની શરૂઆતથી નાતાલની આગલી સાંજ સુધી દરેક સપ્તાહને અંતે જુદી જુદી એશિયન મંડળીઓની ગાયનટોળીઓ એકબીજાના શહેરની મુલાકાત લઈને ખ્રિસ્તી સંગત કરતી. કેટલીક વાર તેઓ મોટર (વાન) ભાડે કરતા અને સંગીતનાં સાધનો સાથે બીજે શહેર જતા. સુસાન અને તેનો ભાઈ ઓક્સફર્ડની મંડળીની ગાયનટોળીમાં હતાં, અને તેઓ દર રાત્રે નાતાલનાં ગીતો (કેરલ) ગાવા જતાં હતાં.

હું તે વખતે અજાણ હતી, કે સુસાન સાથેની મારી આ મુલાકાત તેને માટે ખાસ અર્થપૂર્ણ બનવાની હતી, અને એજ પ્રમાણે મારે માટે પણ. આપણે સુસાનને તેની વાત તેના પોતાના શબ્દોમાં જ કહેવા દઈએ :

''સિસ્ટર ગુલશન અમારી સાથે રહેવા આવ્યાં તે રાત્રે હું અને મારો ભાઈ નાતાલનાં ગીતો ગાઈને મોડાં ઘરે આવ્યાં. હું મારા કમરામાં ગઈ ત્યારે તે ઘસઘસાટ ઊંઘતાં હતાં. નિત્યક્રમ પ્રમાણે હું પથારીમાં પડી અને પ્રાર્થના કરવા લાગી.''

''હવે ઘણાં વરસોથી હું એક ખાસ પ્રાર્થના કરતી હતી કે પ્રભુ એક બહેનને મોકલે, કે જેની સાથે હું સુવાર્તાનો ઉપદેશ કરી શકું. એક નાની બાર વર્ષની છોકરી તરીકે મેં મારું જીવન પ્રભુને સોંપ્યું હતું. જે સાંજે મેં તે જવાબદારી સ્વીકારી તેની સ્મૃતિ મારા મનમાં કદી ઝાંખી પડી નથી.

"અમે એલિમ પેન્ટીકોસ્ટલ ચર્ચની એક સભામાં ગયાં હતાં, ત્યાં વક્તાએ આમંત્રણ આપ્યું, કે જેઓ જીવનભર કુંવારા રહીને પ્રભુની સેવા કરવા ઇચ્છતાં હોય તેઓ ઊભાં થાય. આ બાબત ખરેખર એક રીતે અસામાન્ય હતી, કારણ કે પેન્ટીકોસ્ટલ ખ્રિસ્તીઓ કુંવારાપણાનું તેડું માગતા નથી. આપણા ઈશ્વરના માર્ગો કેવા વિચિત્ર હોય છે! હું તે સમજાવી શકતી નથી, કે કયા તત્ત્વે મને તેમ કરવા પ્રેરી, પણ હું હિંમતથી ઊભી થઈ ગઈ.

"ગાયકવૃંદના આગેવાન જે મારી પાસે બેઠાં હતાં, તે અને આખી સભાનાં શ્રોતાજનો મને ઊભી થયેલી જોઈને દંગ થઈ ગયાં. તે મારું કપડું ખેંચીને મને બેસી જવાનું સૂચન કરતાં હતાં. તેમને ખાતરી હતી કે હું જે કરી રહી હતી તેની સમજ મારામાં નહોતી. મારે તે કબૂલ કરવું જોઈએ, કે આજે પણ મને ખબર નથી કે તે વખતે મારા મનમાં શું ચાલી રહ્યું હતું. એક બાબતથી હું જાગૃત હતી કે હું પરણવા માગતી ન હતી. હું આ રીતે પ્રભુ ઈસુને મારું જીવન સોંપવા ઇચ્છતી હતી.

બીજે દિવસે જ્યારે અમે ઘેરઘેર ફરીને મુલાકાત લેતાં હતાં ત્યારે સંગીતવૃંદના આગેવાનનું મન આગલી રાતના બનાવથી ગૂંચવાયેલું હતું. તેમણે મને એ સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યો કે મેં લીધેલી જવાબદારી ગંભીરપણે લેવાની નથી. તેમણે કહ્યું કે આવું કૃત્ય મૂર્ખાઈભર્યું કહેવાય અને બાર વર્ષની છોકરી માટે તે આપત્તિરૂપ થઈ પડે. જોકે, હું તો મારા વિચારને વળગી રહી. ઈસુ ખ્રિસ્તને સોંપાઈ જવાની બીજી રીતો હોઈ શકે, પણ મેં તો આ રીત પસંદ કરી હતી અને હું મારું વચન પાળવા માટે કટિબદ્ધ હતી.

મારાં મા મારા આ નિર્ણયથી ખૂબ ખુશ હતાં. તે ખૂબ

ધાર્મિક હતાં અને દરરોજ નિયમિત રીતે પ્રાર્થનામાં બે કલાક ગાળતાં હતાં. તેમણે અમને પ્રાર્થના કરતાં શીખવ્યું હતું, અને દર રવિવારે અમે દેવળમાં જઈએ તેની કાળજી રાખતાં હતાં, પછી ભલે તે પોતે જઈ શકે તેમ ન હોય તોપણ. પંજાબમાં અમારું કુટુંબ ગરીબ હતું, અને અમારી ગાય માટે ઘાસ લાવવાનું કામ જ્યારે ભક્તિસભા ચાલતી હોય ત્યારે જ તે કરી શકતાં. તેથી તે બેચેન બની જતાં, પણ તે ઇંગ્લૅંડ આવ્યાં ત્યારથી એક પણ ભક્તિસભા તે ચૂકતાં ન હતાં.

"કેવળ એટલી જ શરતો તે મૂકતાં હતાં, કે જેની સાથે હું કામ કરું તે એક સ્ત્રી હોવી જોઈએ અને તે મારે મંજૂર હોય એવી સ્ત્રી હોવી જોઈએ. ત્યારથી હું આતુરતાપૂર્વક પ્રાર્થના કરતી હતી કે પ્રભુ એવી વ્યક્તિને મોકલી આપે - જે તેની સાથે નિકટતા ધરાવતી હોય, જે વિશ્વાસમાં બળવાન હોય, અને જ્યારે હું વિશ્વાસમાં ડગી જાઉં ત્યારે મને બળવાન પણ કરી શકે.

"ઈશ્વરે અજાયબ જેવી રીતે મારી પ્રાર્થનાનો પ્રત્યુત્તર આપ્યો, પણ તેના ઉત્તરનો પૂરેપૂરો અર્થ સમજતાં મને થોડો સમય લાગ્યો. હું વચનથી બંધાઈ ત્યારથી, મને થયેલાં દર્શનોમાં, ધોળાં વસ્ત્રો પહેરેલી એક વ્યક્તિ દેખાતી હતી. તે વ્યક્તિનું મોં હંમેશા અસ્પષ્ટ રહેતું અને તેથી મેં માની લીધેલું કે તે ઈસુ ખ્રિસ્ત હશે. મેં તેનો એ અર્થ ઘટાવ્યો, કે તે મારી સાથે છે, એ વાતની ખાતરી કરાવવાની તેની આ રીત હશે.

"જોકે જે પ્રથમ રાત્રીએ સિસ્ટર ગુલશન મારા કમરામાં હતાં, ત્યારે મને ફરીથી એજ દર્શન થયું, પણ આ વખતે તેની સાથે એક અવાજ મને સંભળાયો, કે "જે વ્યક્તિને માટે અત્યાર સુધી તું રાહ જોતી હતી, તે હું નહિ પણ ગુલશન એસ્તર છે." તારી પ્રાર્થનાનો જવાબ આપવામાં આવ્યો છે.

હવે પછી તારે ગુલશન એસ્તરની સાથે રહીને મારી સાક્ષી આપવાની છે."

"હું જાગી ગઈ, મારી પથારીમાંથી ઊભી થઈ અને સિસ્ટર ગુલશનના ખાટલા પાસે ગઈ, અને અર્ધીપર્ધી એવી આશા રાખતી હતી કે તેમને પણ મારા જેવું દર્શન થયું હશે, અથવા તો પ્રભુ તરફથી કંઈક સમાચાર હોય, પણ તે ભરનિદ્રામાં હતાં! પછી મને યાદ આવ્યું કે, જ્યારે હું તેમને પ્રથમ વાર મળી ત્યારે તેમણે સફેદ કપડાં પહેરેલાં હતાં, તેમ છતાં ખબર નહિ કેવી રીતે, પણ તે બાબત મારા મનમાં તે વખતે અંકાઈ નહોતી. કેવળ અત્યારે જ, જ્યારે મેં તેમના ઉપર નજર નાખી ત્યારે મને ખબર પડી કે દર્શનમાં જે વ્યક્તિ મને દેખાતી હતી તે તેજ હતી. હું આનંદથી નાચી ઊઠી અને હું પાછી સૂવા જઈ શકી નહિ. મારા જીવનનો સમગ્ર રાહ બદલાઈ જવાની અણી પર હતો, અને હું ઉશ્કેરાટથી ભરાઈ ગઈ હતી.

"મને એમ થયું કે ક્યારે સવાર થાય અને જઈને મારાં માને કહું. એમને શોધતી હું મેડા પરથી નીચે આવી. તે રસોડામાં સવારનો નાશતો બનાવતાં હતાં. "મા," હું બોલી ઊઠી, "ગઈ રાતે મને દર્શન થયું અને તેમાં મને સિસ્ટર ગુલશન દેખાયાં. મેં ઈસુનો અવાજ પણ સાંભળ્યો, કે જે વ્યક્તિની સાથે મારે પ્રભુનું કામ કરવાનું હતું તે તેજ છે. આ અજાયબ જેવા સમાચાર નથી શું?"

"મારા ભારે આશ્ચર્ય વચ્ચે માએ કહ્યું કે તેમને પણ એવું જ દર્શન થયું હતું, અને ઈસુએ તેમને કહ્યું, "તમારી દીકરી ગુલશન એસ્તરને આપો, એ માટે કે તેઓ મારા મહિમા માટે સાથે મળીને કામ કરે."

"ઓ સુસાન," તેમણે કહ્યું, "આપણને બન્નેને પ્રભુ તરફથી એકસરખી સૂચના મળી છે, તેનો મને ભારે આનંદ

છે. તેમણે જે દોરવણી આપી છે તે પ્રમાણે તારે કરવું જોઈએ."

સુસાનની સાક્ષીથી હું નમ્રતા અનુભવું છું અને ખુશ છું.

તેની માતા તરફથી મળેલા આવા આશીર્વાદ સાથે, સુસાન તેના નિર્ણયમાં દૃઢ બની, એ સારુ કે તે ઈસુની સેવા આ રીતે કરી શકે. આ ઘટનાક્રમથી આખું કુટુંબ ખુશ હતું. અને ઈશ્વર જે રીતે તેમના કુટુંબનો ઉપયોગ કરવાનો હતો તે માટે તેનો પાડ માન્યો. સુસાનના ભાઈ ઘણી વખત સભામાં ભાષાંતર કરતા હતા. આમ પ્રભુએ મારે માટે એક સાથી મેળવી આપ્યો. પ્રભુની ભલાઈથી હું હચમચી ગઈ. તેમણે પોતાના શિષ્યોને બબ્બેની જોડીમાં મોકલ્યા હતા, અને હવે તે મારે માટે એજ કરી રહ્યા હતા. મારી જરૂરિયાતની મને જાણ થાય, અને તે સંતોષવાની હું માગણી કરું, તે પહેલા ઈશ્વર મારી જરૂરિયાત જાણતા હતા.

નાતાલનો સમય કુટુંબને માટે ભારે ધમાલનો હતો, કારણ કે મિત્રો અને સગાંવહાલાં મોંઘી ભેટો લઈને વાતચીત કરવા આવતા હતા. હું એ વાતની નોંધ લીધા વિના રહી શકી નહિ, કે આપણા એશિયન મિત્રો બીજાઓ માટે ભેટો ખરીદવામાં કરકસર કરતા નહોતા. સ્ત્રીઓ તેમના પોશાક અને ઘરેણામાં સરસાઈ ભોગવતી હતી. તેમને માટે એ અસાધારણ નહોતું કે સવારમાં તે એક સુંદર સાડીમાં હોય અને સાંજે જુદી જ સાડીમાં હોય. નાતાલની આગલી સાંજે તેઓ મેળવડા રાખે અને તે નાતાલની વહેલી સવાર સુધી ચાલતા હોય.

નાતાલનો દિવસ મારે માટે એક કરતાં વધારે અર્થમાં એક બહુ જ ખાસ દિવસ હતો. આ દિવસે રેડિયો ઓક્સફર્ડ પરથી મારી મુલાકાતનું પ્રસારણ થવાનું હતું, અને હું બહુ આતુરતાથી તેની રાહ જોતી હતી. સાંજે ૪ વાગ્યે અમે બધાં

રેડિયોની આજુબાજુ ગોઠવાઈ ગયાં અને રાહ જોવા લાગ્યાં. મુલાકાત બહુ સારી રીતે પાર પડી, અને હું એ વાતથી બહુ આનંદવિભોર થઈ ગઈ હતી કે હું ઈસુને માટે સાક્ષી આપવા શક્તિમાન બની હતી. જે લગભગ બે હજાર વર્ષ પહેલાં જન્મ્યાં હતાં, તે જીવતા હતા અને તે ઇચ્છતા હતા કે હું તેમના લોકોને યાદ દેવડાવું કે નાતાલની આ ઉજવણીમાં કેન્દ્રસ્થાને આ મહાન સત્ય હોવું જોઈએ.

ઇંગ્લૅંડમાં મારી સેવા જે રીતે પાર પડી હતી તેથી હું ઘણી ખુશ હતી. લોકોનાં મોટાં જૂથો સમક્ષ બોલતાં મને કંઈ સભાક્ષોભ થતો ન હતો, કારણ કે હું મારી જાતને મોટી મનાવવા ઇચ્છતી નહોતી પણ ઈસુ ખ્રિસ્તનો મહિમા થાય તે મારું ધ્યેય હતું. જોકે એના કરતાં પણ વધારે આનંદ એ વાતે થતો હતો, કે લોકો મને વ્યક્તિગત રીતે મળતા હતા, જેઓ મારા સંદેશાથી પ્રભાવિત થયા હતા અને નવેસરથી પ્રભુ તરફ ફર્યા હતા.

આવાં એક બહેન મારાં મિત્ર બનવાનાં હતાં. નિના નામનાં આ બહેન બહુ જ શરમાળ પ્રકૃત્તિનાં છે અને જાહેરમાં કશુંક કહેતાં તેમને પુષ્કળ હિંમત એકઠી કરવી પડે છે. તેમણે ટેઈપ ઉપરની મારી સાક્ષી સાંભળી હતી, અને નાતાલની આગલી સાંજની સભામાં મને સાંભળવાને આવ્યાં હતાં. તેમણે મને આ પહેલી જ વાર જોઈ હતી, અને તેમને એમ થતું હતું કે સિસ્ટર ગુલશન સાથે હું કેવી રીતે બોલું? સભા પછી મને તે મળ્યાં, પણ કોણ જાણે કેમ પણ તે મારી સાથે ઝાઝી વાત કરી શક્યાં નહિ. બીજે દિવસે નાતાલની સભામાં તે આવ્યાં અને આ વખતે તેમણે નક્કી કર્યું હતું કે તે મને તેમના ઘેર આવવાનું આમંત્રણ આપે. મેં તેમને કહ્યું, "જ્યારે પ્રભુની ઇચ્છા હશે ત્યારે હું તમારે ત્યાં આવીશ." મારા તરફથી તેમને

આ ઠંડો આવકાર લાગ્યો હશે, પણ તેમણે આશા છોડી નહિ, આવો તેમનો દૃઢ નિર્ધાર હતો.

નિના એક ખ્રિસ્તી કુટુંબમાં જન્મ્યાં હતાં. નિના અને તેમના પતિ બન્ને નામધારી ખ્રિસ્તીઓ પંજાબથી ઇંગ્લૅંડ આવ્યાં હતાં. અને તેમની સાથે તેમનું પ્રથમ બાળક, દીકરો જ્યોર્જ હતો. ત્યારપછી બીજાં ત્રણ બાળકો જન્મ્યાં છે. તેઓનું દેવળે જવાનું બહુ મર્યાદિત હતું, પ્રાસંગિક રીતે રવિવારે ભક્તિસભામાં જતાં, અને ઈસ્ટર તથા નાતાલે તો અચૂક દેવળમાં જતાં.

આ બાળકોના જન્મ પછી નિનાને ભારે દમનો વ્યાધિ થયો. ૧૯૮૧માં તેમને એવા સખત હુમલા થયા કે તેમને લાગ્યું કે તે કદાચ મરી પણ જાય. તે ઘરકામ, બાળકો અને પતિની સારસંભાળ રાખી શકતાં ન હતાં. તે રસોઈ પણ કરી શકતાં ન હતાં. તેમણે બર્મિંગહામમાં એક ખાનગી ડોક્ટર પાસે ત્રણ મહિના દવા કરાવી પણ કંઈ સુધારો થયો નહિ. તે ઊંઘી શકતાં ન હતાં અને ગળામાં જાણે કંઈક અંતરાય થતો હોય એવું લાગતું હતું. જ્યારે તેમને લોહીની ઉલટી થવા લાગી ત્યારે એવો ડર પેઠો કે કદાચ તેમને કેન્સર હોય. મરવાનો અને બાળકોને છોડી જવાનો ડર તેમને બહુ જ સતાવવા લાગ્યો.

એક રાત્રે એક વાગે, જ્યારે કુટુંબનાં બધાં ઊંઘી ગયાં હતાં, ત્યારે તેમને એક ભારે બિહામણો અનુભવ થયો. તેનું વર્ણન તેમણે મારી આગળ કર્યું.

"મારું શરીર બહુ ઠંડું પડી ગયું. મારા હૃદયના ધબકારા હદ બહારના વધી ગયા, અને મને જાણે કે એવું લાગ્યું કે મારા શરીરમાંથી કશુંક નીકળીને ઊડી ગયું. મને પ્રાર્થના કરવાની અને બાઇબલ વાંચવાની તીવ્ર ઇચ્છા થઈ આવી. આ મારે માટે નવું હતું, કારણ કે મેં ખરેખર કદી પ્રાર્થના કરી ન હતી, અને

હું ભારતમાં હતી ત્યારે નિશાળે ગઈ જ નહોતી, એટલે હું વાંચી શકતી ન હતી. છતાં હું મારા અંતરમાં પ્રાર્થના કરતી હતી, "ઓ પ્રભુ જો તારી ઇચ્છા મને લઈ લેવાની હોય તો લઈ લે, પણ મારાં બાળકોની સંભાળ રાખજે."

"મારો દીકરો, જ્યોર્જ, જાગી ઊઠયો. તેને લાગ્યું કે કંઈક થઈ રહ્યું હતું. મારા પતિ રાતપાળીમાં કામે ગયા હતા. મેં તેને ડૉક્ટર પર ફોન કરવાનું કહ્યું, પણ કોઈ વિચિત્ર કારણથી તેને ટેલિફોન જડતો ન હતો. મેં મારું બાઇબલ મંગાવ્યું અને તે વાંચવાનો પ્રયત્ન કર્યો. તે સમજવું મને મુશ્કેલ લાગ્યું, પણ અજાયબ જેવી વાત તો એ હતી કે હું તે વાંચી શકતી હતી. હું, કે જેણે પહેલાં કદી વાંચ્યું નહોતું. મેં જ્યોર્જને કહ્યું, "મને કશુંક થઈ રહ્યું છે. જેમ જેમ હું બાઇબલ વાંચું છું તેમ તેમ મારું શરીર વધારે અને વધારે ગરમ થતું જાય છે. જાણે કે નવું જીવન મારી અંદર વહેતું હોય એવું મને લાગે છે." બિચારો જ્યોર્જ કશું જ જાણતો નહોતો કે આ બધા પરથી શું સમજવું. વાંચન અને પ્રાર્થના પછી હું ઊંઘી ગઈ."

"સવારે જ્યારે મારા પતિ ઘેર આવ્યા, અને આ બધું મેં તેમને કહ્યું કે મને શું થયું હતું, ત્યારે તે ભારે ચિંતાતુર થઈ ગયા. તેમણે તેમની ભાણીને બીજી રાત્રે મારી સાથે સુવાનું કહ્યું, પણ બીજી રાત્રે કશું બન્યું નહિ. હું મારા હૃદયમાં જાણતી હતી કે ફરી એવું બનવાનું નહોતું. પણ કંઈક બીજું જ બન્યું."

"એક દિવસ જ્યારે હું મારી પથારીમાં પડી હતી, ત્યારે મેં મારા ખાટલા આગળના ડ્રેસિંગ ટેબલના આયનામાં મારી બન્ને બાજુએ એકેક માણસને બેઠેલો દીઠો. અને એક ત્રીજો જણ મારી પાછળ પણ જરાક બાજુએ બેઠેલો હતો. એની આંખો એવી ઝગારા મારી રહી હતી કે મને તેનું મોં દેખાતું ન હતું. અને તે વ્યક્તિ પુરુષ હતી કે સ્ત્રી, તે હું કહી શકતી

નહિ. મારા આખા શરીરમાં ભારે આનંદ અને શાંતિ ઊભરાઈ આવ્યાં. હું બાઇબલ વાંચી શકું તે માટેની મદદ સારુ મેં પ્રાર્થના કરી, અને ધીમેધીમે હું હવે વાંચી શકું છું. તે ક્ષણ પછી મને શરીરમાં સારું લાગવા માંડયું છે."

આવી તેમની કથની હતી. નાતાલની ભજનસેવા બાદ થોડા જ વખતમાં મેં નિનાની મુલાકાત લીધી. અત્યારસુધીમાં તેમને ખાતરી થઈ ચૂકી હતી, કે તેમણે તેમનાં પાપોનો પસ્તાવો કરીને પોતાનું જીવન પ્રભુને સોંપવું જોઈએ. અમે શાસ્ત્રાભ્યાસનો એક સમય રાખ્યો હતો અને હું તે કરાવતી હતી. એવી એક શાસ્ત્રાભ્યાસની બેઠક પછી, બધાં જતાં રહ્યાં ત્યારે તેમણે મને પૂછયું, "મહેરબાની કરીને મને કહો કે મારે શું કરવું જોઈએ : હું મારું જીવન ઈસુને સોંપવા માગું છું."

અમે સાથે પ્રાર્થના કરી અને તેમણે નવેસરથી ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યા. મેં તેમના દમ વિષે પણ પ્રાર્થના કરી. તે પછી તેમણે ડૉક્ટરની મુલાકાત લીધી ત્યારે ડૉક્ટરે તેમને કહ્યું કે તેમને હવે દવાની જરૂર નહોતી. તેમનો દમ જતો રહ્યો હતો. તેમને કેન્સર છે કે કેમ તેની તપાસ કરાવવા તેમણે ચાર વખત લોહીની તપાસ કરાવડાવી. આ બધી વાર જણાયું કે કેન્સરની કોઈ નિશાની નહોતી. ત્યારપછી તેમની તબિયત બહુ સરસ થઈ ગઈ છે. બીજા દસ જણ, જેમાંના છ એશિયન હતા, તેમની સાથે એલિમ પેન્ટીકોસ્ટલ ચર્ચમાં તેમને બાપ્તિસ્મા આપવામાં આવ્યું.

આમાં અમનજીત, તેમની સ્ત્રી કૃષ્ણા અને કૃષ્ણાની મા હતાં. સુસાનની મારફતે હું આ એક સરસ કુટુંબને મળી હતી. કૃષ્ણાની સાથે સુસાન પેમ્બ્રોક કોલેજમાં કામ કરતી હતી. એક દિવસ કૃષ્ણાએ તેનો પ્રશ્ન જે તેના મન પર ભારે બોજારૂપ બની ગયો હતો તેની વાત કરી. "મને એમ લાગે છે કે દીપ

માટે આપણે કંઈક કરી શકીએ તો સારું," એમ કહેતાં તેણે તેના નાના ભાઈ દીપનો વહાલથી ઉલ્લેખ કર્યો. તેની કિડની નકામી થઈ ગઈ છે, અને તેની કિડની બદલવા માટે ઓપરેશનની યાદીમાં તેનું નામ છે. તેના બધા વાળ જતા રહ્યા છે.

હવે શીખને માટે વાળ ગુમાવવા એ ભારે કરુણ બાબત કહેવાય. વાળને વ્યવસ્થિત રીતે વીંટાળીને પાઘડીમાં માથા ઉપર ઢાંક્યા હોય, તે દૃશ્ય એમ સાબિત કરે છે કે તેની માન્યતાઓ તેને મન અગત્યની છે. આને લીધે તે કાયદાની સાથે અથડામણમાં પણ આવી પડવાનો સંભવ રહે છે, દાખલા તરીકે, જ્યારે ઇંગ્લૅંડમાં એવો કાયદો થયો કે મોટર-સાઈકલ પર સવારી કરનાર દરેકે ટોપો (હેલ્મેટ) પહેરવો જોઈએ, ત્યારે શીખો ખેંચતાણમાં આવી પડયા કે તેઓએ અપનાવેલા દેશનો કાયદો પાળવો કે તેમના ધર્મનો?

કૃષ્ણાએ જઈને સુસાને કહ્યું : "જો કોઈ કિડનીનો દાતા જલદીથી નહિ મળે તો તે મરી જશે. અમે સંજોગોની દયા પર છીએ. અમે કશું કરી શકીએ તેમ નથી." નિરાશાના ભાવ સાથે તે રડી પડી, અને તેણે સુસાનને દોષિત ઠરાવતાં કહ્યું કે તે મને કેવળ પોતાની એકલીની જ ગણે છે. તેને ખૂબ લાગી આવ્યું અને તેણે તેને વચન આપ્યું કે તે મને દીપ માટે પ્રાર્થના કરવાનું કહેશે.

જલદીથી એક સભા બોલવવામાં આવી અને દીપ માટે આગ્રહથી પ્રાર્થનાઓ કરવામાં આવી. તેની મા, જે એક શીખ હતી, તે પણ પોતાના દીકરાને બચાવવા માટે જે તરણું મળે તે પકડી લેવાને માટે, જીવ પર આવી ગઈ હતી. તેણે મને તેના ઘેર બોલાવી જ્યાં અમનજીત અને કૃષ્ણા પણ હતાં. તેણે મને કાકલુદી કરી, "મહેરબાની કરીને મારા દીકરા માટે પ્રાર્થના કરો. તમે એકમાત્ર અમારી આશા છો."

કુટુંબ શાંતિથી બેઠું અને મેં મારી ખ્રિસ્તી પ્રાર્થના કરી અને ઈસુને કહ્યું કે તેઓ તેમની શારીરિક અને આત્મિક જરૂરિયાતો પૂરી કરે. બે અઠવાડિયાં પછી અમને અમારી પ્રાર્થનાનો જવાબ મળ્યો. એક કમનસીબ અકસ્માતમાં એક આઠ વરસની છોકરીનું મૃત્યુ થયું, અને તેનાં દુ:ખી તથા વ્યથિત માબાપે તેની કિડની દીપ માટે વાપરવાની રજા આપી. દીપ ઉપર સફળતાથી ઓપરેશન કરવામાં આવ્યું અને થોડાં અઠવાડિયાં બાદ તે સંપૂર્ણપણે સાજો થઈ ગયો. અમારી પ્રાર્થનાના આ પ્રત્યુત્તરના આનંદ ઉપર એક માત્ર પડછાયો એ હતો, કે એક કરુણ સંજોગે આ કિડની પ્રત્યારોપણ શક્ય બનાવ્યું હતું.

દીપના છૂટકારાએ આખા કુટુંબને એ સત્યની ખાતરી કરાવી આપી, અને તેઓ તે સાંભળે તેને માટે હું બહુ આતુર હતી, કે ઈસુ માર્ગ, સત્ય અને જીવન છે. તેમનું પવિત્ર પુસ્તક હવે બાઇબલ છે, અને તેઓ ભારે ખંતપૂર્વક તેનો અભ્યાસ કરે છે. દીપનાં માતા હવે એક સારાં ખ્રિસ્તી સન્નારી છે, જે તેમના આખા કુટુંબનો વિશ્વાસ બળવત્તર બનાવવાને માટે સફળતાથી પ્રયત્ન કરે છે.

અમનજીતની પોતાની સાક્ષી મારા હૃદયને હૂંફ આપે છે. લાંબાં સમય સુધી તેમણે પ્રભુનો વિરોધ કર્યો હતો. તેમના કહ્યા પ્રમાણે, "તમને હું મળ્યો તે પહેલાં મને બાઇબલમાં કંઈ રસ નહોતો. હું એક શીખ હતો અને ગુરુનો વિશ્વાસુ ચેલો હતો... હું જ્યાં કંઈ જતો ત્યાં મારી સાથે ગુરુનો ફોટો રાખતો હતો, અને જો કે હું ભણતો હતો, કે કૃષ્ણા ખ્રિસ્તી હતી તોપણ તે ગુરુનાં થોડાં વચનો બોલે એવો આગ્રહ હું રાખતો હતો. આને લીધે તેના અંતરમાં ભારે સંઘર્ષ પેદા થયો હતો, અને દસ વર્ષ સુધી તેણે મારે માટે પ્રાર્થના કરી હતી, પણ તેનો જવાબ મળ્યો નહોતો.

"અમારાં બે બાળકોને લઈને જ્યારે અમે ભારત ગયાં ત્યારે આ પરિસ્થિતિ પરાકાષ્ઠાએ પહોંચી. બધાં સાજ સજીને તૈયાર થયેલા છ કે સાત ચેલાઓ સાથે તેણે મારા ગુરુને જોયા. તેઓ શેરીમાંથી જતા હતા અને રણશીંગડાં વગાડતા હતા. આ દૃશ્ય જોઈને તેને કંટાળો આવ્યો, કારણ કે તેણે સ્પષ્ટ રીતે જોયું કે હું એક માણસની ભક્તિ કરતો હતો, ઈશ્વરની નહિ. તેને ત્યારે ભાન થયું કે તેની પ્રાર્થનાઓ સાંભળવામાં આવતી નહોતી તેનું કારણ એ હતું કે અજાણતાં તે બે ભગવાનની પ્રાર્થના કરતી હતી અને બે ધણીની સેવા કરતી હતી.

તે દિવસથી તેણે દૃઢ નિશ્ચય કર્યો, કે તે એક વિશ્વાસુ ખ્રિસ્તી બનશે, અને પવિત્ર આત્માએ તેને દર્શાવ્યું કે જો તે મારા પર સાચો પ્રેમ કરતી હોય તો તેણે મને ઈસુ ખ્રિસ્ત વિષે કહેવું જોઈએ. લગભગ આજ અરસામાં તે સુસાનને મળી અને તેણે તેને તમારા વિષે કહ્યું. તે તેનો કોયડો કોઈકની આગળ રજૂ કરવા માટે ઝંખી રહી હતી. અને તે માટે તમે જ યોગ્ય વ્યક્તિ હતાં. તેના ચાલુ આગ્રહને લીધે આખરે તમને મારી ઓળખાણ કરાવી. તમારી સાક્ષી સાંભળ્યા પછી જ હું ઈસુ ખ્રિસ્તને મારા તારનાર તરીકે સ્વીકારવા તૈયાર થયો. તમને યાદ છે ને કે તમે મારા ગુરુનો ફોટો નદીમાં નાખી દીધો હતો? મારે માટે તે દિવસથી તેમનો અંત આવી ગયો અને આખરે હું મુક્ત બન્યો હતો એમ મને લાગ્યું."

"૩૦ એપ્રિલ, ૧૯૮૩ને રોજ જ્યારે હું બાપ્તિસ્માના હોજમાંથી બહાર આવ્યો, ત્યારે મારું શરીર મને એટલું બધું હલકું લાગ્યું : મને એમ થયું કે જાણે કશુંક મારામાંથી નીકળી ગયું હોય. તેજ રાતથી મેં મારું બાઇબલ ખંતથી વાંચવાનું શરૂ કર્યું, અને હું તેને નીચે મૂકી દેવા ઇચ્છતો ન હતો. ઘણા થોડા સમયમાં મારું જ્ઞાન પુષ્કળ વધી ગયું, અને હું એમ વિચારવા

લાગ્યો કે મારે પ્રભુ માટે કામ કરવું જોઈએ. આજ કારણથી હું તમારી સાથે તમારા પ્રવાસોમાં આવવા આતુર હતો."

"આ વધતી જતી જાગૃતિ મેં પ્રભુનાં ચરણોમાં મૂકી અને કામના સ્થળે અને તે પછી પણ પ્રભુની સાક્ષી આપવાનું ચાલુ રાખ્યું. ૧લી ડિસેમ્બર સવારે આશરે પાંચેક વાગે, પ્રભુએ મને દર્શનમાં કહ્યું, "જાઓ અને સુવાર્તા પ્રગટ કરો, કારણ કે સમય પાસે છે. મેં તેને પૂછયું, "હું તે કેવી રીતે કરી શકું? લોકો મારું સાંભળશે નહિ." પણ ફરીથી મને કહેવામાં આવ્યું, "તું પ્રભુનું વચન લઈ જા અને ઉપદેશ કર. બીજા લોકોનો ન્યાય હું કરીશ. તું ચિંતા ના કરીશ. હું તારી સાથે છું, બીતો નહિ."

"એ દર્શન પછી હું પ્રભુની વધારે નજીક ગયો છું, અને હવે હું સંપૂર્ણપણે તેના પર આધારિત છું. હવે અમે આખું કુટુંબ કાઉલી રોડ પર આવેલા મેથોડિસ્ટ ચર્ચમાં જઈએ છીએ. જ્યારે પાસ્ટર હોતા નથી ત્યારે હું ભક્તિસભા ચલાવું છું. પાયાની વાત એ છે, કે મારો સંદેશો તદ્દન સાદો હોય છે : "તમારાં પાપોનો પસ્તાવો કરો. સમય પાસે છે. ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરો." મારા કામના સ્થળે જ્યારે હું આ વાત કરું છું, ત્યારે કેટલાક સાંભળે છે પણ બીજા હસી કાઢે છે. હું એ વાત પરથી દિલાસો લઉં છું, કે નૂહે જ્યારે તેની પેઢીને ઉપદેશ કર્યો, અને આવનાર પૂરની તેમને ચેતવણી આપી ત્યારે તેને પણ એજ પ્રતિભાવ મળ્યો હતો."

"ઈશ્વરે મને ભરપૂરપણે આશીર્વાદ આપ્યો છે, બે સુંદર છોકરાનું કુટુંબ, સારી તંદુરસ્તી અને મારાં પોતાનાં બે ઘર પણ છે. પણ મારી એ તીવ્ર આકાંક્ષા છે, કે હું ઈસુ ખ્રિસ્તના મહિમાને સારુ જીવું. જો તે મને પૂર્ણ સમયની સેવાને માટે બોલાવતા હોય તો તે માટે હું તૈયાર છું. વચગાળાના સમયમાં હું મારી પત્નીની સાથે જ્યાં કંઈ ખ્રિસ્તી સાહિત્યની જરૂર હોય

ત્યાં તે મોકલવાના કામમાં જોડાઉં છું. અહીં ઇંગ્લૅંડમાં અને પરદેશથી જે સાહિત્યની વિનંતી આવે છે તે વિના દામ અમે મોકલીએ છીએ. તેના વચનનો "ઉપદેશ" કરવાની આ પણ એક રીત હોય. હું જાણતો નથી. હું તે પ્રભુના હાથમાં મૂકું છું.

❖ ❖ ❖

## પ્રકરણ ૯

# પ્રસાર માધ્યમો સાથેના સંપર્ક

નીતિ. ૧૬:૯-૧૦ માણસનું મન પોતાના માર્ગની યોજના કરે છે, પણ તેનાં પગલાં ચલાવવાનું યહોવાના હાથમાં છે.

કેવું ઊંડું જ્ઞાન આ શબ્દોમાં સંઘરાયેલું છે! સપ્ટેમ્બર ૧૯૮૨માં જ્યારે હું હીથરો એરપોર્ટ પર આવી પહોંચી, ત્યારે મેં મારો છ મહિનાનો વિઝા કેવળ ત્રણ મહિનાનો કરી દેવામાં આવે એમ કહ્યું હતું. મને ખાતરી હતી કે પ્રભુનો સંદેશ તેના લોકોને પહોંચાડવાનું કાર્ય, ત્રણ મહિનામાં પૂરું થઈ જશે. જે ધમાલભરી ઝડપથી હું જીવી હતી, અને આ સમય દરમિયાન જે સાક્ષી મેં આપી હતી તે પરથી એ અપેક્ષા પૂરી થશે એમ લાગતું હતું. મને એવું લાગતું હતું, કે હું એમ કહી શકું કે, "મારો પ્રયાણકાળ પાસે આવ્યો છે, મેં મારું કાર્ય પૂરું કર્યું છે."

મેં આનંદી નાતાલ ગાળી હતી. હું આરામ અને તાજગી અનુભવતી હતી. બે અઠવાડિયામાં હું ઘેર જવા નીકળવાની હતી. મારાં છોકરાને ભારે આનંદ થશે. તેમના છેલ્લા પત્રોમાં તેમણે મને આજીજી કરી હતી. "માજી, મહેરબાની કરીને ઘેર આવો. તમારી ખોટ કેટલી બધી આલે છે! તમે પાછાં અમારી સાથે આવી જાઓ એવું અમે ઇચ્છીએ છીએ. અમને કહો કે તમે ક્યારે પાછાં આવો છો."

હું તેમને ફરીથી મળવા, પરિચિત અવાજો સાંભળવા અને પરિચિત દશ્યો ફરીથી જોવા, અરે! ગરમ દેશનો તડકો માણવા તલપી રહી હતી! ૧૯૮૨નો શિયાળો સરખામણીમાં હળવો હતો, પણ પાકિસ્તાનની ઠંડકભરી સુંદર સવાર માણવા

મારું મન તલપાપડ થઈ રહ્યું હતું. હા, હું એમ વિચારતી હતી કે ગરમ પ્રદેશનાં પક્ષીઓના કલરવે ફરીથી જાગી જવાનું મઝાનું લાગશે.

મારી સાક્ષી અને સંદેશો આપવાને માટે, પાસ્ટર ડેવિડ સિંઘે મને ફરીથી બે અઠવાડિયાં માટે, લંડનનું આમંત્રણ આપ્યું હતું, આ મને ગમ્યું, કારણ કે તેનો અર્થ એ થતો હતો કે છેલ્લી મિનિટ સુધી હું પ્રભુના લોકોને તેનો સંદેશો આપી શકીશ. બે અઠવાડિયાંને અંતે ઇંગ્લૅંડના મારા વસવાટના સમયનો અંત આવતો હતો. મારી સેવાનો હવે અંત આવે છે, એવું સ્પષ્ટ રીતે ધારવાનો આ કંઈ પહેલો પ્રસંગ નહોતો. પાકિસ્તાનમાં પણ હું આ જ અનુમાન પર આવી હતી, તે મને યાદ આવ્યું.

દર્શનમાં ઈસુએ આપેલી દોરવણી મુજબ મારું બાઇબલ મેળવ્યા પછી, મેં તે વાંચ્યું હતું, અને મેં નિશ્ચય કર્યો હતો કે મારે બાપ્તિસ્મા લેવું જોઈએ. મેં મારી જાતને કહ્યું હતું : મેં ઈસુની સાક્ષી આપી છે. જે માણસે મને નવો કરાર આપ્યો તેમને મેં ઈસુ ખ્રિસ્ત સાથેના મારા સંઘર્ષોની વાત કરી છે. એટલે ઈસુએ જે માગ્યું તે મેં કર્યું છે. હું બાપ્તિસ્મા લઈ શકું છું, અને પાછી મારા ઘેર જઈને સામાન્ય જીવન જીવી શકું છું. પણ જે નવા રસ્તા ઉપર મારે ચાલવાનું હતું તેની શરૂઆત બાપ્તિસ્મા હતી, અને નહિ કે તેનો અંત, તેથી મને આશ્ચર્ય થયું.

માણસ કેટલી સહેલાઈથી ભૂલી જાય છે. મારા મનમાં મેં બધું વ્યવસ્થિતપણે વિચારી રાખ્યું હતું. પણ જેમ યશાયા પ્રબોધક કહે છે, કે

. મારા વિચારો એ તમારા વિચારો નથી, તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી. એમ પ્રભુ કહે છે.

મારા ઈશ્વરની મારે માટે જુદી યોજના હતી. ઈશ્વરે ફરીથી તેના સેવકો એરિક અને ફાધર બર્નાર્ડને મારાં પગલાંને

માર્ગદર્શન આપવા માટે વાપર્યા હતા. હું નાતાલ માટે ઓક્સફર્ડ ગઈ તે પહેલાં લંડનથી આરામનીતલાલે સભાઓ ચલાવવા માટે મને ફોન કર્યો હતો. મેં કચવાતે મને તેમનું આમંત્રણ સ્વીકાર્યું નહોતું અને એમ કહ્યું હતું કે ઇંગ્લૅંડમાં રહેવાનો મારો વિઝા સમય નાતાલ પછી પૂરો થઈ જતો હતો. મારી જાણબહાર તેમણે ફાધર બર્નાર્ડ અને એરિકને પણ ફોન કર્યો હતો કે તેઓ મારો વિઝા લંબાવવાનો પ્રયત્ન કરે, અને છેલ્લે ઉમેર્યું હતું કે, "જો તમે તે કરી શક્તા ન હો તો હું કરી શકીશ."

ફાધર બર્નાર્ડે મારો પાસપોર્ટ તેમની પોતાની પાસે રાખ્યો હતો. તે તેમના જવાબમાં ખૂબ મક્કમ હતા. "તમે તેની ચિંતા કરશો નહિ, તમતમારે આગળ વધો અને સિસ્ટર ગુલશન માટે કાર્યક્રમ ઘડી કાઢો. હું બધું જોઈ લઈશ." એરિક, ફાધર બર્નાર્ડ અને હું લાંબો સમય પ્રાર્થનામાં રહ્યાં અને ઈસુની દોરવણી માગી. અંતે ફાધર બર્નાર્ડે મને કહ્યું, "એ બધું પ્રભુના હાથમાં છોડો, પાકિસ્તાનનો વિચાર ના કરશો. નાતાલ માટે તમે ઓક્સફર્ડ જાઓ, અને પછી લંડન જવાની યોજના ઘડો.

આ કરવામાં મને સંતોષ હતો. પણ મારે માટે એમાં દિલગીરીનો અંશ હતો. દર બેત્રણ અઠવાડિયે લાહોર, ફૈઝલાબાદ અને કરાંચીથી મિત્રોના પત્રો આવતા હતા, તેમાં તેઓ પાછા ફરવાની વિનંતી કરતા હતા. જો કે હું તો મારા પિતાના હાથોમાં હતી અને ત્યાં જ હું રહેવા માગતી હતી.

નાતાલ પછી ફાધર બર્નાર્ડે મને ફોન પર જણાવ્યું કે મારો વિઝા બીજા છ મહિના માટે લંબાવવામાં આવ્યો હતો, અમે બધાં તેમાં ઈશ્વરનો હાથ જોતાં હતાં, અને એ વાતોનો સ્વીકાર કર્યો કે ઇંગ્લૅંડમાં મારી સેવાઓ ચાલુ રાખવાની હતી.

આરામનીતલાલ ખૂબ આનંદમાં આવી ગયાં. તેમણે મને કહ્યું, "પ્રભુ હજુ તમારે માટે બીજાં વધારે દ્વાર ખોલવાનો છે.

પાકિસ્તાનમાંનાં મારાં બાળકોને માટે દુઃખી થતાં મેં તેમને લખ્યું, "હું બહુ દિલગીર છું કે હમણાં હું પાછી આવી શક્તી નથી. હું પ્રભુના કામમાં પડેલી છું. પણ પ્રાર્થના કરશો કે પ્રભુ મને ત્યાં આવવાનો અને તેમને જલદીથી મળવાનો સમય આપે."

મિ. લાલના શબ્દો ભવિષ્ય ભાખનારા નીકળ્યા, કારણ કે એક પછી એક દ્વાર મારે માટે ખૂલતાં ગયાં. અને તે સામાન્ય દ્વાર નહોતાં. ૨જી જાન્યુઆરી ૧૯૮૩ને રોજ પાકિસ્તાની આજે ભારતીય ખ્રિસ્તીઓના એક જૂથને સંબોધવાનો કાર્યક્રમ નક્કી થયો હતો. ભક્તિસભામાં વિડિઓ કેસેટ ઉતારવામાં આવી. તે વખતે તો હું અજાણ હતી, પણ પાછળથી જ્યારે મેં તે કેસેટ જોઈ ત્યારે મારી આંખો તે માનવા તૈયાર નહોતી. હું, ગુલશન એસ્તર, એક મુસ્લિમ તરીકે જેનો ફોટો કદી પાડવામાં આવ્યો નહોતો, તે ફિલ્મમાં વાત કરી રહી હતી કે ઈસુએ મારે માટે શું કર્યું છે. સાચું કહું કે તે એક અજાયબી હતી કે મારી ગેરહાજરીમા પણ સેંકડો માણસો મને જોઈ અને સાંભળી શકે છે.

લંડનમાંના મારા સમય દરમિયાન હું આરામનીતના કુટુંબ સાથે રહી. આરામનીત એશિયન ચર્ચમાં એક વડીલ હતા. બે રવિવાર મેં સભાજનોને સંબોધ્યા, અને વચ્ચેના દિવસોમાં દર સાંજે જુદાં જુદાં કુટુંબોમાં સભાઓ રાખવામાં આવી હતી, જેમાં ૨૫ થી ૩૦ માણસો પ્રભુનું વચન સાંભળવા હાજર રહેતાં હતાં. પ્રભુએ તેનો સંદેશો પરાક્રમ સહિત દઢ કર્યો.

ઉદાહરણ તરીકે આનંદ, જેને દસ વરસથી પેટનો દુખાવો હતો, તેણે મને તેને સારુ પ્રાર્થના કરવા કહ્યું, મેં પ્રાર્થના કરી અને તેનું દુઃખ મટી ગયું. પછી શીલા, જેને ૨૦ વરસથી

પીઠનો સખત દુખાવો હતો. ડૉક્ટરો પાસે તેને મટાડવાનો કોઈ ઈલાજ નહોતો. અને વૈદકીય કારણોને લીધે ઓપરેશન કરવું શક્ય ન હતું. ફરીથી એક વાર પ્રભુએ અમારી હાજરીમાં ચમત્કાર કર્યો, કારણ કે તેમને સારુ પ્રાર્થના કર્યા બાદ ઈસુએ તેમને દર્દમાંથી છોડાવ્યાં. પ્રભુનાં વચનોનું સત્ય સાબિત કરવાને માટે જે નક્કર પુરાવાની જરૂર હતી તે આ ચમત્કારો કે નિશાનીઓએ પૂરી પાડી. ખાસ કરીને એશિયન ખ્રિસ્તીઓને પ્રભુની સાક્ષી આપવામાં તે બહુ ઉપયોગી થઈ પડે છે. કારણ કે બાઇબલના જ્ઞાનની તેમ જ ઈશ્વર તેના લોકો સાથે કેવી રીતે કામ કરે છે. તેના જ્ઞાનની ઊણપ તેમાં ખરેખરો અવરોધ પેદા કરે છે. તેઓ આ નિશાનીઓ બતાવીને ખાતરીપૂર્વક કહી શકે કે, "જુઓ, પ્રભુએ મારે માટે આ કર્યું છે. તે તમારે માટે એમ જ કરી શકે છે.

લંડનથી એક ખ્રિસ્તી ભાઈ જેમ્સ, જે વડીલ હતા. તે મને તેમની મંડળીમાં બેડફર્ડ લઈ ગયા. આ પહેલાં મેં એક વખત બેડફર્ડની મુલાકાત લીધી હતી. બેડફર્ડની આ બીજી મુલાકાતથી મને ઘણી ખુશી થઈ, કારણ કે પહેલી વખત જે કુટુંબોની મુલાકાત હું લઈ શકી નહોતી તેમને આ વખતે હું મળી શકી. એ વાતથી મને વધારે ખુશી થઈ, કે જે મુસ્લિમ ભાઈ મને તેમના કુરાનને અડકવા દેતા નહોતા, તે હવે બીજાઓને, ઈસુએ તેમને આપેલા તારણની વાત કરતા હતા અને કહેતા હતા કે તે જ તારણ તે બધાને પણ આપે છે.

આમાં બે મુસ્લિમ બહેનો હતી જેઓએ મને પૂછ્યું, "તમે આ ખ્રિસ્તી લોકોથી કંટાળી ગયા નથી? તમને તમારું પાકિસ્તાનનું ઘર યાદ આવતું નથી?" બિનખ્રિસ્તી લોકોને માટે તે સમજવું કેટલું બધું મુશ્કેલ છે, કે જુદાંજુદાં રાષ્ટ્રોને અલગ કરનાર ભિન્નતાનો પડદો ઈસુ ચીરી નાખે છે, અને તેમને

ખ્રિસ્તી પ્રેમ અને સંગતમાં જોડે છે. હું જે કહેતી આવી હતી તે સિવાય બીજું હું શું કહી શકું?'' અલબત્ત, મારું પાકિસ્તાનનું ઘર મને યાદ આવે છે, પણ તે કરતાં પણ વધારે પ્રેમ હું ઈસુ પર રાખું છું. અને અહીં હું તેમના લોકોને ચાહું છું, તેમનો કંટાળો મને શી રીતે આવે?''

એ બાબત સમજાવવી હંમેશાં સહેલી હોતી નથી, કે ઈસુ મને જ્યાં લઈ જવા માગે ત્યાં જવાની મારી એકમાત્ર ઇચ્છા છે. અને મારા જીવનમાં તેમના પ્રત્યેની વફાદારી બીજી બધી બાબતો કરતાં પહેલું સ્થાન ધરાવે છે. પીતરે ઈસુને કહેલી વાત અને ઈસુએ આપેલો ઉત્તર મને ખૂબ દિલાસો આપતો હતો.

અને પીતર તેને કહેવા લાગ્યો, જો અમે બધું મૂકીને તારી પાછળ આવ્યા છીએ. ઈસુએ તેને કહ્યું, કે હું તમને ખચીત કહું છું, કે જે કોઈએ મારે લીધે તથા સુવાર્તાને લીધે પોતાના ઘરને કે ભાઈઓને કે બહેનોને કે માને કે બાપને કે છોકરાંને કે ખેતરોને મૂકી દીધાં હશે, તે હમણાં આ કાળમાં સોગણાં ઘરોને, ભાઈઓને, બહેનોને, માતાઓને, છોકરાંને અને ખેતરોને, સતાવણીઓ સુદ્ધાં તથા આવતા કાળમાં અનંતજીવન પામ્યા વગર રહેશે નહિ. (માર્ક ૧૦ : ૨૮-૩૦)

તેના લોકો મધ્યે હું મારી આ સેવા ચાલુ રાખતી હતી ત્યારે આવાં વચનો મારામાં શક્તિ પૂરતાં હતાં. જોકે કોઈક વાર પ્રાસંગિક વાદળ દેખાતું, જેમ કે ઉદાહરણ તરીકે, ગંભીર શંકા દર્શાવતાં મને પૂછવામાં આવ્યું, ''તમે બ્રિટિશ નાગરિક બનવાનો પ્રયત્ન કરી રહ્યાં છો? આથી મને ભારે દુ:ખ થયું. એ વાત મારા મનમાં સૌથી છેલ્લી આવે. હું જરૂર કરતાં વધારે લાંબું ઇંગ્લૅંડમાં રહેવા માગતી ન હતી. ઈસુ મારા જીવનના સૂત્રધાર હતા, અને મારે ઇંગ્લૅંડમાં કેટલું રહેવું તે

નક્કી કરનાર તે હતા. જોકે, મારે એ વાત સ્વીકારવી જોઈએ, કે પ્રશ્ન પૂછનારાના મનમાં મારા પ્રત્યે કોઈ દુશ્મનાવટ નહોતી, લોકો માટે વાત કંઈ અજાણી નહોતી, કે પ્રથમ લોકો ખ્રિસ્તી થાય, અને પછી ઇંગ્લૅંડમાં કાયમી રહેવા માટે, બ્રિટિશ ખ્રિસ્તીઓનો ટેકો શોધે. એટલે પ્રશ્ન પાછળ રહેલો હેતુ દેખીતો હતો, કે બ્રિટિશ નાગરિક બન્યા પછી પાછી હું ઇસ્લામમાં જતી રહું. આ મારો ખ્રિસ્તી ધંધો કેવળ બનાવટી હતો, અને તેને ગંભીર રીતે લેવાનો ન હતો.

જે કોઈએ જાણ્યું હોય,કે હું કેવી રીતે ખ્રિસ્તી બની. અને મારા પોતાના કુટુંબે મારી કેટલી સતાવણી કરી, તે કદી આવો પ્રશ્ન પૂછે નહિ, પૂછવાનો વિચાર સરખો પણ કરે નહિ. શું ઈસુએ પણ પોતાની કહેલી વાતોમાં એ નથી ઉમેર્યું કે જેઓએ બધું છોડ્યું છે તે સતાવણી સુદ્ધાં સોગણું પામશે? મને જરૂર સોગણું મળ્યું હતું. તો પછી સતાવણીનો સામનો કરવા પણ શું મારે તૈયાર રહેવું ન જોઈએ? એટલે મને પ્રશ્ન પૂછનારને હું શાંતિપૂર્વક અને સાદી રીતે આમ કહી શકી : જો ઈશ્વરની ઇચ્છા હશે તો એક દિવસ હું પાકિસ્તાન પાછી ફરીશ. હું ત્યાં સુખી હતી અને હું મારા દત્તક લીધેલા કુટુંબને ચાહું છું. ઈસુ આ જાણે છે.''

જ્યારે હું બેડફર્ડમાં હતી ત્યારે પ્રભુ ગુપ્તારા જે, "come close" નામનો કાર્યક્રમ ટેલિવિઝન પર રજૂ કરે છે, તેમનો ફોન આવ્યો. તે ઇચ્છતા હતા કે સેન્ટ્રલ ટેલિવિઝન પર હું એક કાર્યક્રમ આપું. તે બર્મિંગહામમાં ટેલિવિઝન પર આવશે. આ કાર્યક્રમ પંદર મિનિટ ચાલવાનો હતો, તે કંઈ લાંબો સમય ના કહેવાય, પણ ઈસુના સંદેશાના ઢંઢેરા માટે જો તે વપરાવવાનો હોય તો તે કિંમતી સમય કહેવાય. મારે માટે આ એક બીજો ચમત્કાર હતો. આગલી રાતે મેં આગ્રહપૂર્વક પ્રાર્થના કરી.

પ્રભુ, આ તમારા મહિમા માટે થવા દો. તમે મને કહ્યું હતું, કે જ્યારે મને જરૂર પડે ત્યારે તમે યોગ્ય શબ્દો આપશો. અત્યારે મારે તેની જરૂર છે. તમે મારા મનનો કબજો લો અને તે તમારા વિચારો કરે અને મારા હોઠો તમારા શબ્દો બોલે. પ્રભુ, એવું કરો કે ઘણાં હ્રદયોને તમારા આત્મા વડે સ્પર્શ થાય, કે તેઓ મારી સાક્ષીનો યોગ્ય પ્રતિભાવ આપે, અને તમને તેમના પ્રભુ અને તારનાર તરીકે સ્વીકારે.

હું માનતી હતી કે પ્રભુ મારું સાંભળશે અને તેનો પ્રત્યુત્તર આપશે.

એમ નક્કી કરવામાં આવ્યું હતું કે, સુસાન, તેના પિતા, અને ભાઈ, અને અમારા એશિયન ચર્ચના પાસ્ટર મારી સાથે આવે અને થેલ્મા માર્ક્સ મારું ભાષાંતર કરે, બર્મિંગહામમાં સ્ટુડિયો ઉપર અમે ભેગાં થયાં તે સુંદર પ્રકાશિત સવાર હતી. હું સ્ટુડિયોમાં હોઉં અને ટેલિવિઝનની બત્તીઓ મારી પર પ્રકાશતી હોય એ મારે માટે એક સ્વપ્નસમાન હતું. હું વિચારતી હતી કે શું આ ખરેખર મારે માટે બની રહ્યું છે! ત્યારે મને યાદ આવ્યું કે તેના કરતાં પણ વધારે મહાન પ્રકાશ મારા પર પ્રકાશ્યો હતો, અને તેની સાબિતી બધાં જોઈ શક્તાં હતાં. સાચું કહું તો આ બીજો મહાન પ્રકાશ જે મારા પર પ્રકાશ્યો તેની જ વાત હું અહીં કરવાની હતી. સદ્‌ભાગ્યે, ત્યાં ઝાઝાં માણસો નહોતાં. કેવળ પુરસ્કર્તા, સંચાલક, અને બે કે ત્રણ મદદનીશ. રજૂઆત કરનાર મને પ્રશ્નો પૂછે, થેલ્મા તેનું ભાષાંતર કરે અને બની શકે તેટલી સારી રીતે મેં તેના ઉત્તરો આપ્યા.

મુલાકાતને અંતે સંચાલકે મારો આભાર માન્યો. એ વાતની નોંધ લીધા વિના હું રહી શકી નહિ કે સંચાલક મારી કથનીથી પ્રભાવિત થયા હતા. અને મૂંઝવણ પણ અનુભવતા

હતા, કે ઈશ્વર પહેલાંની એક અપંગ છોકરીને સાજી કરે, અને તેને ખ્રિસ્તી સુવાર્તાનું સત્ય બીજાઓને પ્રગટ કરવામાં કામમાં લે. પણ હું તે જાણતી હતી કે હું મારા પોતામાં અને પોતા વડે કંઈ નહોતી. જો કે ઈસુ ખ્રિસ્ત દ્વારા હું બધું કરી શકું એમ હતું.

જ્યારે હું મુસ્લિમ હતી ત્યારે હું ઇસ્લામ માટે કશું કરી શકી નહિ. હું અપંગ અને નકામી હતી. પણ ઈસુ ખ્રિસ્તે મને સાજી કરી અને તેમણે મને નવું જીવન, નવી આશા, નવો હેતુ, અને મારા જીવન માટે નવો અર્થ આપ્યો હતો. તેમનો સંદેશો પ્રગટ કરતાં મને કશું રોકી શકે તેમ નહોતું : "હું રસ્તો, સત્ય તથા જીવન છું." હવે હું મારા સાથી મુસ્લિમોને માર્ગ બતાવી શકું, મારા સ્વર્ગીય પિતા ખરેખર મારા પિતા બન્યા હતા. હું દરરોજ તેમનો પ્રેમ અનુભવતી હતી અને ઇચ્છતી હતી કે તેઓ પણ તેમાં ભાગીદાર બને. જે બધાને એ વાત લાગતી વળગતી હતી, અને જેઓ આ મારી સેવામાં રસ લઈ રહ્યાં હતાં તે બધાંને એમ લાગતું હતું, કે પ્રવાસને માટે ઓક્સફર્ડ એક સારું મુખ્ય મથક બની શકે. ત્યાંથી વધારે સ્થળોએ જઈ શકાય એમ હતું, અને મારે માટે પ્રવાસ પણ ઓછો થાય. તેને પરિણામે ૪થી ફેબ્રુઆરીએ મારો જે થોડો સામાન હડર્સફિલ્ડ પડ્યો હતો, તે લેવા માટે હું અને સુસાન ગયાં. ૮મી ફેબ્રુઆરીએ અમે બસમાં પાછાં આવ્યાં. આમ મેં ઓક્સફર્ડમાં સુસાનના કુટુંબ સાથે રહેવાનું રાખ્યું. હવે મારા બધા પ્રવાસમાં સુસાન મારી સાથે હોય.

અમારો આવો પ્રથમ સાથીપ્રવાસ કોવેન્ટ્રીનો હતો. હું આ પહેલાં ત્યાં ગઈ નહોતી. એક પાકિસ્તાની ખ્રિસ્તી કુટુંબ અમને લેવા આવ્યું હતું. સાંજે ફરી એક સભા રાખી હતી. જેમાં બારથી પંદર અંગ્રેજ શ્રોતાઓ હતા. સુસાને મારું ભાષાંતર

કર્યું. અમારા મહેમાનોમાં એક શીખ હતા, જે મારી સાક્ષીથી ઘણા પ્રભાવિત થયા હોય એમ લાગ્યું. સભા પછી તેમણે મને કહ્યું, "જો કે હું ઘણા પાકિસ્તાની, ભારતીય અને બ્રિટિશ ખ્રિસ્તીઓને મળ્યો છું. પણ આ પહેલાં આવી સાક્ષી મેં કોઈની પાસેથી સાંભળી નથી. હું બેંકમાં કામ કરું છું અને તેમાંના ઘણાને હું મળું છું. પણ કોઈએ કદી એમ નથી કહ્યું કે ઈસુએ તેમનો સ્પર્શ કર્યો છે. આવતી કાલે તમે મારે ઘેર આવી શકો અને મને તથા મારી પત્નીને ઈસુ ખ્રિસ્ત વિષે કંઈ કહી શકો? ઘણું બધું અમને જાણવાનું મન છે, હું સમજી શકું છું કે તમે ટૂંકી મુલાકાતે અહીં આવેલાં છો, પણ જો તમે આવી શકો તો અમે ઘણાં આભારી થઈશું."

આ અંગત આમંત્રણથી મને ખૂબ આનંદ થયો. "આવો અને અમને ઈસુ વિષે કહો." તેમણે કહ્યું હતું! આના કરતાં વધારે સારી તક બીજે ક્યાં મળવાની હતી? મેં ખુશીથી તે સ્વીકાર્યું. બીજે દિવસે જ્યારે સુસાન અને હું તેમને ત્યાં ગયાં ત્યારે તેમની પત્નીએ ઉત્તમ ભોજન અમારે માટે બનાવ્યું હતું. અમે આશા રાખી શકીએ એવી બધી વાનગીઓથી ટેબલ ભરાઈ ગયું હતું. તેમણે અમારે માટે ભેટો પણ આણી હતી. આવી રીતે ભેટો સ્વીકારવાનું મને ગમતું નહોતું. જે એક માત્ર અને સૌથી મહાન ભેટ જે મારે આપવાની હતી તે હતું આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં તારણ, અને તે ભેટ મફત હતી. તે અંગેની મારી સાક્ષી પણ મફત હતી. તેમની ભેટ સ્વીકારવાની મેં આનાકાની કરી, પણ જ્યારે મને લાગ્યું કે તે લોકોને ખોટું લાગશે એટલે મારે તે લેવી પડી.

ભોજન બાદ અમે બેઠાં જેમાં મેં અપેક્ષા રાખી હતી કે ઈસુ અને આપણાં પાપો માટે વધસ્તંભ પર તેમનું મૃત્યુ, એ વિષે ચર્ચા થશે, પણ કમનસીબે તે કુટુંબને તેમની ભૌતિક

જરૂરિયાતો માટે પ્રાર્થના કરવામાં વિશેષ રસ હતો. અને તારણ સાથે એ બાબતોને કંઈ લાગતું વળગતું નહોતું. તેમના પ્રશ્નો તેમના બે દીકરાઓ સંબંધી હતા. મોટા દીકરા સાથે તેમને લગભગ સંબંધ નહોતો એમ કહીએ તો ચાલે, અને તેથી તેઓ દુઃખી હતાં. તેમનો નાનો દીકરો પરીક્ષામાં બેસવાનો હતો અને તેની તેમને ચિંતા હતી.

હું નિરાશ થઈ ગઈ. હું ઇચ્છતી હતી કે તેઓ ઈસુને, ઈશ્વરના દીકરાને તેમના તારનાર તરીકે સ્વીકારે, અને તેમનાં જીવનમાં ઈશ્વરની ઇચ્છા શોધે, પણ તેમની ઇચ્છા એવી લાગતી હતી કે ઈસુ તેમની બધી મુશ્કેલીઓ લઈ લે, તેમ છતાં મને યાદ આવ્યું કે હું પણ એક સમયે એવી જ હતી. મારી પંગુ અવસ્થામાં જે એકમાત્ર બાબત મારે જોઈતી હતી તે એ હતી કે મને શારીરિક સાજાપણું મળે, તેની વિરુદ્ધમાં ઈસુ મને નવું જીવન અને નવી આશા આપવા માગતા હતા.

મેં નમ્રતાથી તેમને કહ્યું, "તમારા પોતા માટે પ્રાર્થના શરૂ કરો. ઈસુને કહો કે તમને યોગ્ય માર્ગે ચલાવે, કારણ કે તે ઇચ્છે છે કે પહેલાં આપણે તેનું રાજ્ય અને ન્યાયીપણું શોધીએ, અને પછી તે આપણને જે જોઈએ તે આપશે."

હું દિલગીરી સહિત વિચારવા લાગી કે, આપણે માટે એ એટલું બધું સહેલું છે, કે આપણે આપણી આત્મિક જરૂરિયાતો જે વધારે અગત્યની છે તેમને, આપણી ભૌતિક અને માનવી જરૂરિયાતો વડે આપણે દૃષ્ટિથી ઢાંકી દેવા માગીએ છીએ. જો ઈસુને આપણે રજા આપીએ તો તે તે પડદો ચીરી નાખે, પણ કેટલી બધી વાર આપણે તેને વળગી રહીએ છીએ. સુસાન અને હું ત્યાંથી ઓક્સફર્ડ પાછાં ફર્યાં અને જોયું કે અમારે સ્કોટલેન્ડ જવા માટેનું આમંત્રણ અમારી રાહ જોતું હતું. લંડનના ઇસ્ટ હામમાં રહેતા એક ખ્રિસ્તી ભાઈને અમારે મળવાનું હતું, અને

ત્યાંથી અમારે ટ્રેનમાં ગ્લાસગો જવાનું હતું.

ગ્લાસગોમાં મેં કેટલીયે ગૃહસભાઓને સંબોધી, પણ તેમાંથી એક મને ખાસ યાદ આવે છે. ત્યાં હાજર રહેલાં દંપતિને પરિણિત જીવનના પ્રશ્નો હતા, કારણ કે પત્નીને ભૂત વળગ્યું હોય એવી ધારણા હતી, અને તેને માટે મને પ્રાર્થના કરવાનું કહેવામાં આવ્યું. કુટુંબે મને તેમના પ્રશ્નોની વિગતો આપી. કેટલાક પ્રસંગે તે એવી હિંસક બની જતી હતી, અને તેના પતિ ઉપર એવા આક્ષેપ કરતી હતી કે તે તેમનાં બાળકોને મારી નાખવા માગે છે, અને પછી તે એમ કહેતી કે તે તેનો પતિ નહોતો. જ્યારે તેનો ગુસ્સો ઊતરી જતો ત્યારે તે બહુ અફસોસ કરતી. તેના પિતા અને પતિએ મને તેના માટે આગ્રહભરી વિનંતી કરી. અમે તેના માટે પ્રાર્થનાસભા રાખી જે લગભગ આઠ કલાક ચાલી. અને સભાને અંતે તે બહેને કહ્યું, "ઈશ્વરનો આભાર માનો, હવે મને સારું લાગે છે." થોડા એક મહિના પછી જ્યારે હું તેના પતિને મળી ત્યારે તે ખુશખુશાલ હતા. અને કહ્યું કે તે અને તેમનાં પત્ની વચ્ચે સમાધાન થઈ ગયું હતું, અને તેઓ બંને સુખી તંદુરસ્ત હતાં.

ગ્લાસગોથી અમે પાછાં લંડન આવ્યાં અને તે મહિનાના અંત સુધી દિન કુટુંબ સાથે રહ્યાં. આ કુટુંબ પાછળથી મારા આ સેવાકાર્યમાં અગત્યનો ભાગ ભજવવાનું હતું, અમે ઓક્સફર્ડ પાછાં આવ્યાં તેના પાંચ દિવસ પછી, અમને સાઉથ હોલ જવાનું આમંત્રણ મળ્યું અને એક પાકિસ્તાની ખ્રિસ્તી વિધવા બહેનનાં અમે મહેમાન બન્યાં. જેમનું નામ શ્રીમતી ડેનિયલ હતું. રવિવારે અમે તેમની સાથે મેથોડિસ્ટ ચર્ચમાં ભજનસેવામાં ગયાં, અને સોમવારથી શનિવાર સુધી દરરોજ સાંજે અમારી સભા ચર્ચહોલમાં થતી. અમને જરા વિચિત્ર લાગ્યું કે અમારી સેવાનું કંઈ પરિણામ ન આવ્યું.

પછી એક દિવસ, અઠવાડિયાંને અંતે બે બિનખ્રિસ્તી બહેનો ભારે પીડિત દશામાં શ્રીમતી ડેનિયલને ત્યાં આવી. હાઈ સ્ટ્રીટમાં તે લોકોની તૈયાર કપડાંની એક મોટી દુકાન હતી. તેમાં કોઈ રહસ્યમય રીતે માંસ અને લોહી પડેલું મળી આવતું હતું, અને તેથી તેઓ વ્યથિત હતાં. કડકમાં કડક સુરક્ષા રાખવા છતાં સવારે જ્યારે તેઓ દુકાન ખોલતાં ત્યારે ભોંય પર એ પડેલું મળી આવતું હતું. તેમને તેથી ઘૃણા ઉપજી હતી એટલું જ નહિ, પણ બ્હી પણ ગયાં હતાં, કારણ કે તેઓ વહેમી હોવાથી આની પાછળ કોઈ બદઈરાદો હોવાની શંકા જતી હતી.

તેઓને મદદની જરૂર હતી અને તેમની પાસે મારી પ્રાર્થના માટે આવ્યાં હતાં. તેમણે કહ્યું કે તેમને ખાતરી થઈ હતી કે ઈસુ તેમને આ દુષ્ટ બાબતથી છુટકારો આપી શકે છે. મને તેમની દુકાન પર જવાનું આમંત્રણ આપવામાં આવ્યું. તેમને એ સમજાવતાં મને નાકે દમ આવી ગયો કે આ મારું સેવાકાર્ય નહોતું. મારી પાસે કોઈ જાદુઈ શક્તિ નહોતી. પ્રથમ તમારાં હ્રદય ખુલ્લાં કરો અને ઈસુને તમારાં જીવનોમાં આવવા દો, એ માટે કે તે તમને તમારાં પાપોથી બચાવે. તમારે તારણની પહેલી જરૂર છે, અને નહિ કે લોકોની કૂયુક્તિઓમાંથી છુટકારો મેળવવાની. હું તમને મારી સાથે પ્રાર્થના કરવાનું કહીશ નહિ, કેમ કે હું જોઈ શકું છું કે હજુ તેને માટે તમે તૈયાર નથી. પ્રથમ તમે માનો અને પછી હું તમારે માટે પ્રાર્થના કરીશ.

તેઓએ સારી રીતે મારી વાત સ્વીકારી અને ઘેર ગયાં. તેઓ આને માટે આવ્યાં ન હતાં. તોપણ બીજે દિવસે તેઓ પાછાં આવ્યાં. "સિસ્ટર ગુલશન અમે ઈસુ માટે અમારાં હ્રદય ખુલ્લાં કરવા તૈયાર છીએ. મહેરબાની કરીને અમારે સારુ

પ્રાર્થના કરો." હું જોઈ શકી કે તેઓ આ નિર્ણય પર સહેલાઈથી આવી નહોતી. કદાચ આ પ્રસંગ તેમની લાંબાં સમયની શોધની પરાકાષ્ટારૂપ હતો. અમે સાથે પ્રાર્થના કરી. પછી મેં થોડું પાણી લીધું અને તે પર પ્રાર્થના કરી. મેં તેમને દરરોજ પ્રાર્થના કરીને તે પાણી દુકાનમાં બધે છાંટવા કહ્યું. બે દિવસ પછી તેઓએ અમને જણાવ્યું કે તેમની દુકાન શુદ્ધ થઈ ગઈ હતી અને તેમના છુટકારા માટે ખૂબ ખૂબ આભાર માન્યો. જ્યારે તેઓ મને આ કહેવાને આવ્યા, ત્યારે હું જવાને તૈયાર થઈ તે પહેલાં તેઓ મારે માટે એક કિંમતી પોશાક લાવ્યાં. ફરી એક વાર મારે વિરોધ કરવો પડ્યો. હું એવું ઇચ્છતી ન હતી કે હિંદુ સાધુઓની માફક મને મારી સેવાઓ બદલ ભેટો આપવામાં આવે. હું ઇચ્છતી હતી કે તેઓ ઈસુ ખ્રિસ્તને વિશ્વાસુ બની રહે અને તેમનો ધંધો સફળ થાય ત્યારે તેને યાદ રાખે. પણ તેઓએ આગ્રહ ચાલુ રાખ્યો. "ઈશ્વર પ્રત્યેના અને તમારા પ્રત્યેના અમારા પ્રેમની અભિવ્યક્તિ તરીકે, મહેરબાની કરીને આ ભેટ સ્વીકારો."

આમ આ વિચિત્ર પ્રસંગને અંતે, બે જણ બદલાણ પામ્યાં અને જે અમને નિષ્ફળ સેવા લાગતી હતી, તે એકાએક ફળદાયી બની ગઈ. હિંદુઓ અને પાકિસ્તાનીઓ સાથેના દૈનિક વ્યવહારમાં ઈસુને માટે તેઓ શાં ફળ ઉપજાવવાનાં હતાં તે આપણે કદી જાણીશું નહિ, પણ ઈસુ તો જાણશે, અને તેમના નામનો મહિમા થાઓ. સુસાનના પિતા અમને લેવા માટે આવ્યા, અને અમે એ સંતોષથી પાછાં ઓક્સફર્ડ આવ્યાં, કે અમે અમારા પ્રભુને માટે કંઈક સિદ્ધ કર્યું હતું.

આરામ કરવાનો સમય અમને ભાગ્યેજ મળ્યો. કેમ કે થોડા દિવસ પછી અમે પાછાં ઇસ્ટ હામ જવાને નીકળી પડ્યાં. ત્યાં ફરીથી અમે દિન કુટુંબની સાથે રહ્યાં. સેન્ટ હેલન ચર્ચમાં

મને સાક્ષી આપવાનું આમંત્રણ હતું. હું એટલું જાણતી હતી કે તે ભજનસેવાની ફિલ્મ ઉતારવાની હતી, પણ મને જરાસરખો પણ ખ્યાલ ન હતો કે તેનાં કેવાં દૂરગામી પરિણામો આવવાનાં હતાં, અથવા એ પણ હું જાણતી નહોતી કે ઇંગ્લૅંડમાંના અમારા અવારનવાર પ્રવાસોના અંતની એ શરૂઆત હતી.

અહીંની મંડળીમાં અમારા યજમાન કુટુંબનો દીકરો નોબલ દિન હતો. તે પાકિસ્તાની ખ્રિસ્તી હતો અને સાઉદી અરેબિયામાં કામ કરતો હતો, અને જ્યારે તે રજા પર હોય ત્યારે તેના માતાપિતાને મળવા માટે ઇંગ્લૅંડ આવતો. તેણે જ મારે માટે આ રવિવાર સાંજની સભાનું આયોજન કર્યું હતું. નોબલને મારી સાક્ષી એટલી બધી ગમી ગઈ કે ઈસુએ મારે માટે આટલું બધું કર્યું હતું. અને તેને વિચાર આવ્યો કે આ સાક્ષીને પુસ્તકમાં પ્રગટ કરી હોય તો ઉત્તમ. હું એટલું જ કહી શકું કે તે રાત્રે ઈશ્વરનો પવિત્ર આત્મા કામ કરી રહ્યો હતો. ઈસુ ખ્રિસ્તની સાક્ષી આપવાની આ નવી તક મારી તરંગીમાં તરંગી આશાઓથી પણ વિશેષ હતી.

આ વાત પર અસર પાડી શકે એવા સારા સ્થાન પર નોબલ હતો, કારણ કે તે વખતે તેનો મિત્ર માર્શલ, મોર્ગન અને સ્કોટની પુસ્તક પ્રકાશક સંસ્થાનો વહીવટી સંચાલક હતો. તેણે તેના આ મિત્ર જોનને સમજાવ્યો કે તે ટેઈપ રેકોર્ડિંગ સાંભળે. જોનને તેમાં ખૂબ રસ પડ્યો અને કંઈપણ સમય ગુમાવ્યો નહિ. થોડા દિવસોમાં જ સહમતી સધાઈ કે મારી સાક્ષી તેમની કંપની દ્વારા પ્રકાશિત થાય. મારી પાસેથી એ વચન લેવામાં આવ્યું કે બીજી કોઈ પ્રકાશક કંપની સાથે મારે કરારબદ્ધ થવું નહિ. આ વાર્તા આકર્ષક અંગ્રેજીમાં લખવા માટે, મારી સાથે કામ કરવા માટે થેલ્મા સેંગસ્ટરને આમંત્રણ આપવામાં

આવ્યું. અને નોબલ દિનને મારું ભાષાંતર કરવાનું સોંપવામાં આવ્યું.

એવું લાગે કે મારા જન્મ વખતે મારે માટે જે ભવિષ્ય કહેવામાં આવ્યું હતું, તે અજાયબ રીતે પૂર્ણ થવાનો સમય આવ્યો હતો. તેમ છતાં જે ભવિષ્ય ભાખવામાં આવ્યું હતું તેથી વિરુદ્ધ જ થઈ રહ્યું હતું, કેમ કે મારી પોતાની કીર્તિ વધારવામાં મને રસ નહોતો. જાન્યુઆરીની તે ઉજ્જવળ પ્રભાતે જ્યારે મને સાજાપણું મળ્યું, ત્યારે તે વાત જંગલના દવની માફક સમાજમાં ફેલાઈ ગઈ. નજીકનાં તેમ જ દૂરનાં સગાં અને મિત્રોનાં ટોળેટોળાં હેરત પમાડનાર એક દૃશ્યને જોવા ભેગાં થયાં હતાં. ગુલશન ફાતિમા શાહ જે ૧૯ વર્ષથી અપંગ હતી તે હવે ચાલતી હતી!

પણ હવે, મારા ચમત્કારિક સાજાપણાની વાત પુસ્તકાકારે પ્રસિદ્ધ થવાથી, ઈસુએ મારે માટે જે કર્યું હતું તેનો શુભ સંદેશ દૂર દૂર સુધી ફેલાશે અને તેમના નામને વિશેષ મહિમા મળશે. વધારે અગત્યનો તેમનો સંદેશો, કે "હું ઈસુ છું. હું ઈમાનુએલ છું, હું રસ્તો, સત્ય તથા જીવન છું. હું જીવતો છું, અને થોડી વારમાં આવું છું." આ પુસ્તક દ્વારા ગાજી ઊઠશે. મારે માટે આ બીજો એક ચમત્કાર હતો.

❖ ❖ ❖

પ્રકરણ ૧૦

# એશિયન કન્વેન્શન

મે મહિનામાં ઓક્સફર્ડમાં ભારે ભીડ હતી. રંગબેરંગી અને ભાતભાતની ભાષાઓ બોલતા પ્રવાસીઓ રેલની માફક શહેરમાં ઊભરાતા હતા. ભોમિયા મુલાકાતીઓનાં તેમનાં નાનાં ટોળાંને લઈને શહેરની ઘણી કોલેજોમાં દોરી જવામાં વ્યસ્ત હતા. તેઓ આ અને પેલા રસિક સ્થાપત્યના નમૂના તેમને બતાવી રહ્યા હતા, અને જુદાં જુદાં સ્મારકો સાથે સંકળાયેલી કહાણીઓ કહેતા હતા. એવાં સૌથી પ્રેરણાત્મક સ્મારકોમાંનું એક બ્રોડમાં આવેલા વધસ્તંભોનું હોવું જોઈએ. આ જગાએ હ્યુ લેટિમર અને નિકોલસ રીડલીને તેમના વિશ્વાસ માટે, ૧૬મી ઓક્ટોબર ૧૫૫૫ને રોજ થાંભલા સાથે બાંધીને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. સૈકાંઓથી હ્યુ લેટિમરના પ્રખ્યાત શબ્દો વારંવાર કહેવામાં આવી રહ્યાં હશે, "જરાયે બીશો નહિ, માસ્ટર રીડલી, હિંમતથી મૃત્યુને ભેટો. આજે ઇંગ્લૅંડમાં એક એવો અગ્નિ પ્રગટાવીશું કે જે ઈશ્વરની કૃપાથી મારી ધારણા પ્રમાણે કદી ઓલવાશે નહિ."

૧૪ મે, ૧૯૮૩ને રોજ એશિયન ખ્રિસ્તીઓ તેમનું વાર્ષિક કન્વેન્શન ઓક્સફર્ડમાં ભરવાના હતા, અને મુખ્ય વક્તા તરીકે મને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ એક એવો વિશેષાધિકાર હતો કે તેને માટે મેં પ્રાર્થના અને મનનમાં ઘણો સમય ગાળ્યો. બધું બરાબર ચાલી રહ્યું હતું એમ લાગતું હતું, અને છતાં મારા જીવન ઉપર એક કાળું વાદળ ઝઝૂમી રહ્યું હતું, જે થોડી જ વારમાં પોતાની મેળે પ્રગટ થવાનું હતું.

કન્વેન્શન સવારે ૧૦ વાગે શરૂ થવાનું હતું. નવેક વાગ્યાના અરસામાં હડર્સફિલ્ડના અમારા મિત્રો આવ્યા. "સિસ્ટર ગુલશન તમારો એક પત્ર લઈને અમે આવ્યા છીએ. અમને તમારા પૂરેપૂરા સરનામાની ખબર નહોતી, અને અમને ખબર હતી કે થોડા જ સમયમાં આપણે મળવાનાં છીએ. તેથી તે અમે રાખ્યો કે અમે તમને તે રૂબરૂ હાથોહાથ આપી શકીએ." તેઓએ મને પત્ર આપ્યો અને મેં તરત જ તે ખોલ્યો.

કાગળના સમાચાર વાંચીને મને ભારે આઘાત પહોંચ્યો. મારી દત્તક લીધેલી બીજા નંબરની દીકરી રઝિયા, લગભગ એક મહિના ઉપર મૃત્યુ પામી હતી, અને તેને દાટવામાં આવી હતી. તેને કેન્સર હતું પણ મને તેની કંઈ જાણ નહોતી. આનો આઘાત મારા મોં પર દેખાતો હશે અને મારા મિત્રો ચિંતામાં પડી ગયા. તેઓએ મને બેસાડી અને પાણીનું ગ્લાસ આપ્યું. મેં તેમને કરુણ સમાચાર કહ્યા. તેઓ બહુ વ્યથિત થયા. "પત્રમાં શું હતું તે જો અમે જાણતાં હોત તો તમને તે જલદીથી મોકલી આપત. આજે ઓછામાં ઓછું અમે એટલું કરી શક્યા હોત, કે તે પત્ર તમારું ભાષણ થઈ ગયા પછી આપ્યો હોત તો સારું થાત. મહેરબાની કરીને અમને માફ કરો, અમને એવો કંઈ ખ્યાલ જ નહોતો."

મારા હૃદયમાં ઘેરો શોક હોવા છતાં, તેમને ઠપકો આપવાનું મારા હૃદયમાં નહોતું. "તમે કેવો સંદેશો લઈને આવ્યો છો તે તમે કંઈ જાણતા નહોતા. મહેરબાની કરીને કશો બળાપો કરશો નહિ." સ્વસ્થતા પ્રાપ્ત કરવાનો હું ભારે પ્રયત્ન કરી રહી હતી, અને થોડી મિનિટો મને એકલી મૂકવા તેમને કહ્યું. મારે એક જ કામ કરવાનું હતું. હું તે પત્રને ઈસુની પાસે લઈ ગઈ. "ઓ ઈસુ, અત્યારે મને કેવું લાગી રહ્યું છે તે તમે જાણો છો. મારું હૃદય શોકથી ભરાઈ ગયું છે. આવા ભારે

હૃદયથી આજ સવારે આટલા મોટા સમુદ્રને હું શી રીતે ઉદ્‌બોધન કરી શકીશ? આ દુ:ખ સહન કરવામાં મને મદદ કરો, એ માટે કે હું તમારા નામનો મહિમા થાય એ રીતે હું મારી સાક્ષી આપી શકું. મારે જે બળની જરૂર છે તે તમે એકલા જ આપી શકો એમ છે. મારી પ્રાર્થના સાંભળવા માટે હું તમારો આભાર માનું છું."

એક અજાયબ જેવું વચન આપીને મારા પ્રભુએ મને પ્રાર્થનાનો ઉત્તર આપ્યો, "તું એક દિવસ રઝિયાને જોઈશ." મારા પ્રભુના પોતા તરફથી આવેલા આ વચને મારા મનનાં વિષાદનાં વાદળોને છેદી નાખ્યાં, અને મારા પ્રત્યેની તેમની ભલાઈને લીધે મારું હૃદય આનંદ કરવા લાગ્યું. આ આશા કેવી રીતે અત્યંત કરુણ પરિસ્થિતિને પણ પલટી શકે છે! આપણે આપણાં વહાલાંઓને ફરીથી મળીશું નહિ, અને તેમને જોવાનો આ આખરી પ્રસંગ છે, એવા આખરીપણાથી આપણે આપણાં વહાલાંઓને વિદાય આપવાની જરૂર નથી. સંત પાઉલના શબ્દો મારા કાનમાં રણકી રહ્યા.

કેમ કે જો મૂએલાંનું પુનરુત્થાન નથી, તો ખ્રિસ્ત પણ ઊઠ્યો નથી, અને જો ખ્રિસ્ત ઊઠ્યો નથી, તો તમારો વિશ્વાસ વ્યર્થ છે, હજી સુધી તમે તમારા પાપમાં જ છો. વળી ખ્રિસ્તમાં જેઓ ઊંઘી ગયેલાં છે, તેઓ પણ નાશ પામ્યાં છે. જો આપણે કેવળ આ જિંદગીમાં ખ્રિસ્ત પર આશા રાખી હોય, તો સર્વ માણસોના કરતાં આપણે વધારે દયાપાત્ર છીએ.

ત્યારે મને ખબર પડી, કે તે સવારે મારે જે સંદેશો આપવાનો હતો, તેમાં મારે શાના પર ભાર મૂકવાનો છે, તે વિષે મને જરાપણ શંકા રહી નહિ. મારે બોલવાનું હતું તે તબક્કે ભજનસેવા આવી પહોંચી ત્યારે મને એમ લાગ્યું કે જાણે અનંતજીવનની આશા મારા બધા વિચારો અને લાગણીઓમાં

એવી ઊંડે સુધી પ્રવેશીને પ્રસરી ગઈ હતી, કે તે મારી અંદર વીજળીના ગોળાની માફક અંધારામાં પ્રકાશી રહી હતી. હું મારી સાક્ષી પરાક્રમ અને ખાતરી સહિત આપી શકી. ઘણાં હૃદયોને પ્રભુએ સ્પર્શ કર્યો હતો, અને જ્યારે હું પુલપિટ પરથી ઊતરી ત્યારે ઘણા શ્રોતાઓએ મને ચુંબન કર્યું અને ભેટ્યાં. ભજનસેવાના અંતમાં લોકોનો પ્રવાહ તેમનાં જીવન નવેસરથી ઈસુ ખ્રિસ્તને અર્પવા, અથવા પ્રથમ વાર તેને સ્વાર્પણ કરવા આગળ આવી રહ્યો હતો. એ જોતાં રોમાંચ થતો હતો. તેમના હાથે એક કરુણ પ્રસંગ પણ તેમના નામના માનાર્થે અને જે મહિમાવંત જીવનની આશા તેમણે આપણને આપી છે તે તરફ આપણને ઊંચે લઈ જવામાં તે વાપરી શકે છે. મને એ વાતનું ભાન થયું કે રઝિયા તે જીવનમાં ક્યારની પ્રવેશી ચૂકી છે.

જ્યારે સુસાન અને હું ઘેર પાછાં ફર્યાં, ત્યારે ઘણા લોકો મને મળવાની રાહ જોતા બેઠા હતા. હું તેઓની મંડળીમાં જઉં અને મારો સંદેશો ત્યાં આપું તે માટે તેઓ આતુર હતા. મારે માટે એટલાં બધાં દ્વાર ખૂલી રહ્યા હતા કે તે બધાંની અંદર પ્રવેશવા માટે મારે બે કે તેથી વધારે વ્યક્તિઓ બનવું પડે. કચવાતા મને મારે કેટલાંક આમંત્રણોની ના પાડવી પડી, કારણ કે મારી પાસે પુષ્કળ રોકાણો હતાં. દર રવિવારે બપોર પછી ત્રણ વાગે હું નિયમિતપણે ઓક્સફર્ડના એશિયન ચર્ચમાં સભા ચલાવવા જતી હતી. દર મંગળવારે હું શાસ્ત્રાભ્યાસનો વર્ગ ચલાવતી હતી, અને બુધવારે પ્રાર્થનાસભા ચલાવતી હતી. તેમ છતાં મારાથી બની શકે ત્યારે મેં કેટલીક મંડળીઓનાં આમંત્રણ સ્વીકાર્યાં. દિવસ પૂરો થયો ત્યારે જરૂર મને આનંદ થયો.

તે રાત્રે જ્યારે ૯ વાગે હું મારી પથારીમાં પડી ત્યારે રઝિયાનાં સ્મરણો મારા સ્મરણપટ પર છલકાઈ ઊઠ્યાં. તે

રોમન કેથોલિક ખ્રિસ્તી હતી. તે કેવી રીતે દત્તકપુત્રી બની તે મને યાદ આવ્યું. તેની મા તે પ્રદેશના દૂરના એક ગામડામાં રહેતાં હતાં. જ્યાં હું મારી સાક્ષી આપવા ગઈ હતી. તેની મા ગંભીર રીતે બીમાર હતાં. અને મેં તેમને માટે પ્રાર્થના કરી, પછી તેમણે મને કહ્યું, "સિસ્ટર ગુલશન, હવે હું લાંબું જીવવાની નથી, અને જ્યારે હું મરી જાઉં ત્યારે તમે મારાં છોકરાંની સંભાળ લેશો?" મેં તેમને વચન આપેલું કે હું તેમ કરીશ. અને ૬ મહિના પછી જ્યારે તેમનું મૃત્યુ થયું, ત્યારે હું તેમનાં બાળકોને ફૈઝલાબાદ લાવી અને કાયદાની રીતે મેં તેમને દત્તક લીધાં. તે ચાર જણ હતાં. એડવિન, ઝેનિથ, રઝિયા અને શીલા. એડવિને તેનું ભણતર પૂરું કર્યું, એટલે મેં તેને વેલ્ડરની તાલીમ માટે મોકલી આપ્યો. ઝેનિથ નર્સ તરીકે કામ કરતી હતી અને તેની માને છોકરાં સંભાળવામાં મદદ કરતી હતી. એડવિન જ્યારે છ મહિનાનો હતો ત્યારે તેના પિતા ગુજરી ગયા હતા.

રઝિયાનું લગ્ન મારે માટે એક બહુ જ આનંદનો પ્રસંગ હતો. એક સપ્તાહ તક ચાલેલી તેના લગ્નની ઉજવણીના પ્રસંગો માટે મારે લાંબા સમય સુધી જીવનના સૌથી સુખી અનુભવો બની રહ્યા. અને મારા પોતાના ભાઈઓ અને બહેનોનાં લગ્નની આનંદભરી ઉજવણીના પ્રસંગો, જાણે કે હું ફરીથી અનુભવી રહી હોઉં એવું લગાડવામાં મને મદદ કરી. જો કે રઝિયાનું લગ્ન તેનાથી અર્ધું પણ ભપકાદાર નહોતું તો પણ તે એક સારું લગ્ન હતું. દુઃખની વાત એ હતીકે તે લાંબું ટકવાને માટે સર્જાયું નહોતું. લગ્ન પછી એક વર્ષે તે ગુજરી ગઈ.

૧૯૮૨માં જ્યારે હું ઇંગ્લૅંડ જવાની હતી ત્યારે ફૈઝલાબાદ સ્ટેશને તે મને છેલ્લી મળી હતી. મને યાદ આવ્યું કે આનંદથી ચમકી ઉઠેલા ચહેરા વડે તેણે મારી તરફ જોયું હતું. અને કહ્યું

હતું, "માજી, આ મેં ખાસ તમારે માટે બનાવ્યો છે." તે એક ગૂંથેલી કિનારીવાળો હાથરૂમાલ હતો અને તેમાં ઈસુનું ચિત્ર હતું. હું બિછાના પરથી ઊઠી અને તે શોધી કાઢ્યો ત્યારે મારી આંખોમાંથી દડદડ આંસુ વહ્યાં હતાં. મેં ઇરાદો રાખ્યો હતો તેમ, જાન્યુઆરી ૧૯૮૩માં હું પાકિસ્તાન ગઈ હોત તો હું તેને જીવતી જોઈ શકી હોત. મારી સ્વાભાવિક લાગણીઓ સપાટી પર આવી રહી હતી. અત્યારે તે ક્યાં હતી તે હું જાણતી હતી, પણ માનવી-મૃત્યુએ અને વિદાયે મારું મન દુઃખથી ભરી દીધું હતું. આ જીવનમાં હું ફરી તેનું મોં કદી જોઈશ નહિ. સાંકળ તૂટી હતી, અને તે ખૂટતી કડીએ એક એવું છીંડું પાડ્યું હતું જે ખૂંચતું હતું. ઈસુને આથી ખોટું લાગશે એમ હું ધારતી નહોતી. શું તે તેમના મિત્ર લાજરસની કબર આગળ નહોતા રડયા? સમય જતાં મારું ભાંગેલું હૃદય સંધાશે. હું ત્યાં પડી હતી ત્યારે મૃત્યુનું દુઃખ અને અનંતજીવનની આશા, વિજય માટે, મારામાં દ્વંદ્વયુદ્ધ મચાવી રહ્યાં હતાં, અને એમ હું થાકેલી ઊંઘી ગઈ.

તે પછીનાં અઠવાડિયાંમાં હું મારી પ્રવાસી સેવામાં ડૂબી ગઈ. ૧૯મી મેએ સુસાન અને હું ડિડકોટ ગયાં, જ્યાં અમે એક એશિયન કુટુંબની મુલાકાત લીધી અને સંગત માણી, બીજી કેટલીક સભાઓમાં અમે એક આખું જૂથ જતાં અને સાથે અમારાં સંગીતનાં સાધનો પણ લઈ જતાં. જ્યારે પુરુષોમાંથી કોઈ તબલાં અને ઢોલકી વગાડતું ત્યારે ઘણી વાર મને એમ લાગતું કે જાણે હું કોઈ લગ્નમાં ગઈ હોઉં. હું એ સમજવા લાગી હતી કે સ્વર્ગમાંના જીવનને ઈસુ લગ્નજમણ સાથે સરખાવે છે.

લગ્ન, જીવનમાં કેટલી બધી મઝા લાવે છે, પણ સાથે સાથે તે પ્રશ્નો પણ સર્જી શકે છે, અને નિકટતમ કુટુંબો વચ્ચે

પણ તિરાડ પાડે છે. લોકો મારી સલાહ લેવા આવતા ત્યારે પ્રસંગોપાત મારે આવા સંજોગોમાં તણાવું પડતું. ખ્રિસ્તી થયેલા એશિયનો માટે લગ્નના પ્રશ્નો અનેકગણા વધી જાય છે. મુસ્લિમ સાસરિયાં હંમેશાં એવો આગ્રહ રાખે છે, કે મુસ્લિમ પતિ સાથે લગ્ન કર્યા પછી તેઓએ મુસ્લિમ થઈ જવું જોઈએ. મુસ્લિમ જુવાન સાથે લગ્ન કરવું કે કેમ તેનો નિર્ણય કરવામાં કેટલીયે જુવાન સ્ત્રીઓએ મારી મદદ માગી છે. ઘણીવાર તેઓને એમ કહેવામાં આવે છે કે, બીજા ધર્મના લોકો પણ "આટલા જ સારા" હોય છે, એને તેથી આંતરલગ્નો કંઈ પ્રશ્નો ઊભા કરે નહિ. મારી સલાહ હંમેશાં એક જ રહી છે, પહેલાં ખ્રિસ્તને શોધો અને પછી વરને શોધો. જો તમે મુસ્લિમને પરણશો તો તમે ખ્રિસ્તી ધર્મ પાળી શકશો નહિ. તમને દેવળમાં જવા દેવામાં આવશે નહિ. અથવા બીજા ખ્રિસ્તીઓ સાથે સંબંધ રાખવા દેશે નહિ. મુસ્લિમ માણસ ચાર પત્નીઓ રાખી શકે છે, અને જો તે ઇચ્છે તો તમે તેને બીજી પત્ની રાખતાં અટકાવી શકતાં નથી. મારી મદદ લેવા જેઓ આવ્યાં છે, તેઓની આંખો મેં આ રીતે ઉઘાડી છે.

બિનખ્રિસ્તીઓને મળવાના પ્રસંગો મને ઓછા મળ્યા છે, પણ એવો એક પ્રસંગ મને યાદ આવે છે કે જ્યારે મને કેટલાક ખ્રિસ્તી વડીલોએ બર્મિંગહામ બોલાવી હતી. મારી સભામાં ત્યાં ઘણા હિંદુઓ અને શીખો આવતા હતા. તેમાંના ઘણાએ સાજાપણા માટે પ્રાર્થનાની વિનંતી કરી અને તાત્કાલિક સાજાપણાની મારફતે પ્રભુએ સંદેશા પર મહોર મારી. જેઓને પ્રાર્થનાના પરિણામનો અનુભવ નહોતો તેઓને આથી ભારે આશ્ચર્ય થયું. તેમાંના ઘણા ઈસુ ખ્રિસ્તને શરીરના સાજા કરનાર તરીકે જોવા માટે આવ્યા હતા અને નહિ કે દેવના દીકરા તરીકે, જે તેમનાં પાપોને માટે મરી ગયા હતા, એ એક કમનસીબ બાબત હતી.

આ પ્રસંગે દેહનું સાજાપણું આત્મિક બદલાણમાં અંતરાયરૂપ નીવડ્યું. આ એક કારણને લીધે હું સાજાપણા પર હદ કરતાં વધારે ભાર મુકતી નથી. સામાન્ય વૈદકીય મદદથી શરીરનું સાજાપણું મેળવી શકાય છે, પણ આત્માનું સાજાપણું તો કેવળ ઈસુ ખ્રિસ્ત જ આપી શકે છે, જેનાથી તારણ મળે છે. તેમણે શું એમ નહોતું કહ્યું, "જો માણસ આખું જગત મેળવે, પણ જો તેના આત્માની હાનિ થાય તો તેને શો લાભ થાય?"

ઓક્સફર્ડ કન્વેન્શન પછી મને મળેલાં કેટલાંક આમંત્રણોના પ્રત્યુત્તરરૂપે હું લેસ્ટર ગઈ. મેં મારી સાક્ષી આપી પછી ઘણા એ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો, અને તેઓને ખાતરી થઈ કે સુવાર્તાનો પ્રકાશ ખરેખર તેઓની મધ્યે અંધકારમાં પ્રકાશતો હતો. ઈસુ જીવતા હતા અને તેમના ઘેટાંને વાડાની અંદર લાવતા હતા. જેઓએ મને સાંભળી તેઓ આગ્રહપૂર્વક મારી સાથે ઇચ્છતા હતા કે બીજાં ઘેટાંઓને પણ અંદર લાવવામાં આવે. અને તેઓએ મને ફરી આવવા માટે આમંત્રણ આપ્યું, કે તેઓ તેમના બિનખ્રિસ્તી મિત્રોને પણ મારી વાત સાંભળવા પોતાની સાથે લાવી શકે.

મારી બીજી મુલાકાત સાઉથેમ્પટનની હતી, જ્યારે ફઝદ અને તેમનાં પત્ની, સુસાન મને લેવા માટે આવ્યાં હતાં. ફઝદ એક કોમ્પ્યુટર ફેક્ટરીમાં કામ કરે છે, અને તેમને બે બાળકો છે. તેમની એક મિત્ર ઝેનિથ, જે ઘણા લાંબાં સમયથી તેમની અસર નીચે હતી, તેણે મારો સંદેશો સાંભળ્યા પછી ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. ફઝદ અને તેમનાં પત્ની તો ખુશખુશાલ થઈ ગયાં, પણ ઝેનિથના મુસ્લિમ મિત્રો નાખુશ થયા. તેઓ તેને તેના નવા ધર્મ વિષે પ્રશ્નો પૂછતા હતા, અને ઇસ્લામ તજી દેવા બદલ તેને ઉતારી પાડતા હતા. તેઓએ તેને એટલી હેરાન-પરેશાન કરી મૂકી કે તેણે મને તાકીદનો સંદેશો મોકલ્યો.

"સિસ્ટર ગુલશન, મહેરબાની કરીને તમે આવીને આ લોકોને ઉત્તર આપશો? હું પ્રયત્નો કરીને કંટાળી ગઈ છું." મેં જણાવ્યું કે હું આવીશ, પણ તાત્કાલિક નહિ.

આ સમયે મને એક આમંત્રણ મળ્યું, જે મેં સ્વીકાર્યું હોત તો તેણે મારી સેવાનો ઢાંચો બદલી નાખ્યો હોત. બ્રિસ્ટલના કેટલાક ખ્રિસ્તીઓ જેમને પાળક નહોતો, તેઓ મને તેમની પાસ્ટર બનાવવા ઇચ્છતા હતા. મારે જે જોઈતું હોય તે બધું કરવાનું વચન તેઓએ આપ્યું. અને જો હું સંમત થાઉં તો બધું ઉઘરાણું પણ મને આપી દેવા તૈયાર હતા. જે માર્ગ પર ચાલવાનું મને કહેવામાં આવ્યું હતું તેમાંથી ચલિત થવાનું મારે માટે આ બીજું પરીક્ષણ હતું, મારે તેમને કહેવું પડ્યું : "હું બહુ દિલગીર છું. તમે મને આ પૂછ્યું તેને હું માન ગણું છું, પણ હું તમારું આમંત્રણ સ્વીકારી શકતી નથી. પાસ્ટર બનવાનું મારું તેડું નથી. મને સુવાર્તિક તરીકે તેડવામાં આવી છે,અને મારે તેને વળગી રહેવું જોઈએ."

તેઓ એક મક્કમ વિચારોવાળું જૂથ હતા. "તો પછી તમે દર રવિવારે આવીને અમારી ભજનસેવા ન ચલાવો? તેના પ્રત્યુત્તરરૂપે થોડા રવિવાર હું સુસાનના ભાઈ સાથે ગઈ. તેઓએ મને લગભગ વકીલની માફક દલીલો કરી અને કહ્યું, "મહેરબાની કરીને તમે અમારા પાસ્ટર બનો અને બ્રિસ્ટલમાં રહો." જે એશિયન છોકરીઓ મુસ્લિમોને પરણી હતી તેઓએ મને કહ્યું, "અમારી ભાષા બોલનાર અને બાઇબલમાંથી અમને આત્મિક ખોરાક આપનાર અહીં અમારી પાસે કોઈ નથી. મહેરબાની કરીને તમારા નિર્ણય અંગે પુનઃ વિચારણા કરો." આખરે મેં તેઓને સમજાવ્યાં અને મારી પરિસ્થિતિ તેઓએ સ્વીકારી.

બદલાણ પામેલા એક હિંદુ ભાઈ જેઓ ઓક્સફર્ડમાં

સુવાર્તિક તરીકે કામ કરતા હતા, તેમની મારફતે મને શહેરની સૌથી પ્રતિષ્ઠિત હોટેલ– ધ રેન્ડોલ્ફમાં એક જબરી ખુશાલીનો અનુભવ થયો. ૧૮૬૪માં બંધાયેલી તે શહેરના કેન્દ્રમાં આવેલી હતી અને તેના સુંદર સ્થાપત્ય અને ભપકા માટે પ્રખ્યાત હતી. મેં જીવનમાં કલ્પના સરખી પણ કરી નહોતી કે એક દિવસ હું આ હોટલમાં એક દિવસ મહેમાન વક્તા તરીકે પ્રવેશ કરીશ. ઈશ્વર તેના સેવકોની મારફતે અજાયાબ જેવાં કામો કરે છે. જ્યારે મારા પિતા મારી અપંગાવસ્થાનો ઇલાજ કરાવવા મને લંડન લાવ્યા હતા, ત્યારે ઇંગ્લૅંડની હોટલનો તે મારો બીજો એક માત્ર અનુભવ હતો. હું અહીં રેન્ડોલ્ફમાં એક માનવંત મહેમાન બનવાની હતી. પ્રણાલિકાગત દેવળ કે સ્કૂલહોલને બદલે આ કેવો ગજબનો ચોંકાવનારો વિરોધાભાસ!

બિઝનેસમેન્સ ક્રિશ્ચિયન ફેલોશિપ ૨૦મી જૂને રેન્ડોલ્ફ હોટલના સ્થાયર્સ રેસ્ટોરાંમાં તેમની એક મિટિંગ ભરવાના હતા. તેમના વક્તાઓમાંની એક હું હતી અને અમારા સુવાર્તિક મિત્રે ત્રણ ટિકિટો મેળવી હતી. એક મારે માટે, બીજી તેમને માટે અને ત્રીજી સુસાનના ભાઈ માટે, જે મારા ભાષાંતરકાર તરીકે કામ કરવાના હતા. જ્યારે હું કમરામાં દાખલ થઈ, ત્યારે એટલું સરસ સંગીત ચાલી રહ્યું હતું, બત્તીઓ ઝગારા મારી રહી હતી. અને મેં કદી ના જોયું હોય એવું રાચરચીલું ત્યાં ગોઠવેલું હતું, કે મને એમ લાગ્યું કે જાણે હું એક કુંવરી હોઉં. ઈશ્વર મારા પિતા ખરેખર રાજાઓના રાજા હતા અને હું, તેમની દીકરીને તેમની ઘણી ભેટોનો ઉપભોગ કરવાનો ખાસ હક અને સ્વતંત્રતા આપવામાં આવી રહ્યાં હતાં.

આખું વાતાવરણ મને સ્વપ્નસમાન લાગ્યું. ધંધાદારીઓ સામાન્ય રીતે અદના માનવીઓ સાથે ભળતા નથી, અને તેમ છતાં હું તેમને અહીં સંબોધવાની હતી. માન્યામાં ન આવે એવું

હતું. બીજા બે કે ત્રણ વક્તાઓને તો બોલવાની તક જ ના મળી. જેમ જેમ આ સુંદર વસ્ત્રોમાં સજ્જ થયેલા ભપકાદાર સદ્‌ગૃહસ્થોએ સાંભળ્યું કે ઈસુએ કેવી રીતે મને સાજી કરી હતી, અને અહીં ઇંગ્લૅંડ આવવાની દોરવણી આપી હતી. ત્યારે તેઓ મંત્રમુગ્ધ બની ગયા અને મારું વક્તવ્ય ચાલુ રાખવાનું કહ્યું. "બીજા વક્તાઓને તો અમે ગમે ત્યારે સાંભળી શકીએ છીએ, પણ અમે તમને ફરીથી કદાચ ન સાંભળી શકીએ." તેઓએ મને કહ્યું

સભા પછી તે બધાએ મારી સાથે હાથ મિલાવ્યા અને કહ્યું, કે મારી સાક્ષીથી તેઓ બધા હચમચી ગયા હતા. મારા વિશ્વાસને લીધે મારે જે સતાવણી સહન કરવી પડી તેનું વર્ણન સાંભળીને તેમને નવેસરથી ખાતરી થઈ કે ખ્રિસ્તી ધર્મ કેવો કિંમતી છે. વળી એક મુસ્લિમ છોકરીને આવી મુક્ત રીતે બોલતી સાંભળી એ તેમને માટે એક નવો અનુભવ હતો. સભાના પ્રમુખશ્રીએ પોતાનો હાથ મારા ખભા પર મૂકીને મને કહ્યું, "આજ રાત્રે પ્રભુ મારી સાથે વાત કરી રહ્યો છે. આપણે બધાએ ખ્રિસ્ત માટે સાક્ષી બનવાનું છે. એ વાતની યાદ દેવડાવવા બદલ હું તમારો આભાર માનું છું."

તે રાત્રે ખરેખર અમે એક મિજબાની માણી. એટલી બધી વાનગીઓ હતી કે કઈ પસંદ કરવી એ જ મોટો સવાલ હતો! મારી પસંદગી ઉત્તમ હતી અને એવી જ ઉત્તમ સંગત પણ હતી.

પાછળથી મને એ વાતનું ભાન થયું કે સાઉથેમ્પટનની બીજી વારની મુલાકાતનું જે વચન મેં ઝેનિથને આપ્યું હતું તે પૂરું કરવાનો સમય પાકી ગયો હતો. જે બંદરેથી ભારત અને દુનિયાના બીજા ભાગોમાં જવા માટે મોટી મોટી દરિયાઈ સ્ટીમરો ઊપડી હતી, ત્યાં જવા માટે સુસાન અને હું ૧૮મી જૂને નીકળ્યાં અને અમારી સાથે અમનજીત અને તેમની પત્ની

કૃષ્ણા પણ હતાં.

અહીં એક મુસ્લિમ કુટુંબ સમક્ષ, મારા વિશ્વાસનો ખુલાસો આપવાના મોટામાં મોટા પડકારનો સંઘર્ષ મારે કરવો પડ્યો. આ કોઈ સામાન્ય કુટુંબ નહોતું. પણ ઇસ્લામની માન્યતા અને આચરણમાં લગભગ ઝનૂની કહેવાય એવું એ કુટુંબ હતું. એ વાત તેઓ સ્વીકારી શક્તાં નહોતાં, કે હું એક સૈયદ કુટુંબની સભ્ય, અને એક પીરની દીકરી ખ્રિસ્તી બની ગઈ હોઉં. અને જો તે વાત સાચી હોય તો, હું એક કાફર, નાસ્તિક અને વિશ્વાસઘાતી કહેવાઉં. તેમ છતાં તેમણે મને તેમના ઘેર આવવાનું આમંત્રણ આપ્યું.

એ ઘરની મા સૌથી વધુ ઘોંઘાટ કરનારી હતી, તેનો પહેલો પ્રશ્ન હતો "તમે ઇસ્લામ છોડી દીધો છે?"

"ના" મેં કહ્યું, "મેં ઇસ્લામ છોડી દીધો નથી, મેં સાચો ઇસ્લામ પકડ્યો છે."

મારા જવાબથી તે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ, પણ તરત જ તેણે વળતો જવાબ આપ્યો, "પણ તમે તો તમારા ઉપદેશમાં એમ કહો છો કે, ઈસુ ઈશ્વરનો દીકરો છે. તમારા કહ્યા પ્રમાણે જો તમે સાચો ઇસ્લામ પાળતાં હો તો તમે એ જાણતાં હશો, કે પવિત્ર કુરાન એમ શીખવે છે કે, ઈસુ પણ બીજા પેગંબરોની માફક એક પેગંબર હતા, જેમ કે ઇબ્રાહીમ, મૂસા અને બીજા. તમે કહો છો કે તમે સાચો ઇસ્લામ પાળો છો અને તે સાથે આમ પણ કહો છો તે શી રીતે બને? તમે તમારી પોતાની વિરુદ્ધ બોલો છો. મુસ્લિમો એવો દાવો નથી કરતા કે મહંમદ (અલ્લાહની શાંતિ અને આશીર્વાદો તેમના પર હો) ઈશ્વરનો દીકરો છે. તે એક માણસ હતા, ઈશ્વરના પેગંબર, છેલ્લા અને આખરી. તમારે આ જાણવું જોઈએ." તે બહેન મારી સાથે એવી રીતે વાત કરતાં હતાં કે જાણે હું

ઇસ્લામ વિષે અબુધ હોઉં. મારું અભિમાન ઘવાયું અને તેને એમ કહેવાનું પરીક્ષણ થયું, કે મારા પિતાએ, મારે શું માનવું તે મને બહુ જ કાળજીપૂર્વક શીખવ્યું હતું. પણ મેં મારી જાતને કાબૂમાં રાખી અને તેમને શાંતિથી જવાબ આપ્યો, અને તે સાથે ઈસુએ પ્રેરિતોને કહેલા શબ્દો યાદ આવ્યા. "તમારે શું કહેવાનું છે તે વિષે અગાઉથી ચિંતા ન કરો, પણ તમારે શું કહેવું તે તમને તે જ ઘડીએ અપાશે. કેમ કે તમે તે બોલતા નથી, પણ પવિત્ર આત્મા તે બોલે છે." અને મેં વાત આગળ ચાલુ રાખી, "ઈસુ પેગંબર કરતાં વિશેષ હતા. તેમણે ઈશ્વરનો સંદેશો લોકોને પ્રગટ કર્યો. એટલું જ નહિ, પણ તે મનુષ્યદેહમાં ઈશ્વર હતા. જે રાત્રે તેમણે મને સાજી કરી તે રાતે તેમણે મને કહ્યું કે તે ઈમાનુએલ છે, ઈમાનુએલનો અર્થ એ થાય છે કે દેવ આપણી સાથે. હું એમ નથી કહી શક્તી કે તે કેવળ પેગંબર જ હતા."

"એટલે તમે એમ કહો છો કે ઈસુ અમારા પેગંબર કરતાં મોટા છે?"

"એ વાતનો હું નકાર નથી કરતી, કે ઈશ્વરે મહંમદને આરબ લોકોને મૂર્તિઓનું ભજન કરવામાંથી એક જીવતા ઈશ્વરનું ભજન કરવા તરફ વાળ્યા, પણ ઈસુ તો તે કરતાં પણ વિશેષ હતા. ઈશ્વરના પુત્ર તરીકે તે આપણાં પાપ માફ કરે છે."

"તમારો એ કહેવાનો શો અર્થ થાય? અમારું કુરાન એમ શીખવે છે કે કેવળ અલ્લા જ પાપો માફ કરે છે, અને આપણાં પાપોની માફી માટે આપણે હંમેશાં તેમને જ પ્રાર્થના કરવી જોઈએ. તમને એ વાતની ખબર નથી એમ મને લાગે છે, ખરું કે નહિ? મારા વિષેનો તેમનો અવિશ્વાસ વધતો જતો હતો કે સમજવામાં હું એટલી બધી અધૂરી હતી.

મેં શાંતિથી જવાબ આપ્યો, "હું તે જાણું છું, કે પાપોની માફી માટે આપણે તેને જ પ્રાર્થના કરવી જોઈએ. પણ હું તમને આમ કહેવા માગું છું. ઈસુ ખ્રિસ્તમાં આપણા ઈશ્વર પિતાએ આપણાં પાપોની માફી આપી દીધી છે. હવે આપણે જે કંઈ કરવાનું છે તે એટલું જ કે આપણે તેની કૃપાવંત માફી સ્વીકારવાની છે."

"તેને માટે પ્રાર્થના કર્યા સિવાય, અલ્લાહની દયા માગ્યા સિવાય?" તેમણે પૂછ્યું.

"ઈશ્વર આપણને જે મફત આપી રહ્યો છે, તે સ્વીકારવા માટે આપણે ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ, કે તે આપણાં મન અને આત્માને તૈયાર કરે. ઈસુ વધસ્તંભ પર આપણાં પાપોને માટે મરણ પામ્યા."

"વધસ્તંભની આ બધી વાત મને ગૂંચવણમાં નાખે છે. વધસ્તંભ પર મરતો માણસ બીજા કોઈપણને માટે માફી શી રીતે લાવી શકે? ચોખ્ખું દેખાય છે કે તમારું મગજ બગડી ગયું છે."

"ઈસુ કેવળ વધસ્તંભ પર મરતા કોઈ માણસ નહોતા. તે ઈશ્વરના પુત્ર હતા, જેમણે આપણાં પાપોની શિક્ષા વેઠી, એ માટે કે ઈશ્વર પર પ્રેમ કરવાને માટે આપણને માફી આપવામાં આવે અને આપણને મુક્તિ મળે. પાપનો બદલો મરણ છે. વધસ્તંભ પરના મરણનો અર્થ એ છે, કે આપણાં પાપોનું મૂલ્ય ભરી આપવામાં આવ્યું છે."

"મારે માટે આ અતિશય ગૂંચવણભરેલું છે. આવું શિક્ષણ હું શી રીતે સમજી શકું? કુરાન વધારે સરળ છે."

પછી મેં તે બહેનની આગળ સંત પાઉલે કોરિંથની મંડળીના લોકોને કહેલા શબ્દો વાંચી સંભળાવ્યા:

કેમ કે નાશ પામનારાઓને તો વધસ્તંભની વાત મૂર્ખતા

જેવી લાગે છે, પણ અમો તારણ પામનારાઓને તો તે દેવનું સામર્થ્ય છે.... પણ અમે તો વધસ્તંભે જડાયેલા ખ્રિસ્તને પ્રગટ કરીએ છીએ તે તો યહૂદીઓને ઠોકરરૂપ અને વિધર્મીઓને મૂર્ખતારૂપ લાગે છે.

"હું નાશ પામવાની નથી" તેમણે તરત વળતો જવાબ આપ્યો. અને મારું કુટુંબ પણ નાશ પામવાનું નથી. કોણ નાશ પામી રહ્યું છે? હું જોઈ શકું છું તે પ્રમાણે તો ઇસ્લામ છોડીને તમે નાશ પામી રહ્યાં છો."

જે બધા એ સ્વીકારતા નથી કે ઈશ્વરે ઈસુ ખ્રિસ્ત દ્વારા આપણને પાપોની માફી આપી છે, અને તેના દ્વારા અનંતજીવનનું દ્વાર બધાંને માટે ખુલ્યું છે, તેઓ નાશ પામી રહ્યા છે. જે લોકો પોતાનાં પાપોની માફી ઇચ્છતા નથી અથવા જેઓ ઈશ્વરની હાજરીમાં અનંતકાળ રહેવા ઇચ્છતા નથી તે બધા નાશ પામે છે. ઈસુ દ્વારા આપણને અનંતજીવન છે, જે અહીં અને હમણાં જ શરૂ થાય છે, મને તે નવું જીવન મારામાં મળેલું છે."

"વધસ્તંભ પર મરી ગયેલો માણસ બીજા કોઈને અનંતજીવન શી રીતે આપી શકે?" તેમણે પૂછ્યું, "અમારું પવિત્ર કુરાન અમને કહે છે, કે મરી ગયા પછી અમે સ્વર્ગમાં જઈશું અને જે આશીર્વાદો અમે મેળવવા ઇચ્છીએ છીએ તે ત્યાં મળશે. પણ તે જ્યારે અમારું નવું જીવન શરૂ થાય ત્યારે, અત્યારે નહિ. મેં ધાર્યું હતું તેના કરતાં તમે વધારે મૂર્ખ છો."

તે લગભગ, મારા બનેવી બુલંદશાહના શબ્દોનો પડઘો પાડતાં હતાં: "તમારા બાઇબલમાં પણ લખેલું છે કે કેવળ શાપિત માણસ જ વધસ્તંભ પર મરી જાય, તો પછી આવો શાપિત માણસ બીજાઓને જીવન શી રીતે આપી શકે?"

મેં એ સમજાવવા પ્રયત્ન કર્યો હતો, કે તે "શાપ" તો આપણાં પાપોનો હતો, પણ તે દલીલ સફળ થઈ નહિ. એટલે

મેં બીજો દાવ અજમાવ્યો. "જુઓ, ઈસુ, ઈશ્વરના પુત્ર, વધસ્તંભ પર રહ્યા નહિ. તે મૂએલાંમાંથી સજીવન થઈને ઊઠ્યાં. તે જીવતા છે. હું જાણું છું. તે મારા ઓરડામાં દેખાયા અને મારા અપંગ શરીરને સાજું કર્યું. હું તમને કોઈ મરેલા માણસનું ભજન કરવાનું કહેતી નથી, પણ જીવતા તારનારનું ભજન કરવા કહું છું."

"હા, તમારું સાજું થયેલું શરીર. મને એમ થાય છે, કે તમે કદી સાજાં ન થયાં હોત તો સારું થાત!"

જેમ મેં મારા ભાઈઓ માટે કર્યું હતું તેમ જ આ બહેન તરફ દયા લાવીને જોયું, મારા ભાઈઓ પણ એમ ઇચ્છતા હતા કે, તેઓ મને એમ કહેતી સાંભળે કે ઈસુ ખ્રિસ્ત દેવના દીકરા હતા અને મારા તારનાર હતા, તેના કરતાં તો હું મરી ગઈ હોત તો વધારે સારું થાત. "તમે કદાચ એમ ઇચ્છો કે હું હજુ અપંગ હોઉં તો સારું, પણ ઈશ્વર, મારા પિતા, મને ચાહે છે, અને તેમણે નકામાં થઈ ગયેલાં અંગોમાં નવો પ્રાણ પૂર્યો છે."

"તમે ઈશ્વરને "પિતા" કહેવાનું ચાલુ રાખો છો. હું ધારું છું કે હવે તમે તેને પ્રાર્થના કરતાં હશો."

ઈસુએ મને શીખવેલી સુંદર નવી પ્રાર્થના તેમની આગળ બોલવાની તક મેં ઝડપી લીધી. મેં ભાગ્યે જ તે પૂરી કરી હશે તે પહેલાં તો તેમણે કહ્યું, "એટલે શું મારે એમ માનવું કે આ નવી પ્રાર્થનાને બદલે અમારા કુરાનની સુંદર પ્રાર્થનાઓ તજી દીધી હશે?"

"હા" મેં કહ્યું, "હવે હું એવા ઈશ્વરને પ્રાર્થના કરું છું, કે જે જાણી ન શકાય એવો અને દૂર નથી, પણ જે નજીક અને મને વહાલો છે. તેમનું વચન, પવિત્ર બાઇબલ, મારું સૌથી મૂલ્યવાન ખજાનો છે. અને હું તે દરરોજ વાંચું છું અને તેનો અભ્યાસ કરું છું."

"અમે પણ તે વાંચવાની શરૂઆત કરીએ એવી શું તમારી અપેક્ષા છે? જ્યારે અમે મુસ્લિમો સાથે મળીને કુરાન વાંચીએ છીએ, ત્યારે તેની સુંદર કવિતા અમને બીજા ઊંચા સ્તર પર લઈ જાય છે. અલ્લાહ પરના પ્રેમ અને તેની ભક્તિના એક મોજામાં અમે બધાં એક થઈ જઈએ છીએ. તમારું બાઇબલ અમારે માટે શું કરી શકે? કેટલી બધી ભાષાઓમાં તેનો તરજુમો થયેલો છે અને એક જ ભાષાની વળી એટલી બધી આવૃત્તિઓ કે લોકો જ્યારે વાંચે ત્યારે તેમનાથી એ જ પ્રકારની એકપણાની ભાવના અનુભવાતી નથી. તમે અમને ચડિયાતાને બદલે ઉતરતું આપવાની વાત કરી રહ્યાં છો."

"તમારે જે ના કરવું હોય, એવું કશું પણ કરવાનું હું તમને કહેતી નથી. હું તો માત્ર ઈસુએ જે મને આપ્યું છે, તે તમારી સમક્ષ રજૂ કરું છું. તમારે તમારો પોતાનો પ્રતિભાવ આપીને નિર્ણય કરવાનો છે, કે તમે પ્રકાશને બદલે અંધકારને પસંદ કરવા માગો છો કે કેમ."

"તમે ઘણાં ઘમંડી અને ધૃષ્ટ છો." અમને બારણા તરફ લઈ જતાં બોલ્યા, "બસ છે, તમારી સાથે પૂરું થઈ ગયું. તમે અમારા ધર્મને દગો દીધો છે. કાફરને હું મારા ઘરમાં આવકારતી નથી."

❖ ❖ ❖

પ્રકરણ ૧૧

# કેનેડા તરફ

અમારું સુરક્ષિત ઘર અને કુટુંબ છોડીને, હું એકલી મારા પોતાના આધારે પરદેશ જાઉં, તેવી શક્યતાનો વિચાર સરખો પણ પાકિસ્તાનમાંનું મારું કુટુંબ કરી શક્તું નહોતું. પણ ઈસુ ખ્રિસ્તે તે અસંભવિત બાબતને સત્ય બનાવી હતી. આખે રસ્તે તેમણે મને દોરી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. અને હવે ઓગસ્ટ ૧૯૮૩માં તેઓ મને ઇંગ્લૅંડનો કિનારો છોડીને કેનેડા તરફ દોરી રહ્યા હતા. આ બીજો દેશ હતો જે મારા કુટુંબે મને ખ્રિસ્તી દેશ તરીકે બતાવ્યો હતો, જ્યાં જવું મારે માટે વિચારી શકાય નહિ એવું હતું.

પાકિસ્તાનમાંના મારા મિત્રએ મારી સાક્ષીની જે ટેઈપ બનાવી હતી, તે સાઉદી અરેબિયા, ઈરાન, ઈરાક, કુવૈત અને મોરોક્કો જેવા જુદાજુદા દેશોમાં મોકલી હતી. તે કેનેડા પણ પહોંચી ગઈ હતી. કેનેડામાંના એશિયન ખ્રિસ્તીઓ તેમનું વાર્ષિક અધિવેશન આલ્બર્ટામાં ભરે છે અને મહેમાન વક્તાઓને બોલાવે છે. આ જવાબદારી ઉઠાવનાર પાસ્ટર કેનેડિયન હતા, પણ તેમના એક વડીલ એશિયન ક્રિશ્ચિયન હતા અને એક ધંધાદારી માણસ હતા, તેમણે મારી સાક્ષી સાંભળી હતી, અને તેમણે એ સૂચન કર્યું હતું કે મને મુખ્ય વક્તા તરીકે બોલાવવામાં આવે.

જ્યારે મને આ આમંત્રણ મળ્યું ત્યારે મેં જવા વિષે વિચાર્યું અને એવું નક્કી કર્યું કે જો ઈસુની ઇચ્છા હોય તો હું જઉં. ત્યારપછી ટૂંક સમયમાં મને બે ટિકિટ મળી, એક મારે માટે અને બીજી સુસાન માટે, આને મેં નિશાની તરીકે માની

લીધું કે પ્રભુની એવી ઇચ્છા હતી કે અમે જઈએ. ઈસુ જે આ નવું દ્વાર અમારે માટે ખોલતા હતા તેથી અમે ખરેખર ગેલમાં આવી ગયાં. ખાસ કરીને સુસાન ઉશ્કેરાટ અનુભવવા લાગી અને ભારે ઉત્સાહથી આટલાંટિકને પેલે પારના અમારા પ્રથમ ઉડ્ડયન માટે તૈયારીમાં પડી ગઈ.

અમે આલ્બર્ટા આવી પહોંચ્યાં ત્યારે એશિયન અને કેરેબિયન ખ્રિસ્તીઓએ ખૂબ પ્રેમ અને ઉમળકાથી અમારો આવકાર કર્યો. પાકિસ્તાનની માફક અમને એટલા બધા હાર પહેરાવવામાં આવ્યા કે ભારથી અમારી ડોક દુ:ખવા મંડી. ફૂલોની સુગંધથી વાતાવરણ ભરાઈ ગયું. પાકિસ્તાનની યાદ અપાવતી કેવળ આજ એક યાદી મારે માટે રાખી મૂકવામાં આવી હતી એમ નહોતું. જે પાસ્ટરે મને બાપ્તિસ્મા આપ્યું હતું તે રેવરંડ અસલમખાન અહીં આલ્બર્ટામાં મને મળ્યા!

બાપ્તિસ્મા લેવાનો માર્ગ મારે માટે સહેલો બન્યો નહોતો. એનો અર્થ એ થયો હતો કે હું મારા કુટુંબથી સંપૂર્ણપણે અલગ થઈ ગઈ હતી. એક વખત મને ખાતરી થઈ ચૂકી હતી કે હવે જે એક પગલું મારે ભરવાનું હતું તે એ જ હતું. અને તો જ હું મારા હૃદયમાં થયેલું બદલાણ બતાવી શકું અને ઈસુ ખ્રિસ્તને મારી વફાદારી આપવાનું જે વચન મેં આપ્યું હતું તેમાંથી મારે પાછા ફરવાનું નહોતું. મુક્તિફોજના જે મેજરે મને મારું બાઇબલ આપ્યું હતું તેમણે, હું જે જોખમ ખેડી રહી હતી તે વિષે મને જરાયે શંકામાં રાખી ન હતી.

"તમે જો આ કરો તો શું બને તેનો તમને ખ્યાલ છે? કદાચ તમે ફરી કદી પાછાં તમારા ઘેર ના જઈ શકો. તમારું કુટુંબ કદાચ તમને મારી નાખવાનો પ્રયત્ન પણ કરે. તમારા જેવું પ્રેમાળ કુટુંબ જ્યારે તેમાંના એકને મુસ્લિમ ધર્મ તજી દેતું જુએ તો તે તદ્દન વિરુદ્ધ પણ થઈ જાય."

આ ચેતવણી મારે માટે આશ્ચર્યરૂપ નહોતી. મારા ભાઈ સફદર શાહે મને જે કહ્યું હતું તે યાદ આવ્યું : "ઇસ્લામને માટે અમે તને મારી નાખી શકીએ છીએ. પવિત્ર કુરાન એ પ્રમાણે કહે છે."

પણ મેં તો નક્કી કરી લીધું હતું. મારા વિશ્વાસની આ ખુલ્લી જાહેરાત કર્યા સિવાય હું ખ્રિસ્તની અસરકારક સાક્ષી બની શકું નહિ, તેથી મેં તેને કહ્યું, "ઈસુ ઈમાનુએલે મને કહ્યું છે, કે મારે તેની સાક્ષી થવાનું છે, અને બાપ્તિસ્માનું હવે બીજું પગલું મારે ભરવાનું છે. મારે તેને આધીન થવાનું છે. નહિ તો જે શાંતિ મને અત્યારે છે તે હું ગુમાવી બેસીશ. ઈસુ વિના જીવવું તે કરતાં ઈસુ સાથે મરવું વધારે સારું છે." આનો જવાબ તેણે એ આપ્યો હતો કે "તો વારુ, એમ થવા દો." પછી તણે મારે માટે વ્યવસ્થા કરી, કે કરાંચી રોડ પર આવેલા એક ઘરે તે અને તેનાં સ્ત્રી મને મૂકી ગયાં, જ્યાં રેવ. અને શ્રીમતી અસલમખાન રહેતાં હતાં. અને નવાં થયેલાં મુસ્લિમ ખ્રિસ્તીઓને તે રાખતાં હતાં. તેમને ફરીથી મળતાં ઈસુ સાથે ચાલવાના તે મારા શરૂઆતના દિવસોનાં જીવંત સંસ્મરણો તાજાં થયાં.

હકીકતમાં મારા બાપ્તિસ્મા પછી તેઓ બંને મારાં અબ્બાજી (પિતાજી) અને અમ્માજી (માતા) બન્યાં હતાં. જો કે અમ્માજી સાથેના મારા સંબંધની શરૂઆત જરા સારી નહોતી થઈ. તેમની અપેક્ષા એ હતી કે હું તેમને ઘરકામમાં મદદ કરું. પણ આવા કામનો આ પહેલાંનો મારો કશો અનુભવ નહોતો તેથી તે હું સારી રીતે કરી શક્તી નહોતી. અને તેથી તે મારાથી નારાજ થયાં હતાં. મને યાદ આવે છે કે મને એવું પરીક્ષણ થયું કે હું પાછી મારા ઘેર મારી આરામદાયી પથારીમાં પડું, મારાં કાકાકાકીની પ્રેમભરી સારસંભાળ નીચે રહું, અને જ્યાં

નોકરો બધું જ કરતા હતા એવી એશઆરામવાળી જિંદગી હું જીવું.

હું બહુ જ દુઃખી થઈ ગઈ, અને જીવ પર આવી જઈને એક રાત્રે મેં ઈસુને બૂમ પાડી, "હું તમને આધીન થઈ ગઈ છું. અને મને લાગે છે, કે હું ખરા રસ્તા પર છું, અને છતાં મારી સાથે આવો વર્તાવ રાખવામાં આવે છે, કેમ?"

ઝીણા, ધીમા અવાજે તેમણે મને ઉત્તર આપ્યો, "હું હંમેશાં તારી સાથે છું. તેઓ તેને નુક્સાન પહોંચાડી શક્તાં નથી." એમના શબ્દોએ મારા હ્રદયમાં શાંતિ આણી અને બળવો જગાવવાનો તથા પરીક્ષણનો આત્મા મને છોડીને ગયો. ઈસુએ તેમના શિષ્યોના પગ ધોઈને લૂછ્યા તે ઉદાહરણ મારી સમક્ષ આવીને ઊભું રહ્યું. અને ત્યારથી તે મારે માટે નમ્રતા અને સેવાનું સંપૂર્ણ ઉદાહરણ બની રહ્યું, જેને મારા જીવનમાં ઉતારવાનું મેં નક્કી કર્યું. તે પછી અમ્માજી સાથેનું મારું વર્તન સુધર્યું.

અબ્બાજી સાથેનો મારો પ્રશ્ન જુદો જ હતો, જ્યારે હું મારા નવા નામ 'એસ્તર' સાથે, અને મારી અંદર ઊછળતા નવા જીવન સાથે બાપ્તિસ્મા પામીને હોજમાંથી હું બહાર નીકળી, ત્યારે અમારી વચ્ચે જે વાતચીત થઈ હતી તે બરાબર મને યાદ આવી, વિધિ માટે જે મિત્રો ભેગા થયા હતા તેઓ બધા જતા રહ્યા હતા. "તમને કેવું લાગે છે?" તેમણે પૂછ્યું. 'સરસ' મેં કહ્યું હતું. પણ મને જે થયું છે તે વિષે હવે મારે સાક્ષી આપવી છે."

એમને આવું કશું જોઈતું નહોતું. "તમે તમારાં કામથી સાક્ષી આપી શકો છો. તમારા મોંથી પણ સાક્ષી આપવાની કંઈ જરૂર નથી. એમ સહેલાઈથી હું અટકી જાઉં એવી નહોતી. તેથી મેં એમ કહ્યું હતું, "પણ હું એમ માનું છું કે ઈસુ પણ

એમ ઇચ્છે છે કે હું સાક્ષી આપું. હું દેવળમાં બોલી શકું? તેમણે મને જાહેરમાં ઉચ્ચારણો નહિ કરવા સમજાવી. "તમારે તમારા કુટુંબમાં સાક્ષી આપવાનું કામ કરવાનું છે. ઈશ્વર તે સ્વીકારશે." એમણે જ મને પાછળથી અંધો માટેની સનરાઈઝ્ સ્કૂલમાં ગૃહમાતા તરીકે નોકરી મેળવવામાં મદદ કરી હતી.

ફરીથી તેમને આલ્બર્ટામાં મળવાનું લાગણીસભર હતું. ત્યાર પછી તેઓએ મારા બદલાણના અનુભવો અને તેને લીધે મારે સહન કરવી પડેલી યાતનાઓ વિષે સાંભળ્યું હતું. શું એ વિચિત્ર નથી કે, હું સાચું બદલાણ પામેલી હતી કે નહિ તેનું નિરીક્ષણ કરવાને માટે, તેમની કરાંચીરોડના ઘરમાં તેમની સાથે હું પાંચ અઠવાડિયાં રહી, ત્યારે તેઓએ કદી મને પૂછ્યું ન હતું કે હું કેવી રીતે ઈસુને ઓળખતી થઈ? એટલે એમાં કંઈ નવાઈ પામવા જેવું નથી, કે જ્યારે અમે એકબીજાને ભેટ્યાં ત્યારે તેઓ રડી પડ્યાં. લોકો પૂછવા લાગ્યા કે હું તેમની દીકરી હતી કે કેમ!

તેમની હાજરીમાં, આલ્બર્ટાની એશિયન ક્રિશ્ચિયન કોન્ફરન્સમાં મેં સુવાર્તાનો ઉપદેશ આપ્યો અને મારી સાક્ષી આપી. જે સંદેશો તેમને આપવાને માટે હું તલપાપડ થઈ રહી હતી તે હું ઈસુના જ શબ્દોમાં કહું, "હું જીવતો છું. થોડી વારમાં આવું છું."

"તે આવે છે." મેં જાહેર કર્યું "શું તમે તેને સ્વીકારવા તૈયાર છો?" પણ આ પડકાર એટલો મોટો હતો કે તે વિષે વિચારવા તેઓ તૈયાર ન હતા. તેઓ આ માટે તૈયાર નહોતા. ઈસુ મને અડક્યા હતા અને મને સાજી કરી હતી, તેટલું તેમને માટે પૂરતું હતું. આથી તેમને પાકી ખાતરી થઈ કે, ઈસુ આજે પણ ચમત્કારો કરે છે. પણ તેના આગમન માટે તૈયારી કરવી

મારા સંદેશાનો મિશ્ર પ્રતિભાવ હતો. કેટલાકને એ વાતની નવાઈ લાગતી હતી કે, ઈસુ સાથેના એક જ વખતના આકસ્મિક મેળાપથી તેમણે જે કહ્યું તે બધું મેં સ્વીકારી લીધું હતું. મેં કરેલો ઈસુનો તાત્કાલિક સ્વીકાર એમને બહુ નવાઈભર્યો લાગ્યો. તેમને પાકિસ્તાનમાં થયેલા તેમના અનુભવમાં જોયું હતું કે દરરોજ રાતે ઈસુનો તારનાર તરીકે સ્વીકારવાનાં જે આમંત્રણ અપાતાં હતાં તેનો કશો પ્રતિભાવ નહોતો. એક કુટુંબે તો મને એવું પણ કહ્યું કે, "તમને આનંદ છે કે ઈસુએ તમને સાજાં કર્યાં છે અને તારણ આપ્યું છે. એવો જ અનુભવ ઈસુ અમને કરાવે, તો તમે કહો છો તે બધું જ અમે માનીએ." આ બધું મેં પ્રભુના ચરણોમાં મૂક્યું.

એક શીખ કુટુંબ સાથે અમારો મઝાનો સંપર્ક થયો. તેમની ચાર વર્ષની દીકરી બિમાને ડાયાબીટીસ હતો અને દમ પણ હતો. તેને ઘણી વખત શ્વાસની તકલીફ ઊભી થતી હતી. મને મળ્યા પછી તેણે એની માને કહ્યું, "મા, સિસ્ટર ગુલશન મારે માટે પ્રાર્થના કરશે પછી હું ખાઈ શકીશ. પછી મારે શું ખાવું અને શું ન ખાવું એ નક્કી કરવાની પંચાત તારે રહેશે નહિ." ચાર વર્ષનું બાળક ઈસુમાં આવી શ્રદ્ધા ધરાવે એ વાત મને ખૂબ સ્પર્શી ગઈ. એ વાત કેટલી સત્ય છે, કે બાળકોના મુખે ઈશ્વર તેની સ્તુતિ કરાવે છે (માત્થી ૨૧:૧૬).

તે કુટુંબે મને તેમના ઘેર આવવાનું આમંત્રણ આપ્યું, અને મેં તેમની દીકરી બિમા માટે પ્રાર્થના કરી અને તે સંપૂર્ણપણે સાજી થઈ ગઈ તેથી તેમના આનંદનો પાર ન રહ્યો. વ્યક્તિગત સંપર્કોએ અમને મન તથા આત્મામાં તાજગી બક્ષી, હું એક વિધવાને મળી જેમના ડૉક્ટર પતિએ આત્મહત્યા કરી હતી. એમના હાથમાં એક કાગળ મળી આવ્યો હતો, જેમાં

રીતે કરવામાં આવે. આ વિધવાબહેનને જરાય ખ્યાલ ન હતો, કે તેમના પતિએ ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો હતો, પણ તે કોઈપણ ભોગે તેમની છેલ્લી ઇચ્છા પૂરી કરવા માગતાં હતાં. તેમના પતિનું કુટુંબ આ વિચારની સખત વિરુદ્ધ હતું, કેમ કે શીખો કેવળ અગ્નિદાહમાં માને છે. આખરે તે તેમના પતિનાં કુટુંબીજનોને તેમની આખરી ઇચ્છા પૂરી કરવા સમજાવી શક્યાં હતાં. હું માનું છું કે ઈસુ ખ્રિસ્તને સ્વીકારવાના માર્ગ પર તેમનું આ પ્રથમ ડગ હતું, કારણ કે મારી સાક્ષી સાંભળ્યાં પછી તેમણે ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકાર્યા હતા.

આ બે બનાવોથી અમને ઉત્તેજન મળ્યું, અને તેના જોરે આલ્બર્ટાના સુંદર જેસ્પર પહાડોમાં અમે આનંદથી થોડો સમય ગાળી શક્યાં હતાં.

ત્યાંથી સુસાન અને હું હવાઈ માર્ગે ટોરન્ટો આવ્યાં. ત્યાં અમને નાયગ્રાનો દિલચશ્પ ધોધ જોવા લઈ જવામાં આવ્યાં. આ ભવ્ય દૃશ્ય જોઈને હું કેવા અહોભાવ અને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ હતી! સુસાનનો ઉત્સાહ લગભગ હંમેશાં તેની હિંમત કરતાં વધારે હોય છે, તેનું પ્રદર્શન કરતાં ઇચ્છ્યું, કે નદીની હોડીમાં બેસીને તે ધોધના તળિયાની નજીક સુધી સમાંતરે સફર કરી આવે. પણ મેં તેને તેમ કરતાં અટકાવી.

ત્યાંથી મેં કેનેડાની સરહદની પેલે પાર અમેરિકા પર ઝાંખી વ્યગ્રતાભરી નજર નાખી. તે ક્ષણે તો તે વાત મારે માટે અશક્ય હતી. કારણ કે મારી પાસે અમેરિકાનો વિઝા નહોતો. ડલાસના એક ખ્રિસ્તી કુટુંબે મને તેમને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું હતું, પણ મારે તેની ના પાડવી પડી હતી, કારણ કે મારો પાસપોર્ટ તે વખતે ઇંગ્લૅંડની હોમ ઓફિસમાં પડ્યો હતો. તેમ છતાં હું મનમાં હસતાં હસતાં એમ કહેતી હતી કે મેં અમેરિકા જોયો છે, અત્યારને માટે એટલું પૂરતું છે.

ટોરન્ટોમાંનું મારું સેવાકાર્ય વધારે ફળદાયી નીવડવાનું હતું. તે લોકોએ જે સભાઓમાં હું બોલવાની હતી તેની જાહેરાતનાં ચોપાનિયાં છપાવ્યાં હતાં.

તેઓએ ઉષ્માભર્યું મારું સ્વાગત કર્યું. જે લોકો મારી સભાઓમાં આવ્યા તેમની લાગણીઓ તેમનાં એકની મારફતે તમને કહું, "સિસ્ટર ગુલશન, મેં કેવળ તમારી ટેઈપ સાંભળી છે, અને તમારું ચોપાનિયું વાંચ્યું છે, પણ આજે હું તમને મારી સમક્ષ જોઉં છું. અને કહું છું કે તમારી વાત બરાબર છે. ઈસુ ખ્રિસ્ત જીવતા છે તેની જીવંત સાબિતી તમે છો, અને તેમના શિક્ષણના સિદ્ધાંતો સાચા છે" તેથી મને ખુશી ઊપજી, કારણ કે તેમણે જે કહ્યું, તેથી હું જે કંઈ હતી, અને જે કંઈ કરતી હતી, તે બધું ઈસુ ખ્રિસ્તને દર્શાવતું હતું, અને તેમનો મહિમા થતો હતો, મારો નહિ.

એમ લાગતું હતું કે જ્યાં જાઉં ત્યાં, લગ્નજીવનનો પ્રશ્ન મારી સમક્ષ આવતો જ હતો, અને જે વિષે મારી સલાહ માગવામાં આવતી હતી. આ એવો એક નાજુક વિષય છે, કે જે પર ઝાઝું કહેવાની મારી તૈયારી હોતી નથી, પણ મુસ્લિમ ખ્રિસ્તીઓનાં લગ્ન મુસ્લિમ સાથે થાય છે. તેમાં બંને પક્ષનાં કુટુંબો સંડોવાય છે, તે ઉપરાંત જડ ઘાલેલી પરંપરાઓ અને રિવાજો છૂટા પાડી ન શકાય એવી રીતે ગૂંથાયેલાં હોય છે.

એક ખ્રિસ્તી માણસ જેમનો દીકરો એક હિંદુ સ્ત્રી સાથે પરણ્યો હતો, તેમની દીકરી એક મુસ્લિમ સાથે લગ્ન કરવા માગતી હતી. તે ખૂબ વિસામણમાં પડી ગયા હતા, તે જાણતા હતા કે લગ્ન પહેલાં આપેલાં વચનો કાંઈ હંમેશાં પળાતાં નથી. તેમના દીકરાને હિંદુ મંદિરમાં પૂજા કરવાની ફરજ પાડવામાં આવતી હતી, જો કે તેની ભાવિ પત્નીએ તેને ખાતરી આપેલી કે તે દેવળે જઈ શકશે. અને દાદા તરીકે તેઓ તેમના દીકરાનાં

બાળકોને મળી શક્તા નહોતા. હવે તે એવું નહોતા ઇચ્છતા કે તેમની દીકરીની પણ એ દશા થાય. તેમના બાળકો ચુસ્ત ખ્રિસ્તી રીતે ઉછેરવામાં તેઓ નિષ્ફળ ગયા હતા તે તેમણે કબૂલ કર્યું. અને હવે તે નિ:સહાય હતા. એમણે મને પગે પડીને વિનંતી કરી કે હું તેમની દીકરીને સમજાવું કે તેમાં તેને માટે કેટલાં જોખમો રહેલાં હતાં. તેમના પોતાના વિશ્વાસની કસોટી થઈ રહી હતી, અને તેથી મેં રીના સાથે વાત કરવાનું કબૂલ્યું.

રીનાએ મને તેની પરિસ્થિતિ સમજાવી. "હું નઝીમ સાથે ગળાડૂબ પ્રેમમાં છું અને અમે પરણવા માગીએ છીએ. તે એક વિદ્યાર્થી છે, અને કેનેડાનો રહેવાસી નથી. તેણે મને વચન આપ્યું છે કે, લગ્ન પછી પણ હું ખ્રિસ્તી રહી શકું છું, અને આપણાં બાળકો પણ ખ્રિસ્તી તરીકે ઉછેરી શકાશે. ખરું પૂછો તો મારા પિતાને કંઈ ચિંતા કરવાનું કારણ નથી."

મને તેના માટે બહુ સહાનુભૂતિ ઊપજી. આટલી નાની ઉંમરમાં આવી દ્વિધામાં ફસાવું એ બહુ દુ:ખદ અનુભવ કહેવાય. તેમ છતાં મને લાગ્યું કે આવું ખૂબ જ અગત્યનું પગલું ભરતાં તેણે કાળજીપૂર્વક તેનો વિચાર કરવાની જરૂર હતી. મેં તેમાં રહેલી કેટલીક શક્યતાઓ તરફ તેનું ધ્યાન દોર્યું. કે જો તે મુસ્લિમ તરીકે ન જીવે તો તેનાં મુસ્લિમ સાસરિયાં કદાચ તેને ન સ્વીકારે, તેનાં બાળકો માટે કંઈ ધર્મ જેવું રહેશે જ નહિ,જો કે કદાચ તે ખ્રિસ્તી તરીકે જીવે, પણ તેને માટેનું જરુરી આચરણ તે કરી શકશે નહિ અથવા તે બીજાઓને તે વિષે કંઈ કહી શકશે નહિ. તેણે ગુપ્ત રીતે ધર્મ પાળવો પડશે. મોટામાં મોટું વિઘ્ન કદાચ એવું આવી પડવાની શક્યતા ખરી, કે તેનો ધણી એક કરતાં વધારે સ્ત્રીઓ કરે. છેવટે મેં તેની આગળ એક કડવી શક્યતા મૂકી, "કદાચ એવું બને કે તારો મિત્ર

કેનેડામાં કાયમી વસવાટ કરવા માટે તારો ઉપયોગ કરે. તું એક જુવાન ખ્રિસ્તી છે. લગ્નમાં આંધળિયાં કરીને પડવાની શી ઉતાવળ છે? યોગ્ય નિર્ણય પર આવવા માટે ઈસુને પૂછીને તેમની મદદ લે."

હું વાત કરતી હતી ત્યારે રીના મારા પગ પાસે બેસીને મારી તરફ જોઈ રહી હતી. તેણે મારી સાથે કશી દલીલ કરવાનો પ્રયત્ન ન કર્યો. તેણે શાંતિથી કહ્યું, "તમે જે કહ્યું તે બધા વિષે શાંતિથી વિચાર કરવાનું હું વચન આપું છું." પછી મેં તેને માટે પ્રાર્થના કરી. પાછળથી મને જાણવા મળ્યું કે તેણે તેના મુસ્લિમ મિત્ર સાથેના સંબંધનો અંત લાવવાનો નિર્ણય કર્યો હતો. તેના પિતાના આનંદનો પાર નહોતો. "ઈશ્વરનો આભાર માનો કે જે માર્ગે ચાલવાનો તેણે મક્કમ નિર્ધાર કર્યો હતો, તેમાં રહેલાં જે સંકટો તેની રાહ જોઈ રહ્યાં હતાં તે તે સમજી શકી!" જ્યારે તે મને મળ્યા ત્યારે પોકારી ઊઠ્યા.

ઈસુ ખ્રિસ્તની સાક્ષી આપવાની બીજી એક અદ્ભુત તક મને ટોરન્ટોમાં પ્રાપ્ત થઈ. ગ્રેસના પિતા ટોરન્ટોના રેડિયો સ્ટેશનમાં કામ કરતા હતા, અને હું રેડિયો પર મારી સાક્ષી આપી શકું એવી વ્યવસ્થા તેમણે કરી. પાકિસ્તાનમાંના મારા શરૂઆતના દિવસો કરતાં મારી સેવાનો વિસ્તાર ઘણો વધી ગયો હતો. તે વખતે હું એમ ધારતી હતી કે દેશના એક છેડાથી બીજા છેડા સુધી પ્રવાસ કરવો તે બહુ જ વિશાળ કહેવાય! હવે રેડિયો, ટેલિવિઝન અને પુસ્તક દ્વારા મારી સેવાનો વ્યાપ વિસ્તરી રહ્યો હતો તે બધું મારી કલ્પનાનાં સ્વપ્નોથી પણ પર હતું.

કંઈ વિસાત વગરના એક પ્રસંગે મારા શરૂઆતના તે વિદેશોની યાદ મને તાજી કરાવી. સુસાન અને મને ભારે સુટકેસો ઊપાડીને ફરવાનો બહુ મહાવરો નહોતો. તેથી અમે

પ્રવાસમાં થોડો જ સામાન અમારી સાથે રાખતાં. એક દિવસ મારાં સલવાર-કમીઝ પર રસો પડ્યો અને તે સાંજે મારે તે પહેરવાનાં હતાં, એટલે મેં પાયજામો પહેરી લીધો અને સુસાન તે ધોવા બેઠી. તે જ્યારે આ નાનું સરખું ઘરકામ કરી રહી હતી, ત્યારે તેણે અમારા યજમાન ગ્રેસ તરફ જોયું અને બોલી, "મારી પોતાની સેવાનો આ એક ભાગ છે." ગ્રેસ હસ્યા અને કહ્યું, "જ્યારે હું મારી બહેન રેચેલ સાથે રાવળપીંડીમાં રહેતી હતી, અને ગુલશન અમારી સાથે રહેતા હતાં, ત્યારે હું પણ એ સેવા બજાવતી હતી. તે અમારી સાથે ત્રણ વર્ષ રહ્યાં હતાં!"

ગ્રેસનું કુટુંબ ખ્રિસ્તી થયેલાં શીખોનું હતું. તેના બનેવી બ્રધરન ચર્ચના પાસ્ટર છે. તેમની સાથેના મારા વસવાટનો ઉલ્લેખ થતાં, મને મારી બહેન અનીસબીબીની વાત યાદ આવી. જે સવારે મારો ભાણેજ ખાલિદ મારી પાસે આવ્યો અને કહ્યું, "માસી, તમારાં બહેન તમને બોલાવે છે," તે વાત મને યાદ આવી. તરત જ મને એમ થયું કે જરૂર કંઈક ગંભીર રીતે અશુભ બની રહ્યું હશે. મેં રેચેલ અને ગ્રેસને કહ્યું, કે મારે અનીસબીબીની પાસે ગયા વિના છૂટકો નહોતો. અને સીધી મારા ભાણેજ સાથે હું ત્યાં પહોંચી.

જ્યારે હું આવી ત્યારે મારી બહેનના ઓરડામાં ગઈ અને મને ધ્રાસકો પડ્યો કે તે મરી રહી હતી. તેણે આંખો ઉઘાડી અને મારી તરફ જોયું, "મારે માટે પ્રાર્થના કર, ગુલશન, જો, ઈસુ અહીં છે, અને તે કહી રહ્યા છે, "મારી સાથે આવ. તારો સમય આવી રહ્યો છે." મેં વિરોધ કર્યો, "ના તું મારી, બહેન અને મિત્ર છે. તું જઈ શક્તી નથી. જો તું જતી રહેશે તો હું એકલી થઈ જઈશ. મહેરબાની કરીને મને છોડીશ નહિ."

મારા વિચારો મારા પર અને જો તે જતી રહેશે તો કુટુંબની મારી એક માત્ર મિત્ર જતી રહેશે તે વિચાર પર

કેન્દ્રિત હતા. આ અસહ્ય હતું. પણ ફરીથી અનીસબીબીએ કહ્યું, "જો, ઈસુ મારી આગળ છે. તેમની સાથે જતાં મને ખુશી થાય છે. લાંબું જીવું અને તેમનાથી વિમુખ થઈ જાઉં તેના કરતાં હમણાં મરવું સારું છે." આ વાત આશ્ચર્ય ઉપજાવે એવી હતી, અને તે વખતે તો હું સમજી નહિ. પછી તેણે મરતી વખતની છેલ્લી વિનંતી મને કરી. "હું મરી જાઉં પછી તું મને નહવડાવીશ?" તેનો જવાબ આપવાને બદલે મેં મારા હાથ તેના માથા પર મૂક્યા અને પ્રાર્થના કરી, "પ્રભુ ઈસુ ખ્રિસ્ત, અનીસબીબ તમારી દીકરી છે. તેની પર દયા કરજો. હું જાણું છું કે મરી ગયા પછી તે તમારી સાથે હશે. તમારી ઇચ્છા પૂરી થાઓ."

મેં આંખો ઉઘાડી ત્યારે તે વિદાય થઈ ચૂકી હતી. મારું હૃદય ભાંગી ગયું. તે હજુ કેટલી બધી જુવાન હતી અને તંદુરસ્ત હતી. આ વિદાય હું સહન કરી શકી નહિ. હું મારા મનથી જાણતી હતી કે ઈસુની ઇચ્છા ઉત્તમ હતી, અને હું એક દિવસ ફરીથી તેને જોઈશ, પણ આવા શોક માટે મારું હૃદય તૈયાર નહોતું.

અનીસબીબી ગુજરી ગઈ ત્યારે સવારના ૧૦ વાગ્યા હતા. તેણે મને કહ્યું હતું તે પ્રમાણે સાંજે ૪ વાગે મેં તેને નહવડાવી. દફનક્રિયાની વિધિના એક ભાગરૂપે શરીરનો આગળનો ભાગ ધોવામાં આવે છે. સાંજે મારી બહેનને દફનાવવામાં આવી. મેં મારા બનેવી અને તેમની બે દીકરીઓને પુનુરુત્થાનની આશાની વાત કરીને દિલાસો આપવાનો પ્રયત્ન કર્યો, પણ તે અને તેમનાં બધાં સગાં મુસ્લિમ હતાં, એટલે આ આશાનો તેમને મન કશો અર્થ નહોતો. છોકરીઓએ મને રહી જવા બહુ આજીજી કરી પણ જ્યારે આટલાં બધાં વિરોધી સગાં ઘરમાં હોય ત્યાં એ બાબત મુશ્કેલ હતી. હું શોકમગ્ન હૃદયે રાવળપીંડી પાછી ફરી.

તે રાત્રે મેં ઈસુની સાથે વાત કરી. "પ્રભુ, જ્યારે તમે મારી બહેનને લઈ લીધી ત્યારે તમે મારા વિષે વિચાર ન કર્યો. હું જાણું છું, કે તમે ચાહો છો અને મારી બહેનને ચાહતા હતા. પણ તેનું જીવન આટલું ટૂંકું કેમ? પાંચ વર્ષ પર જ્યારે તે મરી ગઈ, ત્યારે તેને ફરી જીવતી કરનાર તમે જ હતા. તો પછી આટલી જલદીથી લઈ લેવાની હતી તો તેને પાછી જીવતી શું કામ કરી હતી? જો તમે મને આવા દુ:ખમાંથી પસાર કરવાના હો, તો તમારો પ્રેમ ક્યાં ગયો? શું તમે મને આખી જિંદગી દુ:ખ સહન કરાવવાના છો? હું તમારી સાથે હવે કશી વાત નહિ કરું."

મારો શોક એટલો ભારે હતો કે મેં મારા પ્રભુ સાથે આ પ્રમાણે વાત કરવાની જીગર કરી! આવી ધૃષ્ટતા ઈશ્વરી કોપને લાયક હતી. પણ આપણો ઈશ્વર પ્રેમનો ઈશ્વર છે. તેમનો પ્રેમ કેવો ઊંડો હતો તેનું જ્ઞાન મને થોડી જ વારમાં થવાનું હતું.

મારી બહેનને લઈ લેવા બદલ જાણે કે હું ઈસુને શિક્ષા કરતી હોઉં તેમ મેં એક આખું અઠવાડિયું પ્રાર્થના ન કરી. હું મારું બાઇબલ વાંચતી હતી પણ મેં ખાવાનું છોડી દીધું હતું અને કેવળ પાણી અથવા ચા લેતી હતી. કુટુંબ મારે માટે ચિંતા કરવા લાગ્યું અને તે ચોંકી ઊઠ્યું, "ગુલશન, મહેરબાની કરીને તમે ખાઓ. તમે માંદાં પડશો. આ પ્રમાણે તમે લાંબું નહિ કાઢો." બાળકો પણ મને કરગરવા લાગ્યાં કે સ્વાભાવિક રીતે જીવવાનું શરૂ કરો. જોકે મારા હૃદયનું દુ:ખ અતિશય ભારે હતું. ખોરાક પરથી મારું મન ઊઠી ગયું હતું.

ઈલિઝાબેથના પતિ સામાન્ય રીતે જે ઓરડામાં ભજન સેવા ચલાવતા હતા, ત્યાં ભોંય પર હું ચટ્ટાઈ પર સૂતી હતી. (આ સમયે તેમની પાસે દેવળ નહોતું) હું છોકરીઓ સાથે સૂતી હતી, પણ અનીસબીબીના મૃત્યુ બાદ હું અહીં સૂતી હતી, એ

માટે કે હું તેમને કંઈ ખલેલ ન કરું. આખા ઓરડામાં શેતરંજી હતી એટલે મારું સૂવું આરામદાયક હતું, એકલી હોવાથી હું મારું દુ:ખ સહેલાઈથી સહન કરી શક્તી હતી અને મારું બાઇબલ વાંચી શકતી હતી.

અઠવાડિયાને અંતે નિત્યક્રમ પ્રમાણે હું સવારે ત્રણ વાગે જાગી. મારા વિચારો મારી ભાણેજો તરફ વળ્યા, કે સાવકી માના રાજમાં તેમની શી દશા થશે, કારણ કે મારા બનેવી ફરી લગ્ન કરશે એમાં કંઈ શંકા નહોતી. હું મારી ચટ્ટાઈ પર બેઠી થઈ. મારી આગળ ભીંત હતી. બારણું ખુલ્લું હતું અને ચંદ્રનો પ્રકાશ આવી રહ્યો હતો. એકાએક મારા ઓરડામાં ભારે પ્રકાશ થઈ રહ્યો. મને નવાઈ લાગી અને હું બહુ કાળજીથી તેની તપાસ કરવા ઇચ્છતી હતી. પછી મેં ઈસુનું અને મારી બહેનનું મોં જોયું, તે હસતી હતી. થોડીક વાર સુધી કોઈ કશું બોલ્યું નહિ.

ઈસુના અવાજથી મૌન તૂટ્યું, "તને ખબર છે કે શા માટે મેં તેને લઈ લીધી? તે મારી સાથે સુખમાં છે. તારે જાણવું છે કે શા માટે મેં તેને લઈ લીધી? જો!"

એમ કહીને તેમણે મારી બહેનને ગોળ ફેરવી, અને ભારે ભયભીત થઈને મેં જોયું કે તેની પીઠ લાલ સોળથી ભરાઈ ગઈ હતી, જાણે દેવતા વડે ડામ દીધા હોય એવા. ઈસુએ મને કહ્યું, "જ્યારે તે પ્રાર્થના કરતી હતી ત્યારે તેનો પતિ તેને દરરોજ આ પ્રમાણે મારતો હતો." ત્યારે મને તેની મૃત્યુસમયની ઇચ્છા યાદ આવી. "ગુલશન, હું જ્યારે મરી જાઉં ત્યારે મહેરબાની કરીને તું મને નહવડાવજે." હવે મને સમજાયું, કોઈ એ જાણી જાય એવું તે ઇચ્છતી નહોતી કે તેનો પતિ તેના પ્રત્યે કેટલો ક્રૂર હતો, અને તેના ખ્રિસ્તી ધર્મની અને ઈસુને કરેલી તેની પ્રાર્થનાને તે કેટલો બધો ધિક્કારતો હતો. તેના મૃત્યુ પછી પણ

તે તેના પતિની આબરૂનું રક્ષણ કરવા ઇચ્છતી હતી. આવી તેની વફાદારી હતી.

ઈસુએ બીજી વાર મને ઉદ્દેશીને કહ્યું, "તારી બહેન સુખી છે. તું શા માટે દુ:ખી છું અને મારી પર આવો ગુસ્સો કરે છે? એનું દુ:ખ મારાથી વધારે વાર સહન થાય એમ નહોતું. તારી બહેને અત્યારસુધી જે દુ:ખ સહન કર્યું છે, તેથી વિશેષ દુ:ખ તું તેને આપવા ઇચ્છે છે?"

મારું મોં સિવાઈ ગયું. હું શું કરી શકું? ઈસુના પ્રેમની ઝાંખી કંઈક મને થઈ. અને હું એટલા બધા અહોભાવ અને આશ્ચર્યમાં ડૂબી ગઈ. તેમનો પ્રેમ કેવો ઊંડો હતો, કેવો સુંદર હતો, કેવો ભલો હતો! હું તે વિષે શંકા જ શી રીતે લાવી શકું? આંસુની આ ખીણમાં તે કદી દૂર હોતો નથી. મારી બહેનની હિંમતે મને તેના માટેની પ્રશંસાથી ભરી દીધી. તેણે એકલવાયી બનીને સહન કર્યું હતું. તેણે કોઈને પોતાનું દુ:ખ કહ્યું નહોતું. અરે મને પણ નહિ. સ્વર્ગમાં તેનાં દુ:ખોનો અંત આવ્યો હતો. તેનું દુ:ખ જતું રહ્યું હતું. સોળ તેને કોઈ દુ:ખ આપતા નહોતા. તે સુખી હતી. મારે બીજું કશું જોઈતું નહોતું. મારી પીઠ પરથી મારા શોકનો બોજ ગબડી ગયો, અને હું મન અને આત્મામાં ફરીથી નવી બની હતી, હું મારા પ્રભુની સ્તુતિ કરતી હતી, મેં મારી જાતને તેમના પ્રેમ વિષે શંકા લાવવા દીધી હતી, તે માટે મને ખરેખરી રીતે ઠપકારી હતી. તેમનો પ્રેમ મારી સમજણથી પર હતો.

કેનેડાથી હું અને સુસાન ૨૩મી સપ્ટેમ્બરે ઇંગ્લૅંડ પાછાં ફર્યાં.

❖ ❖ ❖

પ્રકરણ ૧૨

# ઘેરાતાં વાદળો

કેનેડાથી હું પાછી ફરી ત્યારપછી, સપ્ટેમ્બર ૧૯૮૩માં મારા પુસ્તકનો કોન્ટ્રેક્ટ થયો. મેં ૪થી ઓક્ટોબરે થેલ્મા સેંગસ્ટર સાથે "ચિરાયેલો પડદો" પર કામ શરુ કર્યું. નોબલ ડિન જેનાં માબાપ સાથે અમે રહેતાં હતાં તે અમારો દુભાષિયો હતો. દર સવારે નોબલ થેલ્માને સ્ટેશનેથી લઈ આવે, અને સાંજે પાછો મૂકી જાય. બે પૂરાં અઠવાડિયાં મેં મારા અનુભવોની વિગતો અવારનવાર જોઈ જવામાં ગાળ્યાં કે કામ કઠણ હતું. અને છતાં ફળદાયક હતું. પણ તેણે મને મારી રખડપટ્ટીની સેવામાંથી આનંદદાયક વિશ્રાંતિનો સમય આપ્યો. ત્યારપછીના પાંચ મહિના હું અવારનવાર થેલ્માને મળતી રહી. અને તેમને પૂરક માહિતી આપતી રહી અને તેમણે જે લખ્યું હોય તે જોતી રહી. જેમજેમ મારી જીવનકથા મારી સમક્ષ ઉઘડતી ગઈ તેમ તેમ મને લાગ્યું કે મારા ઈશ્વરપિતાએ જે અજાયબ રીતે મારી સાથે વ્યવહાર કર્યો હતો તેનાથી હું વધારે અને વધારે આશ્ચર્ય પામતી ગઈ. ૧૯૮૪ના ફેબ્રુઆરીની આખરે હસ્તલેખ પૂરો તૈયાર થઈ ગયો અને પ્રકાશકને મોકલી આપવામાં આવ્યો, અને અમે ભારે રાહતનો દમ ખેંચ્યો અને સંતોષની લાગણી અનુભવી. અમે પ્રભુને તેની ભલામણ કરી કે તે દ્વારા અને તેની મારફતે તેમના નામનો મહિમા થાય.

જોકે લેખિત સ્વરૂપમાં મારી જીવનકથાની પૂર્ણાહૂતિ મારી સેવાની પરાકાષ્ઠા જેવી હતી, પણ દેશમાં જુદેજુદે સ્થળે જઈને અંગત રીતે ઈસુની સાક્ષી આપવાનું કાર્ય અટકી ગયું નહોતું. હંમેશાં એવા લોકો હોય છે, કે જેઓ પ્રેરિત થોમાની માફક

કહેતા હોય છે. "તેના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મૂક્યા વિના તથા તેની કૂખમાં મારો હાથ ઘાલ્યા વિના, હું વિશ્વાસ કરવાનો જ નથી." આઠ દહાડા પછી, ઈસુ શિષ્યોની આગળ બંધ ઓરડામાં આવીને ઊભા રહ્યા ત્યારે તેમ જ કરી જોવા તેમણે તેને આમંત્રણ આપ્યું. "તારી આગળ અહીં સુધી પહોંચાડીને મારા હાથ જો, અને તારો હાથ લાંબો કરીને મારી કૂખમાં ઘાલ, અને અવિશ્વાસી ન રહે. પણ વિશ્વાસી થા." ત્યારે થોમાએ ઉત્તર આપ્યો, "મારા પ્રભુ, અને મારા દેવ."

તેથી હું માનતી હતી કે મારું શરીર, જેને ઈસુએ હાથ મૂકીને સ્પર્શ કર્યો હતો અને સાજું કર્યું હતું, તે તેમના સાજા કરવાના પરાક્રમની જીવંત સાબિતી હતી, અને ઈશ્વર તરફથી તેમને મળેલો સંદેશો સાચો હતો તેની એ નિશાની હતી. પહેલી સદીમાં જે લોકોએ ઈસુએ કરેલાં કામો જોયાં હતાં. તેઓ એવું માનવાને દોરવાયા હતા, કે તે જીવતા દેવનો દીકરો હતો. હું આશા રાખતી હતી કે મારું સાજું થયેલું શરીર જોઈને લોકો એ જ પ્રકારની કબૂલાત આપશે. તેને લીધે હું બને તેટલાં આમંત્રણોનો સ્વીકાર કરતી હતી.

લેસ્ટરના એક અંગ્રેજ કુટુંબે મને અને સુસાનને આમંત્રણ આપ્યું હતું. મિ. વિલ્સને અમને લેસ્ટરમાં ફેરવ્યાં, તે સુસાનને ખાસ ગમ્યું. કારણ કે તેને થોડીક ખરીદી કરવાની હતી. અમારા પાસ્ટરનાં પત્ની માટે થોડાં ઘરેણાં ખરીદવાના હતાં. તે થઈ શક્યું તેથી તેને આનંદ થયો. લેસ્ટરમાં ભારતીયોની એટલી બધી દુકાનો જોઈને અમને રસ પડ્યો.

ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી લોકોના એક સમૂહને સંબોધવાની વ્યવસ્થા મિ. વિલ્સને મારે માટે કરી હતી. તેમાં એક મા અને બે દીકરીઓ હતી. આ અંગ્રેજ હતી અને તેનો ધણી મુસ્લિમ

હતો. સભા પછી તેઓએ મને તેમના ઘેર આવવાનું આમંત્રણ આપ્યું. એ માટે કે હું તેમના પિતા જે માંદા અને પથારીવશ હતા તેમને મળું. તે એમ માનતા હતા કે ખ્રિસ્તી ધર્મ કેવળ યુરોપિયનો માટે જ હતો.

પિતાને મારી ઓળખાણ આપતી હતી ત્યાંજ તે સીધું ને સટ બોલી ઊઠ્યા, "તમે કંઈ પણ કહો તે પહેલાં હું તમને એક વાત કહેવા માગું છું. તમે તમારું બાઇબલ ઉઘાડશો નહિ. હું પણ મારું કુરાન નહિ ઉઘાડું. મને તમે એ કહો કે તમારા જીવનમાં શું બન્યું છે. આ પવિત્ર પુસ્તકોમાં શું છે તે મારે સાંભળવું નથી. તે પુસ્તકો બંધ રાખો અને તમારું જીવન-પુસ્તક ઉઘાડો." મેં તેમ કર્યું. મેં તેમને કહ્યું કે હું કેવી રીતે ખ્રિસ્તી બની, કેવી રીતે ઈસુ મને દેખાયા અને તેમના વિષે કુરાનમાં જે જે ભાગો હતા તે મને બતાવ્યા.

જ્યારે મેં મારી વાત પૂરી કરી ત્યારે તે પિતાએ મને કહ્યું, "આ બાબતોની હું આતુરતાથી રાહ જોતો હતો અને તે સાંભળવા માગતો હતો. મને બહુ આનંદ થાય છે કે, તમે આજે મારે ઘેર આવ્યાં અને મને તમારી સાક્ષી કહી. કેવળ ઈસુ જ ઘરોમાં આવે છે અને લોકોને તારે છે." પછી મેં મારું બાઇબલ ઉઘાડ્યું અને તેમને ઈસુ ખ્રિસ્ત વિષે વાત કરી.

'ઈસુ તમને ચાહે છે, અને એ માટે હું અહીં આવી છું. તે આજે તમને તેની પાસે આવવાનું કહે છે. ઈસુ તમને તારશે અને અનંત જીવન આપશે. તે સ્વીકારવાનું તમારી ઇચ્છા પર આધાર રાખે છે, કે ઈસુ પર વિશ્વાસ કરવો કે નહિ. જ્યારે તમે તમારું હૃદય ખ્રિસ્તને સોંપો છો, ત્યારે તે આવે છે અને તમને સાજા કરે છે. શું તમે ઈસુને તમારા તારનાર તરીકે સ્વીકારો છો?"

"હા," તેમણે જવાબ આપ્યો. "હું માનું છું, કેમ કે ઈસુ

પ્રથમ તમારા જીવનમાં, પાકિસ્તાનમાં આવ્યા, અને તેમની મારફતે અહીં ઇંગ્લૅંડ આવ્યાં છો, અને અત્યારે તમે મારા ઘરમાં છો."

"ઈસુએ મને મોકલી", મેં કહ્યું, "તેમની રજા વિના હું કશું કરતી નથી. તેમની એ ઇચ્છા છે કે આજે હું અહીં છું."

વિચારોની આ આપલે પછી તેમણે પોતાનાં પાપો કબૂલ કર્યાં અને ઈસુ પાસે માફી માગી. આ સાંભળીને બંને દીકરીઓ અને તેમની માને અત્યંત આનંદ થયો. ઘર છોડતાં પહેલાં મેં તે પિતાને માટે પ્રાર્થના કરી.

ઇંગ્લૅંડમાં આવીને મેં ઈસુની સાક્ષી આપવાની શરૂઆત કરી. ત્યારથી આજસુધી ભાગ્યે કોઈ ખુલ્લી દુશ્મનાવટ, વિરોધ કે અસંમતી પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. દિલગીરીની વાત એ હતી કે તે સંજોગો બદલાતા હતા. હું માનું છું કે શેતાન મારે માટે તકલીફ ઊભી કરવા કામ કરી રહ્યો હતો. હું ધારું છું કે, મારાં પ્રવચનો, રેડિયો, ટેલિવિઝન અને થોડા જ સમયમાં પ્રગટ થનાર મારા પુસ્તક મારફતે ઈસુની સાક્ષી આપવાનું કાર્ય ભરતીની માફક આગળ વધી રહ્યું હતું, તેનો વિરોધ કરવામાં ન આવે તે જ એક નવાઈની વાત કહેવાત.

શરૂઆતથી અત્યાર સુધીના મારા સેવાકાર્યમાં મને અવારનવાર ઝઘડા પતાવવા માટે, અને જુદી જુદી બાબતો વિષે અભિપ્રાય અથવા સલાહ આપવા માટે બોલાવવામાં આવી હતી. આ અગાઉ મેં ખુલાસો કર્યો છે તે પ્રમાણે મોટે ભાગે લગ્ન અંગેના પ્રશ્નો ઊભા થયા હતા. મેં કદી મારી પોતાની જાતને પાસ્ટર યા લગ્ન અંગેની દોરવણીના સલાહકાર તરીકે ગણી નહોતી, અને તેથી તેમાં ઘસડાવાને માટે હું ઘણી ઢચુપચું રહેતી હતી. જોકે એ નાની સંખ્યાવાળા એશિયન સમાજમાં આ બાબત હંમેશાં શક્ય ન હતી.

જે પ્રસંગ આ સંઘર્ષનું કેન્દ્ર બન્યો તે કહેવાતી બેવફાઈનો હતો, અને જેમાં અમારી એશિયન મંડળીના ચાવીરૂપ માણસો સંડોવાયેલા હતા. બે પરણેલાં દંપતિમાં સંબંધોનો વાંધો ઊભો થયો હતો. અને તેમાંની એક પત્નીએ મને મદદ કરવા આજીજી કરી. "સિસ્ટર ગુલશન, મહેરબાની કરીને મને બતાવો કે આમાં મારે શું કરવું. તમે ઈસુને ચાહો છો, અને તેનું વચન તમારે મન બહુ કિંમતી છે. તેમણે તેમની વાત મને કહી.

મેં તેમને સલાહ આપી કે તે તેમની સાસુને કહે, કે તે તેમના દીકરાને શિસ્ત હેઠળ જીવવાનું સમજાવે. તેમણે તેમની સાસુને કહ્યું પણ સાસુએ તેમના દીકરાને કહેવાને બદલે વાતનો દોર પોતાના હાથમાં લઈ લીધો, અને આમાં સંબંધિત બીજી સ્ત્રીને વાત કરી. તેનો ધણી ગુસ્સે થયો અને તેમના ગૃહસ્થજીવનમાં માથું મારવાનો મારા પર આક્ષેપ મૂક્યો. હું ખળભળી ઊઠી. ત્યારપછીના બનાવો કાબૂ બહાર જતા રહ્યા. મને તેમાં વધારે અને વધારે ઘસડી જવામાં આવી અને મારા બોલેલા દરેક શબ્દોનો ખોટો અર્થ કરાતો હોય એમ મને લાગ્યું. અનિવાર્યપણે લાગણીઓ ઘણી ઉશ્કેરાઈ અને મંડળીમાં ભાગલા પડ્યા.

નાની નજીવી બાબતો પકડી લઈને રજનું ગજ કરી દેવા લાગ્યા. કેટલીક વાર સંસ્કાર,દેખિતા અભેદ્ય પડદાને સુવાર્તાના પ્રકાશમાં રજૂ કરી શકે છે. સાંસ્કૃતિક જીવનનાં કેટલાંક સારાં પાસાં છે, તેમને વધારે સમૃદ્ધ ખ્રિસ્તી જીવનમાં વાહન તરીકે વાપરી શકાય છે, અને કેટલાંક પાસાં એવાં હોય છે, કે જે આત્માના નવા જીવનને જન્મતાં જ ગળે ટૂંપો દઈ દે છે, આ બે વચ્ચેનો ભેદ શોધવાનું કાર્ય આખી જિંદગીભર ચાલે છે. દાખલા તરીકે એક જુવાન દંપતિને જાહેરમાં વહાલના શબ્દો વાપરવાની ટેવ પાડી હતી અને ખુલ્લી રીતે વહાલ દર્શાવતા હતાં. આ ટેવ એશિયન માબાપોને અને વડીલોને અપમાનજનક

અને ઘૃણાસ્પદ લાગતી હતી, અને આવો બિનજરૂરી ગુનો, આચરવા માટે જ્યારે મેં તેમને ઠપકો આપ્યો, ત્યારે તેઓ ખૂબ ખીજવાઈ ગયાં હતાં.

ભારતીયો માટે છુટાછેડા એક બીજો સંવેદનશીલ પ્રશ્ન છે.ઘણી વખત એવો આક્ષેપ કરવામાં આવે છે કે, ઘણાં ભારતીય માબાપો એમ ઇચ્છે છે કે, તેમની દીકરીઓને ગેરવર્તન સહન કરવું પડે અથવા તેમને મારી નાખવામાં આવે તો ભલે, પણ તેઓ ધણીનું ઘર ન છોડે. એમ લાગે છે, કે કેટલાક દાખલાઓમાં તો લગ્નનું ઘર છોડવાનો એક માત્ર માનભર્યો માર્ગ તે કોફિનમાં (શબપેટીમાં) સૂઈ જવાનો માર્ગ છે! પશ્ચિમની સંસ્કૃતિ જ્યાં છુટાછેડાનું પ્રમાણ ઘણું ઊંચું છે તેમાં જીવતાં, જુદાં નૈતિક નિયમને વળગી રહેવાનો પ્રયત્ન કરવાના પરિણામે કુટુંબોમાં ઘણા ભારે તણાવ ઉપસ્થિત થાય છે. જે લોકો ઇસ્લામ, હિંદુ કે શીખમાંથી ખ્રિસ્તી થયેલા છે તેમને માટે તો વળી ઓર મુશ્કેલી ઊભી થાય છે. ખ્રિસ્તી ધર્મ પર નૈતિક્તાનું ધોરણ નીચું કરી નાખવાનો આરોપ મૂકવામાં આવે છે. અને આ એક કારણને લીધે કેટલીક વાર ખ્રિસ્તનો સ્વીકાર કરવામાં ભયંકર વિરોધ કરવામાં આવે છે.

ઓક્સફર્ડમાંના એશિયન ખ્રિસ્તીઓ માટેનું આખું વાતાવરણ મારે માટે બહુ અપ્રિય થઈ પડ્યું હતું. જોકે પાકિસ્તાનમાં એવા બનાવો બની રહ્યા હતા જે આખરે મને આ બધામાંથી છૂટકારો આપવાના હતા. દત્તક લીધેલી મારી બીજી દીકરી ઝેનિથનો પત્ર આવ્યો: "માજી, રઝિયાના વરને શીલા જોડે લગ્ન કરવાનું મન છે. તેમાં તમારી સંમતિ આપશો? આ લગ્ન થાય તે માટે તેમનું કુટુંબ બહુ આતુર છે."

પાકિસ્તાનમાં આ કંઈ અસામાન્ય બનાવ ગણાતો નથી. શીલા પણ ખ્રિસ્તી હતી અને તેથી તેનું કુટુંબ તેનામાં રસ લેતું

હતું. આ વિનંતીથી મને ખુશી ઊપજી. હું જાણતી હતી કે તે સારો માણસ છે અને તે શીલાને સુખી કરશે. કંઈપણ આનાકાની વિના મેં સંમતિ આપતો જવાબ આપ્યો, અને સગાઈને માટે વ્યવસ્થા કરી. લગ્નની તારીખ નક્કી કરવામાં આવી અને મેં પાકિસ્તાન પાછા જવાની પ્લેનની ટિકિટ નોંધાવી.

ઘણી મુશ્કેલીઓ ઈસુને માટે સાક્ષી આપવાના કાર્ય પર ખરાબ અસર કરતી હતી, છતાં પણ મારે તે ચાલુ રાખવું જોઈએ, એમ મને લાગ્યું. ઍંગ્લિકન મંડળીની એક સભા માટે સુસાન અને હું સ્લફ ગયાં. જે સુવાર્તિકે ઓક્સફર્ડમાંના ધંધાદારીઓને ક્રિશ્ચિયન ફેલોશિપ કન્વેન્શનમાં હાજરી આપવાનું શક્ય બનાવ્યું હતું, તેમના તરફથી આ આમંત્રણ હતું. મંડળી મુખ્યત્ત્વે અંગ્રેજોની બનેલી હતી. જો કે તેમાં થોડા એશિયન, મોટે ભાગે પાકિસ્તાની હતા.

મંડળીના કેટલાક સભ્યો મુલાકાત લેવામાં સારા પાવરધા હતા, અને લોકોને ખ્રિસ્તી ધર્મમાં લાવવાનો પ્રયત્ન કરતા હતા, તેમના પ્રયત્નોથી એક હિંદુ કુટુંબ ખ્રિસ્તમાં આવ્યું હતું. પણ માતા, જે છુટાછેડાવાળી હતી, તે તેનો ખ્રિસ્તી ધર્મ પોતા પૂરતો જ મર્યાદિત રાખતી હતી. ઈસુ ખ્રિસ્તનો જાહેરમાં અંગીકાર કરવો તેને મુશ્કેલ લાગતું હતું. સવારની ભજનસેવા બાદ મંડળીની બે બહેનોએ અમને તેમની સાથે દિનાને ત્યાં જવાનું આમંત્રણ આપ્યું, તેને સખત તાવ આવ્યો હતો. અને તેના પગને લકવાની અસર થઈ હોય એમ લાગતું હતું.

મેં તેને પૂછ્યું: "તમે ઈસુ ખ્રિસ્તમાં માનો છો?" "હા" તેણે જવાબ આપ્યો "તો તમારું હૃદય ખોલો, અને આજે તમે ઈસુ ખ્રિસ્તને તમારી જાતને સોંપી દો, અને તે તમને સાજાં

કરશે. તમારા બોજ ખ્રિસ્ત પર નાખો અને તે તમને વિસામો આપશે." આવા શબ્દો વડે મેં તેને બોધ આપ્યો.

તે બહેન ઉર્દૂ બોલતી હતી તેથી તેની જોડે વિચારોની આપલે કરવામાં કંઈ મુશ્કેલી નડી નહિ. તે થોડો સમય શાંત બેઠી અને પછી મને કહ્યું, "મારા હ્રદયના ઊંડાણથી હું કહું છું, કે હું ઈસુને મારા પ્રભુ તરીકે સ્વીકારું છું. હું મારું સમગ્ર જીવન તેમના હાથમાં મૂકું છું. આજથી હું મારું જીવન તેમની હાજરીમાં જીવવા માગું છું."

જે બે બહેનો મને દિનાને ઘેર લાવ્યાં હતાં, તેમનો આનંદ માતો નહોતો. "અમે ઘણી વાર તેમની મુલાકાત લીધી હતી, પણ કદી આવી કબૂલાત કરી ન હતી." મેં તે બહેનને માટે પ્રાર્થના કરી ત્યારે બધાંએ તેમનાં મસ્તક નમાવ્યાં.

જ્યારે અમે જવા માટે તૈયાર થયાં ત્યારે પેલી બહેનોએ મને કહ્યું, "તમે તેમના હિંદુ ધર્મની નબળાઈ અને તે સાચો નથી એ વિષે કેમ કંઈ કહ્યું નહિ?" "એ મારી પદ્ધતિ નથી" મેં કહ્યું, "ઈસુ ખ્રિસ્ત આપણો તારનાર છે. તે બાબત હું રજૂ કરવાનો પ્રયત્ન કરું છું. અને ઈશ્વર આપણો પિતા, આપણો સર્જનહાર અને ઉદ્ધારક છે જ્યારે તે કે બીજું કોઈ આ પાયાનાં સત્યો જાણે છે, ત્યારે બાકીનું પોતાની સંભાળ લે છે." તે પછી દિનાને હું બપોર પછીની સભામાં મળી ત્યારે તેનો તાવ જતો રહ્યો હતો અને લકવો દૂર થઈ ગયો હતો.

જુલાઈની શરૂઆતે સુસાન અને હું હડર્સફિલ્ડની મુલાકાતે ગયાં. યાકૂબના પિતા અમને મળતાં ખૂબ ખુશ થયા, અને તે મહિનાના અંતમાં ઇંગ્લૅંડ છોડી જવાની હતી તેથી નારાજ થયા, "હું બહુ ખુશ છું કે તમે ઇંગ્લૅંડ આવ્યાં, તમે આવ્યાં તે પહેલાં અહીંના મુસ્લિમો એવો ગર્વ કરીને દાવો કરતા હતા કે ઇસ્લામ એટલો બધો ચઢિયાતો ધર્મ હતો. હવે જ્યારે

તેઓએ તમારી સાક્ષી સાંભળી છે એટલે તેઓ નમ્ર બન્યા છે, અને પહેલાંની માફક અમારી સાથે દલીલ કરવાનું તેમને મુશ્કેલ લાગે છે. તમે જશો ત્યારે અમને તમારી ખોટ સાલશે.'' ઇંગ્લૅંડમાંના મારા આ સળંગ વસવાટ દરમિયાન હડર્સફિલ્ડના આ મારા મિત્રો મને વિશ્વાસુ રહ્યા છે, અને તે મારે માટે આનંદ અને સ્તુતિનું કાયમી બળ બન્યા છે.

ઓક્સફર્ડમાંના એશિયન સમાજમાં પડેલા ભાગલાએ બીજી રીતે પણ મને વિપરીત અસર કરી. સુસાનને મારી સાથે પાકિસ્તાન આવવાની મના ફરમાવવામાં આવી. તેના કુટુંબે તેને ના જવા માટે મનાવી લીધી. ''સિસ્ટર ગુલશન કેવળ થોડા મહિના માટે જ પાકિસ્તાન જાય છે ત્યારે એમની સાથે જવાની જરૂર નથી. ખરેખર થોડા સમયમાં જ તે પાછાં આવવાનાં છે.'' તેઓ સફળ થયાં. જો કે બન્યું એવું કે તેઓ ખોટાં પડ્યાં. થોડા મહિનામાંથી વરસ થયું, અને તોય મારી પાછા ફરવાની શક્યતા દૂર અને દૂર જતી લાગી. પણ નજીકના ભવિષ્યમાં આપણે પાછાં મળીશું, એવી આશા સાથે અમે છૂટાં પડ્યાં. અમારામાંથી કોઈને ખબર નહોતી કે મારે માટે ભવિષ્યમાં શું રાખી મૂકેલું છે.

મારી આર્થિક સ્થિતિ જાણીને મારે કોઈ નિયમિત આવક નહોતી - નજીક તેમ જ દૂરના મિત્રોએ ભેટો દ્વારા તેમની ભારે ઉદારતા દર્શાવી. મારી પાકિસ્તાનની સૂચિત મુસાફરી અને આવનાર લગ્નની વાત સાંભળીને કેનેડાના મિત્રો તરફથી પણ ભેટો આવતી શરૂ થઈ. ભારતીય લગ્નોમાં દહેજ કેવો અગત્યનો ભાગ ભજવે છે, તે મારે તેમને કહેવાની જરૂર નહોતી. એમ લાગે છે કે જ્યારે મેં ત્રણ દીકરીઓને દત્તક લીધી ત્યારે મેં ઝાઝી ગણતરી કરી નહોતી! કન્યાઓને મોટો દહેજ આપવાના રિવાજથી જિંદગીભર ગરીબ બની ગયેલાં કુટુંબોને હું જાણું છું.

પણ મારે માટે આ સમય ઉત્તેજનાનો હતો, અને હું લગ્ન તથા કુટુંબ અને મિત્રોને ફરીથી મળવાના આનંદની રાહ જોવા લાગી. મારી અપેક્ષા કરતાં મારી મુલાકાત લાંબી ચાલી હતી, હું ઇંગ્લૅંડમાં લગભગ બે વરસ રહી, અને તે સમય દરમિયાન મને મળેલી દરેક તકનો ઉપયોગ ઈસુ ખ્રિસ્તની સાક્ષી આપવામાં કર્યો હતો. જો કે હવે હું એ વિષે વિચાર કર્યા વગર રહી શક્તી નથી કે, "શું મારું કામ પૂરું થઈ ગયું હતું? મારું પુસ્તક થોડા જ સમયમાં બહાર પડવાનું હતું, અને તે બહાર પડે તે પહેલાં હું અહીં આવી જાઉં તે માટે મેં રીટર્નટિકિટ લીધી હતી. કદાપી એમ હોય કે ઈસુએ મને જે આદેશ આપ્યો હતો, તેની પરાકાષ્ઠારૂપે તે હોય. હું તે કહી શક્તી નથી. મારું જીવન મારાં હાથમાં નહોતું. મેં તે ઈસુના હાથોમાં મૂક્યું હતું. મારા હૃદયમાં ઊંડેઊંડે હું એવી શક્યતાઓનો સામનો કરી રહી હતી કે, અત્યારના તબક્કા સુધી જે સ્વરૂપે મારું સેવાકાર્ય થયું હતું, તેનો અંત આવતો હતો.

❖ ❖ ❖

## પ્રકરણ ૧૩

# પાકિસ્તાનમાં પ્રત્યાગમન

મિશ્ર લાગણીઓ સહિત, હું મારી વિદાયના દિવસની રાહ જોતી હતી. પાકિસ્તાનમાંનું મારું કુટુંબ અને મિત્રો હું પાકિસ્તાન પાછી ફરું તેને માટે શોરબકોર કરી રહ્યા હતાં, અને હું જાણતી હતી કે અમારો પુનઃમેળાપ ભારે સુખનો અનુભવ કરાવશે. પણ મેં ઇંગ્લૅંડમાં કેટલાક ઘણા જ વહાલા મિત્રો ઊભા કર્યા હતા, અને તેઓ મધ્યેની મારી સેવા મને બહુ પસંદ હતી. અને વિદાયનો દિવસ જેમ જેમ નજીક આવતો ગયો તેમ તેમ હું હૃદયમાં વધારે શોક અનુભવવા લાગી.

મને આપેલી ઉદાર ભેટોથી લદબદ થઈને હું એરપોર્ટ જવા નીકળી, અને મારી સાથે સુસાન, તેના પિતા અને ભાઈ હતા. ફૈસલાબાદની મારી વિમાની ટિકિટ કરાંચી થઈને જવા માટેની હતી, એટલે મારે કરાંચીમાં એક રાત હોટલમાં ગાળવી પડી હતી. બીજે દિવસે હું ફૈસલાબાદ આવી પહોંચી ત્યારે મને સત્કાર આપવા માટે કેટલી મોટી ટોળી મારી રાહ જોતી હતી! મારી બહેન સમિના, તેના પતિ અને પાંચ દીકરીઓ તથા ત્રણ દીકરા, અને અલબત્ત મારાં પોતાનાં બાળકો, શીલા, ઝેનિથ અને એડવિન, અને તેમના દાદા.

દરેકે મને ચુંબન કર્યું અને ફૂલોનો હાર પહેરાવ્યો. ઉષ્મા અને વહાલની લાગણીઓથી હું ઘેરાઈ ગઈ. આટલો બધો પ્રેમ મારા પર ઢોળવામાં આવે તે શાના જેવું કહેવાય તે જ હું લગભગ ભૂલી ગઈ. મારાં વાદળી રંગનાં શલવાર-કમીઝ અને સફેદ કોટ ગલગોટાના સુંદર હારોથી ઢંકાઈ ગયાં અને તેમની સુગંધ મારી ઈંદ્રિયોમાં ઊંડે સુધી પ્રસરી રહી.

બહાર એક મોટર અને જીપ મારે માટે ઊભાં હતાં. અમે મારા છ શયનગૃહવાળા બંગલે હંકારી ગયાં. આ બંગલો ખરીદવામાં મારા ખ્રિસ્તી મિત્રોએ મને મદદ કરી હતી. જ્યારે અમે આવ્યાં ત્યારે મારાં બધાં મુસ્લિમ પાડોશીઓ મારો આવકાર કરવા તેમના દરવાજે ઊભાં હતાં તે જોઈને મને આશ્ચર્ય થયું પણ જરૂર મને આનંદ પણ થયો. મને મળતાં તેઓ કહેતાં હતાં કે તેઓને કેટલી બધી મારી ખોટ સાલતી હતી, અને મારા સહીસલામત આગમન માટે ઈશ્વરનો આભાર માનતાં હતાં.

મારી બહેન અને તેનું કુટુંબ મારી સાથે બે દિવસ રહ્યાં. અમારે એટલી બધી વાતો કરવાની હતી. બાળકો તેમનાં સાહસોની અને તેઓ નિશાળમાં કે બહાર શું કરતાં હતાં તે મને કહેતાં હતાં. ફરીથી આ બધી વસ્તુઓથી "વાકેફ" થતાં મને આનંદ થયો. અને કુટુંબની કેટલીક નાની નાની બાબતો વિષે જાણતાં મને રસ પડ્યો. આ બાબતો આમ તો કંઈ વિસાત વિનાની કહેવાય, પણ છતાં એટલી બધી સમૃદ્ધ હતી કે જેને લીધે કુટુંબજીવન એટલું બધું રસિક અને ખાસ પ્રકારનું લાગે છે.

અમે શીલાની લગ્નતારીખ સપ્ટેમ્બરમાં રાખી. મારી બહેન અને કુટુંબ ગયું પછી મારી દીકરીઓ અને હું લગ્નની તૈયારીઓમાં મંડી પડ્યાં. અમે શીલાને માટે જરૂરી ફર્નિચર, કાચનો સામાન, કટલરી અને બીજો ઘરવખરીનો સામાન ખરીદ્યો. સુસાનને આવી ખરીદી કરવા જવું ઘણું ગમ્યું હોત! મારી ઇચ્છા હતી તેટલો દહેજ મારી પાસે નહોતો, પણ શીલા મારી આર્થિક સ્થિતિ જાણતી અને સમજતી હતી. હું તેઓની મધ્યે પાછી આવી હતી, અને આ બધું અમે સાથે મળીને કરતાં હતાં. તેથી તે ઘણી રાજી હતી.

લગ્નના એક અઠવાડિયા પહેલાં મારે એક મિટિંગમાં ફૈસલાબાદ જવાનું હતું. અમારા મુસ્લિમ પાડોશીઓ સાથે એક જણ રહેતો હતો, ગુલામ અબ્દુલ. અમે નીકળવાની તૈયારીમાં હતાં એવામાં જ તે આવ્યો. "ગુલશન, મહેરબાની કરીને તારો બેઠકનો ઓરડો મને વાપરવા આપીશ? મારે ત્યાં મહેમાનો આવવાના છે, અને હું જ્યાં રહું છું, તેમની પાસે જગા નથી કે તેમને હું રાખી શકું." આ બહુ વિચિત્ર માગણી કહેવાય, પણ પાકિસ્તાનમાં આવી બાબત કાંઈ અસામાન્ય ન કહેવાય, જે રીતની મારી બંગલાની વ્યવસ્થા હતી, તેમાં રસ્તા પર પડતો બેઠકરૂમ હતો, અને અંદરના બીજા ઓરડાને તાળું મારીને આગળનો રૂમ વાપરવા આપી શકાય તેમ હતું. એટલે હું તેને અંદરના ઓરડાને તાળાં મારીને તેને આગળના ઓરડાની ચાવી આપું તો ચાલે તેમ હતું.

હું ઝેનિથને બાજુએ લઈ ગઈ. "તે માણસ ભરોસો કરવા લાયક છે? તું શું કરીશ? તું ક્યાં રહીશ? હું તેની વિનંતીને ઠુકરાવવા માગતી નહોતી અને સાથે તે મંજૂર રાખવા પણ બહુ રાજી નહોતી.

"હા, એ સારો માણસ છે. કંઈ વાંધો નથી. હું રાતે હોસ્પિટલમાંની હોસ્ટેલમાં રહીશ." એટલે ઝેનિથે મને ખાતરી આપી અને મેં ગુલામને ચાવી આપી. મને લાગ્યું કે આભાર માનવામાં તેણે વધારે પડતો દેખાવ કર્યો. શીલા અને એડવિનને લઈને હું ફૈસલાબાદ ઊપડી ગઈ. અમારું કામ પતાવીને બીજે દિવસે અમે પાછાં ફર્યાં.

કેવો આઘાત મારે માટે રાહ જોઈ રહ્યો હતો! અમે મુખ્ય દરવાજો ખોલવાનો પ્રયત્ન કર્યો તો ખબર પડી કે તેને અંદરથી તાળું માર્યું હતું પછી ગુલામ બાજુના બારણામાંથી બહાર નીકળ્યો, મોં પર જરા પણ મૂંઝવણનો ભાવ લાવ્યા વિના,

અને આંખોમાં આંખ મિલાવીને તેણે કહ્યું, "આ મારું ઘર છે, તમારું નહિ."

ભયભીત થઈને આઘાત સાથે મેં તેની તરફ નજર કરી આ શક્ય જ નહોતું. મને તે આવું કરે જ નહિ. મહેરબાની દાખવીને મેં તેને મારો આગળનો ઓરડો તેના મહેમાનને રાખવા માટે આપ્યો હતો. એકાએક ભારે આશ્ચર્ય વચ્ચે મને માલૂમ પડ્યું કે આ તેના મહેમાન નહોતા. તેણે પોતાનું કુટુંબ આણ્યું હતું, અને મારું પોતાનું ઘર રોકીને બેઠો હતો.

મેં મારા પાડોશીઓને મદદ માટે વિનંતી કરી. પ્રથમ તો હું એક રોમન કેથોલિક કુટુંબ પાસે ગઈ, જે બહુ દૂર રહેતું ન હતું. જરૂર તેઓ જાણે છે કે આ મારું ઘર છે, અને મારાં બાળકો છેલ્લાં પાંચ વર્ષથી તેમાં રહે છે! મેં તેમને મદદ માટે કાકલૂદી કરી. "મહેરબાની કરીને તમે આવશો અને આ માણસને ઘરમાંથી બહાર કાઢવામાં મને મદદ કરશો?" મારા સંપૂર્ણ આશ્ચયસહિત મેં જોયું કે તેઓ મારી વિનંતી પ્રત્યે તદ્દન બેધ્યાન હતા. તેઓ આમાં સંડોવાવા માગતા નહોતા. તેઓ તેમના ઘરમાં પેસી ગયાં અને બારણું બંધ કર્યું.

"આપણે પોલિસ પાસે જવું જોઈએ." શીલા અને એડવિન મને વારંવાર કહી રહ્યાં હતાં. પોલિસને બોલાવવા માટે હું કચવાતી હતી. હું માનતી હતી કે હું ગુલામને સમજાવી શકીશ. કોઈપણ બીજાના ઘરમાં પેસીને તેનો માલિક થઈ શકે નહિ. લોકો એવું કામ કરે જ નહિ. મારી ધારણા કેટલી ખોટી હતી! તેની આગળ દલીલનું કંઈ વળે તેમ ન હતું. તેણે તો એમ જ કહેવાનું ચાલુ રાખ્યું કે તે ઘર તેનું હતું. બસ-ડ્રાઈવર તરીકે ગુલામ પાસે, રક્ષણ માટે કાયદેસરની બંદૂક હતી. જ્યારે તેણે મને બંદૂક બતાવીને ધમકી આપી ત્યારે મારો પોલિસમાં ગયા વિના છૂટકો ન થયો. બીજો એક આંચકો મારે માટે રાખી મૂક્યો હતો.

જે પોલિસ અધિકારી સમક્ષ મેં મારી વાત સંભળાવી તે તદ્દન સહાનુભૂતિ વિનાનો હતો. "બીજી વખત તમારે ઘરની ચાવી કોઈને આપવી પડે તો મને આપજો." તેણે કહ્યું. "હું તમારે માટે તેની સંભાળ રાખીશ" ગમે તેમ હો પણ તેણે ગુલામને પોલિસ સ્ટેશનમાં બોલાવ્યો. જાણે કે તેણે અગાઉથી કોઈ યોજના ઘડી રાખી હોય તેમ, તે કાયદેસરના દસ્તાવેજ લઈને આવ્યો. જે આરોપાનુસાર એમ પૂરવાર કરતા હતા કે તે મિલકતનો માલિક હતો. દેખીતી રીતે જ તે બનાવટી હતા, પણ મારી પાસે તેમને નકલી પૂરવાર કરવાની કોઈ સાબિતી નહોતી.

તે અધિકારીએ મને પૂછ્યું, "આ ઘરનાં માલિક તમે છો એવો ટેકો કરનાર તમારી પાસે કોઈ છે?" ત્યારે મને ખબર પડી કે તે ઘરની હું માલિક છું એવા પુરાવા મારે રજૂ કરવાના હતા. મેં બીજા પાડોશીઓનો વિચાર કર્યો, જેઓએ હું આવી ત્યારે કેટલા બધા ઉમળકાથી મારો આવકાર કર્યો હતો, "હા, મારા પાડોશીઓ સાક્ષી પૂરશે." મેં મક્કમતાથી કહ્યું.

ફરીથી, હું કેવી ભૂલમાં હતી! મુસ્લિમોનો મારા પ્રત્યેનો ધિક્કાર મારી કલ્પનાથી પણ ઊંડો હતો. તે લોકોએ તે પચાવી પાડનારની તરફેણ કરી. મારો આવકાર કરતા તેમના શબ્દો કેવળ ઉપરછલ્લા હતા.

મેં મારી જાતને પૂછ્યું, કે આ કોઈ દુઃસ્વપ્ન તો નથી ને? આ બધું ખરેખર શું મને થઈ રહ્યું હતું? શું મારે બીજી વાર માલિકીપણું છોડી દેવું પડશે? મારા પોતાના કુટુંબે જ મને પહેલી વખત તેથી દૂર કરી હતી તે શું મારે માટે ઓછું સહન કરવાનું હતું? પણ તે દુઃસ્વપ્ન ન હતું. તે પૂરતું સાચું હતું. હું બીજી વાર આ દુનિયામાં ઘરવિહોણી થઈ ગઈ. મેં મારી જાતને યાદ કરાવ્યું, કે માણસના દીકરાને તેમની સેવાના કેટલાક સમય દરમિયાન માથું મૂકવાનું ઠામ નહોતું.

આ વખતે તો મારાં બાળકો પણ ઘર વગરનાં થવાનાં હતાં. તે એક કરુણ કથની હતી. આખી પરિસ્થિતિ નિરાશાજનક હતી. હું શું કરી શકું? પોલિસ અધિકારીએ મને કહ્યું, "મારે કોનું માનવું? અહીં મારી આગળ બે પક્ષના કાગળો પડેલા છે. એક કહે છે, કે તમે માલિક છો, અને બીજો કહે છે ગુલામ માલિક છે" ત્યારે મને સમજણ પડી કે મારે બીજી કોઈ રીત શોધી કાઢવી પડે કે જે વડે હું મારી મિલકત ફરીથી પાછી લઈ શકું. મારો નાનો ભાઈ વકીલ હતો, પણ તે મને મદદ કરે? મને તે વિષે શંકા હતી. જો હું ઇસ્લામમાં પાછી ફરું તો હા, તે કંઈ પણ આનાકાની વિના મને મદદ કરે. પણ મારે માટે તે વિકલ્પ રહ્યો નહોતો.

એડવિન અને શીલાની સાથે હું એક મિત્રના ઘેર રહેવા ગઈ. પણ મારા પર આ પ્રસંગની અસર મારા ધારવા કરતાં વધારે થઈ. બે દિવસ બાદ મને લકવાની અસર થઈ. અને એક આખું અઠવાડિયું હું બેભાન રહી, જ્યારે હું ભાનમાં આવી ત્યારે મેં જોયું કે હું યુનિવર્સિટી ચર્ચ હોસ્પિટલમાં હતી. ડૉ. સેમ્યુલ નવાબ તેમના કુટુંબ સાથે મને જોવા આવ્યા હતા. એમની જોડે એમનો આઠ વરસનો દીકરો હતો. "આ તમારો છોકરો છે." તેમણે સ્મિત કરતાં મને કહ્યું.

મેં અબ્રાહમ સામે જોયું,ખરેખર મારો છોકરો! આવી માંદગીની સ્થિતિમાં પણ, ઈશ્વર મારા પિતા, જેમણે મારી પ્રાર્થનાનો આવો અજાયબ જેવો જવાબ આપ્યો હતો, તેમને માટે મારા હૃદયમાં સ્તુતિ હતી. અબ્રાહમ, ડૉ. નવાબ અને તેમની પત્નીનો દીકરો હતો. જેને માટે તેઓ ઝંખી રહ્યાં હતાં પણ તેમને એમ લાગતું હતું કે તેમ કદી નહિ બને.

જ્યારે હું પહેલવહેલી ડૉ. નવાબને મળી, ત્યારે હું હોસ્પિટલના માળી જેમ્સની સાથે રહેતી હતી. તેમની સાથેની

વાતચીતમાં ડૉક્ટરે એમ કહ્યું કે તેમનાં પત્નીનો વા વધી ગયો હતો, અને તેને માટે કોઈ ઉપાય રહ્યો નહોતો. જેમ્સ જાણતા હતા કે મેં ઘણી વાર લોકો માટે પ્રાર્થના કરી હતી, અને તેઓ સાજા થયા હતા. તેમણે ડૉ. નવાબને આ કહ્યું. જ્યારે જેમ્સે અમારી ઓળખાણ કરાવવાનું કહ્યું ત્યારે ડૉ. નવાબને ખૂબ આનંદ થયો, કારણ કે તે એક સારા ખ્રિસ્તી હતા, અને નિયમિત રીતે, ભજન કરવા માટે તે કુટુંબ સાથે મેથોડિસ્ટ ચર્ચમાં જતા હતા.

ડૉ. નવાબ બે બાળકોમાંના એક હતા. તેમનાં એક બહેન હતાં જે ફૈસલાબાદની બહાર એક ગામડામાં રહેતાં હતાં. ડૉક્ટરને ત્રણ દીકરીઓ હતી, અને તેમનું નામ ચાલુ રાખવા માટે જો એક દીકરો મળે તો સારું, એમ તે ઇચ્છતા હતા. પણ આમ થાય તેમ નહોતું. કારણ કે તેમની પત્ની ગર્ભાવસ્થાથી હવે બીતાં હતાં. તે શાળામાં શિક્ષિકા હતા અને અંગ્રેજી શીખવતાં હતાં.

હું ડૉક્ટરને માટે દિલગીર થઈ, કેમ કે તેમને ભાઈ નહોતો, અને હવે દીકરો પણ નહોતો, તેથી મેં પ્રાર્થના કરી કે તેમને એક દીકરો મળે. તેમનાં પત્નીને આથી નવાઈ લાગી, કારણ કે તે આ વિચારની વિરુદ્ધ હતાં, "બીજું બાળક આવે તે મારે માટે ભયરૂપ અને જોખમી હતું. દીકરો હોય તો જરૂર તે સારું છે, પણ હવે નહિ" તેમણે વિરોધ કર્યો. મને એવી કોઈ બીક કે શંકા ન હતી. "શ્રીમતી નવાબ," મેં કહ્યું, "તમે ક્યારે સાજાં થાઓ તે હું જાણતી નથી, અથવા તો તમને દીકરો ક્યારે મળશે તે પણ જાણતી નથી. મેં તો ઈસુ સમક્ષ તમારી પરિસ્થિતિ રજૂ કરી છે. ઈસુ ક્યારે તેનો જવાબ આપે છે, તે તમે જાણશો."

એક વર્ષ પછી તેમને ગર્ભ રહ્યો અને તે પોતા માટે તેમ જ આવનાર બાળક માટે બહુ જ ચિંતામાં હતાં. પણ મેં તેમને

હૈયાધારણ આપવા પ્રયત્ન કર્યો. તેમની ગર્ભાવસ્થા દરમિયાન તેમના વામાં સુધારો થયો. અબ્રાહમ ૧૯૭૬માં જન્મ્યો. ગર્ભાવસ્થા બાદ તેમનો વા મટી ગયો. ત્યાર પછી અમારી વચ્ચે બહુ જ પ્રેમભર્યો સંબંધ બંધાયો. ડૉક્ટર ઘણીવાર કહે, "હવે મારે બે બહેનો છે, એક ગામડે રહે છે અને બીજાં તમે." તે પૈસાદાર કુટુંબમાંથી આવતા હતા, અને તેમને મળતી ભેટો તે તેમનાં બહેન અને મારી વચ્ચે સરખે ભાગે વહેંચતા હતા. જે કંઈ ગામડેથી આવતું તે ચોખા, ખાંડ કે મકાઈ જે હોય તેમાંથી તે મને હિસ્સો આપતા.

તેમની બહેન તરીકે ગણાવું અને તેમના દીકરાને મારા છોકરા તરીકે ઓળખાવવો તે ખરેખર એક માન હતું. ઈશ્વરનો આશીર્વાદ તેમને માટે મેળવવામાં હું તો માત્ર ઈશ્વરના સાધનરૂપ હતી, પણ મારા પ્રત્યેની આવી મોટી ભલાઈ દર્શાવીને તે ઈશ્વર પ્રત્યેનો તેમનો આભાર પ્રદર્શિત કરતાં હતાં. લકવા પછી મને હોસ્પિટલમાં રાખી, ત્યારે તેમણે મને પ્રાઇવેટ રૂમમાં મુકાવી અને મારો બધો ખર્ચ ભર્યો. તેમણે નર્સોને પણ સૂચના આપી હતી, કે દિવસમાં બે વાર હું કસરત કરું છું કે નહિ તેનું ધ્યાન રાખે, અને તે જાતે મારી સારવાર પર ધ્યાન રાખતા હતા.

હું હોસ્પિટલમાં હતી ત્યારે બીજી એક રસિક મુલાકાત થઈ. આ વખતે મારા મોટા ભાઈ સફદર શાહ હતા. તે તેમની સાથે બે મૌલવી (શિક્ષક)ને લાવ્યા હતા. હું તેમનો હેતુ સ્પષ્ટ રીતે જાણી ગઈ હતી. તે મને ચાહતા હતા અને તેમને મારી ચિંતા થતી હતી, પણ તે સાથે તેમના ધર્મ પર પણ એટલો જ પ્રેમ હતો. હું એક દિવસ ઇસ્લામમાં પાછી ફરીશ એ આશા તેમણે છોડી દીધી ન હતી. મારાં કેટલાંક કુટુંબીઓની માફક, મારી લકવાગ્રસ્ત સ્થિતિને તે એ વાતની સાબિતી ગણતા હતા કે ઈસુએ

મને છોડી દીધી હતી. મારા પૂર્વજોના ધર્મમાં જો હું કદી પણ પાછી આવવાની હોઉં તો તેને માટે આ સારામાં સારો સમય હતો. અને તે માટે તો તે મૌલવીને લઈને આવ્યા હતા.

મારા ભાઈએ મારી સાથે દલીલ કરી, "મહેરબાની કરીને તું ખ્રિસ્તી ધર્મ છોડી દે અને પાછી ઇસ્લામમાં આવી જા. અમને એ દેખાય છે કે ઈસુએ તને તરછોડી દીધી હતી, અને અમે તને આ હાલતમાં જોઈ શક્તાં નથી. મહેરબાની કરીને તું અમારી પાસે આવ, અને તારે જે કંઈ જોઈતું હોય તે બધું અમે તને આપીશું, અને અમે તારી સંભાળ રાખીશું." તેમણે મારે માટે જે ઊંડો પ્રેમ દર્શાવ્યો તેને લીધે મારામાં તેમને માટે પુષ્કળ વહાલ ઊભરાઈ આવ્યું, પણ તેથી હું ખૂબ વ્યથિત થઈ ગઈ. ઈસુ ખ્રિસ્તનું મૂલ્ય મારે મને કેટલું હતું તે તે સમજી શક્યા નહોતા. તેમનું આમંત્રણ મારે માટે પરીક્ષણ હતું પણ મારે તેનો સામનો કરવો જોઈએ, પછી ભલેને હું ગમે તેટલી અસહાય સ્થિતિમાં હોઉં, અને પરીક્ષણ કરનાર મારો પોતાનો સગો ભાઈ હોય તોપણ શું!

"વહાલા ભાઈ," મેં કહ્યું, "હું જાણું છું કે મારા પર તમારો કેટલો બધો પ્રેમ છે, અને તમે આ બધું કરી રહ્યા છો તેનું કારણ પણ તમારો પ્રેમ છે. પણ મારા શરીર વિષેની તમારી ચિંતા અસ્થાને છે. આ શરીર સ્વર્ગે જવાનું નથી. મારો આત્મા ઈસુ ખ્રિસ્તમાં જીવંત છે. હું તેમનામાં સુરક્ષિત છું. આ માંદગી મારે માટે સારી છે. જો હું ખ્રિસ્તી ધર્મ છોડી દઉં તો હું અનંતજીવન ગુમાવીશ. કોઈ પણ વસ્તુ કરતાં મારે માટે તે વધારે કિંમતી છે. ઇસ્લામ મને અનંતજીવન આપવાનો નથી. મહેરબાની કરીને જાઓ અને મને વધારે દુ:ખી કરશો નહિ. સંજોગો ગમે તેવા હોય, પણ હું તો ઈસુ ખ્રિસ્તને વિશ્વાસુ રહીશ."

મારી અપેક્ષા પ્રમાણે તે ખૂબ ગુસ્સે થયા. જોકે તેમના

ગુસ્સાને તળિયે મારે માટે તેમના પ્રેમની સરવાણી વહેતી હતી. તે ગયા પછી મને મારા ઓસિકા તળેથી પચાસ હજાર રૂપિયા જડ્યા. તે જાણતા હતા કે જો તે મને આપશે તો હું તે સ્વીકારીશ નહિ. તેથી તેમણે તે પૈસા ઓસિકા તળે સરકાવી દીધા હતા. અને પછી તે ગયા. પાકિસ્તાનમાં વૈદકીય સારવાર ઘણી મોંઘી છે. તે તે જાણતા હતા કે મારે કોઈ સ્વતંત્ર આવકની વ્યવસ્થા નહોતી. ઈસુને તે પોતાના તારનાર તરીકે ઓળખે તે માટે હું કેટલી ઝંખતી હતી! તો અમે સાથે મળીને અમારા ધર્મમાં આનંદ કરતાં હોત, અને જે ખાસ પ્રેમ કુટુંબોને એકબીજા સાથે સંલગ્ન રાખે છે તે ફરીથી ખીલી ઊઠત. મારા ભાઈને જીવતા જોવાનો મારો એ છેલ્લો પ્રસંગ હતો.

ત્યારપછી હોસ્પિટલમાં બે અઠવાડિયાં રહીને હું ફૈસલાબાદ મારા મિત્રના ઘેર આવી, પણ સારવાર માટે મારે દરરોજ હોસ્પિટલનું ચક્કર મારવું પડતું. આ મુશ્કેલ સમયમાં શીલાનું સઘળું લેવાયું. બિચારી શીલા! એક અનાથ તરીકે જીવતી હતી અને હવે દહેજ વિનાની! અમે રાચરચીલું અને તેનાં સાધનો, કાચના વાસણો અને ભેટો જે હું ઇંગ્લૅંડથી લાવી હતી તે બધું ગુમાવી બેઠાં હતાં. ગુલામે તે બધું પચાવી પાડ્યું હતું. તેથી મારે પાસે જે કંઈ હતું તે વેચી નાખવું પડ્યું. કિડલિંગ્ટનની મારી મિત્ર નીનાએ તેની યાદગીરી માટે મને હીરા અને માણેકની એક વીંટી ભેટ આપી હતી. લગ્નનું ખર્ચ કાઢવા મારે તે વેચી નાખવી પડી.

અમારી ઘરની પરિસ્થિતિ હવે બદલાઈ ગઈ. શીલા પરણીને એના વર સાથે રહેવા ગઈ અને ઝેનિથે નર્સોના આવાસમાં રહેવા જવાનું નક્કી કર્યું. મેં વિચાર્યું કે એડવિને પાછા શહેરમાં જઈને તેનો તાલીમાર્થી અભ્યાસ પૂરો કરવો જોઈએ. જતાં પહેલાં તે તેના મિત્રને મળવા ગયો જે અમારા ઘરની પાસે

તેજ શેરીમાં રહેતો હતો. ગુલામ તેને જોઈ ગયો અને પોલિસમાં ફરિયાદ કરી કે એડવિન તેને ધમકી આપવા આવ્યો હતો. તેનું પરિણામ એ આવ્યું કે એડવિનને જેલમાં પૂરી દીધો. હું મૂંઝાઈ ગઈ. મારે એને છોડાવવો જ રહ્યો. મારી પાસે એક ભેટ બચી હતી. કેનેડામાંના મારા મિત્રોએ મને એક કિંમતી ઘડિયાળ ભેટ આપી હતી. એડવિનને છોડાવવા માટે મારે તે વેચી નાખવી પડી. ત્યારપછી થોડા જ સમયમાં તે શહેર છોડી ગયો. હવે હું એકલી પડી. મારે શું કરવું?

મારો ભાણેજ ખાલિદ આ સમયે મારી વહારે ધાયો અને તે મારો સહાયક અને રક્ષક બન્યો. તેને અને મારે હંમેશાં બહુ બનતું. કેવળ તે જ મને તેની મોટર સાયકલ પર બેસવાનું હિંમતભર્યું પગલું લેવાનું સમજાવી શક્યો હતો. જાણે હું તેની મા હોઉં એમ ખાલિદ મારી સંભાળ રાખતો હતો. કોઈ ઘરકામ કરવાને તે બિલકુલ ટેવાયેલો ન હતો. અને છતાં જે આનંદથી તે આ બધું કરતો હતો તે ખરેખર નોંધપાત્ર બાબત હતી. એક મુસ્લિમ થઈને તેણે એક સ્ત્રી માટે આ ન કરવું જોઈએ કે તે એક સ્ત્રીનું કામ કરતો હતો એવો વિચાર સરખો પણ તેને આવ્યો ન હતો.

તે દરરોજ મારે માટે તાજાં ઈંડાં લાવે. કાળા વટાણાનો લોટ, જે મારે માટે સારો કહેવાતો હતો તેની તે રોટલી બનાવવાનો પ્રયત્ન પણ કરતો હતો. બપોરે જમવાના સમયે આવીને મારે માટે જમવાનું બનાવે. અને દર સાંજે તે અમે બે જણને માટે સાંજનું ભોજન બનાવે. સાંજે જ્યારે તે ઘેર આવે ત્યારે તે મારી પાસે આવે અને ચિંતાતુર વદને મને પૂછે: "માસી, તમે બપોરે જમ્યા? તમને કેમ લાગે છે? તમને કંઈ દુઃખ છે?" મારે માટે તેને એટલી ભારે ચિંતા હતી કે હું પથારીમાં પડું તે પહેલાં દર રાત્રે મને માલિશ કરે."

ઈશ્વરની ભલાઈએ મને હચમચાવી નાખી, મારી જરૂરિયાતના સમયે તેમણે ખાલિદને, એક મુસ્લિમને, મારી કાળજી રાખવાને માટે અને મને દિલાસો આપવાને માટે કામમાં લીધો. ખાલિદનું હૃદય સોનાનું હતું. ઘણીવાર તે મને કહેતો: "માસી, જો ઈસુ મને દેખાય તો હું પણ ખ્રિસ્તી બનું" હું તીવ્રપણે એવું ઇચ્છતી હતી કે તેને એવો અનુભવ થાય, અને તો અમે બંને સાથે મળીને પ્રભુની સ્તુતિ કરીએ, પણ તે તો ઈસુના હાથની વાત હતી, મારી નહિ. ખાલિદ જોકે મુસ્લિમ હતો પણ તેને ગીતશાસ્ત્રનાં ગીતો ઘણાં પ્રેરણાદાયી લાગતા હતાં અને નિયમિત રીતે તે વાંચતો હતો. દુ:ખથી તે અજાણ ન હતો. ભારે ખેદજનક પરિસ્થિતિમાં તેણે બે પત્નીઓ ગુમાવી હતી.

હું એનો બોજો કંઈક હળવો કરું તો કેવું સારું, એમ મને થતું, પણ હું મારું મોં ધોઈ શક્તી ન હતી કે કપડાં પહેરી શક્તી ન હતી. તેથી મારાથી જે કંઈ થતું તે બહુ મર્યાદિત હતું. ખાલિદ મારાં કપડાં બહાર રાખતો, અને તે પહેરતાં પણ મને કેટલી ભારે મુશ્કેલી પડતી. ચોરીની સતત બીકને કારણે તે કોઈ નોકર રાખી શક્તો ન હતો. હું અસહાય પડી હોઉં ત્યાં કશું પણ સહીસલામત રહે એમ નહોતું.

એક દિવસ અમને અણધારી મુલાકાત થઈ. મારો નાનો ભાઈ અલીમ શાહ તેની પત્ની અને છ દીકરા અમારી મુલાકાતે આવ્યાં. બાળકોએ તેમની સ્વાભાવિક નિર્દોષતાથી મને કહ્યું, "ફોઈ, બીજા લોકો કરતાં તમે કંઈ જુદાં લાગતાં નથી. પપ્પા એમ કહેતા હતા કે ખ્રિસ્તીઓ જુદા હોય છે, પણ બીજાં બધાની માફક તમને બે આંખો છે અને બે પગ છે." મેં કેવળ તેમની સામે જોઈને સ્મિત કર્યું. તેમને માટે સામાન્યતા એટલે એક જ જાતનાં શારીરિક અંગો. ખ્રિસ્તી હોવું એટલે શું તે

સમજાવવામાં તેમના પિતાએ યોગ્ય ન્યાય આપ્યો નહોતો. એ દેખીતું હતું, તેણે મારી મિલકત પાછી મેળવવામાં મને કશી મદદ ન કરી.

તે માટેનો એક જ ઉપાય એ હતો કે અમારે છાપામાં જાહેર ખબર આપવી. ટૂંક સમયમાં જ અમને તેનો ઉત્તર મળ્યો. બે જણ આવ્યા અને કહ્યું કે તેઓ ડીટેક્ટિવ હતા અને અમે ૨૦૦૦ રૂપિયા આપીએ તો તેઓ અમને મદદ કરે. બહાદૂર દેખાવા માટે ખાલિદે નક્કી કર્યું કે તે પૈસા આપશે. અમે રાહ જોતાં હતાં કે તે લોકો ક્યારે આવે,પણ ચાર મહિના સુધી તેઓ દેખાયા જ નહિ. પાછળથી અમે જાણ્યું કે તેઓ લેભાગુ હતા. કોઈ ફિલ્મ કંપનીમાંથી તેઓ ડિટેક્ટિવનો પોશાક ભાડે લઈ આવ્યા હતા. એક વાર ફરીથી અમને ભરમાવીને છેતરવામાં આવ્યાં હતાં. જ્યારે ખાલિદના ભાઈએ આ જાણ્યું ત્યારે તે ખૂબ આકુળવ્યાકુળ થઈ ગયો. તે કરાંચીમાં ઈન્સપેક્ટર હતો. "તમે મારી મદદ કેમ ના માગી?" તેણે કહ્યું.

હું તેને મૂંઝવણમાં નાખવા કે બીજી વધારે મુશ્કેલીઓ પેદા કરવા ઇચ્છતી નહોતી. મારા ખ્રિસ્તી થવાને લીધે તેણે ઘણું સહન કર્યું હતું. હું જ્યારે ઇંગ્લૅંડમાં હતી ત્યારે તે એક મુલ્લાંની દીકરીને પરણ્યો હતો. મુલ્લાંને ખબર નહિ કે હું ખ્રિસ્તી હતી. જ્યારે હું પાકિસ્તાન આવી અને તેણે તે જાણ્યું, ત્યારે તેણે મારા ભાણેજને કહ્યું, "હું બિલકુલ એવું નથી ઇચ્છતી કે કોઈપણ ખ્રિસ્તી સાથે તમે સંબંધ રાખો. તમને તમારી માસી ગમે છે અને મારી દીકરી પણ ગમે છે. એ બેમાંથી તમારે પસંદગી કરવાની છે. તમે બંનેની પસંદગી કરી શકો નહિ. તમે પસંદગી કરો કે તમારે કોણ જોઈએ" મારા ભાણેજે જવાબ આપ્યો હતો, "હું મારાં માસીને અવગણી શક્તો નથી. તે મારી મા જેવાં છે. મારે માટે ધર્મનું સ્થાન

તે પછી આવે છે." પછી તે બંને છૂટાં થઈ ગયાં. ત્યારપછી તે ફરીથી પરણ્યો છે, અને તેની બીજી પત્નીને હું ગમું છું. તેમને બે બાળકો છે.

હું ઈશ્વરનો આભાર માનું છું કે મારા ભાણેજો અને ભાણજીઓ હજુ મને ચાહે છે.

આ દરમિયાન મારું પુસ્તક બહાર પાડવાની તારીખ આવી પહોંચી હતી અને ઇંગ્લૅંડથી મારા પર ઉપરાછાપરી પત્રો આવતા હતા કે તમારા પાછા આવવાની તારીખ જણાવો. પણ મારી અંદર એક પરિવર્તન આવી રહ્યું હતું. પાછા ફરવાની ઇચ્છા મને થતી નહોતી. હું મારા કુટુંબ સાથે રહેવા ઇચ્છતી હતી, ખાસ કરીને હજુ જેઓએ મને તરછોડી દીધી ન હતી તેઓની સાથે. હું અહીં પાકિસ્તાનમાં મારા પોતાના લોકો મધ્યે મરવા માગતી હતી. મારી રીત પ્રમાણે મેં તે બોજ ઈસુ સમક્ષ મૂક્યો. એક દિવસ બપોર પછી હું મારા ભાણેજના ઘરમાં પ્રાર્થના કરતી હતી ત્યારે, ઈસુએ મારી સાથે વાત કરી, "હું ઇંગ્લૅંડમાં તારે માટે એક દ્વાર ખોલીશ."

મેં ઇંગ્લૅંડ પાછા ફરવાની ના પાડી તેથી સુસાન ઘણી શોકમગ્ન થઈ ગઈ હતી, તે પ્રાર્થના અને ઉપવાસ કરતી હતી. નવ મહિના સુધી તેણે આમ કર્યું. બીજા કોઈની સાથે તેની મા તેને કામ કરવા દે તેમ નહોતું. તે તેના પત્રોમાં મારી સાથે દલીલ કરતી, "મહેરબાની કરીને તમે પાછાં આવો. જો તમે નહિ આવો તો મારું જીવન ખતમ થઈ ગયું જાણજો. જો તમે માંદાં હો તો તેનો મને વાંધો નથી. હું તમારી સંભાળ રાખીશ." તેની પ્રાર્થના આજ બાબતથી ભરપૂર હતી કે પ્રભુ મને પાછી ઇંગ્લૅંડ લાવે.

એક રાતની પ્રાર્થનાસભામાં તેણે આ પ્રાર્થના કરી. તે પછી તે સભાના આગેવાને તેને પૂછ્યું, "સુસાન, તમે ઈસુને

કોઈ ખાસ વિનંતી કરી?'' ''હા'' સુસાને કહ્યું, ''તમે શી રીતે જાણ્યું?'' તેમણે જવાબ આપ્યો, ''મેં ઈસુને તમારી પાસે ઊભેલા જોયા, અને મેં તેમને તમને એવું કહેતાં સાંભળ્યા કે, ''દીકરી, તારી પ્રાર્થના સાંભળવામાં આવી છે.'' ''મહેરબાની કરીને તમારી વિનંતી અમને કહો'' પણ સુસાને ના પાડતાં કહ્યું, ''જો મારી પ્રાર્થનાનો ઉત્તર મને મળશે તો તે હું તમને જણાવીશ.''

થોડા દિવસ બાદ તેને મારો પત્ર મળ્યો, કે હું પાછી ઇંગ્લૅંડ આવું છું. કારણ કે ઈસુએ મને રજા આપી છે. હું પાછી ઇંગ્લૅંડ જવાની નહોતી તેથી મેં મારી રીર્ટન ટિકિટ પાછી મોકલી હતી, જે સુસાનની માએ સાચવી રાખી હતી, કેમ કે ઘરનાં મોટાભાગનાં માણસો કરતાં તેમને પ્રભુની વ્યવસ્થામાં વધારે વિશ્વાસ હતો. આ સમાચારથી તેના પિતા એટલા બધા આનંદમાં આવી ગયાં કે તેમણે મને રજિસ્ટર્ડ લેટર લખ્યો, પણ તેમાં પેલી ટિકિટ મૂકવાનું ભૂલી ગયા. એટલે તેમણે તરત બીજો રજિસ્ટર્ડ લેટર લખ્યો અને પેલી ટિકિટ મોકલી.

મારા ભાઈએ મારી ઇંગ્લૅંડ જવાની વાત સાંભળી અને તે મને મળવા આવ્યો. જ્યારે તેણે ટિકિટ જોઈ, ત્યારે તેણે કહ્યું, ''તું જાણે છે કે, આપણા ભાઈને તું ગમતી નથી, કેમ કે તું ખ્રિસ્તી ધર્મ છોડવાની ના પાડે છે. તું પાછી જાય એ જ તારે માટે સારું છે. ખ્રિસ્તી લોકો મધ્યે તું વધારે સુખી થઈશ.'' બીજે જ દિવસે તે અને મારો ભાણેજ ગયા ને પાકિસ્તાની એરલાઈન્સમાં મારે માટે બેઠક રીઝર્વ્ડ કરાવી. મારે કરાંચી જવાનું હતું. ઝેનિથ અને એડવિન બંનેના હ્રદય ભાંગી ગયાં હતાં, તેમણે લાહોરમાં મને વિદાય આપી. મેં તેમને મારી પ્રાર્થનાઓની ખાતરી આપી.

મારો ભાણેજ ખાલિદ મારી સાથે કરાંચી આવ્યો, ફરી

એક વખત અમે ફિડાને ઘેર કરાંચીમાં રહ્યાં. બીજે દિવસે વહેલી સવારે ૪ વાગે અમે એરપોર્ટ જવા નીકળ્યાં. વાતાવરણ આહલાદક હતું. અને બધે બત્તીઓ પ્રકાશતી હતી. જો કે મારી અંદરની બત્તી એટલા જોરથી પ્રકાશતી ન હતી. અમે છૂટાં પડીએ તે પહેલાં ખાલિદે મને કહ્યું, ''માસી, તમે મારી સાથે રહ્યાં તેનો મને આનંદ છે. હું તમારી પાસેથી ઘણું બધું શીખ્યો. તમારા ગયા પછી હું એકલો પડી જઈશ. તમારી મારફતે ઈશ્વરનો પ્રેમ પ્રકાશે છે'' પછી મારા ભાઈનો વારો આવ્યો, આંખમાં આંસુ સાથે તે મને ભેટ્યો અને ચુંબન કર્યું. ''સાજી થઈ જા, અને પાછી અમારી પાસે આવ.'' ઈશ્વરની ઇચ્છા હશે તો હું આવીશ.'' મેં જવાબ આપ્યો. પછી તેણે કહ્યું,'' ''પાકિસ્તાન તારો પોતાનો દેશ છે, અમે અહીં હંમેશાં તારું સ્વાગત કરીશું.'' ''મારો દેશ'' મેં કહ્યું, ''સ્વર્ગમાં છે.''

હું મારી તપાસવિધિ પતાવીને અંદર ગઈ ત્યાં સુધી અમે એકબીજાંને જોઈ શક્તાં હતાં, પણ વાત કરી શક્તાં ન હતાં. અમે એકબીજાને જોઈ રહ્યાં હતાં. એક વાર ફરીથી હું વ્હીલચેરમાં હતી. ખાલિદે પરિચારિકાને મારી સંભાળ લેવાનું કહ્યું હતું. એક વાર ફરીથી હું સંપૂર્ણપણે અન્ય ઉપર આધારિત હતી. આગલી રાતે અમે મોડે સુધી વાતો કરતાં હતાં. તેથી મને બહુ ઓછી ઊંઘ મળી હતી. મારા મિત્રો અને કુટુંબને છોડીને જવાનો વિચાર મારા પર ભારે દબાણ કરી રહ્યો હતો. તે દુઃખી વિદાય હતી.

પ્લેઈનની અંદર ગયા પછી આંખો આંસુથી છલકાઈ ગઈ, અને હું વિચારવા લાગી કે જિંદગીમાં ફરી હું મારા કુટુંબને મળીશ કે કેમ? મેં ઈસુને પૂછ્યું, ''પ્રભુ, આવી સ્થિતિમાં હું ઇંગ્લૅંડ જઈને શું કરી શકીશ? હું જાણતી નથી કે તમારો મારી સાથેનો સંબંધ કેવો છે? ૧૯૭૧માં તમે મને સાજી કરી, અને

નવું જીવન આપ્યું. આ વરસે હું વ્હીલચેરમાં ઇંગ્લૅંડ જઈ રહી છું, અને મારી સ્થિતિ પહેલાંની સ્થિતિ કરતાં પણ વધારે અસહ્ય છે. હવે મારી પાસે મદદને સારુ કોઈ નોકર નથી. કેવળ અજાણ્યા માણસો. લોકો મને કેવોક આવકાર આપશે? જ્યારે હું સાજી થઈને તંદુરસ્ત બની હતી ત્યારે તેઓ મને જોઈને ખુશ થયા હતા. તે તેમને માટે એક નિશાની હતી કે તમે મને સ્પર્શ કર્યો હતો અને સાજા કરવાના તમારા અદ્‌ભુત પરાક્રમથી મને સાજી કરી હતી. આ વ્હીલચેર હવે શાની સાક્ષી આપશે? મારા ખ્રિસ્તી ભાઈબહેનો એમ પણ નહિ કહે કે તમે મને તજી દીધી છે? પણ તમારી એવી ઇચ્છા છે, કે હું જઉં, અને હું જઈ રહી છું.''

ઈસુએ મને ઉત્તર આપ્યો, ''તારા માટેની મારી આ ઇચ્છા છે. તું મારી છે, અને હું તારો છું.'' એ ખાતરીથી મેં મારી આંખો મીંચી દીધી. એકાએક મને સ્વર્ગનું દર્શન થયું. મેં મારી પોતાની જાતને સંપૂર્ણપણે સાજી, તંદુરસ્ત અને કોઈપણ જાતની બદસૂરતી વિનાની જોઈ, ત્યાં કોઈ શોક કે દુઃખ નહોતું. મારું મન એવી શાંતિથી ઊભરાઈ ગયું કે હું મારી માંદગી ભૂલી ગઈ અને બધું ઈસુને અર્પણ કરી દીધું.

અમે સાંજે ૬ વાગે હીથરો એરપોર્ટ આવી પહોંચ્યા. મારી રાહ જોતાં સુસાન, તેનો ભાઈ અને અમરજીત હતાં. અને બહુ માયાળુપણે મારો આવકાર કર્યો. એક અઠવાડિયાંમાં મને ૬ મહિનાનો વિઝા મળી ગયો. પાકિસ્તાન છોડ્યા પહેલાં મારા ભાણેજે મારી બેગમાં ૪૦,૦૦૦ રૂપિયા મૂક્યા હતા. તેને ડર હતો કે કદાચ મને ઇંગ્લૅંડમાં પ્રવેશ ન મળે અને પાછું પાકિસ્તાન આવવું પડે તો પૈસા મને કામમાં આવે. તેણે ચિંતા કરવાની જરૂર ન હતી. ઈસુ મારી સંભાળ રાખતા હતા.

❖ ❖ ❖

## પ્રકરણ ૧૪

# આંસુની ખીણ

વિમાનમાં મને થયેલું સ્વર્ગનું દર્શન મારા મન પર કદી ન ભૂંસાય એવી છાપ મૂકી ગયું હતું. પણ જે સુંદર રીતે સંત યોહાને તેનું વર્ણન કર્યું છે, એવું હું કરી શક્તી નથી.

"જુઓ, દેવનો મંડપ માણસોની સાથે છે, દેવ તેમની સાથે વાસો કરશે, તેઓ તેના લોક થશે, અને દેવ પોતાની સાથે રહીને તેઓનો દેવ થશે. તે તેઓની આંખોમાંનું દરેક આંસુ લૂછી નાખશે. મરણ ફરીથી થનાર નથી, તેમ જ શોક કે રૂદન કે દુઃખ ફરીથી થનાર નથી, પ્રથમની વાતો જતી રહેલી છે." (પ્રકટીકરણ ૨૧:૩-૪) તે દિવસ સુધી, આપણે આ દુનિયાની દુઃખોની ખીણો અને સુખોની ટેકરીઓમાં થઈને રસ્તો કાપવો પડશે. આ જીવનનાં દુઃખ અને અગવડોમાંથી ઈશ્વરે મને બાકાત રાખી નથી, પણ હું જાણું છું કે ઈશ્વર મારા પિતા છે અને તેથી હું પ્રાર્થના કરી શકી, "પ્રભુ તમારી હાજરીમાં રહીને જીવવાને સારુ તમે મને પસંદ કરી છે, અને તે પણ અત્યારે જ આ જીવનમાં એથી વધારે હું બીજું શું માગું? તમે મને કહ્યું છે, કે હું તમારી છું અને તમે મારા છો. કેવો વિશેષાધિકાર મને મળેલો છે હું-જેવી છું તેવી-નો તમે તમારા મહિમા માટે ઉપયોગ કરો.

જે ઈશ્વરે મને પ્રગટ કર્યું, કે તે 'ઈમાનુએલ' હતો અને છે, એટલે કે દેવ આપણી સાથે - તેનાથી મને કોઈપણ શારીરિક દુઃખ કે સંકટ છૂટા પાડી શકે નહિ. એ સત્ય હું શીખી. મારું દુઃખ મારા વિશ્વાસમાં બાધારૂપ બનવાને બદલે

ઈશ્વરનાં મહિમાના સાધનરૂપ બની શકે તે સત્ય મને જડ્યું. મેં વધસ્તંભ પરના ઈસુ તરફ જોયું, અને ત્યાં મેં તેમને સમસ્ત દુનિયામાં પાપોને માટે દુ:ખ સહન કરતા અને ઈશ્વરના નામને મહિમા આપતા નિહાળ્યા. મારી પોતાની નાની સરખી રીતે હું પણ મારા પિતાના નામને મહિમાવંત કરી શકું એવું પૂછવાનો કશો અર્થ નહોતો કે, "પ્રભુ તેં મને આ કેમ થવા દીધું? સર્વસમર્થ ઈશ્વરના કામને પડકારનાર હું કોણ?"

આ ઊંડી આંતરદષ્ટિ પ્રાપ્ત કરવાને માટે, અને મારા વિશ્વાસમાં એક નવું પરિણામ ઉમેરવાને માટે, આવનાર સપ્તાહો અને મહિનાઓને માટે, મારે આ વિચારોની જરૂર હતી. ૨૮મી એપ્રિલ, ૧૯૮૫ને રોજ જ્યારે હું ત્રીજી વાર ઇંગ્લૅંડ આવી, ત્યારે મારા મિત્રો મને ફરીથી જોઈને ગેલમાં આવી ગયા, અને મારા આગમનને તેઓ તેમની પ્રાર્થનાના પ્રભુએ આપેલા ઉત્તર તરીકે જોવા લાગ્યા. દરેક અઠવાડિયે તેઓ પ્રાર્થનાસભા રાખતા હતા. અને ઈશ્વરને વિનંતી કરતા હતા કે મને ઇંગ્લૅંડ પાછા ફરવાની દોરવણી આપે. ખાસ કરીને સુસાને રાહતનો દમ ખેંચ્યો. અને ઈસુએ પોતે તેના ૯ મહિનાના ઉપવાસનો અંત આણ્યો. આવી એક પ્રાર્થનાસભામાં (હું આ અગાઉ જણાવી ગઈ છું તે પ્રમાણે) બોધકે તેને પૂછ્યું, કે કોઈ ખાસ બાબત માટે તે પ્રાર્થના કરી રહ્યાં હતાં કે કેમ. પણ શરમને લીધે તેણે કંઈ ઉત્તર આપ્યો નહિ. પછી તેમણે તેને કહ્યું, "મેં હમણાં જ પ્રભુ ઈસુને તમારી પાસે ઊભેલા જોયા. તેમણે તેમનો હાથ તમારા માથા પર મૂક્યો હતો. અને બહુ નરમ અવાજે તે તમને કહી રહ્યા હતા, "દીકરી, તું હતાશ ના થઈશ. મેં તારી પ્રાર્થના સાંભળી છે.""

જાણે કશું જ બદલાયું ન હોય એમ, તે બધાંએ મારો

આવકાર કર્યો, પણ હું જાણતી હતી કે, મારે માટે કે તેમને માટે જીવન હવે એજ રહેશે નહિ. અત્યારે હું અપંગ બનીને વ્હીલચેરમાં હતી. તેઓએ મને આવી સ્થિતિમાં કદી જોઈ ન હતી, પણ આ પરથી તેમને ખ્યાલ આવ્યો હશે, કે જીવનનાં પ્રથમ ૧૯ વર્ષ મેં કેવી રીતે વિતાવ્યા હશે. મારું સાજાપણું તેમને માટે એક ચમત્કાર હતું. કે ઈસુએ તેમના સાજા કરવાના પરાક્રમથી મારો સ્પર્શ કર્યો હતો. મને એવા વિચાર આવતા હતા કે હવે તેઓ મને જોઈને કેવો પ્રતિભાવ આપશે.

મારા આગમનના શરૂઆતના દિવસોમાં હું મોટે ભાગે મારી પથારીમાં જ પડી રહેતી. મારા પગમાં મને બહુ દુ:ખતું હતું. સુસાનમાં મા ખરેખર એક સાચાં, માયાળુ, ખ્રિસ્તી સન્નારી હતાં. તેમને મારી પર બહુ કરુણા આવતી અને રાતને માટે મારી પથારીમાં પડું તે પહેલાં દરરોજ મને માલિશ કરતાં. થોડા વખતમાં હું ચાલતી થઈ, અમે બહુ જ આત્મિય બન્યાં. એક દિવસ મેં તેમને કહ્યું, ''તમે હવે મારાં મા છો. તમારે મારી સંભાળ રાખવી જોઈએ.'' તે મને 'સિસ્ટર' કહીને બોલાવતાં. મને માન આપતાં તેમણે કહ્યું, ''હવે તમે મારાં દીકરી છો.''

જોકે આ બહુ જ નિકટનો સંબંધ થોડા સમયમાં જ કપાઈ જવાનો હતો. ૮ ઓગષ્ટ, ૧૯૮૫ને રોજ સવારમાં તે પોતાની પથારીમાં મૃત્યુ પામેલાં માલૂમ પડ્યા. તેમના મૃત્યુથી મને સૌથી વધારે સંતાપ થયો. એમનું મૃત્યુ કેવું સુંદર હતું! એ વિચારે મને આનંદ પણ થયો. તે ગુજરી ગયાં તેના આગળના દિવસ સુધી તે દરરોજની માફક જ હતાં. તે રાતે અમારી પ્રાર્થનાસભા હતી અને સવારના બે વાગ્યા સુધી અમે વાતો કરતાં હતાં. અમે છૂટાં પડ્યાં તે પહેલાં તેમણે મને કહ્યું, ''જો

કે તમે હવે મને જોવાનાં નથી, પણ મારી દીકરી તમારી સાથે છે, અને તમારે સાથે મળીને પ્રભુની સેવા કરવાની છે. મહેરબાની કરીને એની સંભાળ લેજો. કેમ કે તે મને બહુ વહાલી છે. તે મારી એકની એક દીકરી છે, અને હું જાણું છું કે મેં એને બગાડી મૂકી છે. મહેરબાની કરીને તેને સમજવાનો પ્રયત્ન કરજો." બીજે દિવસે સવારે તો તે જે પ્રભુને તે એટલાં બધાં ચાહતાં હતાં તેમની સમક્ષ હાજર થવાને માટે શાંતિથી વિદાય થઈ ગયાં હતાં.

તેમના મૃત્યુથી કુટુંબમાં એક મોટી ખોટ ઊભી થઈ, તે કુટુંબમાં એક એવું બળ હતાં કે જે બધાંને સંયુક્ત બનાવીને સંભાળી રાખતાં હતાં. પણ તેમના જવાથી તેમાં ભાગલા પડવાની શરૂઆત થઈ, સુસાનનો એક ભાઈ જે બહુ દૂર રહેતો ન હતો, તેનું લગ્ન થયું હતું. પણ તેનું લગ્નજીવન સુખી ન હતું. તેને પરિણામે દિવસનો મોટો ભાગ તે અહીં અસલ ઘરમાં રહેતો. તેના બીજા ભાઈઓને આ ગમતું નહિ, અને વારંવાર તેમની વચ્ચે બોલાચાલી થતી. એક દિવસ તીમોથી ઘેર આવ્યો ત્યારે તેણે હેરીને ઘરમાં જોયો. તે ગુસ્સે થયો. "તું અહીં શું કરે છે? તું અહીં વારંવાર આવે છે, અને લાંબો વખત અહીં જ રહે છે." હેરીએ નમ્રતાથી જવાબ આપ્યો, "તું જાણે છે કે હું અહીં કેમ છું. મારી સ્ત્રીએ મને ઘરમાંથી કાઢી મૂક્યો છે." પણ તીમોથીને તેને માટે કંઈ સહાનુભૂતિ ન હતી. તારે તારી પત્ની જોડે કેવો સંબંધ છે તેની મને કંઈ પડી નથી, પણ તારે અહીં આવવાનું નથી. તું તારી પત્ની પાસે પાછો જા. મારે દરરોજ આવી દલીલો સાંભળવી પડતી. શનિરવિ તો આથી પણ વધારે ખરાબ પરિસ્થિતિ હોય.

જ્યારે હેરીએ તેનો ગુસ્સો સુસાન પર ઠાલવ્યો ત્યારે તો

મારે માટે હદ આવી ગઈ. સુસાને તેના પિતાને મદદ માટે બૂમ મારી, પણ હવે તેમનું કંઈ ઉપજતું નહોતું. તેમણે હેરીને જવા કહ્યું, પણ તે જાય છે કે નહિ તે જોવા કશું કર્યું નહિ. વાત એમ હતી કે સુસાન થોડા દિવસથી જ હોસ્પિટલમાંથી આવી હતી. તેની ઉપર ભારે ઓપરેશન કરવામાં આવ્યું હતું. અને કંઈપણ કરવાની તેને મના હતી. આ બધાની હેરી પર કંઈ અસર નહોતી. જ્યારે તે મારે માટે અપશબ્દો બોલીને મને પથારીમાંથી ખેંચી કાઢવા લાગ્યો ત્યારે સુસાનને તેની સાથે મથામણ કરવી પડી. તેણે મારી તરફ જોઈને બૂમ પાડી, "તું અમારા કુટુંબને બગાડે છે. અમારી બહેનને તું લઈ લેવા આવી છું. તું પાકિસ્તાની છે. તું પાકિસ્તાન પાછી જા."

હું મારી લકવાગ્રસ્ત સ્થિતિમાં મારી પોતાની જાતને યા સુસાનને કશી મદદ કરી શકું એવી સ્થિતિમાં નહોતી. તેના પિતા ટેલિવિઝન જોતા હતા, તેથી ઉપલે માળે થઈ રહેલો ઘોંઘાટ સાંભળી શક્તા નહોતા. આખરે જીવ પર આવી જઈને સુસાન ભાંખોડિયાં કરીને નીચે આવી, અને પોલિસને ફોન કર્યો. "જલદી આવો," તેણે પોલિસને વિનંતી કરી. ભયને લીધે અને તાજેતરમાં થયેલા ઓપરેશનને લીધે આવેલી અશક્તિને લીધે તે ભયજનક રીતે કાંપતી હતી.

જ્યારે પોલિસ આવી પહોંચી ત્યારે તેઓ જાણવા માગતા હતા કે શું બન્યું છે. પણ તે પહેલાં હેરી પોતાના ઘરે જતો રહ્યો હતો અને બધું શાંત હતું. તોપણ તેઓએ અમારી પાસેથી વિગતો મેળવી લીધી.

તેઓના ગયા પછી મને બહુ ખરાબ લાગ્યું. અમારી ખ્રિસ્તી સાક્ષી માટે સારી વાત નહોતી. ઈસુના નામનું અપમાન થઈ રહ્યું હતું. ઘરમાંનું વાતાવરણ ગમે નહિ એવું બની ગયું.

બહાર પણ કાળાં વાદળો ઘેરાવા લાગ્યાં હતાં. તરત મને ઈસુના શબ્દોનો અર્થ સમજાયો, "કોઈપણ ભવિષ્યવાદી પોતાના દેશ, ઘર અને લોકો સિવાય બીજે માન વગરનો નથી."

મારા પોતાના દેશ અને ઘરમાં માન વિનાનું હોવું એટલે શું તે હું જાણતી હતી. મને એ અનુભવ થવાનો હતો કે મારા પોતાના સગા એશિયન લોકોમાં માન વિનાનું હોવું એટલે શું. આપણા એશિયન સમાજના ગૃહજીવનના પ્રશ્નો ફરીથી પાછા ખદબદવા લાગ્યા, અને અનિવાર્યપણે મને અંદર ઘસડવામાં આવી. અને હું મુશ્કેલીમાં વધારે ઊંડી અને ઊંડી ઊતરતી ગઈ. ૧૯૮૪માં હું પાકિસ્તાન પાછી ફરી તે પહેલાં વિસંવાદનાં જે બી વવાયાં હતાં, તેને હવે પૂર્ણ સ્વરૂપે ફૂલ બેઠાં હતાં.

એમાં સંડોવાયેલા એક જણે મને ગુસ્સાથી કહ્યું, "તમે મારી પત્નીના મગજમાં વિચારો ઘુસાડો છો. તમે તમારું પોતાનું કામ કેમ નથી કરતાં? મારી અંગત બાબતોમાં માથું મારવાનો હક તમને કોણ આપે છે?" જે કડવાશે આ વ્યક્તિના હ્રદયમાં ઘર ઘાલેલું તે અમારા બાકીના મિત્રો સુધી પણ ફેલાઈ ગઈ, અને તે સત્તાસ્થાને બેઠેલા લોકો સુધી પહોંચી ગઈ. જોકે ખુલ્લી રીતે તેઓ મિત્રતા દેખાડતા, પણ મારી પ્રત્યે ભારે અણગમો પેદા કરવાની તેઓ શરૂઆત કરી રહ્યા હતા. છતાં મારી એકમાત્ર ચિંતા એ હતી કે આપણી દૈનિક વર્તણૂકને લીધે ઈસુ ખ્રિસ્તનું નામ નિંદાવું ન જોઈએ. બાઇબલ મારો ભોમિયો હતું. અને જે કંઈ સલાહ હું આપતી, તે હંમેશાં તેમાંથી જ લીધેલી હતી. આ બધામાં સૌથી ખરાબ બાબત એ હતી, કે તેઓ મારા લકવાને ઈશ્વરી શિક્ષા માનતા હતા.

મારા પિતાને એ ચિંતા હતી કે રખે ને હું કાફરની ભાષા બોલીને અશુદ્ધ બનું. પણ હવે મને એ દેખાવા લાગ્યું હતું કે

હલકી સંસ્કૃતિમાંથી જે અશુદ્ધિ આવે છે તે વધારે હાનિકારક હોય છે. ખ્રિસ્તી થયેલા મુસ્લિમો જેઓના ધર્મ સાથે વર્તનનો કડક નિયમ જોડેલો હોય છે, તેમને માટે આ પ્રશ્ન એટલો તીવ્ર હોતો નથી, પણ હિંદુઓ, જ્યાં આ બે વચ્ચેનું બંધન વધારે ઢીલું હોય છે, ત્યાં આ જોખમ વધારે ભય ઉત્પન્ન કરનારું હોય છે.

આવા ઘનિષ્ઠ સમાજમાં અમે રહેતાં હતાં ત્યાં, એક અનિષ્ઠ બનાવની અસર તળાવના શાંત પાણીમાં પથ્થર નાખવાથી જે તરંગો પેદા થાય છે, તેની માફક કામ કરે છે. અમરન જીત અને તેમનું કુટુંબ જેઓનું ખ્રિસ્તી થવું પ્રભુની અમારી સેવામાં એક આનંદનું કારણ બન્યું હતું, તે માની ન શકાય એવી મુશ્કેલીમાં આવી પડ્યું હતું. તેમની પત્નીની ભત્રીજી જેણે છૂટાછેડા લીધા હતા, તે અમારી મંડળીના એક આગેવાન સભ્ય સાથે નિકટના ગાઢ સંબંધમાં આવી હતી. ભારતીય રિવાજ પ્રમાણે આ બે જણ ભાઈબહેન કહેવાય. પણ આ પ્રકારના સંબંધનું તેઓ ઉલ્લંઘન કરી રહ્યાં હતાં.

અમરને આ સંબંધ બંધ કરવાને માટે, મને પ્રયત્ન કરવા વિનંતી કરી, અને જ્યારે મેં તેમ કર્યું ત્યારે હું પેલા જુવાનના ગુસ્સાનો ભોગ બની. તે ધર્મસેવામાં દાખલ થવાની તૈયારી કરી રહ્યો હતો, અને તેની શરૂઆત આવી રીતે કરવી તે સારી બાબત નહોતી, તે ગુસ્સે થયો હિંસાત્મક બન્યો. આખરે તેણે મજકૂર સ્ત્રી સાથે ભારતમાં છાનાંમાનાં લગ્ન કરી લીધા. અમરનની માને આ લગ્ન પાપ લાગ્યું અને તેથી દેવળમાં જવાનું બંધ કર્યું. લગ્નોમાં જે નિષેધ ફરમાવેલા છે તે લગભગ ધર્મ જેવાં ગંભીર ગણવામાં આવે છે. ઘણી પ્રાર્થના બાદ આ આખા કુટુંબનાં હ્રદયોને શાતા વળી અને તેઓ બીજી મંડળીમાં જોડાયાં.

પણ જે નુક્સાન થવાનું હતું તે તો થયું જ. એશિયન મંડળીમાં ભાગલા પડ્યા. તેથી તે જુવાનના પિતાને માઠું લાગ્યું, પણ તેમણે તેમના દીકરાનો પક્ષ લીધો. જોકે મારી સાથે તો તે ભલમનસાઈ રાખતા હતા, અને ઓક્ટોબરની આખરે મારો વિઝા પૂરો થતો હતો ત્યારે, હું અહીંની રહેવાસી બનું તે માટે મારે બદલે એમણે અરજી કરી. અમારી મંડળીના કેટલાક સભ્યોનો વિરોધ હોવાથી આ બાબત ગુપ્ત રાખવામાં આવી હતી. અમે બધાં આ મુશ્કેલ પરિસ્થિતિમાં ફસાયાં હતાં કે જેને માટે અમે જવાબદાર નહોતા. આ ભાગલા અને કુસંપે મારે માટે અંગત રીતે કટોકટી સર્જી. આવા ડહોળાયેલા સંબંધની મધ્યે જઈને ભજન કરવાનું મને શક્ય લાગ્યું નહિ, તેથી મેં એશિયન ચર્ચમાં જવાનું બંધ કર્યું. અહીં શું ચાલી રહ્યું છે તે મારા કુટુંબને જણાવતાં મને ગજબની મૂંઝવણ થતી હતી. તેઓ એમ માનતાં હતાં કે હું સાથી વિશ્વાસીઓ મધ્યે હતી અને સુખી હતી. જ્યારે જ્યારે પાકિસ્તાનથી મુલાકાતીઓ આવતા અને મારા વિષે પૂછતા ત્યારે હું તેમને મળતાં કચવાતી હતી. જે બની રહ્યું હતું તે શરમને લીધે હું તેમને જણાવી શક્તી ન હતી.

તેમ છતાં, પ્રભુ તેમના મહિમાવંત નામની સાક્ષી આપવામાં મને વાપરતા હતા. જે ખ્રિસ્તીઓ દેવળમાં જઈ શક્તા ન હતા તેમની મુલાકાતે હું જતી. અમારી સંગત આનંદદાયક હતી અને અમે શાસ્ત્રાભ્યાસ કરતાં હતાં. તેને પરિણામે તે વધારે ગાઢ બની. પ્રાર્થનાની અને સાજાં કરવાની ઇચ્છા પણ ઘટી ન હતી. લોકો તેમની મુશ્કેલીઓ લઈને આવતા હતા. ''મહેરબાની કરીને સિસ્ટર ગુલશન..... ને માટે પ્રાર્થના કરશો?'' દુઃખીઓને માટે મારો શયનખંડ આશ્રયસ્થાન બની ગયો હતો, અને પ્રભુ

તેમના લોકોનાં દુ:ખ દૂર કરવામાં મારો ઉપયોગ કરતા હતા. ઘણાને આશીર્વાદ પ્રાપ્ત થયો હતો અને તેમના રોગથી તેમને સાજાપણું મળ્યું હતું.

એક સુંદર કુટુંબ અમારા નિકટતમ મિત્રો તરીકે ચાલુ રહ્યું છે. શીમાના છ વર્ષના દીકરા અમીરને પ્રાર્થનાના સામર્થ્યની ઓળખ થઈ હતી. "સિસ્ટર ગુલશન, મારે ભાઈ જોઈએ છે મહેરબાની કરીને પ્રભુને કહો કે તે મમ્મીપપ્પાને એક નાનો નવો દીકરો આપે." આ નિર્દોષ વિનંતી મને ખરેખર એટલી બધી સ્પર્શી ગઈ! પણ એની મમ્મી શીમાને વધારે બાળકો જોઈતાં નહોતાં. "જો મને બીજું બાળક થાય, તો તે છોકરી હશે. અને આ જીવનમાં છોકરીઓને બહુ સહન કરવું પડે છે. તેમની માતાઓને પણ સહન કરવું પડે છે. ના, એક દીકરો મારે પૂરતો છે."

ઇંગ્લૅંડમાં પણ જ્યાં જીવનની સુખસગવડો ભારત કરતાં ગજબની જુદી છે, ત્યાં માતાઓના મન અને હ્રદયમાં દીકરીઓ હોવાનો ડર હજુ પણ નજરે પડે છે. કાયમ માટે વસવાટ કરવા આવેલા પહેલી પેઢીના લોકોને જે સંસ્કૃતિ છોડીને તેઓ આવ્યા હોય છે, અને જે નવી તેઓને અપનાવવાની હોય છે, તે બંને વચ્ચેનો તણાવ તેમને માટે સતત મુશ્કેલી અને સંતાપ ઊભાં કરે છે.

મેં શીમાને હૈયાધારણ આપવાનો પ્રયત્ન કર્યો. "શીમા, તારે ભડકી જવાની જરૂર નથી. હું તારે માટે પ્રાર્થના કરીશ. જ્યારે પ્રભુ મને તેનો જવાબ આપશે ત્યારે તને હું કહીશ." મેં દરરોજ તેને માટે એક અઠવાડિયું પ્રાર્થના કરી. એક રાત્રે મને ઊંઘ આવી નહિ, અને હું આંખો બંધ કરીને પડી રહી હતી. સવારે લગભગ ૩ વાગે મને એકાએક મારા માનસપટ

પર એક ચિત્ર દેખાયું. તેમાં ઈસુએ મને પ્લાસ્ટિકની બેગમાં એક બાળક બતાવ્યું. તેમણે મને કહ્યું, "હું આ છોકરો શીમાને આપવાનો છું."

રવિવારે જ્યારે તે કુટુંબ મારી મુલાકાતે આવ્યું, ત્યારે મને એમ થતું હતું કે ક્યારે શીમા આવે, અને તેને હું તે કહું, "તને દીકરો થવાનો છે બાળક આવવાનું છે તેથી બીતી નહિ એ છોકરો હશે" તે પછી તરત તેને ગર્ભ રહ્યો. અને જ્યારે જ્યારે હું તેને માટે પ્રાર્થના કરતી ત્યારે આ પ્રમાણે કહેતી, "વહાલા પિતા, માતા અને દીકરાની કાળજી રાખજે. આ પ્રમાણે હું પ્રાર્થના કરતી તેથી તેઓને ઘણી વાર આશ્ચર્ય થતું. તમે કેમ હંમેશાં માતા અને દીકરા માટે પ્રાર્થના કરો છો? તમને આટલી બધી ખાતરી કેવી રીતે થઈ કે તે છોકરો જ હશે અને છોકરી નહિ હોય? જ્યારે મને સ્વપ્ન આવે છે ત્યારે હું તો બે છોકરીઓ જોઉં છું!" શીમાએ કહ્યું. તેઓ ઈસુના વચન તરફ જોવાને બદલે મારી ખાતરી તરફ જોતાં હતાં. તે પોતાનું વચન પાળવામાં કદી નિષ્ફળ જતા નથી. શું તેમણે એમ નથી કહ્યું કે જેઓ વિશ્વાસ કરે છે તેઓ સર્વ પ્રકારના ચમત્કારો જોશે?

જ્યારે શીમાને દીકરો આવ્યો ત્યારે આનંદ આનંદ થઈ રહ્યો. જે કોઈ તેમને મળવા આવે તેઓ આ વાત સાંભળ્યા વિના જતાં નથી કે ઈમરાન કેવી રીતે જન્મ્યો. તેમની મંડળીના મેગેઝિનમાં પણ આ સમાચાર છપાવ્યા હતા.

જે કુટુંબમાં હું રહેતી હતી ત્યાં એ કમનસીબી હતી કે સંબંધો વધારે કથળતા ગયા. અને કૌટુંબિક ઝઘડા વધી પડ્યા ત્યાં જીવવું અસહ્ય બની ગયું હતું. હું દરરોજ પ્રાર્થના કરતી, "પ્રભુ, તમે કહ્યું હતું કે તમે ઇંગ્લૅંડથી મારે માટે એક દ્વાર

ઉઘાડશો. એ વચન આપેલું તે આ દ્વારનું? શેતાન અમારી મધ્યે અત્યારે ઘણી મુશ્કેલીઓ ઊભી કરી રહ્યો છે. અહીં રહીને હું શી રીતે તમારા નામની સાક્ષી આપી શકું?'' મને તેનો કોઈ જવાબ મળ્યો નહિ.

૧૯૮૬માં સુસાને સ્થાનિક કૌંસિલને ફ્લેટ માટે અરજી કરેલી પણ તે મંજૂર થઈ નહોતી. "તમે જુવાન અને તંદુરસ્ત છો. તમે કામ કરીને ફ્લેટ ખરીદી શકો છો. તમે ફ્લેટના હકદાર નથી. અમે તમારું નામ રાહ જોનારાંની યાદીમાં મૂકીશું. જો તમે હકદાર બનશો અને ફ્લેટની જરુરિયાત હશે તો કદાચ ૧૯૯૦માં ફરીથી તમારો વિચાર કરીશું.'' આ શબ્દોથી બીજું દ્વાર બંધ થતું લાગ્યું.

૧૯૮૮માં આ બધા કકળાટ વચ્ચે સુસાને ફરીથી ફ્લેટ માટે અરજી કરી. પણ આ વખતે તે મારા નામે હતી. એક અપંગ વ્યક્તિ તરીકે હું કૌંસિલનો ફ્લેટ મેળવવાને માટે હકદાર હતી. સુસાનના ભાઈઓ જે ખલેલ કરતા હતા તેને લીધે પોલીસ અમારા પક્ષે હતી, અને જ્યારે કૌંસિલે તેમને ફોન કર્યો ત્યારે જે હાલતમાં અમે જીવી રહ્યાં હતાં તેનું વર્ણન તેઓએ કર્યું,અને ફ્લેટને માટે અમારી ભલામણ કરી. ફરીથી એક વાર મારા જીવનના કટોકટીના સમયે નવા કરારમાંના શબ્દો મને ખરા પડતા લાગ્યા.

"આપણે જાણીએ છીએ, કે જેઓ દેવના પર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એંકદરે સઘળું હિતકારક નીવડે છે. (રૂમી ૮:૨૮).''

એક નવું દ્વાર અમારે માટે ખૂલવાની તૈયારી હતી. અને અમારી થયેલી પસંદગી, ઈશ્વરની ભલાઈમાં આનંદ કરવાનું કારણ બની. ૮૦ ફ્લેટ હતા, તેમાંથી શ્રીમતી કેલી, જેમને

અમારે સારુ મદદ કરનાર સમાજસેવિકા ઠરાવ્યાં હતાં. તેમણે અમારે સારુ બે શયનખંડવાળો ફ્લેટ પસંદ કર્યો.

તે આ પ્રમાણે બન્યું. સુસાનને કહેવામાં આવ્યું કે તે અમુક ફ્લેટ જુએ. તે કેટલાક ફ્લેટના બ્લોક પાછળ ઊભી હતી ત્યારે તેણે જોયું કે તેના છેડે આવેલો ફ્લેટ ખાલી હતો તેણે પાસે જઈને જોયું. "ઓ પ્રભુ, આજ ફ્લેટ અમારે માટે પસંદ કર. તે જ યોગ્ય ફ્લેટ છે." સુસાને પ્રાર્થના કરી. અને તે દરમિયાન શ્રીમતી કેલી ચાવીઓ લઈને આવ્યાં. જ્યારે તેણે જોયું કે તેણે પસંદ કરેલો જ ફ્લેટ તે હતો. તે તેણે જોયું ત્યારે તેને બેહદ આનંદ થયો.બે શયનખંડ હોય તે અમારે માટે ખાસ અગત્યનું હતું. એ માટે કે અમે મુલાકાતીઓને મળી શકીએ. અને જેઓને પ્રાર્થના અથવા સંગતની જરૂર હોય તો તે અમે આપી શકીએ. આ રીતે હું મારી સેવા ચાલુ રાખી શકું. ઈસુએ મારે માટે ખરેખર યોગ્ય દ્વાર ખોલ્યું હતું.

આ માર્ગ ખુલ્લો ન થાય માટે જુદા જુદા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. કોઈકે કૌંસિલને ફોન કર્યો કે તેઓ શું કરી રહ્યાં હતા. "તમે આ બે જણને કેમ ફ્લેટ આપી રહ્યા છો? ગુલશન તો આ દેશની વતની પણ નથી" બીજા એક જણે હાઉસિંગ મેનેજરને મળીને અમારો માર્ગ અટકાવવાનો પ્રયત્ન કર્યો. "ગુલશન જૂઠું બોલે છે. તે માંદી હોવાનો ઢોંગ કરે છે. તે પૈસાદાર છે અને તે પોતા માટે ઘર ખરીદી શકે છે." જ્યારે કોઈના પહેલાંના મિત્રો તેની વિરુદ્ધના થાય ત્યારે જીવનમાં ખરેખર કડવાશ આવે. અમને અમારું પોતાનું ઘર ન મળે તે માટે, આ અમુક માણસે તેના ભેજામાં આવ્યું તે બધું તે કરી છૂટ્યો.

સુસાનનું કુટુંબ પણ તેની અસર નીચે આવી ગયું હતું.

હકીકતમાં સુસાન મારી સાથે રહેવા આવે તે તેમને ગમતી વાત નહોતી. તે લોકોએ ગુસ્સાથી કહ્યું, "આ ઘર છોડવાનો એક માત્ર ઉપાય પરણવાનો છે, કોઈ આબરૂદાર છોકરી આવી રીતે ઘર છોડવાનો વિચાર ન કરે. વળી તારા પિતા જે વિધુર થયા છે તેમની સંભાળ તારે રાખવાની છે. તું અમારા કુટુંબને કલંકરૂપ છે."

અમારા બંનેને માટે આ દુ:ખકારક હતું, પણ સુસાનની પોતાની માએ મને તેને સાથી તરીકે આપી હતી એ માટે કે તે પ્રભુની સેવાનું કામ કરે. શું તે દૈવી માર્ગદર્શન મુજબ વર્તી નહોતી? તો તે કેવી રીતે ભૂંડું હોઈ શકે? આખી પરિસ્થિતિને ખોટી રીતે રજૂ કરવામાં આવી હતી. સુસાનના પિતાને કંઈ એકલા છોડી દેવામાં આવ્યા નહોતા. તેમના દીકરાઓ અને વહુ હતાં. અમે એ બાબતમાં આશ્વાસન મેળવ્યું કે માનવી કુટુંબ કરતાં એક મોટા કુટુંબની જવાબદારીને અમે વરેલાં હતાં. ઈસુએ પોતે કહ્યું હતું કે, "મારા કરતાં જે બાપ અથવા મા પર વત્તી પ્રીતિ કરે છે, તે મારે યોગ્ય નથી. અને દીકરા કે દીકરી પર જે મારા કરતાં વત્તી પ્રીતી કરે છે, તે મારે યોગ્ય નથી. અને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવતો નથી તે મારે યોગ્ય નથી. જે પોતાનો જીવ બચાવે છે તે તેને ખોશે, અને મારે લીધે જે પોતાનો જીવ ખોયે છે, તે તેને બચાવશે" (માત્થી ૧૦:૩૭-૩૯).

આ શબ્દો અમારે માટે સાચા પડ્યા. અમારે ખાસ આ દુ:ખની ખીણનો અનુભવ કરવાનો હતો એ માટે કે અમે પ્રભુના વિશ્વાસુ સેવકો બનીને સુખની ટેકરી ચઢી શકીએ. તેમની ઇચ્છા પ્રમાણે કરવાની મથામણમાં તેમના વિશ્વાસુપણાએ અમને બળવાન કર્યાં.

ઈશ્વરની અમારા માટેની ઇચ્છા બર ન આવે તે માટેના પ્રયત્નો થયા છતાં જેનું વચન અમને આપવામાં આવ્યું હતું તે ફ્લેટ અમને મળ્યો, પોતાનો વિચાર બદલ્યા વગર હાઉસિંગ મેનેજરે સુસાનને ફોન કર્યો કે જેમ બને તેમ જલદી ફ્લેટની ચાવી લઈ જાઓ. ૧૯૮૮ના જુલાઈની આખરે અમે અમારા પોતાના રહેઠાણમાં આવી ગયાં. જ્યારે મેં જોયું કે કેવા પ્રકારની જાજમ ભોંયતળિયે બિછાવી હતી ત્યારે મેં સુસાન સામે જોયું અને તેણે મારી સામે જોયું. અમે ખડખડાટ હસી પડ્યાં. એક વખત અમે જ્યારે ઓપરેશનના ખંડમાં હતાં ત્યારે મેં સુસાનને કહેલું કે "જો કદીપણ આપણને આપણું પોતાનું ઘર મળે તો આવી જાજમ મને ગમે" અત્યારે અહીં એજ જાજમ હતી. જે એક નજીવી બાબત કહેવાય. પણ ઈશ્વર તેની વ્યવસ્થામાં આપણને આનંદ આપે છે. એક અઠવાડિયાં પછી, અમારા ભારે આશ્ચર્ય અને કુતૂહલની વચ્ચે અમને ઘર સજાવવા માટે એક હજાર પૌંડનો ચેક મળ્યો. સાચે જ તે અમારી બધી જરૂરિયાતો પૂરી પાડે છે. તેમના નામની સ્તુતિ થાઓ!

❖ ❖ ❖

## પ્રકરણ ૧૫

# ઇંગ્લૅંડમાં વસવાટ

હવે અમે અમારા પોતાના ઘરમાં ઠરીઠામ થયાં હતાં. અને પ્રભુ જેમ દોરે તેમ જીવન ગોઠવવાનું હતું. અનેકવિધ રીતે આ અમારે માટે નવી શરૂઆત હતી. એશિયન સમાજ અને તેની મંડળીને અમે અમારી પાછળ છોડી દીધાં હતાં. તેમના પોતાના સંગીત અને ભજનપદ્ધતિને લીધે એશિયન મંડળીના કટેલાક સભ્યો બીજા ખ્રિસ્તીઓ કરતાં પોતાને વધારે ઊંચી ગુણવત્તાવાળા માનતા હતા. કોઈ મુકરર વિસ્તારના પાદરીની અધ્યક્ષતાવાળી મંડળીમાં જનારાઓને તેઓ પોતા કરતાં હલકાં માનતા. "ત્યાં જવું એટલે" તેઓ કહેતા "જાણે કોઈ હિન્દુ મંદિરમાં જતા હોઈએ એવું લાગે છે. ત્યાંના ખ્રિસ્તીઓમાં કંઈ જોમ નથી. પણ તેઓ હુંફાળા લાગે છે."

સુસાન અને હું આવા કોઈ ભ્રમમાં નહોતા. હવે અમારી સમક્ષ એ પ્રશ્ન ઊભો થયો કે પ્રભુની ભક્તિ કરવા માટે અમારે કઈ મંડળીમાં જોડાવું. પ્રભુ તમે બતાવો કે અમારે કઈ મંડળીમાં જવું? અમારા જીવનોને માટે દોરવણી માગતાં અમે આગ્રહથી પ્રાર્થના કરતાં હતાં. તે જ્યાં કંઈ દોરે ત્યાં જવા માટે અમે માનસિક રીતે ઇચ્છા રાખતાં હતાં અને તૈયાર હતા. પહેલા બે રવિવાર અમે ઓક્સફર્ડમાંના સંત અઈદાનના દેવળમાં ગયાં. ત્રીજા રવિવારે અમારી નાની ગાડી ઠપ્પ થઈ ગઈ. (અમારી પાસે ગેરેજ નહોતું તેથી આખી રાત તે અમારા કમ્પાઉન્ડમાં પડી રહી હતી) તેથી અમે સાંજની ભજનસેવામાં જવાનો નિર્ણય કર્યો.

ભજનસેવા પછી અમે અમારી પોતાની ઓળખાણ આપી.

ઉપદેશકે અમને પૂછ્યું, "તમે સંત એંડ્રુના દેવળમાં ગયાં? તે તમને નજીક પડે", "ના." અમે જવાબ આપ્યો અને કોઈ વખત અમારી મુલાકાત લેવાનું કહ્યું, "આવતી કાલે રજા ગાળવા હું જર્સી જવાનો છું, પણ પાછા આવ્યા પછી હું તમારી મુલાકાત લઈશ." તેમણે વચન આપ્યું.

બીજે જ દિવસે, ઘણી વહેલી અમારી બારણાની ઘંટડી રણકી "સવારના પહોરમાં અત્યારે આ કોણ ટપકી પડ્યું હશે?" સુસાન અને હું એકબીજાને પૂછતાં હતાં. સુસાને બારણું ખોલ્યું. સેન્ટ એંડ્રુઝ ચર્ચના પાદરી, જોન સામવેઝ અને તેમની સાથે એક જુવાન ભાઈ હતા. જેમની તેમણે રિક કહીને ઓળખાણ આપી. "અમારી મુલાકાત લેવાનું તમને કોઈએ કહ્યું?" મેં કુતૂહલપૂર્વક પૂછ્યું.

"ના," તેમણે જવાબ આપ્યો. "અમારી સવારની પ્રાર્થના બાદ અમે નક્કી કર્યું કે આજે નદીકિનારા પરના ફ્લેટની મુલાકાત લેવી અને પ્રભુને કહ્યું કે તે અમને દોરવણી આપે. અમે એક નંબરના ફ્લેટની ડોરબેલ વગાડી. જો કે આપણે કદી એકબીજાને મળ્યા નથી. પણ તમે અમને અંદર આવવાનું આમંત્રણ આપ્યું. તેથી અમને આશ્ચર્ય થયું અને આનંદ પણ થયો." અમે તેમને અમારા પોતા વિષે કંઈક કહ્યું અને એ પણ કહ્યું કે પ્રભુની ભક્તિ કરવા માટે અમે કોઈ દેવળની તલાશમાં છીએ. તે લોકો જાય તે પહેલાં અમે જાણી લીધું કે અમારે ક્યાં જવાનું હતું. અમને સ્થળ બતાવવામાં આવ્યું હતું.

એક મહિનાની અંદર અમારું નિવાસસ્થાન એક સંગતમંડળનું કેન્દ્ર બન્યું હતું. દર બુધવારે સેન્ટ એન્ડ્રુઝ ચર્ચનું એક જૂથ અહીં પ્રાર્થના અને શાસ્ત્રાભ્યાસ માટે મળે છે. અને અમારામાંના થોડાક તેની આગેવાની લે છે. આ રીતે મારા પ્રભુએ તેની સાક્ષી આપવાનું એક નવું ક્ષેત્ર મને આપ્યું હતું. સેન્ટ એન્ડ્રુઝ

ચર્ચમાં અમને જે સંગત મળી છે, તેથી અમારાં જીવન ઘણાં સમૃદ્ધ બન્યાં છે. અંગ્રેજીનો અભ્યાસ કરવામાં જ્યારે મને મદદની જરૂર પડે છે, અને મારો પત્રવ્યવહાર જે ઘણો વધતો જતો હતો તેના ઉત્તરો આપવા માટે કોઈની સહાય જરૂરી બને છે, ત્યારે મંડળીના જુદાજુદા સભ્યોએ મને મદદ કરી છે.

મારી અંગત સેવા ચાલુ રહી છે. નિર્મળા જે ખ્રિસ્તી થઈ છે. અને હવે મારી નિકટની પ્રિય મિત્ર બની ગઈ છે, તે મારી સેવાનું ફળ છે. તેને તેની વાત કહેવી બહુ ગમે છે તે આ પ્રમાણે છે.

"હું ભારતમાં, લખનૌમાં જન્મીને મોટી થઈ છું. મારા કુટુંબનાં બધાં શીખ છે, પણ એટલાં બધાં ચુસ્ત નહિ. જ્યારે હું ૨૦ વરસની થઈ, ત્યારે મારા પિતાએ તેમના એક મિત્ર મારફતે મારું લગ્ન એક ખ્રિસ્તી જુવાન સાથે કરાવ્યું. તેનાં કુટુંબીઓ કેવળ નામધારી ખ્રિસ્તીઓ હતાં. અને કેવળ વારતહેવારે જ અમે દેવળમાં જતાં. હું તેના કુટુંબ સાથે બે વરસ રહી, અને બધી બાબતમાં તેમને આધીન રહી, કારણ કે હું બધાં ધર્મોને માન આપું છું. ૧૧ વર્ષ ઉપર જ્યારે અમે ઇંગ્લૅંડ આવ્યાં ત્યારે હું મારા દિયર અને તેમના કુટુંબ સાથે દેવળમાં જતી."

"૧૯૮૧માં બે મોર્મોન મિશનરીઓ અમારા ઘરની મુલાકાતે આવ્યાં. અમે તેમની સાક્ષીથી ઘણાં પ્રભાવિત થયાં અને અમે મોર્મોન ચર્ચમાં જવા લાગ્યાં. જ્યારે જ્યારે અમે દેવળમાં ના ગયાં હોઈએ ત્યારે તેમની મંડળીના માણસો અમારી મુલાકાતે આવતા અને નિયમિત દેવળમાં આવવા માટે ઉત્તેજન આપતા."

"આ બધું થોડી જ વારમાં બદલાવાનું હતું. મારા પતિનાં કાકી ભારતથી ઇંગ્લૅંડ આવેલાં. અને તેમણે અમારી સાથે રહેતા વાત કરેલી કે તેમણે સિસ્ટર ગુલશન વિષે સાંભળેલું.

ભારત પાછા ફરતાં પહેલાં તે તેમને સાંભળવા ઇચ્છતાં હતાં. મેં સિસ્ટર ગુલશનને અમારા ઘેર આવવાનું આમંત્રણ આપ્યું. પણ મારે એટલું બધું કામ હતું કે તેમને સાંભળવા ઘેર રહી નહિ. હું રોજના નિયમ મુજબ કામ પર ગઈ. એક દિવસ જ્યારે હું બહાર ખરીદી કરવા ગઈ ત્યારે હું સિસ્ટર ગુલશન અને સુસાનને મળી. તેમણે મને એક દિવસ બુધવારની સંગત મિટિંગમાં આવવા આમંત્રણ આપ્યું. બધાના ગયા પછી મેં સિસ્ટર ગુલશન સાથે મારી મોર્મોન માન્યતાઓ વિષે વાત કરી. તેમણે મને કહ્યું કે મોર્મોન લોકો પાકા ખ્રિસ્તીઓ નથી અને અમેરિકન પ્રકારના સુવાર્તિક ખ્રિસ્તીઓ પણ નથી. બલકે તેઓ એક નવી ધાર્મિક ચળવળમાં માનનારા છે, જેઓ ઈસુ ખ્રિસ્ત માટે ખાસ પ્રકારનું માન ધરાવે છે. પણ તે લોકોની માન્યતા અને વિશ્વાસ બાઇબલ પર નહિ પણ "બુક ઓફ મોર્મોન" પર આધારિત છે."

"પાછળથી મેં એમની ચોપડી "ચિરાયેલો પડદો" ખરીદી અને વાંચીને તેમની અસરકારક સાક્ષી જાણી. જે સત્યે મારા મનનો સૌથી વિશેષ કબજો લીધો. તે તો એ સત્ય હતું કે, ઈસુએ એવું વચન આપેલું છે, કે તે પાછા પૃથ્વી પર આવશે. આ પહેલાં ધાર્મિક સત્યો વિષે મેં કશો ઊંડો વિચાર મારી જાત માટે કર્યો ન હતો. મને જે કંઈ કહેવામાં આવતું હતું, તે હું માનતી હતી. પણ હવે હું જે બાબતો પહેલાં મારી સમજશક્તિથી પર માનતી હતી. તે હવે હું સમજવા લાગી હતી."

"મેં એ જાણ્યું કે ઈસુ જો અત્યારે જીવતા હોય તો જ તે આ પૃથ્વી પર પાછા આવી શકે. જીવતા ઈસુ મારી પ્રાર્થનાઓ સાંભળીને ઉત્તર આપે છે. પહેલી સદીના જે લોકોએ ઈસુનો સંદેશો સ્વીકાર્યો તેમનાં પાપ જેમ તેઓએ માફ કર્યાં, તેમ જ આજે પણ જીવતા ઈસુ મારા પાપ માફ કરવાને માટે

શક્તિમાન છે, જે અનંતજીવન અહીં અને હમણાં શરૂ થાય છે, તે આપવાનું વચન જીવતા ઈસુ આપી શકે છે, હું એ અનુમાન પર આવી કે તે ઈશ્વરનો પુત્ર હોવો જોઈએ. બીજું કોઈપણ ભૂતકાળમાં ભલેને ગમે તેટલું મહાન હોય, પણ તે મારે માટે આ જીવનમાં આવું કરી શકે નહિ. બીજાં બધા મરી ગયા છે. કેવળ તેમના સંદેશા જ રહ્યા છે. ઈસુ મૃત્યુ પામ્યા,પાછા ઊઠ્યા અને જીવતા છે. અહીં અને હમણાં મારો તેમની સાથે અંગત સંબંધ હોઈ શકે છે. સૌથી મહાન ભવિષ્યવેત્તાઓ કે શિક્ષકો મારે માટે કદી પણ બની શકે નહિ એવી રીતે તે ખરેખરા મારા તારનાર છે. એવી રીતે, હું જે એક અંધજનની માફક બીજાઓની દોરવણી પ્રમાણે ચાલતી હતી તે આ સત્યોથી જીતાઈ જઈને હતપ્રભ બની ગઈ. હવે મેં જાણ્યું કે કોનામાં મારે માનવું જોઈએ અને કોને મારું જીવન સોંપવું જોઈએ.''

''બાઇબલના જ્ઞાન માટે મારામાં ગજબની તરસ વિકસી રહી હતી. મારી નણંદે મારે માટે બાઇબલ ખરીદ્યું અને હું તે દરરોજ વાંચવા લાગી. જેમ જેમ હું સિસ્ટર ગુલશનના ચરણો પાસે બેસીને તેનો અર્થ હું સમજવા લાગી, તેમ તેમ તે અંગેની મારી સમજ ઊંડી થતી ગઈ. તેમને મારે માટે ઈશ્વરે મોકલેલો શિક્ષક તરીકે હું જોવા લાગી. તેમનો મેળાપ થયા પહેલાં હું એક ખોવાયેલા ઘેટા જેવી હતી, પણ ઇશ્વરની ઇચ્છા એવી હતી કે હું તેમના ટોળામાં હોઉં અને તેમણે સિસ્ટર ગુલશનનો મને અંદર બોલાવવામાં ઉપયોગ કર્યો. અને થોડા જ વખતમાં મેં પણ મારા તારનાર અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ભજન કરવાને સેંટ એન્ડ્રુઝ ચર્ચમાં જવાનું શરૂ કર્યું. એપ્રિલ ૧૯૯૦માં મેં જ્યારે બાપ્તિસ્મા લીધું ત્યારે મારે માટે એક નવા જીવનની શરૂઆત થઈ.''

આવી નિર્મળાના જેવી અંગત સાક્ષીઓથી મારું કામ

આગળ ધપાવવાનું મને ખૂબ ઉત્તેજન મળ્યું. એથી મને ઈસુના શબ્દોની ઊંડી સૂઝ પણ પ્રાપ્ત થઈ. જેમ કે "હું તમને કહું છું કે જ્યારે એક પાપી પસ્તાવો કરે છે ત્યારે આકાશના દૂતો પણ આનંદ કરે છે."

પાંચ વર્ષ ઉપર જ્યારે મારી સાક્ષી પ્રસિદ્ધ થઈ ત્યારે પ્રકાશકો તેને સફળ ગણતા હતા. આ દેશમાં તેની હજારો નકલો ખપી ગઈ તે ઉપરાંત તે બીજી સાત ભાષાઓમાં પ્રસિદ્ધ થઈ છે. મને એ માલૂમ પડ્યું કે વધારે લોકો તે વાંચતાં હતા અને મારા પ્રકાશકની મારફતે તેઓ મારી સાથે સંપર્ક કરવા ઇચ્છતા હતા. પરદેશના આમંત્રણો આવવાનાં ચાલુ જ હતાં. નવેમ્બર ૧૯૮૮માં મને હોલેન્ડના એક ફિલ્મ પ્રોડ્યુસર અને ડાયરેક્ટર મળ્યા, જે પાકિસ્તાનમાં ફિલ્મ બનાવવા માગતા હતા. એક કારણને લીધે હું આવાં બધાં આમંત્રણોનો અસ્વીકાર કરતી હતી. મારી પાસે મારો પાસપોર્ટ નહોતો. તે ઇંગ્લૅંડના ગૃહખાતાની ઓફિસમાં હતો.

માર્ચ ૧૯૮૯માં ગૃહખાતાની ઓફિસ તરફથી સ્પષ્ટ શબ્દોમાં સંદેશો મળ્યો, "તમે અહીંના રહેવાસી નથી. તમારે બે અઠવાડિયાંમાં પાકિસ્તાન પાછાં જવું જોઈએ." પત્રની સાથે એક ફોર્મ હતું. જેમાં અમુક નક્કી કરેલા પ્રશ્નો હતા. તમે અહીં એક સુવાર્તિક તરીકે કામ કરો છો? તમે એક પુસ્તક લખ્યું છે? તમે આમાંથી આવક મેળવો છો? તમે ખાનગી સારવાર લો છો કે પછી તમારા સામાન્ય ડૉક્ટર પાસેથી સારવાર લો છે? કોણ તમારી સંભાળ રાખે છે?.....

જો કે હું અંગ્રેજી શીખી રહી હતી, પણ આ બધા પ્રશ્નોનો યોગ્ય રીતે ઉત્તર આપવાની આવડત મને પ્રાપ્ત થઈ નહોતી. મારે મદદની જરૂર હતી. ભૂતકાળમાં હું અમારા એશિયન ચર્ચના પાસ્ટર પાસે ગઈ હોત. આ ક્ષેત્રમાં તેમણે ખાસ પ્રકારનું

કૌશલ્ય લીધું હતું અને જેઓ તેમની પાસે જતા તેમને મદદ કરવા માટે તે ગજા ઉપરાંતનો પ્રયત્ન પણ કરતા. પણ હવે હું તેમને પૂછી શકું તેમ નહોતું.

મારી સામાન્ય રીત પ્રમાણે તે પત્ર મેં ઈસુની આગળ રજૂ કર્યો, "પ્રભુ, મને મદદ કરો અને કોઈ એવા માણસ મને મેળવી આપો કે જે આ બધા પ્રશ્નોના જવાબ આપે અને મારો પાસપોર્ટ પાછો મેળવી આપે. પ્રભુ તમે ૧૯૮૫માં મારી નિર્બળ અવસ્થામાં મને અહીં આવવાનું કહ્યું અને હું તેને આધીન થઈ. મારી તબિયત દરરોજ સુધરતી જાય છે અને હું તમારી ભલાઈની સાક્ષી આપું છું. પછી આ દ્વાર બંધ થતું હોય એમ લાગે છે. ગૃહખાતું મને પાછી પાકિસ્તાન મોકલવા માગે છે તમે મારા વિશે બધું જાણો છો. કૃપા કરીને મને તમારી ઇચ્છા જણાવો." આવી પ્રાર્થના કરીને મેં તે પ્રશ્ન ઈસુ પર છોડી દીધો.

સુસાનનો જન્મદિવસ ૧૮મી માર્ચે આવતો હતો. અને હું તે ઉજવવા માગતી હતી. સુસાન તેનો વિરોધ કરતી હતી "મહેરબાની કરીને મારા જન્મદિવસની પંચાતમાં પડશો નહિ. એના કરતાં વધારે અગત્યના કામો આપણે કરવાનાં છે. જો તમને તમારો પાસપોર્ટ પાછો નહિ મળે, અને પેલા પ્રશ્નોના જવાબ તમે નહિ આપો તો તમને પાછાં પાકિસ્તાન જવું પડશે. તો પછી આ બધાનું શું થશે? પણ મેં તો નિશ્ચય કરી રાખ્યો હતો, "મેં તારો જન્મદિન ઉજવવાનું નક્કી કર્યું છે, પછી ભલે તે છેલ્લો હોય તોપણ" મેં પચાસ મહેમાનોને આમંત્રણ આપ્યું.

હું ધારતી હતી તેના કરતાં સુસાન ચિંતા કરતી હતી. તે દિવસે કામ પર જતી વખતે, કામના સ્થળે, અને કામ પરથી પાછા આવતી વખતે તે સતત પ્રાર્થના કરતી હતી. મારી

પ્રાર્થના ચાલુ જ હતી, "પ્રભુ, કોઈના પણ કરતાં તમે મારી સ્થિતિ વધારે સારી રીતે જાણો છો. તમે અંદરથી અને બહારથી મને ઓળખો છો. હું બીજાં કોઈને મદદ માટે પૂછવાની નથી. તમે મને મદદ કરો. બધું તમારા પર આધાર રાખે છે." એક આખા અઠવાડિયા સુધી મેં પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું. પછી એક રાત્રે હું મારા ખાટલામાં પડી હતી ત્યારે મારા મગજમાં ગોઆનું નામ આવ્યું. અને ઈસુએ મને કહ્યું, "ગોઆને મદદ કરવાનું કહે."

ગોઆ એક હિંદુ હતા. મને થયું કેવું વિચિત્ર કે ઈસુ મને મદદ કરવા માટે એક હિંદુનો ઉપયોગ કરે.

બીજી સવારે મેં સુસાનને પ્રાર્થનાનો ઉત્તર મળ્યાની વાત કરી. તરત જ તેણે તેના પિતાને ફોન કર્યો અને ગોઆનો ટેલિફોન નબંર માગ્યો. ગોઆ સુસાનના પિતાના મિત્ર હતા અને નિવૃત્ત શિક્ષક હતા. કંઈ આનાકાની વગર તેમણે જવાબ આપ્યો. તેજ સાંજે જ્યારે અમારી સંગત સભા મળેલી હતી, ત્યારે અમારા બારણા પર તેમના ટકોરા પડ્યા. અમે પ્રાર્થના કરતાં હતાં ત્યારે તેમણે ફોર્મ ભર્યું અને ખુલાસો કર્યો કે ફોર્મ વહેલું કેમ ભરાયું નહિ. સેન્ટ એન્ડ્રુઝ ચર્ચના જોન સામવેઝે તે સાથે એક પત્ર મોકલ્યો અને યુનાઈટેડ કિંગડમમાં કાયમી વસવાટ કરવાની મારી અરજીને તેમણે ટેકો આપ્યો.

બે દિવસ પછી ટપાલીએ અમારી ઘંટડી વગાડી. સુસાનને તરત ખબર પડી ગઈ કે તે શું છે. "તે પાસપોર્ટ હોવો જોઈએ." તેણે ઉત્તેજનાપૂર્વક કહ્યું, અને ડ્રેસિંગ ગાઉનમાં જ બારણું ઉઘાડવા દોડી. પણ ટપાલી તો એક કાર્ડ નાખીને બાજુના બારણે ગયો હતો. સુસાન તેની પાછળ દોડી.

"હા, તમે આવી ગયાં છો." તેણે આનંદથી કહ્યું, "તમારે માટે એક રજિસ્ટર્ડ પેકેટ છે." તેણે એક લાંબું ભૂખરા રંગનું

પરબિડીયું સુસાનને આપ્યું. અમારા પુષ્કળ આનંદ સહિત અમે જોયું કે તે મારો પાસપોર્ટ હતો, તે સાથે એક પત્ર હતો, તેમાં એમ જણાવ્યું હતું કે કાયમી નિવાસી થવા સારુ મારે અરજી કરવી. ૧૯૯૦માં હું બ્રિટિશ પાસપોર્ટ મારે અરજી કરી શક્તી હતી. મારે માટે આ ચમત્કાર હતો. હવે મારી સેવા માટે રસ્તો અચૂક ખૂલ્યો હતો. ઈસુએ તેમનું વચન પાળ્યું હતું. હવે તે જ્યાં કંઈ મને દોરી જાય ત્યાં વિશ્વાસુપણે મારે તેમનો સંદેશો લઈ જવાનો હતો.

બીજે જ દિવસે અમને જર્સી જવાનું આમંત્રણ મળ્યું. "મહેરબાની કરીને આવો અને અમારી મુલાકાત લો. અમારામાંનાં ઘણાંએ તમારું પુસ્તક વાંચ્યું છે. અને તમને મળવા આતુર છે." મેં ખુશીથી આ આમંત્રણ સ્વીકાર્યું. જે મારે માટે એક નવા તબક્કાની શરૂઆત કરતું હતું. ૧૦ જૂન ૧૯૮૯ને રોજ હું જહાજમાં ચઢી. આ પહેલાં હું આ પ્રકારના જહાજમાં ગઈ નહોતી. અને તેની અંદરની શોભા મને ગમી. તે એટલું બધું સુંદર અને સારા રાચરચીલાથી સુસજ્જ હતું. એક ઓરડીમાં માળવાળી પથારીમાં સૂવાનો આ મારો પ્રથમ અનુભવ હતો. અને ઉપરની પથારીમાં સૂવાની મારી હિંમત નહોતી. એટલે ખુશીથી મેં તે સુસાનને આપી.

તે રાત્રે પ્રવાસીઓથી જહાજ ચિક્કાર હતું અને મોડે સુધી અમે જાગતાં રહ્યાં. અને વહાણનો કઠેરો પકડીને દરિયા તરફ જોતાં અમે ઊભાં રહ્યાં. હું પૂરેપૂરી હળવાશ અનુભવતી હતી અને મારા બધા બોજ મારા પરથી ઉઠાવી લેવામાં આવ્યા હોય એમ મને લાગ્યું. આકાશ ખાસ સુંદર દેખાતું હતું. પેલા ભજનના શબ્દો મારા મનમાં તરવા લાગ્યા.

ઉપર આકાશ છે નાજુક ભૂરું,
દુનિયા આસપાસ છે લીલી બહુ,
જેમ જાણતી હતી તેમ આજેય જાણું,
કે તે છે મારો અને તેની હું.

હું પાણી તરફ જોઈને વિચારવા લાગી. જ્યારે ઈસુના શિષ્યો ગાલીલના સમુદ્ર પર એક હોડીમાં હતાં ત્યારે તે જેમ પાણી પર ચાલીને આવ્યા, તેમ તે મારી પાસે આવે તો કેવું? તો તે જરૂર અજાયબ બની રહે, પણ હું જાણતી હતી કે જો કે તે દેખાતા નથી. પણ તે હંમેશાં મારી સાથે છે.

આ મુસાફરી જ તેમની હાજરીની નિશાની છે. ઈસુએ કહ્યું, "પહેલાં તમે દેવનું રાજ્ય અને તેનું ન્યાયીપણું શોધો, અને આ બધી વસ્તુઓ પણ તમને આપવામાં આવશે." અને જ્યારે એમણે કહ્યું બધી જ વસ્તુઓ એટલે બધી જ. અહીં અમે હતાં, અને અમારી પાસે જીવવા પૂરતા જ પૈસા છે. પણ અમે સારાં વસ્ત્રોમાં મુસાફરી કરી રહ્યાં છીએ, કારણ કે ઈશ્વરે જર્સીમાંના તેમના લોકોની મારફતે અમારી બધી વ્યવસ્થા કરી હતી. હું આનંદ કરતી હતી કે સ્વર્ગમાં આથી વધારે અનુભવ અમારી રાહ જોઈ રહ્યા હતા. જ્યારે તે પોતે અમારા આનંદનું કાયમી મૂળ હશે. ખોરાક નહિ, વસ્ત્રો નહિ, પ્રવાસ નહિ, પણ તે આપણું બધું હશે, અને આપણા જીવ આપણામાં સંતોષ અનુભવશે. મને એ વાત સમજાઈ કે આપણે હમણાંથી જ તેની સાથે ચાલવાનું રાખીએ, એ માટે કે આપણી આ મુસાફરીના અંતે તે આપણને મળવાને માટે ત્યાં ઊભા હશે.

રવિવારે સવારે ૮ વાગ્યાના અરસામાં અમે જર્સી પહોંચ્યા. પાકિસ્તાની લેબાસમાં સજ્જ અમે બહુ લોકોનું ધ્યાન ખેંચી રહ્યા હતાં એમ અમને લાગ્યું. હવે હું લાકડી વગર ચાલી શકતી હતી. કોઈકે મને વ્હીલચેર લાવી આપવાની વાત કરી.

પણ મેં તે નકારી. જો કે હું બહુ ધીમેથી જ ચાલી શક્તી હતી. તે દરમિયાન બીજા બધા મુસાફર જહાજથી દરવાજા સુધી ઝડપથી ચાલીને પહોંચી ગયા હતા. અમારા મિત્રોએ અમને પાછળથી કહેલું કે બધાં આવી ગયાં પણ અમે ન દેખાયા. તેથી તેઓ બહુ ચિંતામાં પડી ગયા હતા. "દરેક જણ જતું રહ્યું છે. એ લોકો ક્યાં છે? શું તેઓ આવ્યાં નથી?" તેઓ એકબીજાને પૂછી રહ્યા હતા. પણ આખરે દૂરદૂર તેઓએ બે જણને ગોકળગાયની ગતિએ આવતાં જોયાં. તેઓ જે રીતે અમને મળ્યા, ભેટ્યા અને ચુંબન કર્યાં. તે પરથી તેઓએ 'હાશ' અનુભવી હતી તે દેખાતું હતું. આ પ્રકારના ફ્રેન્ચ મિલનથી હું જરા હેબતાઈ ગઈ હતી. એટલું તો મારે ઓછામાં ઓછું કહેવું જોઈએ. મને થયું કે પડદાના એ જમાનાથી હું કેટલી આગળ નીકળી ગઈ છું.

રોબર્ટ, જેમણે અમને આમંત્ર્યાં હતાં તે બંદરના અધિકારી હતાં, અને તે ફરજ પર હતા. તેમના મિત્ર જુલિયન જે એક નિવૃત્ત ન્યાયાધીશ હતા, તે અમને રોબર્ટના ઘેર લઈ ગયા. તેમનું ઘર સુંદર ગ્રામપ્રદેશમાં આવેલું હતું. રોબર્ટની પત્ની અને બાળકોએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું. "તમે ખ્રિસ્તમાં અમારાં બહેન છો," તેઓ પણ અમને ભેટતાં બોલ્યાં. તદ્દન અજાણ્યા લોકોમાં બહેન તરીકે આવકાર પામવો એ એક નવો અજાયબ અનુભવ હતો. અને તેણે મારી એ માન્યતાને વધારે સબળ બનાવી, કે ઈશ્વરના નવા કુટુંબમાં કોઈ પડદો આપણને એકબીજાથી છુપાવી શકે નહિ. જ્યારે રોબર્ટ ઘરે આવ્યા ત્યારે અમારું નવું કુટુંબ પૂરેપૂરું બન્યું.

સેન્ટ જોન્સ ચર્ચમાં મારે સાંજે ૬-૩૦ મિનિટે બોલવાનું ઠરાવેલું હતું. ટૂંકી ઓળખાણ આપ્યા બાદ સુસાન અને હું પૂલપિટમાં ગયાં. ભાષાનો અવરોધ જો ક્યાંય નડવાનો હોય તો

તે આ જગા હતી. પણ એવો કોઈ અવરોધ નડ્યો નહિ. સુસાને મારે માટે ભાષાંતર કર્યું. અને ફ્રેન્ચ બોલતા શ્રોતાગણ તે સમજતો હતો. કેટલાક વિદ્યાર્થીઓ જે ત્યાં હાજર હતા તેમણે મને પૂછ્યું કે મને મારા કુંટુબની ખોટ સાલતી હશે. મેં વિશ્વાસુપણે જવાબ આપ્યો, "કેટલીક વાર જરૂર મને તેમની ખોટ સાલે છે. પણ ઈસુએ મને આપેલા નવા કુટુંબમા હું છું."

અને જર્સીના આ ભાઈબહેનો કેવું કુટુંબ બની ગયાં! દરરોજ તેઓ અમને મોટરમાં તે ટાપુ પરનું કોઈ સૌંદર્યધામ જોવા લઈ જતાં. સૂરજ જોમથી પ્રકાશતો હતો, અને હવામાન આહ્‌લાદક હતું. મારી તબિયત ઘણી સુધરી. ૧૯૮૫માં હું પાકિસ્તાનથી આવી ત્યારપછી હું અત્યારે સારામાં સારી રીતે ચાલી શક્તી હતી. બીજા રવિવારે મેં બીજી એક મંડળીમાં અને બહેનોની એક સભામાં મારી સાક્ષી આપી. દરેક જગાએ ઈશ્વરની ભલાઈના અનુભવો વિષે વાત કરતાં કેટલો બધો આનંદ થતો હતો.

જર્સીમાં ગજબનું એક અઠવાડિયું ગાળીને સુસાન અને હું ઓક્સફર્ડ પાછાં ફર્યાં. મારે માટે બીજાં દ્વાર ખૂલવા લાગ્યાં. નિવૃત્ત ન્યાયાધીશ જુલિયન બ્રિટનીમાં રહેતા હતા. અને ત્યાંથી આમંત્રણ આવ્યું. ફ્રાન્સની અમારી પ્રથમ મુસાફરીએ ઉપડતાં અમે સવારે ૮ વાગ્યાથી બસ પકડી. જુલિયન તેમની પત્ની, અને તેમના બે મિત્રોએ અમારો આવકાર કર્યો, આ વખતે જુલિયને જ્યારે અમને બીજા મુસાફરો સાથે ન જોયાં ત્યારે તેમણે ચિંતા કરી નહિ. શાની અપેક્ષા રાખવી તે તે જાણતા હતા. અને પરિણામે તેઓએ અમને બધાની પાછળ પરાણે રસ્તો કાપતાં જોયાં. ફ્રેન્ચ સત્તાવાળાઓએ અમારી મુલાકાતના પ્રકાર વષે થોડાક પ્રશ્નો પૂછ્યા બાદ અમે જુલિયનના ઘેર જવા નીકળ્યા.

આગળ જતાં તેમના એક મિત્રના ઘેર અમે ચા પીવા રોકાયા. તેમના સોળ વરસના દીકરાએ મારી ચોપડી વાંચી હતી. તે મને મળતાં ખૂબ ખુશ થયો. "જ્યારે સોમવારે હું સ્કૂલમાં જઈશ ત્યારે હું મારા મિત્રોને કહીશ કે "ચિરાયેલો પડદો" તેમાં જે બહેનની વાત આવે છે, તેમને હું મળ્યો છું." તેણે કહ્યું, ત્રણ કલાક પછી અમે જુલિયનના ઘેર આવી પહોંચ્યા. તે એક મોટું છ શયનખંડનું મકાન હતું. સુસાન અને મને અલગ અલગ કમરા આપવામાં આવ્યા હતા, અને રાતની સરસ ઊંઘ લીધા પછી અમે જુલિયનના મોટા કુટુંબને મળ્યાં. તેમાં દસ બાળકો અને બીજાં બાકીનાં બાળકોનાં બાળકો હતાં.

સવારે ૧૧ વાગે પેન્ટીકોસ્ટલ ચર્ચની ભજનસેવામાં, સુસાને મારા ઉર્દૂનું ભાષાંતર અંગ્રેજીમાં કર્યું, અને જુલિયન તથા બીજા એક ફ્રેન્ચ ભાઈએ ફ્રેન્ચમાં ભાષાંતર કર્યું. આ પહેલવહેલી વખતે મારા પ્રવચનનું બે ભાષામાં ભાષાંતર કરવામાં આવ્યું. પણ મારા શ્રોતાઓ કેટલા ધીરજવાળા હતા તેઓ હાલ્યા ચાલ્યા વગર શાંત બેઠા હતા. સિવાય કે વચ્ચે કોઈ ઈશ્વરની સ્તુતિ કરો એવું બોલી ઊઠતાં. સભા ચાર કલાક ચાલી. કદાચ તે લોકો લાંબી ભજનસેવાથી ટેવાયેલા હતા. પેન્ટીકોસ્ટલ ખ્રિસ્તીઓ કદી ઘરે જવાની ઉતાવળમાં હોતા નથી.

ભજનસેવા બાદ અમને પાસ્ટરના ઘેર લઈ જવામાં આવ્યાં. તે એક વિશાળ ઘરમાં રહેતા હતા, જ્યાં ઠેકઠેકાણે સુંદર આયના અને છોડ મૂકેલા હતા. તેઓને બાળક નહોતું. પાસ્ટર તેમનો મોટા ભાગનો સમય તેમની પથારીમાં કાઢતાં હતા, કારણ કે તેમની આંખોના પાછળના ભાગમાં કેન્સર થયું હતું. અને તે હવે ઝાઝું જીવવાના નહોતા. એમ કહેવામાં આવ્યું હતું. તે ભડકી ગયા હતા અને મરવા ઇચ્છતા નહોતા. મને તેમના માટે દિલગીરી ઊપજી. તે એક એવા સ્થાને હતા કે જ્યાંથી તેમણે અનંતજીવનની આશા વડે તેમના લોકોને

દિલાસો આપવાનો હતો, અને છતાં તેમના પોતાના મરણની ભડક પેસી ગઈ હતી, તે ખરેખર તેમને માટે ઘણી મુશ્કેલ બાબત બની ગઈ હતી.

જુલિયનની મારફતે મેં તેમને દિલાસો આપવાનો પ્રયત્ન કર્યો. યોહાન ૧૪:૨-૩માં આપેલાં ઈસુના શબ્દો મેં તેમને યાદ દેવડાવ્યા.

"મારા બાપના ઘરમાં રહેવાના ઠેકાણાં ઘણાં છે. નહિ તો હું તમને કહેત, કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું જઈને તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ. જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો."

પછી મેં તેમને કહ્યું, "સ્વર્ગમાં એક સુંદર ઘર તમારી રાહ જુએ છે. તમે કેમ બીહો છો? તમારું જીવન ઈસુના હાથમાં છે. ડૉક્ટરના હાથમાં નહિ. વૈદકીય ડૉક્ટરો તમારું શરીર તપાસીને એ જુએ છે કે તે બરાબર કામ કરે છે કે નહિ. અને જો તે બરાબર કામ ન કરતું હોય તો તમને દવા આપીને મદદ કરે છે. તમારા જીવન પર ઈસુનો કાબૂ છે. તે તમારા સાચા ડૉક્ટર છે. તમારી જાતને તેમના હાથમાં મૂકો. બીહો નહિ. કેટલીક વાર ઈસુ વૈદકીય મદદનો અસ્વીકાર કરે છે. તમારા પ્રશ્નનો ઉત્તર તેમની પાસે માગો. મારી તરફ જુઓ. ૧૯૮૪ના સપ્ટેમ્બરની ૧લી તારીખે રાત્રે મને લકવાનો હુમલો થયો. અને હું હોસ્પિટલમાં જઈ શકી નહિ. કેમ કે ધોધમાર વરસાદ પડતો હતો. હું લગભગ મરી રહી હતી, અને ડૉક્ટરે કહ્યું કે મારા સાજા થવાની ઝાઝી આશા નહોતી. અત્યારે હું ચાલું છું અને દરરોજ તેમાં સુધારો થાય છે. મેં બધું ઈસુના હાથમાં મૂક્યું છે. તે મારા જીવન પર કાબૂ ધરાવે છે. તમે પાસ્ટર છો અને લોકોને ઉપદેશ કરો છો. તમે બીજાઓને આપી શકો તે પહેલાં તમારો વિશ્વાસ ઈસુ ખ્રિસ્તમાં હોવો જોઈએ. તમારું હૃદય ખોલો અને ઈસુ અંદર આવશે. જો ઈસુની

ઇચ્છા હોય તો તેમના સાજા કરવાના પરાક્રમ આગળ તમારું કેન્સર કંઈ નથી. પણ જો ઈસુની ઇચ્છા એવી હોય કે તમારું મૃત્યુ થાય તો સ્વર્ગમાં તમારે સારુ વધારે સારું ઘર છે. પૃથ્વી પરની માલમિલકત વિષે એટલી બધી ચિંતા ના કરો જો ઈશ્વર તમને બોલવાવવાનો હોય તો તે તમારા કુટુંબની સંભાળ રાખશે, તેના પર ભરોસો રાખો. તમે તૈયાર છો? જો તમે તૈયાર હો તો હું તમારે માટે પ્રાર્થના કરું. તમારી ઇચ્છા હોય એટલો સમય લો."

હું જે કહેતી હતી તે જુલિયને તેમને સમજાવ્યું. પાસ્ટરે કહ્યું કે તે પ્રાર્થના માટે તૈયાર હતા. અમે તેમના ત્યાંથી નીકળીએ તે પહેલાં તેમણે કહ્યું કે તેમની બીક જતી રહી હતી અને તેમના મનમાં શાંતિ હતી. તેમણે તેમનો બોજ ઈસુ પર નાખ્યો હતો. જેમણે આપણને વચન આપ્યું છે કે જ્યારે આપણે તમની ઝૂંસરી પોતા પર લઈએ છીએ અને તેમની પાસે શીખીએ છીએ ત્યારે આપણે આપણા જીવમાં વિસામો પામીએ છીએ. (માત્થી ૧૧:૨૯).

આ લખી રહી છું ત્યારે પાસ્ટર જીવતા છે અને તેમને સારું થઈ ગયું છે.

ત્રણ દિવસ જુલિયન સાથે રહ્યા પછી અમે ત્યાંની સ્થાનિક હોસ્પિટલના નર્સિંગ મેનેજરની સાથે રહેવા માટે સેંટ મેલો ગયાં. તેમનું ઘર ટેકરીના ઢોળાવ પર દરિયો દેખાય એવી રીતે આવેલું હતું. ત્યાંનું કુદરતી દશ્ય ભવ્ય હતું. જો કે તેમના દરવાજે પહોંચતા ૧૭ પગથિયાં ચઢવાં પડતાં હતાં. પણ ત્યાંથી જે વિસ્તૃત દશ્યો નજરે પડતાં હતાં. તે જોતાં લીધેલી તકલીફ વસૂલ હતી.

જુલિયનના મિત્ર, ફ્રાન્સિસ, કુંવારા હતા અને તેમની મા અને બે ભત્રીજીઓ સાથે રહેતા હતા. તે વિસ્તાર સારી માછલી માટે પ્રખ્યાત હતો, અને તેમની મા અમારે માટે માછલીની જે વાનગીઓ બનાવતાં હતાં તેની મઝા અમે માણી. જોકે

ત્યાંનાં દશ્યો દિલધડક હતાં. પણ સર્પાકારે જતા રસ્તા પરની ઝડપી મુસાફરી એટલી બધી આનંદપ્રદ નહોતી.

સેંટ મેલોથી અમે ટ્રેન મારફતે પેરિસ ગયાં. લેના નામનાં એક અલ્જિરિયન મુસ્લિમ બહેને મારું પુસ્તક વાંચ્યું હતું અને તે મને મળવા માગતાં હતાં. તે અપંગ હતાં. અને જુલિયને તેમને વચન આપ્યું હતું કે હું જ્યારે બ્રિટની આવીશ ત્યારે તેમની મુલાકાત લઈશ. ત્રણ વર્ષ પહેલા જ્યારે લેનાનાં મા અને બહેને મારું પુસ્તક વાંચ્યું હતું ત્યારે તેઓ ખ્રિસ્તી બન્યાં હતાં. જ્યારે અમે આવી પહોંચ્યા ત્યારે અમે જોયું કે તે બહેને તેમના કેટલાક સગાંને આમંત્રણ આપ્યું હતું અને તે એવી આશા રાખતાં હતાં કે મારી સાક્ષી અને સંદેશાથી તેઓ પર અસર થાય. ત્રણ સાંજે સળંગ અમે હાઉસ મિટિંગ કરી. બે સાંજે અમે પેન્ટીકોસ્ટલ ચર્ચ ઓફ ગૉડમાં સભાઓ કરી, અને જુલિયન ભાષાંતર કરતા હતા.

લેના અને તેમની બહેને અમને પેરિસમાં ફેરવ્યા અને તે ઐતિહાસિક અને રસિક શહેરની ઝાંખી કરાવી. આ પ્રખ્યાત શહેરની અમારી પ્રથમ મુલાકાતની યાદ અપાવવા અમે એફિલ ટાવરની એક પ્રતિકૃતિ ખરીદવાનું રોકી શક્યા નહિ.

આમ અમે ઓક્સફર્ડ પાછાં આવ્યાં ત્યારે અમારી ક્ષિતિજ વિસ્તૃત થઈ હતી. અને જે ઈશ્વરે અમને આ તક આપી હતી તેમની ભલાઈમાં આનંદ કરતાં અમે તેમના આશીર્વાદો ગણતાં હતાં. કેમ કે સામાન્ય સંજોગોમાં અમને તેમનું સુંદર સર્જન વધારે પ્રમાણમાં નિરખવાને માટે આવી તક કદી ન મળી હોત.

માર્ચ ૧૯૯૦માં અમારી ટપાલપેટીમાં એક પત્ર નાખવામાં આવ્યો હતો. જ્યારે મેં તે ખોલીને જોયું તો તે ડિસેમ્બર ૧૯૮૯માં માર્સેલ્સમાં લખાયો હતો. અને ત્યાંથી જ ટપાલમાં નાખવામાં આવ્યો હતો. ટપાલીએ ભૂલથી તે પત્ર અમારા પાડોશીની ટપાલપેટીમાં નાખ્યો હતો, અને તે બે મહિનાથી હોસ્પિટલમાં હતા. એમાં નવાઈ પામવા જેવું નથી કે જ્યારે

મારાં અંગ્રેજીના શિક્ષકા જેને ફ્રેન્કોયને ફોન કર્યો ત્યારે તેમણે કહ્યું કે તેમને માઠું લાગ્યું હતું કે તેમના પત્રની અવગણના કરવામાં આવી હતી અને તેઓ નિરાશ થઈ ગયા હતા. તેમાં તેમણે મને વિનંતી કરી હતી "આવો અને અમારી મુલાકાત લો. મારી મંડળીમાનાં ઘણાએ તમારું પુસ્તક વાંચ્યું છે અને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની સેવામાં જોડાવા માટે તેમને પ્રેરણા મળી છે."

ફ્રેન્કોય કુંવારા હતા, અને બ્રધરન મિશન તરફથી જે ચાર કેન્દ્રો ચાલતાં હતાં તેની જવાબદારી તે સંભાળતા હતા. જ્યારે મેં કહ્યું, કે માર્સેલસમાં તેની અને તેમની મંડળીની મુલાકાત લેતાં મને આનંદ થશે, ત્યારે તે બહુ રાજી થયા. જો કે મેં તેમને ખુલાસો કર્યો, કે મારો કાર્યક્રમ ઘણો ભરચક હતો, અને તેથી હું તરત આવી શકું તેમ નથી. વધારે અગત્યની વાત એ હતી કે આ વિષય પર મારે ઈસુની ઇચ્છા જાણવાની હતી, કારણ કે તેમની ઇચ્છા મારે માટે ત્યાં જવાની છે, તે જાણ્યા સિવાય હું ક્યાંય જતી નથી. તેમની મંડળીના સભ્યો તરફથી મને આમંત્રણ આપતા કેટલાય કાગળ મળ્યા પણ અમે એ બાબત પર સંમત થયાં કે પ્રભુના જવાબની રાહ જોવી.

તે જવાબ મને જૂન ૧૯૯૦માં મળ્યો. ફ્રેન્કોયની મંડળીએ મને બે ટિકિટો અને ભલામણપત્ર મોકલ્યો. વિઝા મેળવવાના મારા બે પ્રયત્નો નિષ્ફળ ગયા. પહેલી વાર હું ફ્રેન્ચ એલચીકચેરીએ ગઈ, ત્યારે ત્યાંના એલચીબહેનને મારા પત્રોની વિગતોથી સંતોષ થયો નહિ, અને બેંકમાં મારી કેટલી સિલક છે તે જાણવા માગ્યું. તે પછીના અઠવાડિયે જ્યારે અમે ફરીથી ગયાં ત્યારે અમારી પાસે સુસાન અને જેઈનની સિલકના આંકડા હતા. તોપણ ફરીથી તેમણે મને વિઝા આપવાની ના પાડી અને મારા પ્રકાશકનું નિવેદન માગ્યું. તે જ દિવસે હું ફ્રેન્ચ એરલાઈન્સની ઓફિસે ગઈ અને ફ્રેન્કોયની મંડળીએ મોકલેલી બે ટિકિટ પર બે સીટ રીઝર્વ કરાવી.

જેઈનને તો આંચકો લાગ્યો. "આ બધું ખોટું છે. તમે વિઝા વિના જઈ શક્તાં નથી. તમને પાછાં કાઢશે." જ્યારે તે શનિવારે સવારે જેઈન અને તેના પતિ સુસાન અને મને તેમની મોટરમાં હીથરો એરપોર્ટ પર મૂકવા આવ્યાં ત્યારે તેઓ અમારે માટે ખૂબ ચિંતામાં હતાં. તેમની અપેક્ષા પ્રમાણે અમે વળતા ઉડ્ડયનમાં પાછાં આવવાનાં હતાં. સુસાન પણ ચિંતામાં હતી. આપણી પાસે આમંત્રણ મોકલનારના ફોટોગ્રાફ નથી. માર્સેલસમાં શું થશે? જ્યારે અમે એરપોર્ટ છોડ્યું તે પહેલાં જેઈને સુસાનને કહ્યું હતું, "તમે માર્સેલસ પહોંચ્યો ત્યારે, ભલે ગમે તેટલું મોડું થયું હોય પણ ફોન કરજો. હું ત્યાં સુધી ઊંઘીશ નહિ."

તેની ચિંતાથી હું ખરેખર પ્રભાવિત થઈ. પણ હું મારા અંતરમાં જાણતી હતી કે જે કોઈ પ્રશ્ન ઊભો થશે તેનો ઉકેલ મળી રહેશે. હું શાંત રહી અને ફ્રેંચ વિમાનમાં મઝેથી બેઠી. આ પહેલાં હું કદી નાના વિમાનમાં બેઠી ન હતી. પાકિસ્તાનથી આવતાં કે પાછા જતાં હું જંબો જેટમાં બેસતી હતી. તેના કરતાં આ વિમાન વધારે સરસ લાગ્યું.

માર્સેલ્સ આવ્યું એટલે દરેક જણ ઝડપથી પાસપોર્ટ કંટ્રોલ સેન્ટરમાં પહોંચી ગયું. જેઓની પાસે બ્રિટિશ અને ફ્રેન્ચ પાસપોર્ટ હતા તેઓનું કામ સહેલાઈથી પતી ગયું. જ્યારે સુસાન અને હું ત્યાં પહોંચ્યા તે પહેલાં બધાં જોતાં રહ્યા, અને કેવળ પોલિસના બે માણસો અને એક ઇમીગ્રેશન ઓફિસર ત્યાં હતાં. સુસાને તેના બ્રિટિશ પાસપોર્ટથી બધું સહેલાઈથી પતાવી દીધું. પણ હું એકલી ત્યાં ઊભી હતી. જ્યારે મેં મારો પાકિસ્તાની પાસપોર્ટ આપ્યો ત્યારે ઓફિસરે આશ્ચર્ય વ્યક્ત કર્યું કારણ કે તેની પર વિઝાનો સ્ટેમ્પ મારેલો નહોતો. "તમારો વિઝા ક્યાં છે?" તેણે સત્તાપૂર્વક જાણવા માગ્યું. ત્યાં ભારે ગૂંચવાડો પેદા થયો. સુસાને અંગ્રેજીમાં ખુલાસો આપવાનો પ્રયત્ન કર્યો. હું ઉર્દૂ બોલતી હતી. તે કેવળ ફ્રેન્ચ બોલતો હતો.

અને તેણે "મહેરબાની કરીને અંગ્રેજી નહિ" એમ કહેવાનું ચાલુ રાખ્યું.

આખરે તે બે ત્રણ જણ જેમને અંગ્રેજી આવડતું હતું તેમને લઈ આવ્યો. બહાર અમે ફ્રેન્કોય અને બીજા બે ત્રણ જણને અમારાં નામ "સુસાન અને સિસ્ટર ગુલશન" ઊંચા ધરીને ઊભેલાં જોતાં હતાં. તેઓ વિમાસણમાં પડેલા દેખાતા હતા અને વિચારતા હતા કે આ શું થઈ રહ્યું છે. પંદર મિનિટ પછી તે ઓફિસરે મને કહ્યું, "મારી પાછળ આવો." તે મને તેમની ઓફિસમાં લઈ ગયો. ત્યાંની ઇમીગ્રેશનવાળી બહેન અંગ્રેજી સમજતી હતી અને સુસાને તેને અમારી મુલાકાતનું કારણ કહ્યું. અને ફ્રેન્કોય તરફથી આપેલું આમંત્રણ અને બીજાઓએ લખેલા પત્રો બતાવ્યા. તેઓએ ફ્રેન્કોયને અંદર બોલાવ્યો. થોડી જ મિનિટોમાં મને બે અઠવાડિયા માટે માર્સેલ્સમાં રહેવાની પરવાનગી આપી. પહેલાં બનેલી બાબતનું અહીં પણ પુનરાવર્તન થયું. ઈસુ પરનો મારો વિશ્વાસ પાયા વિનાનો નહોતો. ઈશ્વરનો આભાર!

ફ્રેન્કોયનું ઘર અને તેમના બાપા અને માનું ઘર એક ટેકરી પર અડી અડીને આવેલાં હતાં. ત્યાં ચારે કોર સુંદર કુદરતી દૃશ્ય નજરે પડતું હતું. ઘરની પછવાડે ટેકરીઓ અને પહાડો હતા. સુસાન માટે પહાડોની મુલાકાત પ્રથમ વારની હતી. અને તેને આનંદની ધ્રુજારી આવી ગઈ. અમને બંનેને ભોંયતળિયે અલગ અલગ સ્વતંત્ર વ્યવસ્થાવાળા કમરા આપવામાં આવ્યા હતા. દર સવારે ફ્રેન્કોયની મા અમને મળીને ચુંબન કરતાં. તેમને દરેક જણ વહાલમાં "મામા" કહેતું. મોટર ચલાવવાનું મોટા ભાગનું કામ ફ્રેન્કોયના પિતા કરતા. તેમની પાસે ત્રણ મોટર હતી, અને તે તે બહુ ઝડપથી ચલાવતા હતા. મારે માટે ઠરાવેલી સભાઓમાં તે અમને લઈ જતા અને દરેક વખતે મારા હોઠ પર સહીસલામતીની પ્રાર્થના આવી જતી!

સભાઓની વચ્ચે અમને ગ્રામપ્રદેશમાં લઈ જવામાં આવતાં, જ્યાં શાનદાર સૂર્યપ્રકાશમાં શોભતા સુંદર ફળઝાડો અને ફૂલોનું દશ્ય અમને અનેરો આનંદ આપતું. ઈશ્વરની સૃષ્ટિ તેની સંપૂર્ણ શોભામાં અમારો આવકાર કરતી હતી. એક અનુભવને મેં મારા હૃદયમાં સૌથી વધારે સંઘરી રાખ્યો છે. હું એકલી મારી જાતે ટેકરીઓ પર જતી અને ત્યાં કોઈપણ જાતની હરકત વિના પ્રાર્થનામાં સમય ગાળતી, ઈસુ પોતે બે હજાર વર્ષ પહેલાં જે કરતા હતા, તે પ્રમાણે કરી શકવાને માટે હું મારી જાતને સાચે જ ધનભાગ્ય માનતી હતી. કુટુંબના બે કૂતરાના કોઈ વાર ભસવાના અવાજ સિવાય, આખું વાતાવરણ શાંતિમય હતું. ટપાલી દિવસમાં કેવળ એક જ વાર આવતો, હવામાન ઉત્તમ હતું. બધું એવી રીતે ગોઠવાયેલું હતું કે જે વડે મારી આત્મિક વૃદ્ધિ થાય રાત્રે જ્યારે હું ચાંદતારા નીચે ચાલતી ત્યારે જાણે કે હું પાકિસ્તાનમાં અમારા સુંદર બગીચામાં ચાલતી હોઉં એવું મને લાગતું હતું.

પ્રાર્થના અને શાસ્ત્રાભ્યાસની સભાઓમાં અમારો સમય જતો, અને પ્રથમ વાર મારી સાક્ષી સાંભળીને ઘણાંએ પ્રભુ ઈસુંને પોતાના પ્રભુ અને તારનાર તરીકે સ્વીકાર્યા. બે વખત મેં રેડિયો પર પ્રવચન આપ્યાં, એક વાર રોમન કેથોલિક રેડિયો પર અને બીજી વાર અરેબિક રેડિયો પર. એક દિવસ ખ્રિસ્તી સાહિત્ય વેચતી દુકાને, મારા પુસ્તકમાં હસ્તાક્ષર કરતા મેં બે કલાક કાઢ્યા. એટલા ટૂંકા સમયમાં મારી ચોપડીની એક સો નકલ વેચાઈ ગઈ.

માર્સેલ્સના અમારા મિત્રોની ફરી મુલાકાત લેવાનું ખુલ્લું આમંત્રણ લઈને, સુસાન અને હું પાછાં ઇંગ્લૅંડ આવી ગયાં. ત્યાર પછી કેટલાંક અમને ઓક્સફર્ડમાં રૂબરૂ મળી ગયાં. અમારી વચ્ચે ઉષ્મા અને આનંદભરી મૈત્રી વિકસી છે. અમારા પોતાના ઘરમાં મિત્રોની આગતાસ્વાગતા કરતાં અમને સારું લાગતું હતું. જ્યારે જ્યારે અમે પરદેશથી પાછાં ફરીએ છીએ

ત્યારે, "હાશ પાછા ઘેર આવી ગયાં" એવો ભાવ અનુભવતાં હંમેશાં હૃદયથી આભાર માનું છું. કદાપી એ વિચિત્ર લાગે, અને ઘણાને નવાઈ પણ ઊપજે પણ ઇંગ્લૅંડ હવે મને ઘર જેવું લાગવા માંડ્યું છે. જ્યારે ત્રીજી વાર મેં પાકિસ્તાનની વિદાય લીધી ત્યારે આવી લાગણી મારાથી દૂર લાગતી હતી.

મને યાદ આવે છે કે મને લકવો થયા પછી પાકિસ્તાનમાં જ હંમેશને માટે સ્થિર થવાનું અને મારી દીકરીઓ અને દીકરા સાથે રહીને નવે નામે જીવન ઘડવાનું કેટલું મોટું પરીક્ષણ મને આવ્યું હતું. "માજી, તમારે પાછાં જવું જ પડે એમ છે? અહીં અમારી સાથે કેમ રહેતાં નથી? અમે તમારી સંભાળ રાખીશું. તમને ચાહનાર લોકોની સાથે તમે અહીં છો. આપણે એકબીજા સાથે કેવાં અસહમત થઈએ છીએ તેનો વાંધો નહિ, પણ આપણે એકબીજા પર પ્રેમ રાખીએ છીએ ત્યાં લોકો તમારા વિષે શંકા કરે છે. અમારા જેવો પ્રેમ તેઓ કરી શકતાં નથી." આવી દલીલો તેઓ મારી સાથે કરતાં હતાં.

પ્રેમનું આવું ઊંડાણ, ભીતરમાં સંઘરી રાખેલાં સંસ્મરણોને જાગૃત કરતા પક્ષીઓ અને પ્રાણીઓના અવાજની પરિચિત પરિસ્થિતિની સુરક્ષાની લાગણી, ગરમ પ્રદેશનાં રસદાર ફળોનો સ્વાદ, આ બધું મારી સામે બળવો કરીને મને એવું વિચારવાનું કહેતાં હતાં. કે પાકિસ્તાન મારો દેશ છે, અને મારે અહીં રહેવું જોઈએ. જ્યારે સજ્જડ રીતે લંગર નાખીને આપણે સ્થિર થયાં હોઈએ છીએ. ત્યારે આપણાંમાંના દરેકમાં ઊંડે ઊંડે પડેલી ભાવના કે કોઈ આપણા માલિક છે તે આપણામાં એવી શાંતિ ઉત્પન્ન કરે છે, કે જે આપણા માનવી જીવનના કરુણતા ભરેલા પવનોથી ઊભા થતાં ઘણાં તોફાનોનો સામનો કરી શકે છે. પણ જ્યારે તે લંગર ઉપાડવામાં આવે છે, ત્યારે આપણે અશાંત બનીને જોખમમાં આવી પડ્યાં હોઈએ એમ લાગે છે. જ્યારે ત્રીજી વાર મેં પાકિસ્તાન છોડ્યું ત્યારે થોડા સમય માટે મને કંઈક એવું લાગ્યું હતું. પણ હવે મારે માટે એક નવું લંગર

ઘડાઈ રહ્યું છે, પણ તે સાથે પાયાનું એ જ્ઞાન ત્યાં પડેલું છે કે આ દુનિયામાં હું એક યાત્રિક છું.

જ્યારે હું મારા ગતજીવનનાં ૨૦ વરસો વિષે વિચારું છું ત્યાર મને એમ લાગે છે કે હું જીવનના એક એવા તબક્કે પહોંચી છું કે હું પણ સંત પાઉલની માફક એમ કહું છું કે દેહમાંથી નીકળવાની તથા ખ્રિસ્તની સાથે રહેવાની મારી ઇચ્છા છે, કેમ કે તે ઘણે દરજ્જે વધારે સારું છે, પણ મારે દેહમાં રહેવું તમારી ખાતર વધારે અગત્યનું છે" (ફિલિપી ૧:૨૩, ૨૪).

મારે અહીં આ જીવનમાં રહેવું જરૂરી છે કે નહિ, તે નક્કી કરવાનું કામ મારા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું છે. જાન્યુઆરી ૧૯૭૧માં જ્યારે ઈસુએ મને સાજી કરી અને તેમના તારણ પમાડનારા પરાક્રમની સાક્ષી આપવાનું કહ્યું ત્યારથી મારું જીવન જ્યાં હોવું જોઈએ ત્યાં - એટલે કે તેમના હાથમાં છે. ૧૯ વર્ષ સુધી અપંગ, અને ૨૦ વર્ષથી જાણીતાં અને અજાણ્યાં ઘણાં સ્થળોમાં, ઘણી રીતે હાલતો-ચાલતો ચમત્કાર એવી મેં તેમનો સંદેશો પહોંચાડ્યો છે અને મારી સર્વ અપેક્ષા કરતાં વિશાળ એવું ખ્રિસ્તી કુટુંબ મને મળ્યું છે. મને મળેલા ઘણા લોકોને હવે પછી હું કદી મળવાની નથી પણ હું જાણું છું, અને તેઓ પણ જાણે છે કે, એક દિવસ આપણે પેલા કિનારે વધારે પ્રકાશમાં મળીશું, જ્યારે જેના પર આપણે પ્રેમ કર્યો છે તે ઈસુને મ્હોઢામોંઢ જોઈશું. ત્યારે રાજ્યાસનની આગળ ઊભેલા અસંખ્ય માણસોના સમુદાયમાં આપણે ભળી જઈશું અને પોકારીશું, "તારણ રાજ્યાસન પર બિરાજમાન આપણાં દેવનું તથા હલવાનનું છે" દૂતો જ્યારે દેવનું ભજન કરતાં ઊંધા પડશે ત્યારે આપણે તેમને આમ કહેતા સાંભળીશું, "આશીર્વાદ અને મહિમા, અને જ્ઞાન અને સ્તુતિ, અને માન અને પરાક્રમ આપણા દેવનાં, સદા સર્વકાળ સુધી હોજો. આમેન."

જાન્યુઆરી ૧૯૯૧.

❖ ❖ ❖

GUJARAT CHRISTIAN LITERATURE BOARD 1852

ગુજરાત ટ્રેક્ટ એન્ડ બુક સોસાયટી ૧૮૫૨

GTBS

1BGP1